# આઝાદીની પગદંડી



-મણિભાઈ પટેલ

# સાધુતાની પગદંડી

પુસ્તક ચોથું

(સન ૧૯૫૧ની એપ્રિલની પહેલી તારીખથી
૧૩મી જુલાઈ, ૧૯૫૩ સુધી)

❀

'મનુષ્યનું મન એક એવી મૂડી છે,
જે ધર્મથી જ સાચવી શકાય.'

-સંતબાલ

❀

મણિભાઈ બાપુભાઈ પટેલ

❀

સંપાદક
મનુ પંડિત

પ્રકાશક
મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪

પ્રકાશક
**મનુ પંડિત**
મંત્રી, મહાવીર સાહિત્ય પ્રકાશન મંદિર,
હઠીભાઈની વાડી, દિલ્હી દરવાજા બહાર,
અમદાવાદ-૩૮૦ ૦૦૪

❀

નકલ : એક હજાર

❀

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૯

❀

ચૈત્ર સુદ એકમ, ગૂડી પડવો
તા. ૧૮ માર્ચ, ૧૯૯૯
મુનિશ્રીની ૧૭મી નિર્વાણતિથિ

❀

કિંમત : રૂપિયા ચાલીસ

❀

• મુદ્રક •
શિવકૃપા ઑફસેટ પ્રિન્ટિંગ પ્રેસ
દૂધેશ્વર, અમદાવાદ-૩૮૦ ૦૦૪

# આનંદોદ્ગારના બે બોલ

પગદંડીનો આ ચોથો ભાગ અતિ મૂલ્યવાન છે. કારણ કે મહારાજશ્રી જેને પોતાનું પિતૃસ્થાન ગણે છે, એવી સૌરાષ્ટ્રની ધરતીએ, ગામેગામ હૃદયના ટુકડા જેવી જમીનો, સંપત્તિદાન અને એક મુસ્લિમ બહેને તો પોતાની સોનાની સાંકળી વગેરે આપી હૃદયથી વધાવ્યા છે. લોકોનાં ટોળેટોળાં સ્વાગત અર્થે ઊમટતાં, એક ગામથી બીજે ગામ વાજતેગાજતે વિદાય આપતા. તેમાં બહેનો, બાળકો, ખેડૂતવર્ગ, પછાતવર્ગ બધા વર્ગનાં ભાઈ-બહેનો સાથે હળીમળી જતાં એવાં વિરલ દૃશ્યો આમાં ઘણાં છે ! તે તાજાં થઈ મનને આનંદથી ભરી દે છે !

બાપુ પ્રત્યેની ભક્તિ મહારાજશ્રીની કેવી હતી તે તેમનાં ઘણાં પ્રવચનોમાંથી નોંધ લેવા જેવાં છે. બાળક કોઈ વખત જીદે ચડે ને તોફાન કરે તેમ વેચાણ વેરા આંદોલન અમને નડ્યું, અને અમને લાગતું હતું કે અહીંથી યાત્રા શરૂ કરીશું, પછી જે સ્વરૂપે ચાલતી હતી તે સ્વરૂપે નહીં ચાલે. પણ અમારો ભ્રમ મોરબીએ ભાંગી નાંખ્યો, વિરોધી વાતાવરણ વચ્ચે પણ સવાયું સ્વાગત થયું !

ભાઈ મનુભાઈએ આ ડાયરી પાછળ ઘણો શ્રમ લઈ તેને યોગ્ય રીતે સંપાદન કરી મહારાજશ્રીના વિચારો મૂક્યા છે. તેમની ભક્તિ પણ એવી જ છે, એટલે મારે તેમનો આભાર માની અવિવેક નથી કરવો. મારી સ્મરણશક્તિ ઝાંખી થતી જાય તે પહેલાં ડાયરીના બધા ભાગ તૈયાર થાય તો મને ગમે, પણ એ તો ઈશ્વરના હાથની વાત છે !

આ ગાળા દરમિયાન ખેડૂત સંગઠનનું, સહકારી પ્રવૃત્તિનું તેમજ ભાલ નળકાંઠા પ્રદેશના ભૂદાન સંકલ્પનું કામ પૂરું કરવામાં અંબુભાઈએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. તેથી આ ડાયરી મારા હૃદયના ભાવથી તેમને અર્પણ કરું છું.

મહાવીરનગર, ચિંચણી, ગૂડી પડવો. **મણિભાઈ બા. પટેલ**

## અ...ર્પ...ણ...

**પરમપ્રિય ભાઈ અંબુભાઈને,**

પગદંડીના આ વર્ષોના ગાળામાં તમારી દોડાદોડી,
કઠોર પરિશ્રમ, સાધના અને સેવા-સંકલ્પથી
તમે આ વર્ષોને મારી સમક્ષ સજીવ
કર્યાં તેની પુનિત સ્મૃતિમાં
આ ગ્રંથ અર્પણ કરું છું.

-મણિભાઈ

# પ્રસ્તાવના

## માનવધર્મીઓનું પ્રેરણાતીર્થ

પગદંડીનો આ ચોથો ભાગ છે. ત્રીજો ભાગ ૩૧માર્ચ ૧૯૫૧ના દિને પૂરો થાય છે. તેના અનુસંધાનમાં ચાલતો, આ ચોથો ભાગ ૧લી એપ્રિલ ૧૯૫૧થી શરૂ થઈ. ૧૩ જુલાઈ, ૧૯૫૩ના સાવરકુંડલા ચાતુર્માસે પૂરો થાય છે. આ રીતે આ ભાગમાં ખાસ્સો બે વર્ષ અને ઉપર ચાર માસ એટલે ૨૮માસ જેટલો ગાળો આવરી લેવામાં આવ્યો છે. વર્ષની દષ્ટિએ જોઈએ તો સ્વરાજ્યોદયકાળ ઉષઃકાળ છે સ્વરાજ્ય પા પા પગલીએ પોતાનો પ્રકાશ પાથરી રહ્યું છે, પણ તેની અસર ગામડાઓમાં નહીંવત જણાય છે. પ્રદેશની દષ્ટિએ જોઈએ તો ઉત્તર ગુજરાતમાં છેક પાકિસ્તાનની હદથી શરૂ કરી બનાસકાંઠા, સાબરકાંઠા, અમદાવાદ અને ફરી પાછા ભાલ નળકાંઠા પ્રદેશમાં **ભડિયાદ**માં ચાતુર્માસ ગાળે છે. ત્યારપછીના ચાતુર્માસ તેઓ આ જ ધંધૂકા તાલુકાના **ખસ** ગામમાં ગાળે છે, અને ૧૯૫૩ના ચાતુર્માસ સૌરાષ્ટ્રના રચનાત્મક સેવકોના ગઢ સમા **સાવરકુંડલા**માં ગાળે છે. આમ એક સાથે આ ત્રિચાતુર્માસીય ગાળો મુનિશ્રીની પ્રવૃત્તિ અને તેમની સ્વભાવગત માનવ પ્રકૃત્તિને ઘડવાનાં વિવિધ પાસાં ઉપર પ્રકાશ પાથરે છે.

મુનિશ્રીના જીવનકાળનો પણ આ એક પૂર્ણ ખીલ્યો, મધ્યાહ્નકાળ ચાલી રહ્યો છે. ૧૯૦૪માં જન્મેલા અને ૧૯૨૯માં દીક્ષાગ્રહણ કરેલ મુનિશ્રીએ દીક્ષાકાળના બે દસકાનો પરિપક્વ અનુભવ પૂરો કર્યો. આ ગાળાનો, સમાજ ઉત્થાનના કેટલા બધા પાસાંઓમાં, કેવળ ચિંતનરૂપ જ નહીં પણ એનો યોગ્ય ઉકેલ પણ અહીં જોવા મળે છે.

ઉપરાઉપરી દુષ્કાળના કુદરતી મારથી પ્રજા સમગ્ર થાકી ગઈ છે, હારી ગઈ છે, નિરાશ થઈ ગઈ છે. પશુઓ માટેના ઘાસની વ્યવસ્થા તો સરકાર કરી શકતી હતી, પરંતુ પશુઓ અને માનવો માટે પાણી અને રોજીનો પ્રશ્ન મુખ્ય હતો. તેના માટેના બધા પ્રયત્નો ચાલુ છે. તેમાં ભાલ નળકાંઠા પ્રા. સંઘનું આખું કાર્યકરવૃંદ હોમાય છે.

આ ડાયરીમાંની કેટલીક મહત્ત્વની ઘટનાઓ તરફ આપણું ધ્યાન ગયા સિવાય રહેતું નથી. પ્રથમ છે રવિશંકર મહારાજનું સામીપ્ય. બંને સંત અવાર નવાર ઠેકાણે ઠેકાણે મળતા રહી, પ્રજાના પ્રશ્નોની વિચારણા કરે છે, જ્યાં કાર્યકર્તા કે ખેડૂત સમાજના આગેવાનોને ઘડવાની શિબિર આવે ત્યાં પૂરો સમય આપે છે. શરૂઆતમાં ગુંદી સર્વોદય આશ્રમમાં, સર્વોદયના કાર્યકર તાલીમ

શિબિરમાં, ભડિયાદ ચાતુર્માસમાં, ગુજરાતના અગ્રણી ધારાસભ્યોની ભલગામડા મુકામેની ગોષ્ઠિમાં, ચુંવાળિયાપગી, ખેડૂતો અને હરિજન સેવકોના સંમેલન વગેરેમાં પ્રત્યક્ષ હાજર રહી માર્ગદર્શન કરાવે છે. એક ઠેકાણે બનાસકાંઠામાં તેઓ મુનિશ્રીનો આ જાતનો પરિચય આપે છે :

'પરિવ્રાજક સાધુ એક જગ્યાએ ન બેસે, સાધુઓનો આચાર એ શાસ્ત્રથી થાય છે...મુનિશ્રી ખારોપાટ, વઢિયાળ અને બનાસકાંઠા ફર્યા. હું ત્રણ ચાર વરસથી નથી ફર્યો તેટલાં ગામો ફરીને આવ્યા છે. એકલું ભ્રમણ નથી કર્યું, ચિંતન કરે છે, તેઓ કોઈને ઘરબાર છોડવાનું કહેતા નથી, પણ આદર્શ ગૃહસ્થાશ્રમ કેવી રીતે જીવી શકાય તે બતાવે છે. મળ સાફ કરવો સહેલો નથી, પણ એ તો કર્યા કરે છે...' (પા.૪) સંતોના હૃદયની નિર્મળતા, પવિત્રતા અને શુચિતા સહજ સહજ લોકોનાં દિલ સાફ કરતી ચાલે છે, આ તરફ હવે ગુજરાત ભરની પ્રજાનું ધ્યાન દોરાતું અહીં જોવા મળે છે.

પ્રાંતિજમાં ૭૦ ગામના ખેડૂતોના આગેવાનો આવ્યા હતા. તેમની આગળ ખેડૂતમંડળની રચનામાં જે પાયાની વાત રહેલી છે, તે સમજાવતાં મહારાજશ્રી કહે છે : 'પહેલાં આપણે ત્યાં ઉત્પાદન મુખ્ય હતું, વાણિજ્ય બીજા નંબરે હતું. આજે વેપારની નજર વાણિજ્ય તરફ ગઈ છે; ઉત્પાદન અને ઉત્પાદક પર નથી.' (પા.૮). આ તેમના ચિંતનનો એક મુખ્ય સવાલ હતો, અને તેમાંથી તેમને ખેડૂતમંડળની અને ગ્રામસંગઠનની કલ્પના સૂઝી આવે છે. આ વર્ષ અને હવે પછીના વર્ષમાં પોતાની વિહાર યાત્રાનું મુખ્ય કેન્દ્ર આ ખેડૂત સંગઠનના વિચારને કેન્દ્રમાં રાખી ગોઠવાય છે એને માટેની **'જગતાત'** નામે પત્રિકા શરૂ થાય છે. પરંતુ આવા સંગઠનોમાં ગામનો ઉત્પાદક અને શ્રમજીવી બંને વર્ગ ભળવા જોઈએ. એટલે ગરીબી નિવારણના કાર્યક્રમ તરીકે-'કોદાળી, ઝાડુ અને રેંટિયો' એ ત્રણને આપણા જીવનમાં સ્થાન મળે તો ગરીબીનો અંત આવે એમ મુનિશ્રીનું માનવું છે. આ ત્રણે જાણે કે કિસાન, શ્રમિક અને સ્ત્રીઓ અથવા નબળા વર્ગના પ્રતીક ન હોય તે રીતે તેને તેઓ પ્રત્યક્ષ સમજાવીને સર્વોદયી અથવા ધર્મમય સમાજ રચનાના પાયાના ઉપકરણો તરીકે ગણાવે છે (પા.૧૭).

આવા સંગઠનોમાં તેમનો મુખ્ય ઝોક કેવળ આર્થિક નહીં, પણ નૈતિક રહ્યો છે. પોતાના પ્રયોગક્ષેત્ર ગુંદીમાં કાળુ પટેલનું ખૂન કરનાર ગુનેગારોને કોર્ટે નિર્દોષ ગણી છોડી મૂક્યા ત્યાર પછી તેઓ સ્થાનિક મંડળીમાં સભ્ય બનવા અરજી કરે છે. પરંતુ મંડળી અનૈતિક અપરાધી તરીકે તેમને સભ્ય તરીકે સ્વીકારતી નથી. ત્યારે તેવો પ્રસન્ન થઈને કહે છે : 'આ મંડળી જો

નૈતિકતા નહીં રાખે તો તેની પાસે બીજી કઈ મૂડી છે ?' તેમ છતાં સંત હૃદય છે ને ! એટલે સમજાવે છે કે, ગુનેગાર એ કાયમ માટે ગુનેગાર ન બની રહે, માણસ પ્રાયશ્ચિત કરે અને ભૂલની માફી માગે તો દાખલ કરી શકાય' (પા.૧૯).

ભડિયાદના ચાતુર્માસ પૂરા થાય છે ત્યાંજ દેશભરમાં વિધાનસભાની પ્રથમ પ્રથમ ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યાં. મહારાજશ્રી એને 'પ્રજાનું ઘડતર' કરવાની અનોખી તક ગણાવી, સેવકોને એમાં માર્ગદર્શન કરાવવા અપીલ કરે છે. પોતાના કાર્યક્ષેત્રના ચારે તાલુકામાં મહારાજશ્રીની સંમતિવાળા ઉમેદવારો પસંદ કરવામાં આવેલા તેમાં ધંધૂકા વિસ્તારમાં ભાલ નળકાંઠા પ્રા. સંઘના પ્રમુખ સેવક શ્રી ગુલામ રસૂલ કુરેશી ઊભા હતા. એટલે ચાતુર્માસ પછી આખા મતદાન વિસ્તારમાં તેમણે ઝડપી યાત્રા ગોઠવી આંદોલનને સત્ય અને અહિંસામય રીતે સજીવ કરી મૂક્યું. પરંતુ કુરેશી સ્થાનિક નથી અને મુસ્લિમ ઉમેદવાર છે. એ બે મુદ્દાનો વિરોધી ઉમેદવારોએ પૂરો લાભ લઈ પ્રતિ આંદોલન પેદા કર્યું. ૧૬મી જાન્યુઆરીએ પરિણામ બહાર આવતાં કુરેશી ૨૦, ૦૬૮મતે ચૂંટાઈ આવ્યા. જીત થયા પછી તેમણે પોતાની નમ્રતા અને આમાં ક્યાંય પણ બે પક્ષે ભૂલ થઈ હોય તો જાહેરાત કરતાં કહે છે : 'ચૂંટણીમાં અમારી ભૂલ થઈ હોય તો બંને પક્ષને માન્ય એવું પંચ નીમો, એ જો ભૂલ બતાવશે તો માફી માગી, તેના પગ ચૂમવા તૈયાર છું' (પા.૪૧). ચૂંટાયેલ ઉમેદવાર પાસે આથી કયા વધુ વિવેકની આશા પ્રજા રાખે ? આ પ્રભાવ સંત સાંનિધ્યનો જ દેખાય ને !

પ્રજાઘડતરની દૃષ્ટિએ આ પ્રથમ પ્રથમ ચૂંટણી હતી. એટલે રવિશંકર મહારાજ અને મુનિશ્રીએ ગુજરાતના ધારાસભ્યોમાંથી કેટલાક, ખાસ કરીને પોતાના કાર્યક્ષેત્ર વિસ્તારનાને ફેબ્રુઆરી માસમાં ભલગામડા મુકામે બોલાવ્યા. ત્યાં પ્રજાના જીવંત પ્રશ્નો અને તેનું કર્તવ્ય આ બંને સંતોએ સમજાવ્યું.

સામાન્ય રીતે આપણે ત્યાં પક્ષીય ચૂંટણીઓ થતી હોવાથી પક્ષની રીતે ભેગા મળી વિચારણા થાય છે, પરંતુ આ જાતની વિચારણાનું દૃષ્ટાંત દેશભરમાં ક્યાંય થયું હશે કે કેમ તે એક શોધનો વિષય છે. પ્રજાસત્તાકમાં પ્રજાકારણ, લોકકારણ, લોકચેતના, લોકસત્તા કે ભાગીદારી માટે આવા પ્રયત્નો થતા રહ્યા હોત તો રાજ્યક્ષેત્રે જે ભ્રષ્ટાચાર અને નૈતિક મૂલ્યોનું જે ધોવાણ ચૂંટણીમાં થતું રહ્યું છે, તે ઓછું જરૂર થાત એમ આપણે માની શકીએ.

એક તરફ ચૂંટણી અને બીજી તરફ દુષ્કાળના ઓળા માનવની હિંમતને તોડી નાખતા હતા. આ પ્રદેશમાં સામાન્ય રીતે દર ત્રીજા વર્ષે સૂકવણું, અછત અથવા દુષ્કાળની સ્થિતિ વર્ષોથી ચાલતી આવતી હતી. તેમાં પ્રજા દીન અને કાયર ન બની રહે તે માટેના પ્રયત્નો પણ મહારાજશ્રીના ચાલુ હતા ૪થી માર્ચે રોજકામાં ધંધૂકાનાં દુષ્કાળગ્રસ્ત ૪૨ ગામોના પ્રતિનિધિઓને બોલાવવામાં આવ્યા હતા. તેમાં દુષ્કાળ પાર ઊતરવાની યોજના ઘડાઈ. છેવટે મહારાજશ્રી આશ્વાસન આપે છે : 'હું બહુ દૂર જવાનો નથી, તમારી તરફ નજર તો રાખતો રહીશ' (પા.૪૯) ખસના ચાતુર્માસ પણ આ જ તાલુકામાં થાય છે. રોજે રોજ વરસાદની રાહ જોવાય, નથી વરસતો. પ્રાર્થના અને તપશ્ચર્યાઓ થાય છે. ખુદ મહારાજશ્રી પણ ઉપવાસ કરે છે. દુષ્કાળનું સંકટ કેટલું ઘેરું છે, તે ખસના ચાતુર્માસ પ્રસંગની ડાયરી વાંચતાં તાદશ થાય છે. રોજેરોજ લોકોનાં ટોળાં અનાજ અને ઘાસ-પાણીની વ્યવસ્થા ગોઠવી આપવા માટે આજીજી કરવા આવે છે.

સમાજના મોટાભાગના પ્રશ્નો આપણી અણ-આવડત, આળસ અને દરિદ્રતામાંથી પેદા થતા હોય છે. સંગઠનના બળે ઘણાં કામો ભૂતકાળમાં થયાં છે. એટલે મહારાજશ્રીનો મુખ્ય ઝોક નૈતિક ગ્રામ સંગઠન, ખેડૂતોનું સંગઠન, શ્રમજીવીઓનું સંગઠન વગેરેમાં લોકો સમજપૂર્વક પોતાનો સહકાર આપે તો પ્રશ્નો હલ થઈ શકે એ રહ્યો છે. ખેડૂતમંડળ વિશે એમની એટલી બધી શ્રદ્ધા હતી કે આવા મંડળો ઘડાઈને તૈયાર થાય તો ભવિષ્યમાં તેઓ કૉંગ્રેસનું સ્થાન લઈ શકે.

૨૬મીએ ખડોળમાં શ્રી મોરારજી દેસાઈના પ્રમુખસ્થાને ખેડૂત પરિષદ ભરાય છે. શ્રી કિશોરલાલ ઘ. મશરૂવાળાએ હરિજનબંધુમાં પ્રથમ પાને તેની નોંધ અને પ્રવચન પરિચય આપ્યાં હતાં. લોકોમાં જાગૃતિ આવી રહી હતી તેનો આ સુંદર નમૂનો હતો. આ સભામાં બહેનો પણ મોટી સંખ્યામાં હાજર રહી હતી, પણ ઘૂમટા કાઢીને. આ વરવા દશ્યને મોરારજીભાઈએ પોતાની બાનીમાં છોડી દેવાની શીખ આપી, બહેનોને બહાદુર, નીડર અને બળવાન થવા સમજાવ્યું હતું.

દ્રષ્ટાને પોતાની કાલ્પનિક સૃષ્ટિની પૂરેપૂરી કલ્પના હોવી જોઈએ. મુનિશ્રીએ ધર્મદષ્ટિએ જે પ્રદેશ પસંદ કર્યો હતો – ચાર તાલુકાનો, તેની પુનર્રચના તેમના મનમાં મંથન જગાવી રહી હતી. વારંવારના દુષ્કાળ અને અછત, સ્થળાંતર, ખેડૂતોનું શોષણ વગેરે. તેમાંથી ધંધૂકાના કોટન જિનિંગની કલ્પના ઉદ્ભવી. અને સમગ્ર પ્રદેશનું પાણી સંકટ હળવું થાય તે માટે ભાદર, ઉતાવળી અને રોડ કે જે આ પ્રદેશની લોકમાતાઓ હતી તેના પાણીનો વધુ સારો ઉપયોગ કેમ થાય તેની વિચારણા શરૂ થઈ.

# ભૂદાન સંકલ્પ

ખસ ચાતુર્માસનું કોઈ મહત્ત્વનું સંભારણું હોય તો તે ૨૫મી જુલાઈ ૧૯૫૨નો દિવસ. આ દિવસ ગુજરાતના ભૂમિદાનના ઈતિહાસમાં નોંધપાત્ર બની રહેશે. આ દિવસે ખસ મુકામે મહારાજશ્રીના સાંનિધ્યમાં ગુજરાત ભૂમિદાન સમિતિ મળે છે. જેમાં રવિશંકર મહારાજ, જુગતરામ દવે, બબલભાઈ મહેતા, નારાયણ દેસાઈ વગેરે મુખ્ય હતા. તે દિવસે બૃહદ ગુજરાતનો ભૂદાન સંકલ્પ નક્કી થયો-સવાલાખ એકરનો. ૭૫ હજાર ગુજરાતનો, અને ૫૦ હજાર સૌરાષ્ટ્ર તથા કચ્છનો.

ભાલના કાર્યકર્તાઓને પણ નિમંત્ર્યા હતા અને ભાલ નળકાંઠા વિસ્તારનો કોટા પાંચ હજાર એકર નક્કી કરવામાં આવ્યો. ભૂદાન સમિતિ મળી એ જ દિવસે ખસ ગામે ૨૫૦ એકર જમીન ભૂદાનમાં આપીને જાણે વિજયતિલક કર્યું.

ભૂદાનની ગંગા પછી તો ગામે ગામથી વહેવા લાગી. વિનોબા જેવા એક સંતનો સંદેશ આ સંતને મળ્યો. અને જાણે કે તે બેઉને પરસ્પરનો પ્રજા ઉત્થાનનો એક સુંદર કાર્યક્રમ મળી ગયો. ત્યાગનો સમર્પણનો ઉપનિષદના ઋષિનો 'તેન ત્યક્તેન ભૂંજિથાઃ' આનું આધ્યાત્મિક મહત્ત્વ સમજાવતાં મહારાજશ્રી કહે છે : સમર્પણનું બીજ પણ હૃદયની પવિત્રતા માગે છે. માણસ પાસે પોતાના મનને પારખવાની એક અદ્‌ભુત શાંકેત છે અને તે છે-સંકલ્પની.

સંકલ્પથી તેનું મનોબળ પ્રગટી ઊઠે છે. જ્યારે સંકલ્પ હૃદયની પવિત્રતાથી ઊઠે છે ત્યારે તેનામાં બળ વધે છે અને એ બળ હૃદયની પવિત્રતાને પણ વધારે છે.'


એવી જ રીતે ધર્મમાં દેખાડો, જાહેરાત, પ્રશંસા વગેરેનાં જે તત્ત્વો પેસી ગયાં છે, તે જેટલે અંશે પેસે તેટલે અંશે તેને દૂષિત કરે છે. ખસમાં એક માજીને અઠ્ઠાઈ કરવાની પ્રબળ ભાવના પણ પૈસા નહોતા. એક દિવસ તેમણે આવીને કહ્યું : 'મહારાજ, મને અઠ્ઠાઈ કરવાનું બહુ મન છે, પણ મારી પાસે ખર્ચવા જોગું કંઈ નથી. શું કરું ?' મહારાજશ્રી સમજાવે છે : 'અઠ્ઠાઈ એ તપશ્ચર્યા છે, પોતાના દોષો દૂર કરવા માટેનું એ તપ છે એમાં પૈસાની જરૂર ન હોય !'

માજી પારણાં વખતે હરિજનવાસ અને વાઘરીવાસમાં જઈ મીઠાઈ વહેંચે છે. ધર્મમાં પેઠેલી ખોટી રૂઢિઓ ખોટા આચારોને બદલવામાં તેઓ સદા પ્રેરક રહ્યા છે.

બીજી નવેમ્બરે બગડ ગામમાં શુદ્ધિ પ્રયોગનો બીજાંકુર પ્રગટે છે. એક



મુનિશ્રી સંતબાલજી (૧૯૫૨)



સંત વિનોબા - ગૂંદીઆશ્રમમાં સ્વાગત કરતા શ્રી અંબુભાઈ શાહ (૧૯૫૮)

પડાવ - માળવાં
તા: ૨૮.૨.૫૪

ભાઅી શ્રી મણીભાઅી,

આપકા પત્ર મીલા। મુની શ્રી કી તબીયત આરામ સે સુધરેગી અૈસી મૈં આશા કરતા હૂં। 'વીશ્વ-વાત્સલ્ય' મેરે પાસ આતા તો હૈ, લેકીન જીસ અંક કા આપને જીકર કીયા હૈ વહ અભી તક નહીં પહુંચા હૈ। પહુંચને પર પઢ લૂંગા।

સૌરાષ્ટ્ર કચ્છ કે ભૂ૦ય૦ કી ચીંતા મુની શ્રી કરતે હૈં, અીસસે અુધર કે બારે મેં મૈં કુછ નીશ્ચીંતસા હૂં। સીર્ફ જમીન મીલે અીતના કાફી નહીં હૈ। જમીન ઠીક ઢંગ સે મીલે, લોગ સમઝ બૂઝકર કે દેં, સમાજ મેં પરસ્પર સૌમનસ્ય બઢેં યહ મુખ્ય બાત હૈ। ઔર મુની શ્રી કે માર્ગદર્શકત્વ મેં વહ બાત સધેગી।

ભૂદાન-યજ્ઞ કે કાર્ય કા યહ સદ્ભાગ્ય હૈ કી અુસકે લીયે જગહ જગહ નીષ્કામ પુરોહીત મીલે હૈં।

અીધર હમારી કઠીન પરીક્ષા હો રહી હૈ। અુસસે મુઝે તો ખુશી હોતી હૈ। બીના તપ કે, ઔર મૈં કહૂંગા, બીના સાત્વીક તપ કે વીશ્વહીત કી સીદ્ધી કૈસે હો સકેગી? કુંઓં જૈસે જૈસે ગહરાઅી

में જાતા है वैसे वैसे ખોદને का પરયાસ બઢતા હી है। લેકીન અુસકે અંત में મધુર નીરમલ નીરઝર ફૂટ નીકલતા है। પરભુ કૃપા से वैसा હી ओसमें હોગા।

મુની શરી से મેરા પરણામ નીવેદન કીજીયેગા।

ओतना લીખને के બાદ वीशव-વાતસલય का अंक મીલા और પઢા। ભૂદાન વાલા લેખ અચ્છા લગા। અુસમેં, अहींसा में પરગતી और સતય કી કમી, के વીષય में જો મેરા વાકય दीया है વહ मैंने ગુજરાત के લીયે નહી કહા था પર સારે ભારત के જૈન-સમાજ के લીયે કહા થા, જબ અુનકે બીચ બોલને का મુઝે મૌકા મીલા થા। और વહ ભી દૂસરે સમાજોં કી તુલના में નહી થા બલ્કી અુનકી ખુદકી अहींसा-નીષ્ઠા કી તુલના में થા। યાને જૈસે और સમાજોં से જૈન-સમાજ કી अहींसा के વીષય में એક વીશેષતા દીખ પડતી है, જો માંસાહાર ત્યાગ में અુનોને દીખાઅી है, વૈસી સતય के વીષય में નહી દીખ પડતી है। યહ તો કેવલ સમઝાને કે લીયે।

વીનોબા કા પ્રણામ

બહેનને ત્યાં ચોરી થાય છે, લોકો ગુનેગારને જાણે છે, પણ કોઈ નામ દેવા તૈયાર નથી. ત્યારે આ સંત હૃદય અકળાઈ ઊઠે છે અને પોતાના ચાતુર્માસ જ્યાં ચાલી રહ્યા છે એવા સ્થાનમાં આ નિર્માલ્યતા, આ નબળાઈ ! આશ્ચર્ય પામે છે ! ગુનેગારોને અપીલ ન થાય ત્યાં સુધી વધુમાં વધુ અઢાર ઉપવાસ ઉપર જવાનું નક્કી કરી પોતાની જાતને અગ્નિકસોટીમાં મૂકે છે. સદ્‌ભાગ્યે એક ઉપવાસે ગુનેગારોના હૃદયમાં રામ જાગ્યા, અને કસોટીમાંથી ઈશ્વરે તેમને ઉગાર્યા ! તેમના જીવનમાં શુદ્ધિની નવી ચેતના ચિનગારી પેદા થઈ. સમાજમાં જાતજાતના પ્રજાપીડનના પ્રસંગો જેવા કે, ચોરી, લૂંટ, ધાડ, વ્યભિચાર, લાંચ વગેરે બને છે અને પ્રજા પ્રતિકાર કર્યા વિનાજ નિર્વીય બની સહન કરી લે છે, તેને માટે એક નવો આયામ આચારધર્મ શુદ્ધિપ્રયોગનો મળ્યો.

જનતાને આમ વ્યાધિમાં પીડાતી જોઈ તેની આગળ એક દૃષ્ટાંતરૂપ રત્નમણિ રજૂ કરે છે. 'અમારા ગુરુદેવ કહેતા, ૫૦૦ને છ જણ લૂંટી જાય છે તેનું કારણ શું ? છ એકડા ૧,૧,૧,૧,૧,૧ ભેગા થાય તો જબરદસ્ત એકતાની તાકાત આવે, પેલા સાંઠો સાંઠો તૂટી પડે !'

## સંતનાં પગલાં શું નથી કરતાં ?

પણ હવે એ પગલાં સૌરાષ્ટ્ર ભણી વળી રહ્યાં છે. પોતાના ગુરુદેવ નાનચંદ્રજી મહારાજને મળવાની તેમની પ્રબળ ઈચ્છા હતી. તેમની ૭૫મી જયંતી ઉજવવાનો મંગલ પ્રારંભ તેમના આ પ્રશિષ્યના મંગલ પ્રવચનથી જ થયો.

ગુરુના બે શિષ્યો સંતબાલ અને ચિત્તમુનિ. એક ગુણપૂજામાં માને અને એક વ્યક્તિપૂજામાં માને. બંનેનો સંવાદ અહીં જોવા મળે છે. એટલે ગુરુદેવ નાનચંદ્રજીએ પોતાના જીવનની સમગ્ર જીવનવિકાસ કથા અહીં કહી સંભળાવી. જેમાં વ્યક્તિ ગુણને ખીલવવા કેવો બોધ આપે છે, અને ગુણ ખીલ્યા પછી તેનો આચાર ધર્મ વ્યક્તિએ વ્યક્તિએ જેમ વૃક્ષનો રસ પાંદડે પાંદડે પહોંચે તેમ કેવો પહોંચે છે તે સરસ રીતે સમજાવે છે.

તેનું દૃષ્ટાંત ચુંવાળિયા પગીઓની પરિષદમાં પણ જોવા મળે છે, સંતબાલને પગલે વાહણપગી અને એનો પરિવાર પલટાય છે, તો એ પોતાની સમગ્ર કોમ અને જાતિને આ તરફ વાળે છે. અહીં ગુરુદેવ નાનચંદ્રજીનું પણ સાત પ્રકારનાં વ્યસનોથી મુક્તિ મેળવવાથી કેવી શુદ્ધિ અને મુક્તિ થાય છે, તે સમજાવવું અતિ પ્રેરક બની રહે છે !

પોતાના ૪૯મા જન્મદિનના ઉદ્‌ગારોમાં મહારાજશ્રી કહે છે : 'વ્યક્તિપૂજા આપણને ખાડામાં નાખશે, સૌ ગુણગ્રાહી થઈએ. વિશ્વવાત્સલ્ય માટે પ્રયત્ન કરીએ !'

## સૌરાષ્ટ્રમાં ભૂદાનયાત્રા

મહારાજશ્રીની ભૂદાનયાત્રા બરાબર ચાલી રહી હતી, ગામે ગામ વાજતે ગાજતે સ્વાગત થતાં અને લોકો જિગરના ટુકડા જેવી જમીનો આપતા હતા.

મુનિશ્રીનો નિવાસ જાન્યુઆરીના પ્રથમ સપ્તાહમાં ધ્રાંગધ્રામાં હતો. તેમણે જણાવ્યું કે, 'આજે ધ્રાંગધ્રા ૨૧ વર્ષે આવું છું. મેં રાજવીની હાજરીમાં અવધાનના પ્રયોગો કર્યા હતા... તમે મને ખૂબ આવકાર્યો હતો.'

આમ એક તરફ ધ્રાંગધ્રાનાં મીઠાં સ્મરણો વાગોળતા હતા ત્યાં શ્રી ઢેબરભાઈ, વજુભાઈ વગેરે મળવા આવ્યા. રાજકોટમાં વેચાણવેરા આંદોલનની હિંસક આગ ભડકી ઊઠી હતી. પ્રજા પ્રજા વચ્ચે કડવાશ, રાજ્ય સરકાર અને આંદોલનકારો વચ્ચે અથડામણ વગેરે વિગતોથી મહારાજશ્રીને વાકેફ કર્યા. અને આ હિંસાની હોળી તેમના શીતળ પ્રવાસે શાંત થાય એવી વિનંતી કરી, રાજકોટ આવવા વિનવ્યા.

મહારાજશ્રીને મન આપદધર્મ ખડો થયો. એક તરફ ભૂદાનયાત્રા ઉત્સાહભેર ચાલી રહી હતી, ગામેગામ ભૂદાન મળતું હતું ત્યાં આ વેચાણવેરાની અગ્નિપ્રવેશ યાત્રા આવી પડી. હિંસા અને અહિંસા વચ્ચેના વેચાણવેરાના વંટોળિયામાંથી તેમણે પસાર થવાનું હતું. મહારાજશ્રીએ પ્રજાપ્રિય સૌરાષ્ટ્રના મુખ્ય મંત્રીશ્રી ઉછરંગરાય ઢેબરની વિનંતી સ્વીકારી રાજકોટ ભણી પ્રયાણ આદર્યું. અને તા. ૧૬ જાન્યુઆરીથી ૮ ફેબ્રુઆરી સુધીના લગભગ ૨૩-૨૪ દિવસ તેમણે રાજકોટને આપ્યા. વેચાણવેરા આંદોલનમાં કેટલાંક કોમવાદી બળો તેમાં ભળી જતાં આંદોલને હિંસક વળાંક લીધો, તેમાં વિદ્યાર્થીઓને પણ હાથા બનાવ્યા. મહારાજશ્રીની શાંતિયાત્રા ચાલુ હતી. તા. ૨૮મી જાન્યુ.ની રાત્રે એક મશાલ સરઘસ આવ્યું. મહારાજશ્રીને જાણ થતાં તેઓ બહાર આવ્યા. શાંત પાડવા પ્રયત્ન કર્યો, પણ તેમને જોઈ ટોળાએ વધારે સૂત્રોચ્ચાર અને અપમાનજનક અપશબ્દો ઉચ્ચાર્યા. તેમની સાંભળવાની વિનંતીને નકારી અને એટલામાં કોઈએ કાંકરીચારો કર્યો, પથરા ફેંક્યા, તેમનું લૂગડું ખેંચ્યું...

મહારાજશ્રી હાથ ઊંચો કરીને, એક આંગળી ઊંચી રાખીને ઊભા હતા. જાણે કે આ સર્વનો સાક્ષી એક માત્ર ઉપરવાળો છે. મોઢામાંથી શાંતિનો જાપ નીકળતો હતો. હાથ થાકતો ત્યારે બીજા હાથે તેને ટેકો આપવા પ્રયત્ન કરતા. લોકો એલફેલ બોલતા. હાથથી ચેન ચાળા કરતા. પરંતુ આ સૌમ્ય અહિંસાની મૂર્તિ બધા અપશબ્દો અને અપમાનોની માફી આપી રહી હતી. આ પ્રસંગે આપણને ઈશુનું સહેજે સ્મરણ નથી થતું ! બીજે દિવસે બાપુ નિર્વાણ દિને

રાષ્ટ્રીયશાળામાં પ્રાર્થના પછીના પ્રવચનમાં તેમના હૃદયમંથનનો આબાદ પડઘો જોવા મળે છે. તેઓ બાપુના સંદેશને આ રીતે તાજો કરાવે છે : 'અન્યાયના પ્રતિકારમાં રાગદ્વેષ રહિત થઈને આપણી જાતને હોમીએ તો જ બાપુનું સ્મરણ (તર્પણ) સાચું કર્યું કહેવાય' (પા.૧૩૬) 'એકબાજુ ભૂદાન, સંપત્તિદાન, સ્વચ્છ ભારત એવા એવા પ્રયાસો થઈ રહ્યા છે તો બીજી બાજુ શુદ્ધિની વાતો કરીને શુદ્ધતાના વિચારો ચાલે છે. ત્યારે ત્રીજી તરફ નાની નાની બાબતો માટે માનવતાને ન છાજે એવું વર્તન થાય છે. ત્યારે વિષાદ જાગે છે' (પા. ૧૩૬).

જોડિયાની સભામાં એમણે જણાવ્યું કે, આપણા દેશમાં એક સંસ્કાર ખમીરમાં રહેલો છે. તે એ કે આ દેશ ફકીરોનો પૂજક છે. દુનિયા દિવસે દિવસે ઝડપી સાધનો વધારતી જાય છે. બીજી બાજુ માણસના જીવનમાં માણસાઈની ખોટ પડતી જાય છે. (પા. ૧૪૦) કેવો વિચિત્ર વિકાસ ગણાય ?

સહકારનો અર્થ કરતાં તેઓ જણાવે છે કે, મોટો માણસ નાનાને સાથ આપે એ સહકાર !

જોડિયાના વર્ગમાં જામસાહેબ પણ આવ્યા હતા તેમણે તાલીમાર્થીઓને સલાહ આપી કે, 'તમે ભાગ્યશાળી છો કે સંતબાલજી અહીં વર્ગનિમિત્તે રહેવાના છે, તમે એમનો લાભ લેજો' (પા.૧૪૮).

એક ઠેકાણે વિનય અંગે સમજાવતાં કહે છે : દરેક શાસ્ત્રે વિનય ઉપર બહુ ભાર મૂક્યો છે, એનું મૂળ બરાબર ન હોય તો વિકાસનો માર્ગ રૂંધાઈ જાય. વિનયને ધર્મનું મૂળ કહ્યો છે પછી એ દુકાનનો ધર્મ હોય, વ્યવહારનો ધર્મ હોય કે નોકરીનો ધર્મ હોય (પા.૧૫૧).

બાપુની જન્મભૂમિ પોરબંદરમાં તેમનું ઊંડું મંથન ચાલે છે. બાપુને આપણે કેટલા અનુસર્યા ? રાત્રિસભામાં કહે છે : હું હરિજન વાસમાં ગયો ત્યાં જઈ ચિત્રો જોયાં તેથી એ સવાલ તાજો થયો, આજીવિકાનાં સાધનો દિવસે દિવસે ઝૂંટવાતાં જાય છે. અહીં તેઓ ગામડાં સ્ત્રીજાતિ અને પછાતવર્ગને લીધા સિવાય સ્વરાજ્યની આગેકૂચ આગળ વધી શકવાની નથી તેમ સ્પષ્ટ સમજાવે છે અને ભૂમિદાન દ્વારા લોકોનું ચિત્ત ગામડાં તરફ દોરાયું છે, તેનો પોતાના ભૂદાનના અનુભવનો સંકેત આપે છે.

મુનિશ્રી સંતબાલજી અને સંત વિનોબા પ્રત્યક્ષ મળી શક્યા નથી, પરંતુ 'ભૂદાન' ગંગાએ બંને સંતના હૃદયમાં રહેલી ત્યાગ-સમર્પણની ગંગોત્રીને એક કરી. વિભાગ બીજામાં આપેલ તેમનાં ભૂમિદાન પ્રવચનોના અંશો એક વિશિષ્ટતા ધરાવે છે.

સાવરકુંડલામાં એક પ્રવચનમાં કહે છે :

'કુંડલામાં સૌથી પહેલાં ૪,૦૦૦ વીઘા કરી રાખી છે, જ્યારે આંબરડી, અમૂલખભાઈનું ગામ એ કેમ પાછળ રહે ? મને આનંદ થાય છે કે, આમ કેમ બનતું હશે ? ઈશ્વરનો આ સાદ છે. વિનોબાજી કહે છે, ઈશ્વર મને આ સુઝાડે છે'.

ભૂદાનનો સંકલ્પ છેવટે ઈશ્વર પૂરો કરાવે છે. મુનિશ્રીની સંકલ્પ ન તૂટે તે માટે જાણે કસોટી થાય છે. પણ મહાગુજરાતનો સંકલ્પ પૂરો થાય છે.

આ ગ્રંથમાં મુનિશ્રીના ૫૦મા વરસના જન્મદિનના ઉદ્‌ગારો આપણને જાગ્રત કરી જાય છે, સાથો સાથ તેમણે સ્વીકારેલ માનવતાને જગાડવાનો મહાન ધર્મ માનવધર્મ સંતોની પરમોચ્ચ કોટીમાં તેમનું અમીટ સ્થાન સ્થાપી જાય છે.

'આજે ૫૦મું વરસ મને બેઠું. ધર્મ અને વ્યવહારનો મેળ તૂટી ગયો છે. એ સાંધ્યા વગર છૂટકો નથી. ગામડામાં સ્ત્રીઓ અને પછાત વર્ગોની હાલાકી છે... સ્ત્રીજાતિની અવહેલના ભારે દુઃખરૂપ છે. એક બાળક અને બાળકીના ઉછેરમાં નાનપણથી જ ભેદભાવ !.. એક બાજુ તિક્ષ્ણ હથિયારો શોધ્યા કરે છે કારણ કે બીજાને કાબૂમાં રાખવો છે. તેનું શોષણ કરવું છે. પણ જેની પાસે ઈશ્વરીય શસ્ત્ર છે, તે જીતે છે, બીજાને સુખી કરી શકે છે.'

આ તેમનો માનવધર્મ છે. પોતે જગતને સુખી કરવા પોતાની જાત ઉપર ગમે તેવાં જોખમો, અપમાનો અને કષ્ટો વેઠીને પણ વિચારપૂર્વક જીવનની પગદંડીને બીજા માટે પ્રેરણારૂપ બનાવી જાય છે. પોતાના ગુરુ સમક્ષ અને જે સંપ્રદાયમાં પોતે દીક્ષા લઈ સંન્યાસી બન્યા, તે લીંબડી સંપ્રદાયમાં પોતાની જીવનચર્યા જાહેરમાં સૌની આગળ રજૂ કરે છે.

જે સંપ્રદાયે તેમને સંઘથી વિમુખ કર્યા, છૂટા કર્યા, તેની સાથે પણ તેમની કેટલી બધી આત્મીયતા !

## સાધુ આખા વિશ્વને કુટુંબ માને છે

*લગભગ સાડાચાર વરસ પછી આ ઉપાશ્રયમાં આવવાનું થાય છે, અને તે પણ અમારા પરમપૂજ્ય ગુરુદેવની સમીપમાં રહીએ, એટલે આ પ્રસંગને હું ધન્ય માનું છું. ગયે વખતે હું આવ્યો ત્યારે ગુલાબચંદ્રજી સ્વામી હયાત હતા, આજે નથી. તેમણે કહ્યું : ઉપાશ્રયમાં રહો, હરિજનવાસમાં જઈને તેમને ભલે મળો.*

*પૂ. મહારાજશ્રીનો અધિકાર છે, તે કહી શકે. હું અધિકારી નથી. લીંબડી સંપ્રદાય અધિકારી છે.*

*આને હું મારું પિતૃસ્થાન જ માનું છું. પૂ. ગુરુદેવની સાથે છૂટા પડ્યા પછી પણ તેમની જે ઉદારતા રહી છે, તેને હું મારું ગૌરવ માનું છું. સાધુ સંન્યાસ*

*લે છે, ત્યારે આખા વિશ્વને પોતાનું કુટુંબ સમજે છે. ઉપકરણો વિકાસમાં ઉપયોગી થાય છે, તે બદલ તમારો આભાર માનીશ.*

*હું જે કંઈ માનું છું તે જૈનાચાર્યોનાં જીવનચરિત્રો અને આગમોના અભ્યાસને સામે રાખી વર્તું છું. કેટલાક દૂર રહ્યા એમ માનતા હશે કે મહારાજ કોદાળી, પાવડા લઈને ખોદવા જતા હશે. તળાવ અને કૂવા બંધાવતા હશે. એ તો તેઓ જુએ તો જ ખ્યાલ આવે !*

*હું ગામડામાં નાના નાના મંડળો રચવાની પ્રેરણા આપું છું. તેની વિગતમાં ઊતરું છું. હું માનું છું કે ધનની પ્રતિષ્ઠા એટલી વધી ગઈ છે કે, ધર્મદષ્ટિએ સમાજરચનાનો પ્રયોગ કરીને લોકોને ઊંચા લઈ જવા જોઈએ. એનો પ્રયત્ન કરું છું. મારી એક વિશિષ્ટ પ્રકારની દૃષ્ટિ છે, સમાજનાં બધાં બળો સાથે મેળ રાખું છું. પણ એક દર્શન રાખીને. નીચલા થરનો સંપર્ક વધારે રાખું છું. અને જેનો સંપર્ક હોય તેના તરફ લાગણી કુદરતી જ રહે !*

*મારા નિયમો હું બરાબર પાળું છું. પાદવિહાર, બિનમાંસાહારીને ત્યાંથી ભિક્ષા, પછી તે ભંગી કેમ ન હોય ! રાત્રિભોજન હોય જ નહીં. અસ્પૃશ્યતા નિવારણ જૈન ધર્મમાં તો છે નહીં. હરિજનો જ્યાં આવી શકતા હોય, તેવા મંદિરો અને ઉપાશ્રયોમાં રહું છું, ઊતરું છું. ચોમાસાનો ખ્યાલ રાખું છું. તમારાથી છૂટા પડ્યા પછી પણ તમો જે પ્રેમ બતાવો છો તેની હું કદર કરું છું. સ્ત્રીનો હું સ્પર્શ કરતો નથી, છતાં તેઓ મારી સાથે રહે તેમાં બાધ માનતો નથી. આ બધી વાતો ખુલ્લી છે.*

*-સંતબાલ*

(તા. ૨૯-૧૨-૧૯૫૨ને દિવસે લીંબડી સ્થાનવાસી જૈન ઉપાશ્રયમાં પોતાના ગુરુદેવ અને જાહેર સમાજ સમક્ષ કરેલ વક્તવ્યમાંથી)

આ ડાયરી એ મુનિશ્રીના જીવનનો ઉત્તમોત્તમ કાળ ગણી શકાય એવા સમયની છે. આ સમયગાળામાં તેઓ સહેતુક સેંકડો લોકોના હૃદયમાં પ્રવેશ મેળવી શક્યા. મણિભાઈની અવેજીમાં આ સેવકને પણ બરાબર આ જ ગાળામાં રહેવાની તક મળતી હતી એટલે ડાયરીના આ પાનાં વાંચતાં એ બધાં દૃશ્યો તાજાં થતાં હતાં. ડાયરીનું કદ વધી જવાનું ટાળવાને કારણે, મુનિશ્રીનાં પ્રવચનો, વ્યાખ્યાનો તેમજ વિશ્વવાત્સલ્યમાં પ્રગટ થયેલી નોંધો અહીં આપી નથી. એ તો છપાયેલી છે જ, તેથી જે નથી, તે અહીં રજૂ કર્યું છે.

સૌ કોઈ માનવધર્મ પ્રેમીઓ માટે આ પ્રેરણાતીર્થ બની રહેશે એવી અમને આશા છે.

તા. ૧લી માર્ચ, ૧૯૯૯

-મનુ પંડિત

# અનુક્રમણિકા અને વિહારયાત્રાનો ક્રમ

આનંદોગારના બે બોલ... ... મણિભાઈ પટેલ ૩
પ્રસ્તાવના : માનવધર્મીઓનું પ્રેરણાતીર્થ... મનુ પંડિત ૪
તા. ૧-૪-૧૯૫૧ : તારંગા હિલ
તા. ૬-૪-૧૯૫૧ : ડભોડા
તા. ૭-૪-૧૯૫૧ : ગોરીસણા
તા. ૮-૪-૧૯૫૧ : સીપોર
તા. ૯/૧૦-૪-૧૯૫૧ : વડનગર-દ્વારકાદાસ જોશીના આશ્રમમાં મુલાકાત
તા. ૧૧-૪-૧૯૫૧ : છાબલિયા
તા. ૧૨-૪-૧૯૫૧ : ગોઠવા
તા. ૧૩-૪-૧૯૫૧ : કમાણા
તા. ૧૪-૪-૧૯૫૧ : વાસણા
તા. ૧૫/૧૬-૪-૧૯૫૧ : મહેસાણા : રવિશંકર મહારાજ સાથે પ્રવાસ
તા. ૧૭-૪-૧૯૫૧ : પુનાસણ
તા. ૧૮-૪-૧૯૫૧ : મેઉ
તા. ૧૯-૪-૧૯૫૧ : વસઈ
તા. ૨૦-૪-૧૯૫૧ : બીલોદરા
તા. ૨૧-૪-૧૯૫૧ : પીલવાઈ
તા. ૨૨-૪-૧૯૫૧ : મહુડી : ઘંટાકરણની પ્રખ્યાત જગ્યા
તા. ૨૩/૨૪-૪-૧૯૫૧ : પ્રાંતિજ : ભંગીઓ સાથે મુલાકાત
તા. ૨૪-૪-૧૯૫૧ : બાલીસણા
તા. ૨૫-૪-૧૯૫૧ : તલોદ
તા. ૨૭-૪-૧૯૫૧ : અણિયોર
તા. ૨૮-૪-૧૯૫૧ : સાગપુર
તા. ૨૯-૪-૧૯૫૧ : પૂંસળી
તા. ૩૦-૪-૧૯૫૧ : રણાસણ
તા. ૧-૫-૧૯૫૧ : લિંભોઈ
તા. ૨,૩,૪-૫-૧૯૫૧ : મોડાસા
તા. ૫-૫-૧૯૫૧ : બાકરોલ-મહાદેવ
તા. ૬-૫-૧૯૫૧ : ટીંટોઈ
તા. ૭ થી ૧૪-૫-૧૯૫૧ : પ્રખ્યાત તીર્થધામ શામળાજી : નરસિંહભાઈ ભાવસાર સહપ્રવાસી

**તા. ૧૫-૫-૧૯૫૧** : મોટા કંથારિયા
**તા. ૧૬-૫-૧૯૫૧** : ઘોરવાડા
**તા. ૧૭-૫-૧૯૫૧** : પંચામ
**તા. ૨૬-૫-૧૯૫૧** : ગાબટ
**તા. ૨૭-૫-૧૯૫૧** : સમરોલી, ૨૮ વસાદરા-રડોદરા, ૨૯મી રમાસ
**તા. ૩૦-૫-૧૯૫૧** : ડભાસ અને જીતપુર
**તા. ૩૧-૫-૧૯૫૧** : આંબલીયારા
**તા. ૨-૬-૧૯૫૧** : ભુડાસણ
**તા. ૨-૬-૧૯૫૧** : જુડવા
**તા. ૩-૬-૧૯૫૧** : મણિનગર
**તા. ૧૫-૬-૧૯૫૧** : અસલાલી
**તા. ૧૬-૬-૧૯૫૧** : પાલડી, અમદાવાદ
**તા. ૧૭-૬-૧૯૫૧** : વાઘજીપુરા (નવાપરા)
**તા. ૧૯, ૨૦-૬-૧૯૫૧** : વિસલપુર
**તા. ૨૧-૬-૧૯૫૧** : ભાત
**તા. ૨૨-૬-૧૯૫૧** : ચલોડા
**તા. ૨૩/૨૪-૬-૧૯૫૧** : ધોળકા : દેવેન્દ્રબાળાને ત્યાં વિવિધ સંસ્થાઓની મુલાકાત **અને સભાઓ**
**તા. ૨૫-૬-૧૯૫૧** : સરોડા
**તા. ૨૬-૬-૧૯૫૧** : કોઠ
**તા. ૨૭-૬-૧૯૫૧** : જવારજ
**તા. ૨૮/૨૯-૬-૧૯૫૧** : ગૂંદી આશ્રમ : વિવિધ સંસ્થાઓ અને કાર્યકર્તાઓ સાથે મુલાકાત
**તા. ૩૦-૬-૧૯૫૧** : લોલિયા
**તા. ૧ થી -૭-૧૯૫૧** : ધંધૂકા : વિવિધ છાત્રાલયોની મુલાકાત
**તા. ૪-૭-૧૯૫૧** : રોજકા
**તા. ૫-૭-૧૯૫૧ : ભડિયાદ : ચાતુર્માસ પ્રારંભ**
**તા. ૨૨-૭-૧૯૫૧** : રાવજીભાઈ મણિભાઈની મુલાકાત
**તા. ૫-૮-૧૯૫૧** : રવિશંકર મહારાજની મુલાકાત
**તા. ૧૪-૧૧-૧૯૫૧ : ભડિયાદ ચાતુર્માસની પૂર્ણાહુતિ - કાસિંદ્રા**
તા. ૧૫-૧૧-૧૯૫૧ : ઉમરગઢ
તા. ૧૬-૧૧-૧૯૫૧ : ગાંફ
તા. ૧૭-૧૧-૧૯૫૧ : શેલા
તા. ૧૮-૧૧-૧૯૫૧ : આંબલી
તા. ૧૯-૧૧-૧૯૫૧ : પીપળી

તા. ૨૧-૧૧-૧૯૫૧ : પચ્છમ
તા. ૨૩-૧૧-૧૯૫૧ : કમિયાણા
તા. ૨૪-૧૧-૧૯૫૧ : ધનાળા
તા. ૨૫-૧૧-૧૯૫૧ : ફેદરા
તા. ૨૬-૧૧-૧૯૫૧ : ફતેપુર
તા. ૨૭-૧૧-૧૯૫૧ : ખસ્તા
તા. ૨૮-૧૧-૧૯૫૧ : ખડોળ અને રાયકા
તા. ૨૯/૩૦-૧૧-૧૯૫૧ : અડવાળ
તા. ૨-૧૨-૧૯૫૧ : સરવાળ
તા. ૩-૧૨-૧૯૫૧ : બાજરડા
તા. ૪/૫-૧૨-૧૯૫૧ : મોટા ત્રાડિયા
તા. ૬-૧૨-૧૯૫૧ : નાના ત્રાડિયા
તા. ૭-૧૨-૧૯૫૧ : ઝાંઝરકા : હરિજનોનું પ્રખ્યાત તીર્થધામ
તા. ૮-૧૨-૧૯૫૧ : ચારોડિયા
તા. ૯-૧૨-૧૯૫૧ : છસીયાળા
તા. ૧૦-૧૨-૧૯૫૧ : વાગડ
તા. ૧૨-૧૨-૧૯૫૧ : ગુંજાર
તા. ૧૩-૧૨-૧૯૫૧ : અણિયારી ભીમજી : સાલાસર
તા. ૧૪-૧૨-૧૯૫૧ : ઊંચડી
તા. ૧૫-૧૨-૧૯૫૧ : ચંદરવા : વેજળકા
તા. ૧૬-૧૨-૧૯૫૧ : સુંદરિયાણા
તા. ૧૭/૧૮-૧૨-૧૯૫૧ :
તા. ૧૯-૧૨-૧૯૫૧ : ખસ
તા. ૨૧-૧૨-૧૯૫૧ : ગોધાવટી
તા. ૨૨/૨૩-૧૨-૧૯૫૧ : ખાંભડા
તા. ૨૪-૧૨-૧૯૫૧ : કુંડલ
તા. ૨૫ થી ૨૭-૧૨-૧૯૫૧ : બરવાળા
તા. ૨૮-૧૨-૧૯૫૧ : રોજિત
તા. ૨૯-૧૨-૧૯૫૧ : પોલારપુર
તા. ૩૦-૧૨-૧૯૫૧ : તગડી
તા. ૩૧-૧૨-૧૯૫૧ : ભલગામડા

## ૧૯૫૨

તા. ૧-૧-૧૯૫૨ : આકરુ : ૮૧ ગામના ખેડૂતોના આગેવાનોની સભા-ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો.

તા. ૨-૧-૧૯૫૨ : જિંજર
તા. ૩-૧-૧૯૫૨ : ખરડ
તા. ૪-૧-૧૯૫૨ : કોઠડિયા
તા. ૫/૬-૧-૧૯૫૨ : રોજકા
તા. ૭ થી ૨૨-૧-૧૯૫૨ : ધંધૂકા : તા. ૧૫મીએ ચૂંટણી. ૧૬મીએ પરિણામ જાહેર થતાં શ્રી ગુલામરસૂલ કુરેશી ૨૦,૦૬૮ મતે જીતેલા જાહેર થયા.
તા. ૨૩-૧-૧૯૫૨ : વાગડ
તા. ૨૪-૧-૧૯૫૨ : બરાનીઆ
તા. ૨૫-૧-૧૯૫૨ : નાગનેસ
તા. ૨૬ જાન્યુ. થી ૨જી ફેબ્રુ. ૧૯૫૨ : રાણપુર
તા. ૩-૨-૧૯૫૨ : ખોખરનેસ
તા. ૪,૫-૨-૧૯૫૨ : ખસ
તા. ૬-૨-૧૯૫૨ : જાળિયા
તા. ૭-૨-૧૯૫૨ : રાણપુર
તા. ૮ થી ૧૧-૨-૧૯૫૨ : બરવાળા : વિદ્યાર્થીઓની મુઠ્ઠી અનાજ માટેની ટહેલને પ્રોત્સાહન
તા. ૧૨-૨-૧૯૫૨ : ખમીદાણા
તા. ૧૩-૨-૧૯૫૨ : નાવડા (જૂનું)
તા. ૧૪-૨-૧૯૫૨ : આકરુ
તા. ૧૫ થી ૧૯-૨-૧૯૫૨ : ભલગામડા : નવા ચૂંટાયેલા ધારાસભ્યોનું મિલન ગોઠવ્યું.
તા. ૨૦/૨૧-૨-૧૯૫૨ : આકરુ
તા. ૨૨-૨-૧૯૫૨ : સોઢી, તા. ૨૩-સાંગરપુર, તા. ૨૪-૨૬ ઓતારિયા
તા. ૨૭-૨-૧૯૫૨ : ગોરાસુ
તા. ૨૮-૨-૧૯૫૨ : ધોલેરા (બંદર)
તા. ૨૮-૨-૧૯૫૨ : ભડિયાદ
તા. ૨૯ ફેબ્રુ. થી ૫ માર્ચ ૧૯૫૨ : રોજકા
તા. ૬-૩-૧૯૫૨ : ખસ્તા
તા. ૭, ૮-૩-૧૯૫૨ : ખડોળ : ખેડૂત પરિષદ માટે આ ગામ નક્કી કર્યું.
તા. ૯-૩-૧૯૫૨ : ધોળી
તા. ૧૦-૩-૧૯૫૨ : કમાલપુર
તા. ૧૨-૩-૧૯૫૨ : હડાળા
તા. ૧૩/૧૪-૩-૧૯૫૨ : બળોલ
તા. ૧૫ થી ૨૧-૩-૧૯૫૨ : ગૂંદી સર્વોદય આશ્રમ તેમજ ગામમાં.
તા. ૨૨-૩-૧૯૫૨ : જવારજ

તા. ૨૩-૩-૧૯૫૨ : ધીંગડા
તા. ૨૪-૩-૧૯૫૨ : બગોદરા
તા. ૨૫ થી ૩૧-૩-૧૯૫૨ : શિયાળ કેન્દ્ર, કસ્ટમ બંગલે
તા. ૧-૪-૧૯૫૨ : કેસરડી
તા. ૩-૪-૧૯૫૨ : બેગામડા
તા. ૪-૪-૧૯૫૨ : આદરોડા
તા. ૫-૪-૧૯૫૨ : ફાંગડી
તા. ૬ થી ૧૨-૪-૧૯૫૨ : સાણંદ (મહારાજશ્રીની પ્રવૃત્તિનું કેન્દ્ર)
તા. ૧૩-૪-૧૯૫૨ : ગોકળપરા, તા. ૧૪ મખીઆવ, તા. ૧૫ બકરાણા, તા. ૧૬ ખોરજ, તા. ૧૭ જખવાડા
તા. ૧૯ થી ૨૩-૪-૧૯૫૨ : વિરમગામ
તા. ૨૪-૪-૧૯૫૨ : કારીયાળા
તા. ૨૫-૪-૧૯૫૨ : નવરંગપુરા
તા. ૨૬-૪-૧૯૫૨ : પાટડી
તા. ૨૭ થી ૩૦-૪-૧૯૫૨ : ઉપરીયાળા
તા. ૧-૫-૧૯૫૨ : થોરીમુબારક
તા. ૨ થી ૫-૫-૧૯૫૨ : કમીંજલા : કાર્યકર્તાઓનું સંમેલન
તા. ૪-૫-૧૯૫૨ : શાહપુર : પઢારોનું મુખ્ય ગામ
તા. ૬-૫-૧૯૫૨ : વેકરિયા
તા. ૭-૫-૧૯૫૨ : શિયાળ : પઢારો સાથે, માતાના મઢમાં ઉતારો
તા. ૮ થી ૨૦-૫-૧૯૫૨ : ગૂંદી આશ્રમમાં કાર્યકર્તા તાલીમ વર્ગમાં પૂરી હાજરી આપી માર્ગદર્શન કરાવ્યું.
તા. ૨૦-૫-૧૯૫૨ : લોલિયા, તા.. ૨૧ વખતપુર
**તા. ૨૨ થી ૨૬-૫-૧૯૫૨ : ખડોળ : તા. ૨૫ મીએ ખેડૂત પરિષદ**
તા. ૨૭-૫-૧૯૫૨ : ધોળી
તા. ૨૮-૫-૧૯૫૨ : કમાલપુર
તા. ૩૯/૩૦-૫-૧૯૫૨ : બરોલ તા. ૩૧મી ઝનસાળી
તા. ૧ થી ૭-૬-૧૯૫૨ : શિયાળ કેન્દ્રમાં કપાસિયાની ઘટ અંગે સમાધાન-શુદ્ધિ માટે.
તા. ૮-૬-૧૯૫૨ : બગોદરા
તા. ૯ થી ૧૧-૬-૧૯૫૨ : ગૂંદી આશ્રમમાં ટ્રોલી લૂંટાયાના પ્રશ્ન અંગે વિચારણા કરવા રોકાયા.
તા. ૧૨-૬-૧૯૫૨ : બરોલ
તા. ૧૩ ૬-૧૯૫૨ : વખતપુર
તા. ૧૪-૬-૧૯૫૨ : ખડોલ

**તા. ૧૫ થી ૧૮-૬-૧૯૫૨** : ધંધૂકા : ચાર તાલુકા પુનર્રચના મંડળ-આયોજન અંગે વિચારણા કાર્યકર્તાઓને બોલાવ્યા.

**તા.** ૧૯/૨૦-૬-૧૯૫૨ : તગડી : સહકારી જિન-પ્રેસ અંગે વિચારણા

**તા.** ૨૧-૬-૧૯૫૨ : પીપળ

**તા.** ૨૨-૬-૧૯૫૨ : ઊંચડી : બળાત્કાર અંગેના પ્રશ્નનું સમાધાન

**તા.** ૨૩-૬-૧૯૫૨ : જાળીલા અને બગડ

**તા.** ૨૪-૬-૧૯૫૨ : ખસ : દુષ્કાળ અંગે માર્ગદર્શન અને વ્યવસ્થા ગોઠવવામાં મદદ

**તા.** ૨૭ થી ૨૯-૬-૧૯૫૨ : દુષ્કાળ નિવારણ કાર્યમાં મદદ કરી.

**તા.** ૪-૬-૭-૧૯૫૨ : દુષ્કાળના સંકટની ચર્ચા વિચારણા

**તા. ૬-૬-૭-૧૯૫૨** : વરસાદ ન વરસે તો ત્રણ દિવસ તપશ્ચર્યામય ઉપવાસ શરૂ કર્યા.

**તા. ૭ થી** ૨૩-૬-૭-૧૯૫૨ : વિવિધ કાર્યકર્તાઓ, ખેડૂતો, ગોપાલક આગેવાનો વગેરે સાથે દુષ્કાળ સંકટ નિવારણની ચર્ચા-વિચારણા-રાહતની વ્યવસ્થા.

**તા. ૨૫-૭-૧૯૫૨ : ગૂજરાત ભૂમિદાન સમિતિની બેઠક**

**ગુજરાત**નો ભૂદાન સંકલ્પ-ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છ મળીને સવા લાખ એકર, **રવિશંકર** મહારાજ, જુગતરામ દવે, બબલભાઈ મહેતા, નારાયણ દેસાઈ વગેરેની **હાજરીમાં**.

**તા. ૨૬-૭-૧૯૫૨** : ભૂદાન સમિતિના સભ્યો સાથે ચર્ચા-વિચારણા.

**તા. ૫-૮-૧૯૫૨** : ખેડૂત મંડળની મધ્યસ્થ કારોબારીની બેઠક

**તા. ૧૭-૮-૧૯૫૨** : પર્યુષણ વ્યાખ્યાનમાળા શરૂ કરી.

**તા. ૨-૯-૧૯૫૨** : બગડના ભાઈઓ મહારાજશ્રીના ખૂન અંગેના પત્રથી ચિંતિત **થઈ રૂબરૂ** મળવા આવ્યા.

**તા. ૮-૯-૧૯૫૨** : ફૂલછાબના તંત્રી સાથે મુલાકાત અને ચુંવાળિયા પગીઓના **સંમેલન** અંગે નિર્ણય કર્યો.

વચ્ચેના દિવસોની તપસીલ અહીં આપી નથી. રોજેરોજ કોઈ ને કોઈ **મુલાકાત**, દુષ્કાળ રાહત, તેમજ ભૂદાન અંગે વાતો થતી રહી.

**તા. ૨-૧૧-૧૯૫૨ : ખસના ચાતુર્માસ પૂરા થયા.**

તા. ૨-૧૧-૧૯૫૨ : ખસ : શુદ્ધિપ્રયોગનો બીજાંકુર-પ્રયોગ શરૂ થયો.

તા. ૪-૧૧-૧૯૫૨ : શુદ્ધિપ્રયોગ સફળ થતાં પુનઃવિહાર શરૂ

તા. ૬-૧૧-૧૯૫૨ : અળૌ : ૧૧ સભ્યોનું શુદ્ધિપ્રયોગ મંડળ રચાયું.

### ભૂદાન અને ગ્રામસંગઠન વિચારયાત્રા
### (સૌરાષ્ટ્રની વિહારયાત્રા)

તા. ૭-૧૧-૧૯૫૨ : કાનીયાદ - ૫૦ાા વીઘાં

તા. ૯-૧૧-૧૯૫૨ : ભૂમિદાનનું તત્ત્વજ્ઞાન સમજાવ્યું : ૧૩૭ વીઘાં

તા. ૧૦-૧૧-૧૯૫૨ : સરવા : ૨૧૪ વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૧૧-૧૧-૧૯૫૨ : વીંછીયા : ૨૮૭ વીઘાં, ૫૫૧ સંપત્તિદાન
તા. ૧૩-૧૧-૧૯૫૨ : મોટામાત્રા : ૪૦ વીઘા, દેવધરીએ ૨૧૦ વીઘાં
તા. ૧૪-૧૧-૧૯૫૨ : ગઢવાળા : ૩૫ વીઘા
તા. ૧૫-૧૧-૧૯૫૨ : ધાંધલપુર : ૬૮ વિઘા ધજાળાથી ૧૪૨ વીઘાં
તા. ૧૬-૧૧-૧૯૫૨ : સેજપુર : ૧૫૦ એકર ભૂદાન મળ્યું.
તા. ૧૭-૧૧-૧૯૫૨ : સાયલા : ગુરુદેવ નાનચંદ્રજીની સાધનાભૂમિમાં
તા. ૧૮-૧૧-૧૯૫૨ : નાનચંદ્રજી મહારાજની ૭૫મી જયંતી. સંતબાલજીએ પોતાના પ્રવચનથી, આ કાર્યક્રમનો પ્રારંભ કર્યો.

શ્રી નાનચંદ્રજી મહારાજે પોતાના જીવનની હકીકત વર્ણવી.

તા. ૨૨/૨૩-૧૧-૧૯૫૨ : ચુંવાળિયા કોળી પરિષદ-નાનચંદ્રજી મહારાજે પણ પ્રવચન કર્યું. સૌરાષ્ટ્રના પ્રધાનોની હાજરી, અહીં ૪૫ વીઘાં ભૂદાન મળ્યું.
તા. ૨૫/૨૬-૧૧-૧૯૫૨ : સુદામડા : જૈનોને ખેતી કરવા અંગે માર્ગદર્શન, ૫૭૨ વીઘાં ભૂદાન મળ્યું.
તા. ૨૭-૧૧-૧૯૫૨ : મોરવાડ : ૧૦૧ વીઘાં, જૂની મોરવાડમાંથી ૧૩૬ વીઘાં ભૂદાન મળ્યું.
તા. ૨૮-૧૧-૧૯૫૨ : બરદાણા ૩૪૩, ગોમઠા ૧૫૦ અને વસતડામાંથી ૬૯ વીઘાં ભૂદાન મળ્યું.
તા. ૨૯ નવેમ્બર થી ૩ ડિસે. ૧૯૫૨ : લીંબડી : નાનચંદ્રજી મહારાજ સાથે વિહાર, પોતે જે સંપ્રદાયમાં દીક્ષા લીધી છે, એ લીંબડી સંપ્રદાયના નગરજનો, શ્રાવકો **અને જાહેર પ્રજા સમક્ષ-પોતાનું જીવનકાર્ય મુક્ત રીતે વર્ણવી બતાવ્યું.**

વિવિધ સંસ્થાઓની મુલાકાત લીધી. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના અગ્રણી વજુભાઈ સાથે સહ પ્રવાસમાં, અહીં ૫૦ વીઘાં ભૂદાન મળ્યું. કુલ ૩૯૮૬ વીઘાંનું ભૂદાન મળ્યું.

તા. ૪/૬-૧૨-૧૯૫૨ : અંકેવાળિયા અને સાંકળી : દરબાર ગોપાળદાસનું ગામ, તેમની પ્રથમ સંવત્સરીએ શ્રદ્ધાંજલિ અર્પી.
તા. ૭-૧૨-૧૯૫૨ : વઢવાણ : ખેડૂતોની જાહેરસભા. ૩૦૩ વીઘાં જમીન ભૂદાનમાં મળી.
તા. ૮-૧૨-૧૯૫૨ : જોરાવનગર વિકાસ વિદ્યાલયની મુલાકાત
તા. ૯-૧૨-૧૯૫૨ : સુરેન્દ્રનગર : શિક્ષકોનું સંમેલન
તા. ૧૦-૧૨-૧૯૫૨ : દૂધરેજ : દરબારી ભરવાડોની મુલાકાત
તા. ૧૦-૧૨-૧૯૫૨ : કટુડા : ભગવાનજી પંડ્યાની મુલાકાત ૧૧૩ વીઘાં ભૂદાન મળ્યું.
તા. ૧૧-૧૨-૧૯૫૨ : ભદ્રેશી : ૧૫૧ વીઘાં ભૂદાન મળ્યું.
તા. ૧૨-૧૨-૧૯૫૨ : બાપોદરા : અઢી વીઘાં ભૂદાન મળ્યું.
તા. ૧૩/૧૪-૧૨-૧૯૫૨ : લખતર : તા. ૧૫ વણા, ૧૬ ગણાદ
તા. ૧૬-૧૨-૧૯૫૨ : નાના અંકેવાડિયા : ૧૮ વીઘાં ભૂદાન મળ્યું.
તા. ૧૭/૧૮-૧૨-૧૯૫૨ : મેઠાણ ૨૦૬૫ વીઘાં, ઘૂઘટથી ૩૭॥ વીઘાં

**તા.** ૧૯ ૨૦-૧૨-૧૯૫૨ : રામગઢ : ગામે કૂવેથી ભંગીઓને પાણી ભરવા દેવા ગામને સમજાવ્યું.

**તા.** ૨૧-૧૨-૧૯૫૨ : ખામપર : ૧૦૭ વીઘાં

**તા.** ૨૩-૧૨-૧૯૫૨ : રાજસીતાપુર : ગ્રામપંચાયતના પક્ષોમાં એકતા અને સંપ કરાવ્યો. ૯૧ાા વીઘાં ભૂદાન મળ્યું.

**તા** ૨૪-૧૨-૧૯૫૨ : ગુજરવદી : ૧૨ાા વીઘાં

**તા.** ૨૫-૧૨-૧૯૫૨ : ધોળી : ૨૩ વીઘાં

## ૧૯૫૩

**તા.** ૨૬ ડિસે. થી ૫ જાન્યુ ૧૯૫૩ : જસાપર

નવ દિવસનો ૫૦ ખેડૂતોનો તાલીમ વર્ગ-દુલેરાય માટલિયાએ સંચાલન કર્યું. રવિશંકર મહારાજ, બબલભાઈ વગેરે આગેવાનો આવ્યા હતા. અહીં ૧૨૦ વીઘાં ભૂદાન મળ્યું. ગાજણવાવ ૩૮ વીઘાં, મેઠાણ ગામમાંથી ૨૦૬ાા વીઘાં

**તા.** ૬ થા ૮-૧-૧૯૫૩ : ધ્રાંગધ્રા

૨૧ વર્ષ પહેલાં અહીંના રાજવી સમક્ષ શતાવધાનના પ્રયોગ મહારાજશ્રીએ કરેલ. બહેનોની સભા, અગરિયાઓનું સંમેલન, ઢેબરભાઈની મુલાકાત.

**તા.** ૮-૧-૧૯૫૩ : બાવળી, ૯ કાંઢમાં કસોટી થઈ.

**તા.** ૧૦-૧-૧૯૫૩ : લીઆ, તા. ૧૦મીએ વેલાળા, ૧૧, લૂણસર

**તા.** ૧૨-૧-૧૯૫૩ : મહારાજશ્રીનાં પૂર્વાશ્રમનાં બહેન વગેરે મળ્યાં.

**તા.** ૧૪-૧-૧૯૫૩ : સિંધાવદર, તા. ૧૫મીએ ખોરાણા

**તા. ૧૬ જાન્યુ. થી ૧૦ ફેબ્રુ. ૧૯૫૩ : સુધી રાજકોટમાં વેચાણવેરા આંદોલન,** શાંતિના પ્રયત્નો, વિવિધ મુલાકાતો, વેચાણવેરા આંદોલનની ઊગ્રતા, ધારાસભાની પક્ષની મિટિંગમાં સંબોધન, શાંતિ માટે ઉપવાસ પર ઊતર્યા.

**તા.** ૯-૨-૧૯૫૩ : ચુંવાળિયા પગી ભાઈઓની પરિષદ

**તા.** ૧૦-૨-૧૯૫૩ : ગૌરીદળ, તા. ૧૧ કાગદડી, તા. ૧૨ મીતાણા

**તા.** ૧૩-૨-૧૯૫૩ : ટોળ : (જન્મભૂમિની મુલાકાત-જૂનાં સંસ્મરણો તાજાં કર્યાં)

**તા.** ૧૪-૨-૧૯૫૩ : ટંકારા, તા. ૧૫ વિરપુર

**તા.** ૧૬ થી ૧૮-૨-૧૯૫૩ : મોરબી

નાનચંદ્રજી મહારાજની ઉપસ્થિતિ, ગુરુશિષ્યનું મિલન, મહારાજશ્રીએ વેચાણવેરા આંદોલનમાં ભાગ લીધો તેથી જૈન સમાજ અને ગુરુની નારાજગી, પરંતુ લોકોએ વિરોધ પ્રદર્શિત ન કર્યો.

તા. ૧૯-૨-૧૯૫૩ : ડેલા ૮૧ વીઘાં, રંગપુર ૩૪ાા વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૨૦-૨-૧૯૫૩ : જેતપર, ૧૪ વીઘા

તા. ૨૧-૨-૧૯૫૩ : ખાખરેચી, માળિયા તાલુકા શિક્ષક સંમેલન ૩૫ વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૨૨-૨-૧૯૫૩ : ભાગરવા ૫૫ વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૨૩/૨૪-૨-૧૯૫૩ : માળિયા-મીયાણા : મીયાણાભાઈઓનું સંમેલન, ૯ વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૨૫-૨-૧૯૫૩ : મોટી બરાર, ૧૭ વીઘાં

તા. ૨૬-૨-૧૯૫૩ : વવાણિયા : શ્રીમદ રાજચંદ્રની જન્મભૂમિ, મંદિર છે. ૧૨ાા વીઘાં જમીન ભૂદાનમાં મળી.

તા. ૨૬-૨-૧૯૫૩ : દહીસરા : ૩૨ાા, કુંતાશી ૧૬૮, કુલ આ જિલ્લાનું ભૂદાન ૫૬૯ વીઘાં.

તા. ૨૮-૨-૧૯૫૩ : આમરણ, હડસર, ભૂદાનમાં રસ બતાવ્યો નહીં.

તા. ૧-૩-૧૯૫૩ : જામદુધી

તા. ૨ થી ૬-૩-૧૯૫૩ : બાલંભા મહારાજશ્રીનું મોસાળ જ્યાં બાળપણ વિતાવ્યું હતું. તેમનાં નાનીમા (ઊજમબા)ના દર્શનાર્થે ખાસ ગયા. ૧૪ વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૭ થી ૧૬-૩-૧૯૫૩ : જોડિયા

જિલ્લા સહકારી સંમેલનમાં સહકારી ભાવના ખીલવવા ઉપર પ્રવચન કરી માર્ગદર્શન આપ્યું. કાર્યકર્તા તાલીમ વર્ગ પણ ચાલ્યો. મુખ્ય સેવિકા રંભાબહેન ગણાત્રા. ૧૩ વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૧૭-૩-૧૯૫૩ : લખતર, તા. ૧૮ ધ્રોળ ૪૫ વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૨૩-૩-૧૯૫૩ : ધૂવાવ (આ ગામોએ સ્વાગત સારું કર્યું, પણ ભૂદાનથી વંચીત રહ્યું જણાય છે.)

તા. ૨૪ થી ૩૦-૩-૧૯૫૩ : જામનગર : અહીં ચાતુર્માસ કરેલ એટલે લોકો પરિચિત હતા વિવિધ સંસ્થાઓ અને કાર્યકર્તાઓની મુલાકાતો

તા. ૨૬-૩-૧૯૫૩ : ભારતીબહેન આચાર્ય અને મનુભાઈ પંડિત (મહારાજશ્રીની સાથે અવારનવાર આવતા) તેમનું વેવિશાળ આજે મહારાજશ્રીના સાંનિધ્યમાં નક્કી થયું. આ વિષય પર પ્રવચન આપ્યું.

તા. ૩૧-૩-૧૯૫૩ : લાખાબાવળ

તા. ૧-૪-૧૯૫૩ : ખોજાબેરાજા

તા. ૪ થી ૨૦ સુધીની નોંધ વિગતે લખાઈ નથી.

તા. ૨૧-૪-૧૯૫૩ : વડાળા, ૧૬૦ એકર ભૂદાન મળ્યું.

તા. ૨૨-૪-૧૯૫૩ : કિંડરખેડા, તા. ૨૩ બાભડા, ૨૪ દેહગામ ૧૫ વીઘાં ભૂદાન

તા. ૨૪-૪-૧૯૫૩ : ભોગીરા ૫૦ વીઘાં

તા. ૨૪/૨૫-૪-૧૯૫૩ : પોરબંદર : કીર્તિમંદિરમાં ઉતારો-બાપુજીનાં સંસ્મરણો-જીવની યાદ કરી. ગામડું, પછાતવર્ગો અને સ્ત્રીસમાજની ઉન્નતિ અંગે વાતો કરી.

તા. ૨૬-૪-૧૯૫૩ : ટુકડા, ૧૧ાા વીઘાં, તા. ૨૭ ચિકાશા, ગોરવ પાંચ વીઘાં, ચિકાસા દસ વીઘા ભૂદાન મળ્યું.

તા. ૨૮-૪-૧૯૫૩ : ઘરેજ ૯૩ વીઘાં

તા. ૨૯-૪-૧૯૫૩ : મટિયારી, ૧૮ વીઘાં

તા. ૩૦-૪-૧૯૫૩ : અમીપર ૩૫ વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૧-૫-૧૯૫૩ : બગસરા, તા. ૨ ગોડાદર અને સામરડા, ૧૪ વીઘાં તા. ૪ મેખડી, ૫૪ વીઘાં, તા ૫ હાજક, ૬૬ વીઘાં, તા. ૬ દિવાસા ૧૨

તા. ૭-૫-૧૯૫૩ : શીલ, કાસમશા દર્દને ત્યાં દુગ્ધપાન, તેમનાં પત્નીએ સોનાની સાંકળી ભૂદાનમાં આપી.

તા ૮-૫-૧૯૫૩ : લોએજ : શ્રીજી મહારાજે જ્યાં તપશ્ચર્યા કરી હતી, નવ માસ રહી ઉપદેશ આપેલ. આહીં ૧૧ાા વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૯-૫-૧૯૫૩ : માંગરોળ, ૫૦ વીઘાં ભૂદાન આપનાર મુસ્લિમ બિરાદરો, શારદાબાગ શારદાગ્રામ શિક્ષણ સંસ્થાની મુલાકાત.

તા. ૧૦-૫-૧૯૫૩ : હુસેનાબાગ ૨૩ાા વીઘાં, શેષા ૪૯ાા વીઘાં

તા. ૧૧/૧૨-૫-૧૯૫૩ : ચોરવાડ, હવાખાવાનું સ્થળ, ૧૪૪ વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૧૩-૫-૧૯૫૩ : ભંગદુરી ૨૫ વીઘા, ૧૪ જુથડ ૨૪૩ાા વીઘા ભૂદાન મળ્યું.
૧૫ થી ૧૮-૫-૧૯૫૩ : કેભદ્રા : તાલીમ શિબિર અંગે રોકાયા સોરઠના કાર્યકર્તાઓનું સંમેલનમાં પ્રવચનો આપ્યાં. અહીં ૬૫ાા વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૧૯-૫-૧૯૫૩ : મોટી ઘંસારી, ૨૨ વીઘાં, ૨૦ સરોડ, ૨૧મી મટીયાણા

તા. ૨૩/૨૪-૫-૧૯૫૩ : બાંટવા-નિર્વાસિત કેમ્પની મુલાકાત, આશ્વાસન બહેનો તરફથી ૪૦૦ આંટી કાંતેલી ભૂદાનમાં આપી.

તા. ૨૫-૫-૧૯૫૩ : લીંબુડા : ભૂદાન ૨૭ વીઘાં મળ્યું. ગામની દસ હજાર વીઘા જમીનમાંથી ચારસો ક્ષુલ્લક ફાળો ન સ્વીકાર્યો, વિચાર કરવા જણાવ્યું.

તા. ૨૬-૫-૧૯૫૩ : વેલવા, તા. ૨૭ ઝાપોદર, ૩૧ વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૨૮-૫-૧૯૫૩ : વંથલી ૧૦૦ વીઘા ભૂદાન તેમજ સંપત્તિ દાન મળ્યું.

તા. ૨૯/૩૦-૫-૧૯૫૩ : શાહપુર : સર્વોદય આશ્રમમાં પંચાયત તાલીમવર્ગની મુલાકાત, પ્રવચન, ભૂદાન ૩૩ વીઘાં

તા. ૩૧-૫-૧૯૫૩ ખીમપાદર ૧૬ વીઘાં

તા. ૧-૬-૧૯૫૩ : ભગડું ૨૦ વીઘાં, તા. ૨-૩ ભરડિયા ભૂદાનમાં રસ ન લીધો. તા. ૪, ૫ મોણપરી-પાંચ વીઘાં, તા. ૬ સરશાહીન, તા. ૭ વેરીયા ૩૧ વીઘાં, તા. ૮,૯ વીસાવદર ૭૩ાા વીઘાં, તા. ૧૦ જેતલવડ ૧૫ વીઘાં, તા. ૧૧ ભોડાસર ૩૨ વીઘાં, તા. ૧૧ સુધાવડ ૬૨ાા વીઘાં, કાથરોટા ૨૦, કાગદરી ૨૦, સાપર ૪૫, વેખરીઆ ૧૭ાા, મોણવેલી ૭૫, લુંધિયા ૭૪, સુડાવળ ૯૪ - સોરઠનું કુલ ભૂદાન ૨૨,૧૬૦ વીઘાં.

તા. ૧૨/૧૩-૬-૧૯૫૩ : બગસરા
રામાપરના ખેડૂતો ૧૪૬ વીઘાં, બગસરા ૨૯૯ વીઘા,

તા. ૧૪-૬-૧૯૫૩ : જાળિયા, તા. ૧૫ તરવડા ૧૪ વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૧૬ થી ૧૮-૬-૧૯૫૩ : બાબાપુર : સર્વોદય કાર્યકર્તાઓ સાથે મિલન, ૧૨ વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૧૭-૬-૧૯૫૩ : વાંકિયા ૪૬ વીઘાં, ઢસા વિભાગનું ૧૨૪૫, ૨૧ ચલાળા ૫ વીઘા, ખાદીકામ, નાગરદાસ દોશીનો પ્રેમભાવ અનુભવ્યો.

તા. ૨૨-૬-૧૯૫૩ : નેસડી, અમૂલખ ખીમાણી અહીં બેઠા છે. કૂવેકૂવે મોટર મુકાવાનો પ્રયોગ, ૬૭ વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૨૩/૨૪-૬-૧૯૫૩ : નાના ભામોદરા ૯૦ વીઘાં, તા. ૨૫ અમ્રતવેલ ૬૧ વીઘાં, તા. ૨૬,૨૭ ઝીંઝુડી ૧૨૭ વીઘાં, તા. ૨૮ પીઠવડી ૧૧૪ાા વીઘાં, વંડા એક વીઘો, તા. ૩૦ મેકડા ૭૨ વીઘાં ભૂદાન થયું.

તા. ૧-૭-૧૯૫૩ : દીપાવડલી, જેસર ૧૦૯ વીઘાં, તા. ૪,૫ મોટા વામોદરા ૨૪૪ વીઘાં, તા. ૬, ૨ બારીકા ૧૨૫ વીઘાં, મઢડા ૧૦૮ વીઘાં.

તા. ૮-૭-૧૯૫૩ : ખડસલી : ગ્રામસેવા મંડળનું મુખ્ય કેન્દ્ર, શ્રી કેશુભાઈ ભાવસાર ગ્રામસેવક-૧૪૫ વીઘાં ભૂદાન મળ્યું.

તા. ૯-૭-૧૯૫૩ : દોલતી ૪૬ વીઘાં, જાંબુડા ૫૯, ગાધકડા ૨૮૦, ચોરડી ૧૭૦, ખોવીયાણા ૮૬, ગીણીયા ૩૫, બગોઈયા ૯૬, તા. ૧૧મીએ આંબરડી તા. ૧૨ બાઘડા : અહીં સુધી કુલ ૭૫ વિઘા ભૂદાન મળ્યું.

તા. ૧૩-૭-૧૯૫૩ : સાવરકુંડલા

**૫૦ વર્ષે જીવનનું ચિંતન (મહત્ત્વનું પ્રવચન)**

કુંડલા ચાતુર્માસમાં રચનાત્મક પ્રવૃત્તિને ઘણું બળ મળ્યું. સેવકોનું સંગઠન ખીલ્યું, સ્થાનિક ચૂંટણીમાં સુધરાઈનો અનુભવ થયો, ઘાંચીમંડળ, શેત્રુંજી કાંઠા પ્રા.સંઘની રચના થઈ એક યાદગાર ચાતુર્માસ બની રહ્યું.

## વિભાગ બીજો


- ગામડામાં રહેલી આધ્યાત્મિક વૃત્તિ ૧૯૩
- બૃહદ ગુજરાત અને ભૂદાન પ્રવૃત્તિ ૧૯૩
- ભૂમિદાનનાં ભયસ્થાનો ૧૯૪
- પડતર જમીનમાં પ્રથમ ભૂમિપાત્રો ૧૯૫
- ભૂદાન અને શિક્ષકો ૧૯૬
- બૃહદ ગુજરાતનો ભૂદાન સંકલ્પ ૧૯૭
- મહાગુજરાતની અગ્નિપરીક્ષા ૨૦૦
- સંકલ્પ પૂરો થયો ૨૦૩
- ગુજરાતમાં ભાલનળકાંઠા ક્ષેત્રે સૌથી પ્રથમ પોતાનો સંકલ્પ પૂરો કર્યો ૨૦૭
- ભૂદાનનું કાર્ય એ ધર્મક્રાંતિનું કાર્ય ગણાય ? ૨૦૯
- ભૂદાન યજ્ઞ અને સાવધાની ૨૧૧
- સહસ્રબાહુવાળા સહસ્રવિનોબાજી વિવિધરૂપે પ્રગટ થાઓ ૨૧૪
- પરિશિષ્ટો ૧૯૫૧-૫૨ના ચાતુર્માસો ૨૧૫

## ખંડ પહેલો

# સાધુતાની પગદંડી

**● તા. ૧-૪-૧૯૫૧ : તારંગાહિલ**

ડભાડથી તારંગા હિલ આવ્યા. અંતર સાડા સાત માઈલ હશે. ઉતારો જૈનધર્મશાળામાં રાખ્યો. અહીંથી બીજા દિવસે યાત્રાધામ તારંગાજી આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. અહીં અજિતનાથ ભગવાનનું મુખ્ય દેરાસર છે. પ્રતિમાજી ખૂબ મોટાં છે. મંદિર લગભગ ૮૦૦ વરસ જૂનું છે. તેની અંદર એક જાતનું એવું લાકડું વપરાયું છે તે ૮૦૦ વરસ જૂનું હોવા છતાં સહેજપણ સડ્યું નથી. કોઈ હથિયાર કામ ન કરે તેવું સખત છે. એની વિશેષતા એ છે કે અગ્નિ લાગે ત્યારે તેમાંથી પાણી નીકળે છે. સાંભળવા પ્રમાણે દુનિયામાં બે જગ્યાએ આવું લાકડું વપરાયું છે. એક અહીં અને બીજું ઈંગ્લેંડના મ્યુઝિયમમાં. દેરાસરની કારીગરી ઉત્તમ પ્રકારની છે.

અહીં દિગંબર મંદિર પણ છે. બે પક્ષો વચ્ચે ખૂબ ઝઘડો ચાલ્યો કોર્ટમાં ગયા, પૈસાનું પાણી કર્યું. હવે વચ્ચે વંડી થઈ ગઈ છે.

ચેતનની કેટલી તાકાત છે તે અમે અહીં જોઈ. મોટા પથ્થરના પહાડ તોડીને વચ્ચેથી વૃક્ષો ઊગ્યાં છે. બાજુમાં સાબરમતી વહે છે.

**તા. ૬-૪-૧૯૫૧ : ડભોડા**

તારંગાહિલથી ડભોડા આવ્યા. અંતર પાંચ માઈલ હશે ઉતારો ગામ બહાર પોલીસ થાણામાં રાખ્યો હતો. રાત્રે જાહેર સભા થઈ.

**તા. ૭-૪-૧૯૫૧ : ગોરીસણા**

ડભોડાથી નીકળી ગોરીસણા આવ્યા અંતર પાંચ માઈલ. ઉતારો ધર્મશાળામાં રાખ્યો હતો. પ્રાર્થનાસભા થઈ.

**તા. ૮-૪-૧૯૫૧ : સીપોર**

ગોરીસણાથી સીપોર આવ્યા અંતર સાડાચાર માઈલ, ઉતારો ચોરામાં રાખ્યો હતો.

**તા. ૯ તથા ૧૦-૪-૧૯૫૧ : વડનગર**

સીપોરથી નીકળી વડનગર આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો

ઉપાશ્રયમાં રાખ્યો હતો. બીજે દિવસે સવારના દ્વારકાદાસ જોશીના આશ્રમે જઈ આવ્યા હતા. બપોરના સર્વ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન થયું હતું. પ્રવચન બાદ વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબો આપ્યા હતા.

રાત્રે વડનગરમાં લાઈબ્રેરીના ચોકમાં જાહેરસભા થઈ, સારી સંખ્યામાં લોકો આવ્યા હતા.

**તા. ૧૧-૪-૧૯૫૧ : છાબલિયા**

વડનગરથી છાબલિયા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. મુખ્ય કાર્યકર બાબુલાલ મણિલાલ શાહ

**તા. ૧૨-૪-૧૯૫૧ : ગોઠવા**

છાબલિયાથી નીકળી વચ્ચે ભાવર ગામમાં થોડું રોકાઈને ગોઠવા આવ્યા. અંતર દસ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો. અહીં હરિજનોની વસતિ સૌથી વધારે છે.

**તા. ૧૩-૪-૧૯૫૧ : કમાણા**

ગોઠવાથી નીકળી કમાણા આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. બાળકો સમક્ષ પ્રવચન કર્યું હતું. બપોરના દસ ગામોની જાહેરસભા રાખી હતી. તેમાં મહારાજશ્રીએ જણાવ્યું કે સ્વરાજ્ય આવ્યું છે પણ તમારા પ્રશ્નો પતતા નથી. કારણ કે હાથી જેમ અંકુશ વગર સીધો ચાલતો નથી તેમ સરકાર ઉપર પ્રજાનો અંકુશ જોઈએ. તે હોય તો જ સરકાર સીધી ચાલે. તમો સંગઠિત થાઓ જાગ્રત થાઓ વ્યસન ત્યાગો અને બાળકોને ભણાવશો તો સુખી થશો. ગામમાં મુખ્ય વસતી પાટીદારોની છે.

**તા. ૧૪-૪-૧૯૫૧ : બાસણા**

કમાણાથી બાસણા આવ્યા. અંતર પાંચ માઈલ. ઉતારો ચોરામાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ હતી.

**તા. ૧૫/૧૬-૪-૧૯૫૧ : મહેસાણા**

બાસણાથી મહેસાણા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો લાતીમાં રાખ્યો હતો. ગામ લોકોએ સામે આવી ભાવભર્યું સ્વાગત કર્યું.

પ્રથમ રામદેવજીની જગ્યા જોવા ગયા હતા. રાત્રિ સભામાં મહારાજશ્રીએ કહ્યું કે આજે રામનવમીનો દિવસ છે, મારી અને તમારી રામરાજ્યની કલ્પના છે, પણ અત્યારે કેટલી બધી વિટંબણા છે ? આપણો પંથ લાંબો છે એવે વખતે રાજ્યની અને પ્રજાની, સેવકોની અને અમલદારોની શી શી ફરજો છે, એ બધું વિચારવાનો અવસર છે.

ગોસ્વામીજી કહે છે જ્યારે વેદો ધર્મગુરુઓ અને પ્રધાનો એ ત્રણેય કાં તો લાલચને વશ થાય, અથવા ભીતિને વશ થાય તો ત્રણેય વસ્તુનો નાશ થાય. ડૉક્ટર, વૈદ્ય દર્દીને ભાવતું આપે અને કહે તમે ખાતા હો તે ખાજો. જરા દાબીને ખાજો, મારી દવા એવી છે કે કદાચ વધુ ખાશો તોપણ હજમ થઈ જશે. માત્ર તમારે પૈસા આપવાના રહેશે. આમ કરે તો ડૉક્ટર ઊંચે તો ના જાય પણ પ્રજાનો નાશ થાય, દ્રોહ થાય. એવી જ રીતે પ્રધાન જે રાજા અને પ્રજા વચ્ચેનું એક અંગ છે તે વફાદાર ના રહે તો રાજ્યતંત્ર શુદ્ધ રીતે ચલાવી શકે નહીં. પણ આ બેથી બહુ નુકસાન ન થાય, પણ ધર્મગુરુ ધર્મ ચૂકે તો આખા રાષ્ટ્રનો, રાષ્ટ્રની સંસ્કૃતિનો પણ વિનાશ થઈ જાય છે.

હું ગામડામાં પૂછું છું કે તમારે રામરાજ્ય જોઈએ છે કે રાવણ રાજ્ય જોઈએ ? પાંચ હજાર પહેલાંની આ વાત છે એટલે આજનું રામરાજ્ય નવા સ્વરૂપે વિચારવું પડશે. પહેલાં યથા રાજા તથા પ્રજા હતું. હવે 'યથા પ્રજા તથા રાજા' થવાનું છે, તમોને મતાધિકાર આપ્યા તેનો ઉપયોગ લાગવગ, જ્ઞાતિ, કોમ કે ધર્મને સામે રાખીને કરશો, ગુણવાનને નહીં ઓળખો તો રાજ્યમાં જે આવશે તે તમારો પડછાયો જ હશે. એટલે પહેલાં પ્રજાએ સુધરવું પડશે. એને માટે સંગઠિત પ્રયત્ન કરવો જોઈએ.

રવિશંકર દાદા અહીં મળવા આવ્યા હતા, એક વખત ભંગીવાસની મુલાકાત લીધી હતી. બધા સુખી દેખાય છે. મકાનો પણ સવર્ણોને ચઢી જાય તેવાં પાકાં મકાનો છે. તપાસેપ્રધાને જ્યારે આ વાસની મુલાકાત લીધી ત્યારે અભિપ્રાય આપેલો કે આવી ગોઠવણી મારે ત્યાંય નથી.

બીજે દિવસે નવ વાગ્યે જિલ્લા સમિતિના આશ્રયે કાર્યકરોની મિટિંગ રાખી હતી. મુખ્ય ચર્ચા કંટ્રોલ અંગે થઈ, બીજી વાત સમિતિનો કોઈ

અભિપ્રાય સરકાર માન્ય કરતી નથી. વગેરે પ્રશ્નો ચર્ચાયા હતા. સાંજના ચાર વાગ્યે ખેડૂતમંડળના આશ્રયે જાહેરસભા રાખી હતી.

એક દિવસ તારાચંદ જાદવજી વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન રાખ્યું હતું. રાત્રિસભા માર્કેટમાં રાખી હતી તેમાં દાદાએ પ્રવચન કરતાં જણાવ્યું કે તમો બધાં પૂજ્ય મુનિશ્રીનું ભાષણ સાંભળવા આવ્યા છો અને હું પણ ઠેઠ રાધનપુરથી મહારાજશ્રીનું ભાષણ સાંભળવા આવ્યો હતો પણ બોલવાનો હુકમ થયો એટલે બોલું છું.

પરિવ્રાજક સાધુ એક જગ્યાએ ન બેસે. સાધુઓનો આચાર એ શાસ્ત્રથી શરૂ થાય છે. આજે બધે જ પૈસાની વાત થઈ પડી છે. સૌ પૈસાની ભાંજગડમાં પડ્યા છે. તેવા સમયે સાધુ પુરુષો બેસી રહેતા નથી. ભાષણ કરે છે અને ઉત્તમ બીજ વેરે છે. અમદાવાદની મહાસભાની મિટિંગ પૂરી થયા પછી મહારાજશ્રીનો વિહાર શરૂ થયો. ખારોપાટ વઢિયાર અને બનાસકાઠો ફર્યા હું ત્રણચાર વરસથી નથી ફર્યો તેટલાં ગામ ફરીને ડીસા, પાલનપુર ઠેઠ જોધપુરની સરહદ સુધી ફરીને આવ્યા છે. એકલું ભ્રમણ નથી કર્યું. ચિંતન કરે છે, લોકોને સમજાવે છે ધર્મમય જીવન કેમ જીવાય ! વહેવાર કેમ સુધરે, કેમ વર્તવું, મજૂર હોય, કારીગર હોય, વેપારી હોય, અમલદાર હોય દરેક માણસની ઝીણામાં ઝીણી વાત પૂછે છે, ચર્ચી શકે છે. ખેડૂત મંડળની સિદ્ધાંતિક વાતો પણ કરે છે. સૌરાષ્ટ્રના કાર્યકરો પણ તેમની સલાહ લે છે. શાસ્ત્રની મર્યાદામાં બેઠા રહ્યા હોત તો આટલો લાભ જનતા ના લઈ શકત. થોડી ચર્ચા કરી હોત. અહીં બે દિવસથી આવ્યા છે તેઓ શું કહેવા માગે છે, તે તમો જાણો છો. એ સાધુ હોવા છતાં કોઈને ઘરબાર છોડવાનું કહેતા નથી, પણ આદર્શ ગૃહસ્થાશ્રમ કેવી રીતે જીવી શકાય, વેપાર કેમ શુદ્ધ થાય તે બતાવે છે. મળ સાફ કરવો સહેલો નથી. પણ એ તો કર્યા કરે છે. સાંભળેલું નકામું નથી જતું. પણ આચરેલું હોય તો વધુ ઉપયોગી થાય. ધર્મદષ્ટિએ સંગઠન નહીં થાય ત્યાં સુધી ભૌતિક વસ્તુ પણ મળતી નથી.

ત્યારબાદ સંતબાલજીએ આજની પરિસ્થિતિમાં સુધાર કેવી રીતે કરવો તે વિસ્તૃત રીતે દષ્ટાંતો આપી સમજાવ્યું હતું.

મહેસાણાની વસતી બાવીસ હજારની છે. કાર્યકરો : વિજયકુમાર ત્રિવેદી, માનસિંહભાઈ ચૌધરી, નાનુભાઈ જોશી, પુરુસોત્તમ રણછોડભાઈ પટેલ.

**તા. ૧૭-૪-૧૯૫૧ : પુનાસણ**

મહેસાણાથી પુનાસણ આવ્યા અંતર પાંચ માઈલ, ઉતારો બહેચરભાઈ ચૌધરીને ત્યાં રાખ્યો હતો. ગામ લોકોનો ઉત્સાહ ઘણો હતો. મંડપ બાંધ્યો હતો. સવારના દસ વાગ્યે જાહેરસભા રાખી હતી.

પુનાસણથી સાંજના ખેરવા આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો જૈનવાડીમાં રાખ્યો હતો.

**તા. ૧૮-૪-૧૯૫૧ : મેઊ**

ખેરવાથી મેઊ આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો.

**તા. ૧૯-૪-૧૯૫૧ : વસઈ**

મેઊથી વસઈ આવ્યા. અંતર સાડાચાર માઈલ. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. ગોઝારિયાના સેવાદળે સુંદર સ્વાગત કર્યું હતું. અહીં ૩૩ હાથસાળ છે અને હરિજનોની બે સહકારી મંડળી છે. ભંગી લોકોમાં રેલ સંકટ વખતે ૮ ઘર પડી ગયાં છે યોગ્ય સલાહ આપી.

**તા. ૨૦-૪-૧૯૫૧ : બીલોદરા**

વસઈથી બીલોદરા આવ્યા. અંતર છ માઈલ. ઉતારો લાઈબ્રેરીમાં રાખ્યો હતો. અહીં સેવાદળ સુંદર કામ કરે છે. તેણે ભવ્ય સ્વાગત કર્યું હતું. અને આખો દિવસ સેવામાં હાજર રહ્યા હતા. સાંજના ઠાકોરવાસ અને હરિજનવાસની મુલાકાત લીધી હતી. રાત્રે જાહેરસભા થઈ હતી.

**તા. ૨૧-૪-૧૯૫૧ : પીલવાઈ**

બીલોદરાથી પીલવાઈ આવ્યા. બપોરના ત્રણ વાગ્યે ગોપાલકોની સભા રાખી હતી. કરસનભાઈએ સ્વાગત કર્યું. તેમણે કહ્યું વિજાપુર તાલુકામાં છ હજાર રબારીઓ છે. ગૌસેવા સંઘના આશ્રયે શાળાઓ ખોલીને કામ કરીએ છીએ. સભામાં વિજયકુમાર ત્રિવેદી અને દાસભાઈએ પણ પ્રવચન કર્યું હતું. મહારાજશ્રીએ કહ્યું કે, આજે કોમી સંગઠન થાય તેમાં ભય

રહેલો છે. ધંધાદારી સંગઠન થાય તેમાં વાંધો નથી. ખેડૂત અને ગોપાલન બંને અરસપરસ પૂરક થાય તે ખૂબ જરૂરી છે. આજે ખેડૂત એમ કહે છે કે રબારી ભેળ કરે છે રબારી એમ કહે છે ખેડૂતો ખોટી રીતે પજવે છે. આથી કોઈને ફાયદો નહિ થાય. બંને એકબીજાના પૂરક થઈને કામ કરે.

સેવાદળની રેલી વખતે અહીં ત્રણ યુવાનો વાત્રક નદીમાં ડૂબી ગયા હતા.

**તા. ૨૨-૪-૧૯૫૧ : મહુડી**

પીલવાઈથી મહુડી આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો. બપોરના જાહેરસભા રાખી હતી. તેમાં નવ ગામના લોકો આવ્યા હતા. મુખ્યવસતી ઠાકોર કોમની છે, તેમને કહ્યું, તમે ગરીબ રહ્યા છો તેનું કારણ શોધો. હવેના જમાનામાં તમે જૂની ઢબે નહિ જીવી શકો. કેટલીય જમીનો તમારી થોડી રકમમાં ગીરો મુકાઈ ગઈ છે. હવે થોડી જમીન બાકી રહી ગઈ છે, તેમાં ઉત્પન્ન વધારો, સમૂહ ખેતી કરો તો વધારે ફાયદો થશે. પોલીસની જરૂર છે તેમાં તમારા યુવાનો ભરતી થાય કેટલાક ગૃહ ઉદ્યોગ વાંસના શરૂ કરો. બાળકોને ભણાવો. વ્યસનો છોડો અને જાતમહેનત કરશો તો સુખી થવાશે.

અહીં ઘંટાકરણ મહાવીરની જગ્યા છે. નાની દહેરી છે. હવે તો મોટું તીર્થધામ થઈ ગયું છે. કોટેશ્વર મહાદેવ છે. સાબરમતી નદી છે.

**તા. ૨૩/૨૪-૪-૧૯૫૧ : પ્રાંતિજ**

મહુડીથી સાબરમતી નદી ઓળંગી વાઘપુર થોડું રોકાઈ પ્રાંતિજ આવ્યા. અંતર પાંચ માઈલ. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો.

બપોરે ચાર વાગ્યે નાગરિકો સાથે વાર્તાલાપ રાખ્યો હતો. તેમાં કંટ્રોલ વિશે ઠીક ઠીક ચર્ચા થઈ હતી. મહારાજશ્રીએ રચનાત્મક સૂચનો કર્યાં હતા. પણ મોટાભાગને તે ગળે ઊતર્યાં ન હતા. લોકો એમ માને છે કે સરકાર બધું કરે અમારે કરવાનું કંઈ નહીં.

ત્યારબાદ પાંચ વાગ્યે ભંગીવાસની મુલાકાત લીધી હતી. એકંદર સ્થિતિ સારી છે. મહારાજશ્રીએ કહ્યું કે હવે માત્ર સફાઈની મોનોપોલી નહીં ચાલે. પગાર વધારો એટલે કોઈ પણ માણસ એ કામ કરશે. તો

એવા વખતે કોઈ ગૃહ ઉદ્યોગો શીખી લો. ટોપલા, સુંડલા વગેરે શીખી લો. જમીન મળે ત્યાં ખેતી કરો. ગૃહ ઉદ્યોગની ચીજોનું વેચાણ કરવા આખા તાલુકાના ભંગી ભાઈઓની સર્વે કરી એક ખરીદ વેચાણ સંઘ ઊભો કરો. હવે માગવાની પ્રથા કાઢો ભાઈસાહેબ, માબાપની વાત છોડી દો. સહેજ હિંમત કરો, કાયદો ભલે થયો પણ આભડછેટ તમારે કાઢવી પડશે. કોઈ આવીને કરી દેવાનું નથી. ભણેલા લોકો એ કામ ઉપાડે, તો જ ઉદ્ધાર થશે. રાત્રિસભામાં મોટી સંખ્યામાં ભાઈબહેનો આવ્યાં હતાં.

બીજે દિવસે ૯ થી ૧૧ ઉપાશ્રયમાં પ્રવચન રાખ્યું હતું. તે પછી સ્કૂલમાં પ્રવચન થયું. બપોરના ખેડૂતોની મોટી સભા થઈ તેમાં લગભગ ૭૦ ગામના ખેડૂતો આવ્યા હતા. અગાઉથી પ્રચાર થયો હતો. ખાસ કરીને કંટ્રોલથી સૌ કંટાળી ગયા છે, તે વિશે અને ખેડૂત સંગઠન શા માટે જરૂરી છે તે અંગે વિગતે કહ્યું હતું.

**તા. ૨૪-૪-૧૯૫૧ : બાલીસણા**

પ્રાંતિજથી બાલીસણા આવ્યા. અંતર છ માઈલ. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. સાંજના હરિજનવાસની મુલાકાત લીધી હતી. એ લોકોએ સારી તૈયારી કરી હતી તેમનો પ્રશ્ન ખેડવા માટે જમીન મળવી જોઈએ અને સાળ માટે સૂતર મળવું જોઈએ એ હતો.

અહીંના વણકરો અને ભંગીઓ વચ્ચે પાણી ભરવામાં ઝઘડો થયો હતો. હરિજન લોકો ભંગીને પાણી રેડતા, પણ ભંગીનાં બૈરાં ગાળો બોલતાં હતાં, પણ હવે સુલેહ કરી છે.

રાત્રે જાહેરસભા થઈ, ગામના પ્રશ્નો ચર્ચાયા હતા.

**તા. ૨૫-૪-૧૯૫૧ : તલોદ**

બાલીસણાથી તલોદ આવ્યા. અંતર છ માઈલ. ઉતારો દિગંબર જૈન બોર્ડિંગમાં રાખ્યો હતો. બપોરે જાહેરસભા થઈ હતી.

**તા. ૨૭-૪-૧૯૫૧ : અણિયોર**

તલોદથી નીકળી અણિયોર આવ્યા. અંતર છ માઈલ ઉતારો મંદિરમાં રાખ્યો હતો. બપોરે સભા પૂરી કરી સાંજના જગાપુર આવ્યા. રાત્રે જાહેરસભા થઈ.

**તા. ૨૮-૪-૧૯૫૧ : સાગપુર**

અણિયોરથી સાગપુર આવ્યા. અંતર પાંચ માઈલ હશે.

**તા. ૨૯-૪-૧૯૫૧ : પૂંસળી**

સાગપુરથી નીકળી પૂંસળી આવ્યા. અંતર છ માઈલ. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. ઠાકરડા કોમની સુખી વસતિ છે.

**તા. ૩૦-૪-૧૯૫૧ : રણાસણ**

પૂંસળીથી રણાસણ આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. બપોરના જાહેરસભા રાખી હતી.

**તા ૧-૫-૧૯૫૧ : લિંભોઈ**

રણાસણથી નીકળી લિંભોઈ આવ્યા. અંતર આઠ માઈલ હશે. અહીં બાળકોને બે શબ્દો કહ્યા હતા. પરીક્ષામાં ચોરી કરવા અંગે ગાંધીજીનો દાખલો આપી સમજાવ્યું હતું બપોરના જાહેર સભા રાખી હતી અને પ્રશ્નોત્તરી રાખી હતી.

**તા. ૨-૩-૪-૧૯૫૧ : મોડાસા**

લિંભોઈથી નીકળી મોડાસા આવ્યા અંતર ૬ માઈલ હશે. ઉતારો લોકલ બોર્ડ ધર્મશાળામાં રાખ્યો, બપોરે ત્રણ વાગ્યે પ્રાંતિજના ભંગી અને વણકર કાર્યકરો છાત્રાલય અંગે વાતચીત કરવા આવ્યા હતા. ૪ વાગે વેપારીઓ સાથે વાર્તાલાપ રાખ્યો હતો. મહારાજશ્રીએ કહ્યું કે પહેલાં આપણે ત્યાં ઉત્પાદન મુખ્ય હતું વાણીજ્ય બીજા નંબરે હતું આજે વેપારીની નજર વાણીજ્ય તરફ ગઈ છે. ઉત્પાદન અને ઉત્પાદક પર નથી જતી એ મોટી ભૂલ થઈ છે. આજે આંકડાની જાળને લીધે કંટ્રોલ આવ્યા છે. ખેડૂત અને વેપારી સાથે મળીને એકબીજાનો વિશ્વાસ કેળવે તો પછી સરકારને કહી શકાય કે આજે અમારા જિલ્લા પૂરતી સરખી વહેંચણી કરી લઈશું. તો સરકારને વાંધો નહિ આવે, અને ન માને તો અમલદારે વેપારીઓ અને ખેડૂતોની સામૂહિક પરિષદ થાય. અને નિવેડો લાવી શકાય.

રાત્રિસભા ગાંધી ચોકમાં થઈ પ્રથમ રમણભાઈ સોનીએ કહ્યું કે આપણા સદ્‌ભાગ્યે પૂ. શ્રી સંતબાલજી પધાર્યા છે. ત્રણ વરસ પહેલાં આવેલા તેઓ ગુજરાતમાં જાણીતા છે, એટલું જ નહિ આખા દેશમાં

નામથી અને કામથી જાણીતા છે. તેમણે આપણને નવીજ દૃષ્ટિ આપી છે. નીતિનું ધોરણ નીચું ગયું છે બધાંનાં મોં ધન તરફ વળ્યાં છે. એવા સમાજમાં ખારા સમુદ્રમાં મીઠી વીરડી સમાન આ સંત છે. કેટલાંક તેમની ટીકા પણ કરે છે સાધુ પુરુષે એકાંતમાં બેસી રહેવું જોઈએ એમને આવા રાજકારણ અને વહેવારમાં પડવાનું શું પ્રયોજન ! તેમને જવાબ આપવા તો મારો અધિકાર નથી, પણ દેશમાં કટોકટી હોય અનાજની મુશ્કેલી હોય, અશાંતિ હોય ત્યારે સાધુની શી ફરજ હોય ? પ્રાચીન કાળમાં સંતોએ જે કર્યું તે જ આ સંત કરી રહ્યા છે.

તે પછી મહારાજશ્રીએ ધર્મ અને રાજકારણનો સંબંધ જણાવી પ્રજાની ફરજો દાખલા દૃષ્ટાંતો આપી સમજાવ્યું હતું. બપોરના કાર્યકરો સાથે વાર્તાલાપ રાખ્યો હતો તેમાં ખાસ કરીને જાગીરદારીથી થતાં નુકસાન જંગલ કોંટ્રાક્ટમાં આચરાતી ગેરરીતિ પ્રશ્નો ચર્ચાતા હતા.

તે પછી ખેડૂત સંમેલન ભરાયું હતું ૧૬ ગામના લોકો આવ્યા હતા. તેમાં ખેતી ગોપાલન અને સંગઠન વિષે કહેવાયું હતું.

એક વખત બાળકો વિદ્યાર્થીઓ અને શિક્ષક શિક્ષિકાઓ સાથે વાર્તાલાપ રાખ્યો હતો. તેમાં હિન્દુ કોડ બીલ વિષે ચર્ચા થઈ હતી.

એક સભા મહિલા મંદિરમાં થઈ, પ્રથમ ડૉ. રસિકભાઈએ પ્રાસંગિક કહી મહારાજશ્રીનો પરિચય આપ્યો હતો.

મોડાસામાં ૧૧૦૦૦ની વસ્તી છે મુસલમાનો બહુમતીમાં છે.

**• તા. ૫-૫-૧૯૫૧ : બાકરોલ (મહાદેવ ગામ)**

મોડાસાથી નીકળી બાકરોલ આવ્યા અંતર છ માઈલ હશે ઉતારો સાર્વજનિક મકાનમાં રાખ્યો હતો, પાદરે બે નદી વહે છે.

**• તા. ૬-૫-૧૯૫૧ : ટીંટોઇ**

બાકરોલથી નીકળી ટીંટોઈ આવ્યા અંતર છ માઈલ હશે ઉતારો નિશાળમાં રાખ્યો હતો. ગામ લોકોએ સામે આવી સુંદર સ્વાગત કર્યું હતું. બપોરના વિદ્યાર્થીઓની સભા થઈ સાંજના ચાર વાગ્યે ખેડૂતોની સભા થઈ અને રાત્રે જાહેર સભા થઈ હતી. આજુબાજુના કેમ્પાવાળા આવ્યા હતા. અહીં બ્રાહ્મણોની વસ્તિ મુખ્ય છે.

● **તા. ૭ થી ૧૪ : શામળાજી**

ટીંટોઈથી શામળાજી આવ્યા વચમાં બ્રહ્મપુરી, વાંકીયોળ, કાદવીયા થઈ વજાપુર આવ્યા. આ વિભાગના આદિવાસી કાર્યકર નરસિંહભાઈ ભાવસાર પ્રવાસમાં અમારી સાથે રહ્યા હતા. બધો આદિવાસી પ્રદેશ છે. તા. ૮-૫-૧૯૫૧ના રોજ બપોરના ૪ વાગે સર્વોદયના ગામડામાં ચાલતી શાળાઓના અને સરકારી શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોનું સંમેલન રાખ્યું હતું. ૧૬ શાળાના ૪૧૫ વિદ્યાર્થીઓ આવ્યા હતા. પ્રથમ નરસિંહભાઈએ પ્રાસંગિક કહ્યું તે પછી મહારાજશ્રીએ જણાવ્યું કે, બાળકો તમને જોઈને આનંદ થાય છે કારણ કે તમારા મોઢા ઉપર તેજ છે. એ તેજ કેમ વધે એનો ઈલાજ આપણે કરવાનો છે. માણસ અને જાનવરમાં ફેર છે. માણસ ઊંચો છે તે ઈશ્વરની ખોજ કરે છે અને ઈશ્વર તો સત્ય અને નીતિમાં વસે છે. આપણે બીજાને સુખ આપીએ તો આપણને સુખ મળે. આપણે ત્યાં નાના છોકરાઓજ મોટા મોટા તેનાઓ થયા છે. તમારી કોમ એવી છે કે તમને અવકાશ છે. શહેરવાળા તો એમ માને છે કે અમે તો ભણેલાજ છીએ એટલે એમને બહુ પડી નથી.

તમે ગાંધીજીની છબી જોઈ છે ને ? એ કોણ હતા ? દુનિયાના લોકો એમની કેમ સલાહ લેતા હતા ? એમના બચપણના પ્રસંગો બહુ પ્રેરણા લેવા જેવા છે. એને વાતો રૂપે ના ગણતા જીવનમાં ઉતારવાની વાત ગણજો. બાપુજી નાના હતા ત્યારે ચવાણું ખાવાની ટેવ પડી ચવાણું લેવા પૈસા જોઈએ ઉછીના લઈને દેવું કર્યું. તકાદો થયો એટલે હાથમાં પહેરેલું સોનાનું કડું કાપી આપ્યું. પણ બહુ દુઃખ થયું. બાપાને વાત કરી. બાપાએ નિસાસો નાંખ્યો તેમની આંખોમાંથી અશ્રુની ધારા વહેવા લાગી. ઠપકો ના આપ્યો. સજા ના કરી. પણ ત્યારથી ગાંધીજીએ ચોરી છોડી. પછી મોટા થયા ત્યારે કોઈ દિવસ ચોરી ના કરી એટલું નહિ જૂઠું પણ ના બોલ્યા. આપણે દરેક જણે જાણવું જોઈએ કે ભગવાન તો બધે જ છે એને હજાર હાથ અને હજાર પગ છે હજાર આંખો છે. ગમે તે કામ કરીએ તો પણ એ જુએ છે.

એક છોકરો નદીએ નહાવા ગયો. કપડું ધોઈને સૂકવ્યું, ઊડી ન જાય તે માટે ઉપર પથ્થર મૂક્યો, તેવામાં એક દેડકો જોયો. તેને કૂદવાનું મન થયું. એક પથ્થર મારવા હાથ ઉગામ્યો. પણ અંદરથી અવાજ આવ્યો,

ના મારીશ. છોકરે માન્યું કે મને ભ્રમણા થઈ હશે. ફરી હાથ ઊંચો કર્યો, ફરી જવાબ આવ્યો : ના મારીશ. છોકરાએ માને પૂછ્યું, કોણ બોલ્યું હશે? માતાએ કહ્યું, બેટા ! ભગવાન બોલ્યા હશે જ્યારે એ અંદરથી બોલે ત્યારે તું એનું કહ્યું માનજે આપણી પાસે બે અવાજ આવે છે. એક કહે છે, ચોરી કર, બીજો કહે છે ન કર. એક જણ કહે છે માર, બીજો કહે છે બચાવ. તમારે કોનું કહ્યું માનવું ! એક છે શેતાન બીજો છે દેવ, દેવનું કહેવું માનવું. સાચું છે કે ઈશ્વર આખા જગતમાં છે. સારું કામ કરીએ તો પાસે આવે ખોટું કામ કરીએ તો દૂર જાય. માબાપની ઇચ્છા થાય કે દારૂ પીવો અને તમને પણ કહે કે તું પી. તો બાપા ભલું નથી કરતા તેમની આજ્ઞા ના માનવી. હરિજનને ના અડવાનું કહે છે, પણ માણસથી માણસ ના અભડાય એને અડવાથી કંઈ ડાઘ પડી જતો નથી. રેંટિયાની વાત પણ તમારે સમજવી પડશે. માબાપ વિરોધ કરશે કે આમાં શિક્ષણની વાત ક્યાં આવી તો તમારે સમજાવવા પડશે. દારૂને દેશવટો દીધો તેમ ચાને પણ દેશવટો દેવો પડશે. તે મનને બાંધી રાખે છે અને શરીરને નુકસાન કરે છે. અને પૈસા બગાડે છે.

**તા. ૯-૫-૧૯૫૧**

આજુબાજુના કમ્પામાં ખેતી કરતા પટેલાની એક સભા રાખી હતી. તેમની ફરિયાદ હતી હરિજનો મરેલાં ઢોર મફત લઈ જાય છે. અને કોસના ભાવ વધુ લે છે.

**તા. ૧૦-૫-૧૯૫૧**

આદિવાસી ભગત લોકોની સભા રાખી હતી. આ ભગતો બિનમાંસાહારી હોય છે. પોતાની કોમનું પણ ખાતા નથી. એમના પંચમાં પક્ષ પડી ગયા છે. આગેવાન પક્ષની ખેંચતાણ વધુ છે. હોંશિયાર છે. આગેવાનીભર્યો ભાગ ભજવે છે. પણ લાંચ લે છે. અને રખાત રાખે છે. એટલે સારા કાર્યકરની જરૂર છે.

**તા. ૧૧-૫-૧૯૫૧**

આજે સવારના કલેક્ટર સાહેબ અને ફોરેસ્ટ અધિકારી મળવા આવ્યા હતા. તેમની સાથે જિલ્લાના સામાન્ય અને આદિવાસી પ્રશ્નો એમના

વિકાસ અંગે વાતો કરી હતી. અહીં વર્ગ ચાલતો હતો તેમાં પણ તેમણે કેટલીક વાતો કરી હતી.

બપોરના ઠાકરડા ભાઈઓની સભા રાખી હતી. તેમના પ્રશ્નો ચર્ચાયા. અહીં સાત દિવસનો ખેડૂત વર્ગ ભરાયો તે અંગે મહારાજશ્રીએ જણાવ્યું :

વર્ગ ભરાયો તે સારું થયું છે. એમાં આપણી ક્યાં ખામીયો છે તે જોવા મળશે. હરિજનો અને વસવાયાં આવ્યા. ગરાસિયા (આદિવાસી) ભાઈઓએ બહુ રસ નથી લીધો. તેનું કારણ શોધવું જોઈએ. લોકોને પોતાનું લાગે તેવું કામ કરવાની જરૂર છે. દરેક કાર્યકર આ વાત ધ્યાન રાખે. કાર્યકરની મુશ્કેલી તેમના મુરબ્બી દૂર કરે અને બધા વર્ગો એવી એકવાક્યતાથી કામ કરે, પ્રજાને શાબાશી આપવાનું મન થાય. પ્રજા જ આપણી મુખ્ય તાકાત છે. કેટલાંક લોકો આદિવાસી નામથી ખિન્નાથ છે, પણ ઠક્કર બાપાએ બહુ વિચારપૂર્વક એ નામ આપ્યું છે. આદિ એટલે પહેલાંના સૌથી પ્રથમ વસનારી પ્રજા તમે છો અમે બધા પછી છીએ. એક રીતે તમો પછાત ગણાઓ છો પણ બીજી રીતે ગૌરવશાળી છો તમે તેજસ્વી છો. કેટલીક સારી વાતો અને સંસ્કારો તમે સાચવી શક્યા છો.

ખેડૂત સભા થઈ તેમાં પ્રથમ નાનુભાઈ દેરાસરીએ ગ્રામપંચાયત એ શું છે તેની સમજણ આપી હતી. મથુરદાસ કાકાએ જાગીરદારોને તોછડાઈ ભરી ભાષાથી નહિ બોલવાનું કહ્યું. ત્યારબાદ આદિવાસી દોલતભાઈએ પોતાની મુશીબતો કહી સંભળાવી. કુંપાવાળા ઢોરને ડબામાં પૂરે છે. મોટી જમીનો ખેડે છે, એથી અમે ગરીબ થઈ ગયા છીએ. છેલ્લે મહારાજશ્રીને કહ્યું હતું કે, પહેલાં રસ્તાઓ રીપેર કરવાનું કામ ચાલે. તમારી પાસે વેઠ કરાવે, કૂકડાં મરઘાં માગે, ગમે તેમ બોલે, અપમાન કરે, એ દિવસો હતા. આજે સ્વરાજ્ય આવ્યું છે. એક પોલીસથી તમે ધ્રૂજતા હતા હવે કલેક્ટર તમારી પાસે આવે છે તમો છૂટથી વાત કરી શકો છો. એટલો ફેર શાથી પડ્યો છે તે વિચારો.

બીજો સવાલ તમારી આજીવિકાનો છે કંપાવાળા ભાઈઓએ એક વાત યાદ રાખવાની છે. તમો જે મુલકમાં આવ્યા,જમીનો લીધી તો સ્થાનિક લોકો સાથે વધુ સહકારથી કામ કરો તો બધાને લાભ થશે.

અમારા આ બાજુના પ્રવાસમાં નરસિંહભાઈ ભાવસાર અને આદિવાસી આગેવાનો સતત સાથે રહ્યા હતા. અહીં શામળાજીનું પ્રખ્યાત જૂનું ભવ્ય મંદિર છે. તેની સામેની ગરૂડની મૂર્તિ પ્રાચીન સંસ્કૃતિરૂપ છે. ચારેબાજુ વનરાજી અને મેશ્વો નદી છે.

**તા. ૧૫-૫-૧૯૫૧ : મોટા કંથારિયા**

શામળાજીથી મોટા કંથારિયા આવ્યા. અંતર આઠ માઈલ હશે. આખો રસ્તો જંગલો અને ડુંગરો વાળો આવ્યો. ખૂબ કાંકરા વાગ્યા. ઉતારો એક વેપારીને ત્યાં રાખ્યો હતો. બપોરના આંબાના વૃક્ષ નીચે સભા થઈ, બહેનો પણ ઘણાં આવ્યાં હતાં. બાજુના ગામના વિદ્યાર્થીઓ પણ આવ્યા હતા. જાણે જંગલમાં મેળો ભરાયો હોય તેવું સુંદર દૃશ્ય લાગતું હતું !

**તા. ૧૬-૫-૧૯૫૧ : ઘોરવાડા**

મોટા કંથારિયાથી પ્રવાસ કરી ઘોરવાડા આવ્યા અંતર નવ માઈલ હશે. ઉતારો સુરજીભાઈ આદિવાસીને ઘેર રાખ્યો હતો. રાતની સભા માજૂમ નદીને કિનારે આવેલા ડોલેન્દ્રા ગામમાં રાખી હતી. સભામાં મહારાજશ્રીએ જણાવ્યું કે સ્વરાજ્ય આવ્યું છે. કેટલાંકને આ ગમતું નથી. રાજાઓએ રાજ્ય છોડ્યું છે, પણ કાયદાથી છોડે તેના કરતાં દેશના હિત માટે સ્વેચ્છાએ છોડે તો આખી પરિસ્થિતિ બદલાઈ જાય. તમને રેશનકાર્ડ માટે તલાટી ચાર આના લે છે. મકાન માટે લાકડાં લેવા દેતા નથી, પણ તમો ઘર માટે લાકડાં લેવાને બદલે વેચવા માટે લો તો સરકાર અટકાવે આપણે જાતિ અને પ્રમાણિકતાથી સંપ કરીને રહીશું તો બધા રસ્તા ખૂલી જશે.

અહીં ચરોતરના પાટીદારોએ ખેતી સુંદર વિકસાવી છે. આ બાજુ મહુડાના ઝાડ ઘણાં હોય છે. લોકો તેને બાળી નાંખે છે.

**તા. ૧૭-૫-૧૯૫૧ : પંચામ**

ઘોરવાડાથી કોલેન્દ્રા થઈ પંચામ આવ્યા. અંતર દસ માઈલ હશે. આદિવાસી ગામ છે. બધા જ ખેતી કરે છે.

**તા. ૨૬-૫-૧૯૫૧ : ગાબટ**

૨૭મી એ સમસોલી, ૨૮મી વસાદરા થઈ રડોદરા, બાયડ તા. ૨૯ રમાસ, ૩૦મી ડાભા થઈ સાંજના જીતપુર.

**તા. ૩૧-૫-૧૯૫૧ : આંબલીયારા**

**તા. ૨-૬-૧૯૫૧ : ભુડાસણ**

**તા. ૨-૬-૧૯૫૧ : જુડવા તા. નરોડા : તા. દહેગામ**

**તા. ૩-૬-૧૯૫૧ : મણિનગર**

**તા. ૧૫-૬-૧૯૫૧ : અસલાલી**

મણિનગરથી નીકળી ખોખરા મહેમદાવાદ, શાહવાડી થઈ અસલાલી આવ્યા. અંતર છ માઈલ હશે ઉતારો રણછોડકાકાના મેડા ઉપર રાખ્યો હતો.

બપોરના તાલુકાના ખેડૂત આગેવાનોને બોલાવ્યા હતા તેમાં ભવાનીશંકરભાઈ મહેતા, ડૉ. છોટુભાઈ, બ્રહ્મભટ્ટ વગેરે અગ્રેસરો પણ આવ્યા હતા. મહારાજશ્રીએ કૉંગ્રેસ અને ખેડૂત મંડળના સંબંધે સરસ સમજાવ્યું હતું.

**તા. ૧૬-૬-૧૯૫૧ : પાલડી**

અસલાલીથી પ્રવાસ કરી પાલડી આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ચીમનલાલ મોદીના બંગલે રાખ્યો હતો. અહીંથી નજીક મરોલી લિફ્ટ ઈરીગેશન કરી નવ મશીનો દ્વારા આજુબાજુની ખેતીને પાણી અપાય છે.

**તા. ૧૭-૧૮-૧૯૫૧ : વાઘજીપરા (નવાપરા)**

અસલાલીથી નીકળી થોડો વખત વિસલપુર રોકાઈ વાઘજીપુરા આવ્યા અંતર પાંચ માઈલ હશે. ઉતારો વાડીભાઈ જમનાદાસના ખેતરના મકાનમાં રાખ્યો. વાડીભાઈનો ઉત્સાહ ઘણો હતો. તેમણે અમદાવદના કેટલાક સ્નેહીઓ અને ભાલનળકાંઠાના કાર્યકરોને આમંત્ર્યા હતા. અહીં વર્તમાન રાજકીય પરિસ્થિતિ અને આપણી ફરજ વિષે સારી ચર્ચા થઈ હતી.

**તા. ૧૯-૨૦ : વિસલપુર**

વાઘજીપુરાથી નીકળી વિસલપુર આવ્યા. અંતર ત્રણ માઈલ ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. બંને દિવસે રાત્રિ સભા મંદિરવાળા ચોકમાં રાખી હતી. સભામાં એક ભાઈએ કહ્યું કે નાના નાના વિદ્યુત મશીનો મુકાય તો લોકોને સગવડતા વધે. મહારાજશ્રીએ કહ્યું કે આ પ્રશ્નને બે રીતે વિચારવો જોઈએ. માણસને ગુલામ બનાવે તેવાં યંત્રો ન હોવાં જોઈએ.

પણ માણસને સાધક બને તેવાં યંત્રોનો વાંધો નથી, માણસને શ્રમ કરવામાં આનંદ પડવો જોઈએ. જેમ કોઈ મહેમાન આવે તો તેના ઇચ્છા ન હોય તો પણ તેમનું કામ કરી નાખીએ છીએ. પણ નકામો માણસ આવે તો તેનું કામ કરવામાં વેઠ લાગે છે. પરાણે કામ કરવું પડે તે વેઠ રૂપ બની જાય છે. આમ જો દરેકને કામ મળી રહે, માણસો બેકાર ન બને તેટલી મર્યાદા યંત્રોની રાખવી જોઈએ.

**તા. ૨૧ : ભાત**

**તા. ૨૨ : ચલોડા**

**તા. ૨૩/૨૪ : ધોળકા**

અંતર તેર માઈલ ધોળકામાં ગામલોકો સાથે રબારી ભાઈ બહેનોએ પણ મોટી સંખ્યામાં સરઘસ આકારે મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત કર્યું ઉતારો દેવી મહંત (દેવેન્દ્રબાળા જયંતીલાલ શાહ)ને ત્યાં રાખ્યો હતો. બે દિવસના નિવાસ દરમિયાન એક દિવસ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓની સભા થઈ તેમાં મહારાજશ્રીએ કહ્યું :

ઘણા વખત પછી અહીં આવ્યો છું. વિદ્યાર્થી જગત દેશને કઈ બાજુ લઈ જવો તેના ઘડતરનું કામ શાળા કરે છે. નાની મોટી લડાઈઓ થાય છે. મતભેદો ઊભા થાય છે. આનો ઉકેલ તિક્ષ્ણ હથિયારો આપે તેમ નથી તો કઈ વસ્તુ પ્રાપ્ત કરવી કે જેથી દુનિયાની માનવજાત સુખશાન્તિથી જીવી શકે અને બીજાને શાન્તિ આપી શકે ? એનો વિચાર તમારા નાના મગજમાં આજથી ભરવો પડશે. મને લાગે છે કે આને માટે લવાદી પદ્ધતિ કે સમન્વયવાદ એ એવી વસ્તુ છે કે દરેકને શાન્તિ આપી શકે. સમન્વય શબ્દ તો સહેલો છે. પણ આચરણ કરવામાં જરા અઘરું પડે. માનસિક સ્થિતિને ફેરવવી પડે છે. અને વાદ કે ન્યાયની વાત પણ ન્યાય તે કરી શકે જે ન્યાય પામેલ હોય. આ પદ્ધતિ ઉપર જવાહરલાલ નહેરુ કામ કરી રહ્યા છે. પરંતુ તેમની સિદ્ધિ પ્રજાના ટેકા ઉપર આધાર રાખે છે. જેટલો લોકમત ઘડાશે તેટલું રાજકારણ શુદ્ધ થશે. વાત જરા ઊંચી છે. પણ આપણે એને એ રીતે વહેવારમાં મૂકીએ કે જેવી કે હિન્દુ મુસ્લિમ એકતા, અસ્પૃશ્યતા નિવારણ અને ગામડાંની નૈતિકતા વધારવી એવી વાતો તમારે અમલમાં મૂકવાની છે.

વચલો ગાળો એવો ગયો કે શ્રમનિષ્ઠા ગુમાવી દીધી છે. બાળક જન્મે ત્યારથી ક્રિયા કરવા મંડી પડે છે. માતૃ ધાવણ પણ હલનચલનથી જ પચે છે. પણ આપણી કેળવણીએ એવી સ્થિતિમાં મૂકી દીધા કે જે વધારે ભણે તે અક્કડ થઈને બેસી રહે. હુકમ કર્યા કરે. આથી શ્રમજીવી અને બુદ્ધિજીવી એમ બે ભાગલા પડી ગયા છે. હવે આપણા યુવાનો જાગ્યા છે. ભૂમિસેના કરીને વધુ અનાજ ઉત્પન્ન કરવાનું સ્વીકાર્યું છે. હમણાં વટવા આગળ વિદ્યાર્થીઓએ રસ્તો બાંધ્યો છે. આબુ ઉપરનું નખી તળાવ શ્રમયજ્ઞથી થયું છે. આવું કામ તમે સંઘબળથી કરી શકો.

આપણે ભણતર સાથે ગણતર પણ શીખવાનું છે. કેળું ખાતા હોઈએ અને ખાધા પછી, છાલ રસ્તા ઉપર નાખી દેશો તો કોઈ લપસી પડશે. કોઈનો હાથપગ ભાંગી જાય. હમણાં એક માણસનો પગ ભાંગી ગયો. કેળું ખાતાં ખ્યાલ પણ નહીં હોય કે હું કેટલી કુસેવા કરી રહ્યો છું ! રસ્તામાં ઝાડે જંગલ જવાની વાત પણ એવી જ છે. જ્યાં ત્યાં ગંદકી, રેલ્વેમાં, બસમાં ટિકિટ ન લેવી એવી એવી ચોરી કરીએ છીએ. હમણાં રવિશંકર મહારાજ એક સ્ટેશને ઊતર્યા. ટિકિટના પૈસા આપવા ગયા કોઈએ કહ્યું, હવે ઊતરવાનું આવ્યું છે શું કરવા આપો છો ? મહારાજે કહ્યું, ગાડી મારી છે ચોરી ના થાય. કુદરતનો કાયદો છે. સંયમથી જીવો જો ગફલત થઈ તો ખાડામાં પડી જઈશું સંયમની શક્તિ જેટલી ખીલે તેટલી તંદુરસ્તી વધે આની વિરુદ્ધ વર્તનથી જ બંધન અને પરાધીનતા આવતાં હોય છે.

એક દિવસ શિક્ષકોની સભા રાખી હતી. મહારાજશ્રીએ કહ્યું : શિક્ષક એક રીતે સમાજનો સેવક છે, બીજી બાજુ તે ગુરુ પણ છે જ. આમ વિચાર કરીએ તો શિક્ષકની મોટી જવાબદારી ઊભી થાય છે. સમાજ પણ એ શિક્ષકની ધારણ-પોષણની જવાબદારી અદા કરે. આજે શિક્ષણ લીધા પછી જે ફાલ તૈયાર થાય છે તે શોષણ કરવાનું જ શીખતો હોય તો પછી એ શિક્ષણનો શો ઉપયોગ ? સા વિદ્યા યા વિમુક્તયે. એ શિક્ષણનો આદર્શ હોવો જોઈએ પણ આજે વધુ ધન કેવી રીતે મળે તે ભણતરનો હેતુ બની ગયો છે. થોડા પણ એવા શિક્ષકો નીકળે કે જે તપસ્વીનું જીવન જીવીને શિક્ષણક્ષેત્રમાં પડે તો આનો ઉકેલ નીકળી શકે.

એક દિવસ ધોળકા સુધરાઈની મિટિંગમાં મહારાજશ્રીએ કહ્યું : કોઈ પણ શહેર કે કસ્બો ત્યારે જ પ્રગતિ કરી શકે કે જ્યારે તે સ્થાનિક સંસ્થા તરફ નાગરિકતાને નામે પોતે તેનો જ એક ભાગ છે એમ દિલથી માને. નાગરિકો પણ મ્યુનિસિપલના કામમાં રસ લે. અને મ્યુનિસિપલ તેમનો સહકાર સામેથી માગે.

હરિજન કામદારો મ્યુ.ના ત્રણ અંગો છે. વસતિનું પ્રમાણ વધે ત્યારે સફાઈનું કામ નહિ વધારીએ તો દવાખાનાં કે સડકો કંઈ કામ આવવાના નથી. સફાઈનો સદ્‌ગુણ આપણે ત્યાં બહુ જ નીચી કોટિએ ગયો છે. એ કલા વગર નહિ ચાલે. ભંગી કામદારોના હાથમાં એક બહુ અગત્યનું પુણ્યનું કામ આવ્યું છે. તેને ખરા દિલથી જોડો. સામે ઉત્સાહ વધે તે માટે કાઉન્સિલરોએ પણ હાથમાં ઝાડુ લેવું જોઈએ. ખુરશીમાં બેસનાર અને ઝાડુ પકડનાર એક રીતે સરખા છે. કામ જુદાં છે. નોકરશેઠના સંબંધોથી ના ચાલે, બાપુએ ઝાડુ અને રેંટિયાને જીવનમાં પ્રથમ સ્થાન આપ્યું. કોદાળી, ઝાડુ અને રેંટિયો એ ત્રણને આપણા હાથમાં સ્થાન મળે તો ભારતની ગરીબીનો અંત આવે.

એક દિવસ તાલુકાના કૉંગ્રેસ કાર્યકરો સાથે વાર્તાલાપ રાખ્યો હતો. મહારાજશ્રીએ પૂછ્યું કે કૉંગ્રેસને શા માટે આપણે માનીએ છીએ ? તે પ્રથમ વિચારી લેવું જોઈએ. જેમ સત્યને શા માટે માનીએ છીએ એમ કોઈ પૂછે તો તરત જવાબ આપીએ છીએ કે **એ મારો સિદ્ધાંત છે.** કૉંગ્રેસને શા માટે માનીએ છીએ ? સિદ્ધાંત માટે કે કોઈ લાલચ માટે ? સિદ્ધાંત માટે હોય તો પછી એને છોડવાનો, ના છોડવાનો સવાલ ઊભો થતો નથી. બાપુજીએ એમાં બળ પૂર્યું અને તેઓને સત્ય લાગ્યું એટલે ટેકો આપ્યો, ટેકો એટલે ભોગ આપ્યો, ત્યાગ કર્યો, કોઈએ પૂછ્યું કે, આવી ગેરરીતિઓ ચલાવી લેવી વહેવાર ચલાવવા માટે આટલું જૂઠું બોલવું પડે તો ચલાવી લેવું ? તો સ્પષ્ટ ના કહ્યું. રાજકોટનો સત્યાગ્રહ મોરિસગ્વાયરનો ચૂકાદો ઠાકોર વિરુદ્ધ આવ્યો પણ તેમણે આત્મશોધન કર્યું કે સામે પૂર્વગ્રહ રાખ્યા સિવાય કામ લેવું જોઈતું હતું, પણ એ નહિ રાખ્યો, એટલે ચૂકાદો ફેંકી દીધો. પ્રત્યાઘાતો ઘણા વિપરીત પડ્યાં.

આજે સિદ્ધાંત વિહીન બળો કામ કરી રહ્યાં છે. તે વખતે દરેક

કૉંગ્રેસીને ભારપૂર્વક કહું છું કે કૉંગ્રેસને ટેકો આપજો. મને લોકો કહે છે, હું કૉંગ્રેસી પ્રચારક છે. એક રીતે હું એ માટે ગૌરવ લઉં છું, પણ હું કૉંગ્રેસના ખોખાને નથી પૂજતો. તેના આત્માને પૂજું છું.

**તા. ૨૫-૬-૧૯૫૧ : સરોડી**

ધોળકાથી નીકળી સરોડી આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. રાતે લોકો સાથે આ ગામના પ્રશ્નોની ચર્ચા કરી હતી.

**તા. ૨૬-૬-૧૯૫૧ : કોઠ**

સરોડીથી નીકળી કોઠ ગયા. અંતર છ માઈલ. ઉતારો નિશાળમાં રાખ્યો. વિદ્યાર્થીઓ અને ગામલોકોએ વાજતે ગાજતે સામે આવી સ્વાગત કર્યું. રાત્રે જાહેરસભા રાખી હતી. સભામાં નિશાળના મકાન માટેનો પ્રશ્ન મુખ્ય ચર્ચાયો હતો.

**તા. ૨૭-૬-૧૯૫૧ : જવારજ**

કોઠથી પ્રવાસ કરી જવારજ આવ્યા. અંતર છ માઈલ. ઉતારો છગનભાઈને ત્યાં રાખ્યો હતો. અહીં ફુલજીભાઈએ લક્ષ્મીપુરામાં ધાડ પડી હતી તે અંગે રસિક અને ગંભીર વાતો કરી. વાહણપગીની બહાદુરી 'તેની પગેરું કાઢવાની રીત, અનુમાનો વગેરે વિગતોથી સૌ ચકિત થઈ ગયાં. ઈન્સ્પેક્ટર પગારે બહુ મદદ કરી. એમણે એક ઘેર જપ્તી કરી ચોરીનો મુદ્દામાલ મેળવી આપ્યો હતો.

**તા. ૨૮,૨૯-૬-૧૯૫૧ : ગુંદી**

જવારજથી ગુંદી આવ્યા. અંતર ચાર માઈલ. પ્રથમ દિવસ અચલેશ્વર મહાદેવમાં ગાળ્યો. ત્યાંના ભાઈ બહેનોએ સ્વાગત કર્યું. બપોરના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ રાખ્યો હતો. તે પછી કાર્યકર્તાઓએ દરેક જણે પોતપોતાના કેંદ્રની માહિતી આપી. મનુભાઈએ નિશાળ અંગે કહ્યું કે પહેલાં લોકો છોકરા ભણાવવા બહુ રસ લેતા હતા. હવે મોકલતા નથી. અમલદારી શિથિલતા અંગે ફરિયાદ કરી. નવલભાઈ શાહે આજની ખાદીકામની નિશાળોની નિષ્ફળતા વર્ણવી. કોઠ જેવી શાળામાં ૫૦ રૂપિયાના ફંડમાંથી દરરોજ બે કલાક ઉદ્યોગનો હોવા છતાં રૂપિયા ૨૦ની

ખાદી ઉત્પન્ન કરે. ગુંદીની શાળા પોતાને હસ્તક લેવા પ્રયત્ન કર્યો છતાં દોઢ વરસથી તુમાર ચાલે છે. અમલદારોને શિક્ષણની પડી નથી. તેઓ તો પગાર અને આંકડા સામે જોઈને બેસી રહે છે. બીજી બાજુ મોરારજીભાઈ કહે છે : તાલુકામાં છેંતાળીસ ગામોના લોકો જ છોકરાઓને મોકલતા નથી. એટલે લોકલબોર્ડ નિશાળ બંધ કરે છે. કાશીબહેને પોતાના અનુભવો કહ્યા.

બીજે દિવસે ગુંદી ગામમાં બંગલે મુકામ રાખ્યો. ત્યાં બાલમંદિર જોયું. પછી ગામ લોકો સાથે ચર્ચા કરી. સોસાયટીમાં એક ભાઈ કે જેમને ગઈ સાલ કાળુ પટેલનું ખૂન કરેલું અને કોર્ટે એને નિર્દોષ છોડેલા તે ભાઈ દાખલ થવા માગતા હતા. પણ કારોબારીની બહુમતીએ વાંધો ઉઠાવી દાખલ ના કર્યા. તે અંગે મહારાજશ્રીએ કહ્યું કે તમે જે પગલું લીધું છે તેને મારો ટેકો છે. કારણ કે આ મંડળ જો નૈતિકતા નહીં રાખે તો તેની પાસે બીજી મૂડી કઈ છે ? જો એ માણસ પ્રાયશ્ચિત કરે અને ભૂલની માફી માગે તો દાખલ કરી શકાય. પણ અભિમાનથી કે કોઈના દોરવાથી એમ કરે તો તે ન ચલાવી લેવાય. વગેરે સમજણ આપી હતી.

રાત્રે સોસાયટીના કાર્યકરો સાથે વાર્તાલાપ રાખ્યો હતો. કાર્યકરોમાં જોઈએ તેવો એકમત નથી. તેમ શિસ્ત નથી. એટલે એમ ઠરાવ્યું કે દર રવિવારે પ્રાર્થનામાં બધાએ આવવું અને દરેક મહિને મહારાજશ્રીને પત્રો લખવા.

**તા. ૩૦-૬-૧૯૫૧ : લોલિયા**

ગુંદીથી નીકળી લોલિયા આવ્યા. અંતર છ માઈલ ભોગાવામાં પાણી આવ્યું હતું. એટલે પૂલ ઓળંગી ગામમાં આવ્યા ઉતારો ચોરામાં રાખ્યો. રાત્રે જાહેરસભા થઈ હતી.

**તા. ૧,૨,૩-૭-૧૯૫૧ : ધંધૂકા**

લોલિયાથી વખતપુર આવ્યા. અંતર સાત માઈલ. ત્યાં રોકાઈ બીજે દિવસે દસ માઈલ પ્રવાસ કરી ધંધૂકા આવ્યા.

સાંજે વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથે આજની કેળવણી વિષે ચર્ચા વિચારણા કરી હતી. બીજે દિવસે રાત્રે પટેલવાડી, હરિજન છાત્રાલય અને ગોપાલક છાત્રાલયના વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન કર્યું હતું.

**તા. ૪-૭-૧૯૫૧ : રોજકા**

ધંધૂકાથી નીકળી રોજકા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો ધર્મશાળામાં રાખ્યો. રાત્રે જાહેર સભા થઈ.

**તા. ૫-૭-૧૯૫૧ : ભડિયાદ**

રોજકાથી સવારના અલિયાસર આવ્યા અંતર છ માઈલ હશે અહીં ગામ નથી પણ ઘણાં ગામ વચ્ચેનું એક મધ્યસ્થ સ્થળ છે. અહીં લો-બોર્ડની ધર્મશાળા, સુંદર તળાવ અને મંદિર છે. કૂવો પણ છે. બપોરે અહીં રોકાયા. ધોલેરા તથા ભડિયાદના લોકો અહીં આવ્યા હતા. સાંજના નીકળી ભડિયાદ આવ્યા. અહીં ચાતુર્માસ હતું એટલે માનવ મહેરામણ સ્વાગત માટે ઊમટ્યો હતો ગામમાં પ્રવેશ વખતે પ્રથમ વિદ્યાર્થીઓએ સ્વાગત કર્યું. પછી બહેનોએ સ્વાગત કર્યું. પછી હરિજનોએ લાલવાવટાથી અને ભંગી લોકોએ ઢોલ વગાડીને સ્વાગત કર્યું પછી નાગરિકોએ સ્વાગત કર્યું. સરઘસ આગળ વધતું ગયું તેમ લોકો આવતા ગયા ધૂન ભજન ગવાતાં હતાં. મુકામે આવ્યા પછી ચોકમાં જાહેર સભા થઈ. મહારાજશ્રીએ ગામલોકોના સ્વાગતથી ખૂબ સંતોષ વ્યક્ત કર્યો અને ચાલુયુગના પ્રશ્નોની સમીક્ષા કરી સૌ વિખરાયા.

રાત્રિસભામાં પ્રવચન કરતાં મહારાજશ્રીએ જણાવ્યું કે ઈસુખ્રિસ્તે કહ્યું છે કે તમને ડાબા ગાલે કોઈ તમાચો મારે તો તારે જમણો ગાલ ધરી દેવો, કારણ કે ગુસ્સાથી ગુસ્સો મટતો નથી પણ વધે છે. આપણા સમાજમાં આવું જ બને છે. આપણે ગુણાકાર કરતા હોઈએ છીએ. બાદબાકી કરતા નથી. બાદબાકી એવી કરીએ છીએ કે આપણને ફાવતી વાત આવે. પિતા મૃત્યુ પામે ત્યારે પુત્રને બોલાવીને કહે છે કે ફલાણા જોડે વેર લેજે આમ આપણે બધા દુઃખી થઈએ છીએ. શાસ્ત્રમાં કહ્યું સત્યંવદ, ધર્મમ્ ચર, સત્ય બોલવાની વસ્તુ અને ધર્મ આચરવાની વસ્તુ છે.

ધર્મ આચરણમાં કેવી રીતે આવે તેની એક સત્ય ઘટના કહેતાં તેમણે જણાવ્યું : બાઈ થાનગઢની નામ ભૂરી તે સાસરે ગઈ પણ ત્યાં સાસુ એવી મળી કે રોજ તકરાર થાય. સાસુ વહુને રોજ ગાળો બોલે. વહુના પિતાને અને માતાને ભાંડે પણ પછી તે એના ભાઈને કહેવા લાગી એટલે વહુથી

ના રહેવાયું. જ્યારે કોઈ વહુને ભાઈની ગાળ આવે ત્યારે તે સહન નથી કરી શકતી. ઠેસ વાગે તો 'ખમા મારા વીરાને' કહે ખમા મારા ધણીને નથી કહેતી. આમ સાસુ બહુ ગાળો બોલે એટલે વહુથી ના રહેવાયું એટલે બોલી નાખ્યું : ઓળિયો ધોળિયો બધો તમારે માથે. આથી સાસુ વધુ ચિડાય. આમ રોજ ચાલ્યા કરે. આડોશી પાડોશી રોજ તે જોવા આવે. માણસને નિંદાનો રસ બહુ ગમે છે. ઊંઘ પણ ઊડી જાય. લોકોને આ તમાસો લાગે ડોશીને ખબર નહિ કે આ અમારા કુળની લાજ જાય છે. બહુ થાકે ત્યારે રડવા બેસે. છોકરા કામ કરીને આવે ત્યારે આ નાટક જુએ મનમાં ખૂબ ચિડાય પણ શું કરે ? ખાવાનું પણ ના ભાવે અને ઘરમાંથી ચાલ્યો જાય, પણ જ્યારે રોજ નવી નવી વાતો મનમાં ભરાય એટલે એક દિવસ કંટાળીને ભૂરીને ખૂબ મારી, ડોશીને તો કંઈ કહી શકે નહિ. થોડા દિવસ પિયર મોકલી પણ ત્યાં કેટલા દિવસ રોકાઈ શકાય ? પાછી આવે એટલે ડોશી પોતાનું કામ શરૂ કરે. બીજી બાજુ ભૂરીની બેનપણીઓ પણ વધવા લાગી તેને સમજાવા લાગી. તારા માથા મરેલી ના થવું સામા થઈને એ એક દે તો આપણે બે દઈએ આમ ચાલે, આથી બીજો પણ એનાથી ખોટું શીખી લે છે. દા. ત. કોઈનું મરણ થાય ત્યારે બાઈઓ કૂટે છે અને છોકરીઓ પણ દોડો કૂટતા શીખી જાય છે. આ બાઈ છેવટે થાકી, આપઘાત કરવાનું મન થયું પણ જીવ કેમ ચાલે ? એવામાં બન્યું એવું કે અમારા ગુરુદેવ ત્યાં ગયેલા રાત્રે રોજ પ્રવચન થાય એમાં આ બાઈ પણ ગયેલી.

સભા પૂરી થઈ. બધાં ઘેર ગયાં પણ આ બાઈ બેઠી રહી. ગુરુએ પૂછ્યું બહેન કેમ બેઠી છો ? આમ કહ્યું એટલે ઠીઠીયારી મૂકી. કારણ પૂછ્યું, એટલે બધી વાત કરી સાસુથી કંટાળી ગઈ છું. એવો મંત્ર આપો કે મારી સાસુ વશ થઈ જાય મને બહુ પજવે છે. સાધુએ કહ્યું મંત્ર તો આપું પણ ચરી અઘરી છે, ખમીશ ? તો કહે જેટલા ઉપવાસ કહો તેટલા કરીશ પંદર દિવસ, વધુ કહો તો મહિનો. મહારાજે કહ્યું, આથી અઘરી ચરી છે. બાઈ થાકેલી હતી એટલે કહ્યું, મહારાજ તમો કહો તે કરવા તૈયાર છું. ગુરુએ પૂછ્યું તું સાસુની સેવા કરે છે ? અરે આ સાસુની સેવા ! બીજા કોઈ નથી તે એની સેવા કરું ઠીક તો તારે બીજી બહેનપણીઓ છે ? કેમ ના હોય ? તે કંઈ પૂછે ખરી ? કેમ ના પૂછે ? મારું દુઃખ

લાગતું હોય તે ના પૂછે ? અને પૂછે એટલે હું મીઠું મરચું ચઢાવીને કહું, મહારાજ સમજી ગયા. પછી કહ્યું, હું તમને મંત્ર આપું છું વિનયનો. આખું વિશ્વ વિનયથી વશ થાય. જો પહેલી ચરી એ આપુ છું કે તારી સાસુ ૨૧ વખત ગાળ દે ત્યાં સુધી તારે કંઈ ના બોલવું. મહારાજ એમ તો થાય? એ ગાળ દે અને હું કઈ ના બોલું ? પણ સાંભળ તો ખરી તું એની સેવા કરે છે ? ના રે એની સેવા હું કરું ? તો કોઈવાર પથારી કરી આપે છે ? ના, હાથે કરી લે છે. કોઈવાર એમને ગમે તેવું દાંત વગર ચાવે તેવું ખાવાનું કરી આપે છે ખરી ! ના, એની બોલી જ એવી છે કે મને કંઈ કરી આપવાનું મન ન થાય.

મહારાજે કહ્યું, બહેન હું તને મારો આ મંત્ર અને ચરી આપું છું. તેનો પ્રયોગ ત્રણ માસ માટે કર, પછી ફાયદો ના થાય તો એ છોડી દેજે.

બાઈને કંઈક શ્રદ્ધા હતી એટલે પ્રતિજ્ઞા લઈને ઘેર ગઈ પણ ઘેર ગઈ કે તરત નિમિત્ત તો તૈયાર હતું. માણસ જ્યારે પ્રતિજ્ઞા લે છે ત્યારે કસોટી આવી પડે છે. છોકરાએ ચા નહિ પીવાની પ્રતિજ્ઞા લીધી. કોઈએ જાણ્યું એટલે સાંજ માટે છૂટ હતી તેનો ઉપયોગ કરી પ્રતિજ્ઞા તોડાવી. આમ વહુ ઘેર ગઈ કે તુરત સાસુએ ઊધડી લીધી. બોલવાનું મન થયું. પણ ત્યાંથી ચાલી ગઈ. પાડોશીઓએ પૂછ્યું, કેમ ભૂરી ! સાસુ બોલે છે ને તું કેમ બોલતી નથી ? તો જવાબ આપી દીધો મને એવું ના પૂછશો. બીજી બાઈઓ કૂવે મળી તેમણે કહ્યું પણ આ તો હાથ જોડીને કહે, મારી સાસુને માટે કંઈ ના બોલવું. બાઈઓ બોલી આ તો હવે સાધુડી થઈ ગઈ છે. પેલા સાધુ આવ્યા હતાને તેમનો બોધ લાગ્યો લાગે છે. હવે સાસુ એકલાં કેટલું બોલે ?

ભૂરીએ હવે પોચું પોચું ખાવાનું એક વખત મૂકી દીધું તો ડોશીએ વાસણ પછાડ્યું આ તો ઘર ભેલાડી નાખવા બેઠી છે, પણ મીઠું લાગ્યું એટલે ખાઈ લીધું. પછી પાડોશીને પૂછ્યું, મારી ભૂરી કંઈ બોલતી હતી કે, તેઓ કહે, હવે તો તમે નકામાં બોલ્યા કરો છો. કેટલું જીવવું છે ? આમ પાડોશી શિખામણ આપવા લાગ્યાં. વળી થોડા દિવસ પછી ખાટલો પાથરી દીધો પછી પગ દબાવવા લાગી. પ્રથમ તો લાત મારી, પણ પછી ગલગલીયાં થવા માંડ્યાં. એટલે પડી રહ્યાં. ઊંઘ આવી ગઈ સાસુ હવે બોલતાં નથી.

એક દિવસ સંવત્સરીનો દિવસ આવ્યો. ડોશી પ્રતિક્રમણ કરવા બેઠાં

ચૂક પછી એક ચિત્ર સિનેમાની સ્લાઈડની જેમ ચિત્રો આવવા લાગ્યાં. હું પરણીને આવી ત્યારે મારી સાસુ મને સહેજ ઊંચે સાદે કહેતાં તો મને કેવું લાગતું ? ત્યારે મેં આ બાઈને કેટલું દુ:ખ આપ્યું ? કોઈ દિવસ મેં શાંતિ આપી નથી. ગાળો ભાંડી છે બેટા કરીને બોલાવી નથી હવે મારું શું થશે? એમ પ્રાયશ્ચિત કરવા લાગી. કેટલાક લોકો લેકચર પ્રૂફ હોય છે. પ્રવચનની અસર નથી થતી. આ ડોશીએ પ્રવચનો તો ખૂબ સાંભળેલાં પણ અંદર ઉતારેલાં નહીં, આજે એ બધું યાદ આવ્યું. ભૂરી ભૂરી કહીને કહેવા લાગ્યાં. ભૂરી આવી ત્યારે બાથમાં લઈને કહેવા લાગ્યાં : બેટા મને માફ કરીશ ? મેં તને ખૂબ હેરાન કરી છે. ગાળો ભાંડી છે આક્ષેપ કર્યા છે, મને માફ કર માણસને જ્યારે ખરેખરો પસ્તાવો થાય ત્યારે તેનાં બધા પાપ માફ થઈ જાય છે. ભૂરી પણ ગળગળી થઈ જાય છે. બા ! ભૂલ તો મારી થઈ છે. તમો મોટાં છો કહેવા લાયક છો. હું સામે બોલી. સેવા ન કરી તમે મને માફ કરો. આમ બંને પોતપોતાની ભૂલ જોઈ હળવાં થયાં. આંખના પાણીથી બંનેએ મેલ ધોયા તે એટલે હદ સુધી કે ગામના લોકો દાખલો આપવા લાગ્યા કે **'સ્નેહ જોવો હોય તો જાવ ભૂરીને ત્યાં'** સાસુને પણ હવે ભૂરી સિવાય ચેન પડતું નથી. થોડી વાર ન જુએ તો ગામમાં શોધવા નીકળે. માણસ જ્યારે ચિંતન કરે અને પોતાની ભૂલ જુએ તો ભૂલોની બાદબાકી થઈ જાય છે.

**તા. ૨૨-૭-૧૯૫૧**

આજે ઢેબરભાઈ આવવાના હતા. એટલે વિદ્યાર્થીઓ બહેનો, ગામલોકો વગેરે ખૂબ ઉત્સાહથી એ લાડીલા પ્રધાનનું સ્વાગત કરવા નિશાળમાં એકઠાં થયાં હતાં, પરંતુ કેટલાંક જરૂરી કારણોને લીધે તેઓ આવી શક્યા નહિ. પણ ગુજરાતના આગેવાન, રાવજીભાઈ મણિભાઈ પટેલ આવ્યા હતા.

બપોરના ૩-૦૦ વાગે ત્રણ ગામની સહકારી સોસાયટીની સભા હતી. તેમાં પ્રથમ અંબુભાઈ શાહે સહકારી સોસાયટી એટલે શું ? તે સારી રીતે સમજાવ્યું હતું. રાવજીભાઈએ પણ કેટલાંક અગત્યના પ્રશ્નો વિષે સમજણ પાડી હતી. મહારાજશ્રીએ જણાવ્યું હતું કે, બાળક મોટું થયા પછી એણે કેટલું ખાધું, કેટલી દવા કરી, એનો હિસાબ મા બાપ કેમ

રાખતાં નથી ? ખેડૂત જમીન ખેડ્યા પછી એવો કોન્ટ્રાક્ટ નથી કરતા કે તું કેટલું આપીશ ? એનો જવાબ આપે તો બી વાવું. માતા પિતાને દીકરા પર વિશ્વાસ છે કે મારો જ છે. મારી સેવા કરશે. એમ તમારે સહકારી મંડળી એ ગામની માતા જ છે. એના ઉપર વિશ્વાસ રાખવો જોઈએ. એમાં વ્યક્તિગત નફા નુકસાનનું હિત ન જોતાં ગામનું જ હિત જોવું જોઈએ. સહકારી મંડળીમાં વ્યક્તિને ન જોવી. પણ સામુદાયિક લાભ જોવા જોઈએ. હું ક્યા મોઢે બહાર કહી શકું કે, અમારે ત્યાં નૈતિક રીતે મંડળો ચાલે છે ? સોસાયટીએ ક્યાં ભૂલ કરી, ક્યાં કાળાં કામ કર્યા એ દરેક સભ્યે વિચારવું જોઈએ. જો આપણે નીતિ રાખીશું તો કુદરત આપણને મદદ કરવાની છે. દા.ત. આપણે જુવારના બીની જરૂર હતી, તો સરકારે ઘઉંના બદલામાં પૂરી પાડી એ કાંઈ નાની સૂની વાત નથી. ૧૨ રૂપિયે જુવાર મળતી નહોતી તે આપણને ૫ કે ૬ રૂપિયે મળે ? એ કાંઈ ઓછું છે ? આ આપણી પ્રમાણિકતાને લીધે બન્યું છે. તમો સૌ સહકારી મંડળીને દરેક રીતે મદદ કરજો. કરશો તો સુખી થશો.

**તા. ૫-૮-૧૯૫૧ :**

રવિશંકરદાદા આજે આવ્યા હતા. એમણે કેટલીક અગત્યની વાતો કરતાં જણાવ્યું કે સિદ્ધાંત અને વહેવારકુશળતા એ બેમાં આભ જમીનનો ફેર છે. આપણે આજે એવું માનતા થઈ ગયા છીએ કે વ્યવહારમાં સિદ્ધાંત ન ચાલે. વહેવારકુશળ માણસ સારો ગણાય. રાજકારણમાં પણ એવા જ માણસની પસંદગી કરવામાં આવે છે. આથી સંસ્થાનું તેજ ઝાંખું પડે છે. વહેવારકુશળ માણસ એક ડગલું ભરશે પછી બીજું સાચવીને મૂકશે. સિદ્ધાંતવાદી ભૂસકો મારશે. પતિવ્રતા સ્ત્રી શિયળ લૂંટાય ત્યારે એમ ના વિચારે કે, એક વખત ભલે લૂંટાઈ જાય. જીવતી રહીશ તો વધારે ધર્મ પાળી શકીશ. સિદ્ધાંતવાદી મરવાનું જ પસંદ કરશે. સુધનવા તેલની કઢાઈમાં પડ્યો તે સિદ્ધાંત ખાતર વ્યહવારકુશળ હોત તો બીજો વિચાર કરત. સિદ્ધાંતવાળો મરદ માણસ લાખ કમાતો હશે તો મહત્ત્વ આપશે. પણ વ્યવહાર કુશળ માણસ માથું સલામત છે ને એમ ભલે નાક કપાય એમ ગણતરી કરશે.

ગાંધીજીની હાજરીમાં એક વખત વિષય વિચારિણી સમિતિની બેઠક હતી. તે વખતે ગોકળદાસ વકીલની ટિકિટ લઈને નટવરલાલ વ્યાસ અંદર

આવ્યા. જીવણલાલ દીવાને ટિકિટ ચેક કરીને બાપુને ટિકિટ સોંપી દીધી. આ જીવણલાલાને જ્યારે કામ નહોતું મળતું ત્યારે ગોકળદાસે જ અપાવવામાં બહુ મદદ કરેલી છતાં સત્યની વાત એમણે ન છુપાવી. બાપુને આ જોઈ ખૂબ દુઃખ થયું અને બીજે દિવસે નવજીવનમાં મોટો લેખ લખી નાખ્યો. મારા જ માણસો ચોરી કરે એ કેટલી અધોગતિ ?

આવો જ બીજો પ્રસંગ કસ્તૂરબાનો છે. કોઈએ પાંચ રૂપિયા આપ્યા. બાએ કનુને આપવા રાખ્યા. બાપુને ખબર પડી, અને નવજીવનમાં લેખ લખી નાખ્યો, કે મારા ઘરમાં કસ્તૂરબાએ ચોરી કરી. આ વાંચીને અબ્બાસ તૈયબજી દોડી આવ્યા. બાપુને ઠપકો આપ્યો. આને તમે ચોરી કહો છો ? પણ જ્યારે બાપુએ સમજણ પાડી ત્યારે એ ખબર પડી. એમને પણ એક પ્રસંગ યાદ આવી ગયો. પોતાનાં પત્ની સેકંડ ક્લાસની ટિકિટ લઈ મુસાફરીએ ગયાં હતાં. પણ ગરદી બહુ હતી. એટલે ફર્સ્ટ ક્લાસમાં બેસી ગયાં. અબ્બાસજીને ખબર પડી. એટલે એમણે મેનેજરને તાર કર્યો. આ ભૂલ થઈ છે. હું ભાડું ચૂકવી દઈશ. તેમને લાગ્યું કે ચેકર તપાસ કરશે અને જાણશે તો અમારા કુટુંબની આબરુ કેટલી રહેશે ?

**૧૪-૧૧-૫૧ : ભડિયાદ (ચાતુર્માસ પૂર્ણાહુતિ)**

ભડિયાદ ચાતુર્માસનો આજે છેલ્લો દિવસ હતો. લોકોથી ઓસરી ચિક્કાર ભરાઈ ગઈ હતી. બહેનોની સંખ્યા વધારે હતી. બધાંને વિદાયનું દુઃખ હતું. બરાબર ત્રણને પંદર મિનિટે મહારાજશ્રી તૈયાર થઈને બહાર આવ્યા. સરઘસ આકારે સૌ ગોઠવાઈ ગયાં. ગામમાં ફરીને પાદરે આવ્યા. અહીં વિદ્યાર્થીઓએ સ્વાગત કર્યું. એક વૃક્ષ નીચે સભા થઈ. પ્રથમ ગરાસિયા ભાઈઓએ પોતાથી કંઈક અવિવેક કે ભૂલ થઈ હોય તો તેની ક્ષમા માગી. ગામ તરફથી પણ ચાતુર્માસ દરમ્યાન કોઈ ક્ષતિ થઈ હોય તો ક્ષમા માગી.

મહારાજશ્રીએ ગામનાં પ્રેમ અને આદરનો ઉલ્લેખ કર્યો અને કહ્યું : મારા દિલમાં કોઈ તરફ દ્વેષ નથી. કદાચ કોઈને કંઈ કહેવાયું હોય તો પણ તેના કલ્યાણની દૃષ્ટિ રાખીને કહ્યું હશે. છતાં કોઈનું દિલ દુભાયું હોય તો તેમણે ક્ષમા માગી. સૌ ગદ્ગદિત થઈ ગયાં અને અમે વિદાય લીધી.

**તા. ૧૪-૧૧-૧૯૫૧ : કાસીંદ્રા**

ભડિયાદથી વિહાર કરી કાસીંદ્રા આવ્યા. અંતર ચાર માઈલ હશે. નિવાસ મંદિરમાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ લોકોએ કૉંગ્રેસને મત આપવાનો ઠરાવ કર્યો. રાયસંગગઢના ભાઈઓએ પણ કૉંગ્રેસને જ મત આપવા ઠરાવ કર્યો હતો.

**તા. ૧૫-૧૧-૧૯૫૧ : ઉમરગઢ**

કાસીંદ્રાથી નીકળી ઉમરગઢ આવ્યા. અંતર બે માઈલ હશે. ઉતારો લક્ષ્મણભાઈના મેડા પર રાખ્યો હતો. અહીં કુરેશીભાઈ, જયંતીભાઈ, ફૂલજીભાઈ વગેરે આવ્યા હતા. જાહેરસભા સારી થઈ.

**તા. ૧૬-૧૧-૧૯૫૧ : ગાંફ**

ઉમરગઢથી નીકળી ગાંફ આવ્યા. અંતર દોઢ માઈલ હશે. ગામ લોકોએ સ્વાગત કર્યું. ઉતારો ચંદ્રશંકરભાઈને ત્યાં રાખ્યો હતો. બપોરે ગાંફ ઠાકોરસાહેબ સાથે ચર્ચા કરી હતી. બપોરે ત્રણ વાગ્યે બહેનોની સભા ઠાકોરસાહેબને બંગલે રાખી હતી. રાત્રે જાહેરસભા રાખી હતી. આ સભામાં મહારાજશ્રીએ ધર્મ કોને કહેવો, તે વિષય ઉપર પ્રવચન કરતાં જણાવ્યું કે, જે ક્રિયા દ્વારા કલ્યાણ થાય અભ્યુદય વિશેષ પ્રગતિ થાય, તે ધર્મ. અભિ-ઉદયનો સંબંધ બહાર સાથે અને કલ્યાણનો સંબંધ અંતર સાથે છે. અંતર બહાર કલ્યાણ થાય, પણ જ્યારે બંને વચ્ચે પસંદગી કરવાની આવે ત્યારે મહાપુરુષોએ કહ્યું, કલ્યાણની પસંદગી કરજે. જરા વ્યવહારિક રીતે જોઈએ તો, કહેવાય કે તું સત્યની ખેવના રાખજે વ્યવહારની નહીં. ઈશુખ્રિસ્તે જોયું કે, જો ખરી મુશીબત હોય તો તે ગરીબ તવંગરની છે. તેમણે એક બાજુ મૂડીવાદનો વિરોધ કર્યો એટલે સુધી કે સોયના નાકામાંથી ઊંટ નીકળી જાય, પણ મૂડીવાદને સ્વર્ગ નહીં મળે. દરિદ્રો તમે આનંદ પામો. તમારે માટે સ્વર્ગ ખુલ્લું છે. એમને કંઈ મૂડીદારની સામે વેર નહોતું. પછી કહ્યું જે ભાઈઓ મારી નજીક આવેલ છે તેમને કહેવાનું છે કે કોઈ તમારા ડાબા ગાલ ઉપર તમાચો મારે તો, જમણો પણ ધરી દેજે. કારણ કે એ સત્તામાં ચકચૂર બન્યાં છે. જો તમે સામનો કરશો તો એનું અંતર હાલશે નહિ. પણ સહન કરશો તો તેમની

...ના બીજા લોકો છૂટા પડી જશે. ભલે એ પોતે ના હાલે. બીજી વાત ... કરી કે તમારો ડગલો માગે તેને કોટ આપી દેજો. એવી સ્થિતિ ઊભી કરી દેજો કે, તેને ડગલો માગવાનું મન ના થાય. માગવું એ પણ અધર્મ છે એ સાબિત કરવાનું છે. એશિયાની આ સંસ્કૃતિ છે. ગરીબાઈ એ કંઈ ...કૃપા નથી. એની પ્રતિષ્ઠા થાય તો પછી કંઈ કરવાનું રહેતું નથી.

હઝરત સાહેબના વખતમાં ગુલામીએ બરાબર સ્થાન લીધું હતું. ...ઓને ગુલામડી ગણતાં. ત્યારે તેમણે કહ્યું : ત્રણ સ્ત્રીઓ કરી શકાય. ... વધારે નહિ. એમને સ્ત્રીઓ તરફ કેટલું સન્માન જાગ્યું હશે ? ...પણે સિદ્ધાંતો તરફ નથી જોતાં પણ વિગતો તરફ વધુ જોઈએ છીએ. એટલે ભૂલો વધારે દેખાય છે. ગુણો દેખાતા નથી. અને એથી ગ્રહણ પણ ...શકતાં નથી.

... એમણે યુદ્ધો ખેલ્યાં, એટલું જ નહિ, સક્રિય સાથ લઈને એક પયગંબર ...કે જ્યારે તેમને યુદ્ધ કરવાં પડ્યાં હશે, ત્યારે એમનું કાળજું કેટલું કંપ્યું ...શે ? પણ સ્થિતિ એવી હશે એટલે અન્યાયનો સામનો કરવા માટે જેહાદ માટે તેમને તેમ કરવું પડ્યું હશે. (ધર્મ ખાતર કરેલ યુદ્ધ).

મહાવીરે સાડાબાર વર્ષ તપશ્ચર્યા કરીને કહ્યું : જગતના લોકોએ બધા સાથે સમન્વય કરતાં શીખવું જોઈએ જો તમે લડ્યા જ કરશો તો સાચું તત્ત્વ તમને નહિ મળે. દરેક જણ પોતપોતાની કક્ષાએ સાચા પણ છે અને જૂઠા પણ છે. સારો ભાવ લઈને આગળ વધશો તો સુખી થશો. કદાચ અહિંસા નહીં હોય તો ચાલશે, યુદ્ધને બરદાશ કરી લઈશ; પણ સ્યાદવાદ વગર હું નહિ ચલાવી લઉં. ચાવલ અને ચોખા એક જ છે. પણ, જુદા જુદા દૃષ્ટિબિંદુ છે. તેમાંથી સચ્ચાઈ બહાર લાવો. ખોટાંને ખોટું કહેવાથી તે સારો બનવાનો નથી.

શંકરાચાર્યે સિદ્ધ કરી આપ્યું, બ્રહ્મ સત્ય, જગત મિથ્યા છે. માયા અને જગત એક છે. બુદ્ધ ભગવાને કહ્યું, જ્યારે તમો માયામાં અંધ થઈ ગયાં છો ત્યારે તમને આત્માની વાત કેવી રીતે કરું ? એટલે અત્યારે તો તમારે વ્યવહાર શુદ્ધિ શીખવા કોઈ સેવાધર્મ બજાવવો રહ્યો.

રામ અને કૃષ્ણનાં દૃષ્ટાંતો તો અદ્‌ભુત છે. જો હિંસા એ અધર્મ જ હોય તો પછી એ પુરુષને ભગવાન કંઈ રીતે કહી શકાય ત્યારે

મહાપુરુષોએ કહ્યું, તમારી બુદ્ધિને કસો. ના સમજાય તો એમની લીલા છે, એમ માનો પણ દોષ ના કાઢો. એમણે વાલીને માર્યો, રાવણને માર્યો-ગીતામાં કહ્યું :

જેની બુદ્ધિ લિંપાતી નથી. એવો માણસ આખા જગતને હણે તે પણ બંધાતો નથી. વાસુદેવ લડાઈમાં જાય છે. નિઃશસ્ત્રની રીતે લડે છે. પણ બે વખત શસ્ત્ર પકડે છે. ત્યારે આપણને નવાઈ લાગે છે. જ્યારે પાંડવો હારવાની તૈયારીમાં હતા ત્યારે 'નરો વા કુંજરો વા' યુધિષ્ઠિર મુખે કહેવડાવ્યું અને એક વખત સુદર્શન પણ ઊંચું કર્યું. બાપુજીએ કહ્યું, સત્યના ભોગે દુનિયાનું રાજ્ય આવે તો પણ હું ના સ્વીકારું. તેમણે અહિંસાને ક્ષમ્ય માની પણ અસત્યને ના ચલાવી લીધું.

સત્યના ઉપાસક હોવા છતાં, જ્યારે જેલમાં તેમણે મેજરલુમલીએ છાપાંના કટિંગો કાપીને (હિંસાનાં) બતાવ્યાં, ત્યારે તેમણે કહ્યું આ વાત એક તરફી છે ન્યાય ન આપી શકું. સરકારે હિંસા થાય તેને માટે કારણ આપ્યું છે. મતલબ કે, વિવેક વાપરવો પડે. ન્યાયમાં નિષ્ઠુર થઈને સાચને સાચવતા અર્જુન દ્રોણ સામે એ હિસાબે જ લડ્યા.

જ્યારે જ્યારે ચિંતન કરીએ ત્યારે બે વસ્તુ સામે રાખવી જોઈએ. કઈ વસ્તુમાં નુકસાન ઓછું છે. દા.ત. એક દર્દી છે. ઓપરેશનથી દર્દ મટે તેમ છે. અને દવા કારગત થતી નથી તો આપણે શું કરીશું ! થોડું દુઃખ વેઠીને પણ ઓપરેશન કરાવીએ છીએ. આમ કેટલીક બાબતોમાં ઓપરેશન કરવું પડે છે. મહાભારતનું યુદ્ધ જોઈએ. પાંચ ગામ પણ ના આપ્યાં. અહમ્‌નો કોઈ પાર ન રહ્યો ત્યારે વાસુદેવને યુદ્ધની સલાહ આપવી પડી. અર્જુનને કહ્યું, તું મોહથી દૂર થા, સમત્વ પ્રાપ્ત કરીને સુદૃઢ થા. તારાં મારાં ન માન, .... આજે મૂડીવાદ અને ગામડાં વચ્ચે લડાઈ છે. શહેરો અને ગામડાં વચ્ચે લડાઈ છે. તે વખતે આપણું મગજ ઠેકાણે રાખીને આગેકૂચ કરવાની છે.

**તા. ૧૭-૧૧-૧૯૫૧ : શેલા**

ગાંફથી નીકળી શેલા આવ્યા. અંતર બે માઈલ હશે. અહીં રાત્રિસભા રાખી હતી.

**તા. ૧૮-૧૧-૧૯૫૧ : આંમળી**

શેલાથી આંમળી આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. રાત્રે જાહેર સભા થઈ હતી.

**તા. ૧૯-૨૦-૧૯૫૧ : પીંપળી**

આમળીથી પીંપળી આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ. જયંતીભાઈ શાહ તથા ફૂલજીભાઈ મળવા આવ્યા હતા.

**તા. ૨૧-૨૨-૧૧-૧૯૫૧ : પચ્છમ**

પીંપળીથી નીકળી પચ્છમ આવ્યા અંતર ચાર માઈલ હશે. ઉતારો સાર્વજનિક સ્થળે રાખ્યો હતો. રાત્રે સભામાં પ્રેમજીભાઈ રવજીભાઈ અને ગામના આગેવાનો પણ આવ્યા હતા. એક દિવસ અહીંના હરિજનવાસમાં સભા રાખી હતી.

**તા. ૨૩-૧૧-૧૯૫૧ : કમિયાળા**

પચ્છમથી નીકળી કમિયાળા આવ્યા. અંતર ત્રણ માઈલ રાત્રે જાહેરસભા થઈ.

**તા. ૨૪-૧૧-૧૯૫૧ : ધનાળા**

કમિયાળાથી ધનાળા આવ્યા. અંતર અઢી માઈલ, ઉતારો મુખીના મકાનમાં રાખ્યો. રાત્રે જાહેરસભા થઈ. બપોરે હરિજનવાસની મુલાકાત લઈ તેમનાં સુખ દુઃખ સાંભળ્યાં હતાં.

**તા. ૨૫-૧૧-૧૯૫૧ : ફેદરા**

ધનાળાથી ફેદરા આવ્યા. અંતર સાડાત્રણ માઈલ હશે. ઉતારો મોટી દહેરીમાં રાખ્યો. અહીં કુરેશીભાઈ મળવા આવ્યા હતા.

**તા. ૨૬-૧૧-૧૯૫૧ : ફતેહપુર**

ફેદરાથી ફતેહપુર આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો. કુરેશીભાઈ પણ પ્રવાસમાં સાથે હતા. હમણાં ચૂંટણી આવતી હોવાથી જાહેરસભામાં દરરોજ ચૂંટણીની જ વાતો મુખ્ય ચાલે છે. અને તેમાં સત્ય, અહિંસાની દૃષ્ટિએ નૈતિક દૃષ્ટિથી ચાલતો કૉંગ્રેસ પક્ષ છે,

અને કુરેશીભાઈને કૉંગ્રેસ પક્ષે પોતાના ઉમેદવાર તરીકે ઊભા રાખ્યા છે. સંસ્થાના પ્રમુખ પણ છે. કૉંગ્રેસને મત શા માટે આપવો ? એ સર્વાંગી દૃષ્ટિથી મહારાજશ્રી સમજાવે છે.

**તા. ૨૭-૧૧-૧૯૫૧ : ખસ્તા**

ફતેહપુરથી નીકળી હરિપુર થોડું રોકાઈ ખસ્તા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો દરબારી ઉતારામાં રાખ્યો હતો. રાત્રિસભામાં સૌએ કૉંગ્રેસને મત આપવાનું જાહેર કર્યું હતું. આ ગામ વાંકાનેર યુવરાજનું ઈનામી ગામ છે.

**તા. ૨૮-૧૧-૧૯૫૧ : ખડોળ**

ખસ્તાથી ખડોળ આવ્યા અંતર દોઢ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો. ગામે સ્વાગત કર્યું. અહીં પ્રવચનમાં મહારાજશ્રીએ જણાવ્યું કે, માણસ જ્યારે કામ કરવા તૈયાર થાય છે, તે વખતે તેનામાં વેગ વધારે હોય છે. જેમ નદીનું પાણી પ્રથમ પાછળના ધક્કાથી વેગથી વહે છે. તેમ માણસને પણ જ્યારે વેગ આવે છે, ત્યારે તે ઝડપી ચાલે છે. પણ જો તેની સામે કોઈ સિદ્ધાંત ના હોય, કોઈ ચોક્કસ આદર્શ નહીં હોય તો તે થાકી જશે. આવું જ કાર્યકરોનું છે. જ્યારે કોઈ સંસ્થા શરૂ કરવાની ઈચ્છા થાય છે, ત્યારે કાર્યકર્તાઓ ખૂબ ઉત્સાહિત હોય છે, પણ પછી દિવસો જતા જાય છે, વિઘ્નો મુશ્કેલીઓ આવતી જાય છે, તેમ તેમ વેગ ઓછો થતો જાય છે. વર્ગો, સમુદાયો ઢીલા પડીને ભાગી જાય છે. તેનું કારણ તમને સમજાયું હશે.

સંપ્રદાયોનું પણ એવું જ બને છે. જે સંપ્રદાયની પછવાડે શક્તિ અને સિંચન ચાલુ રહ્યું છે, એ જ જાગ્રત રહી શક્યો છે. હજારો વરસોથી કેટલાક સંપ્રદાય ચાલુ રહ્યા છે. એનું કારણ તેના ભક્તો અને બળ આપનાર સદ્ગુરુઓ છે. ખ્રિસ્તના આદર્શો બહુ ઊંચા છે. ઊંચા ગણ્યાં, જેમ કે ડાબાગાલે તમાચો મારે તો જમણો ધરી દેજે. એવું કહેનાર બાઈબલને તેની પ્રજા કેટલું માનશે ? કોઈ વ્યક્તિ નીકળશે ખરી ? પણ આખો સંપ્રદાય જુદી જ રીતે ચાલે છે. તેવી જ રીતે કુરાનને વાંચનારી પ્રજા કાશ્મીરમાં પણ છે, અને પાકિસ્તાનમાં પણ છે. રામરાજ્ય અને બીજા સંઘો આપણે ત્યાં છે. રાજકારણની સાથે વાસુદેવના અનુયાયીઓ

જોડાયા છે. તેની પાછળ ધર્મનું પીઠબળ છે. આ સાચું છે કે જુઠ્ઠું ? તે અંગે એક સવાલ ઊભો થયો છે. જો બધે જ સાચો હોય તો એક પક્ષને અન્યાય થાય છે. બિનધાર્મિક રાજ્ય માનીને પ્રચાર કરે છે. જ્યારે ભારત પોતાની ધર્મની કસોટી કસીને આગળ વધે છે. તેવી રીતે અહીં તાલુકદાર ભાઈઓને બેને બે ચાર જેવી કૉંગ્રેસની વાત સમજાતી નથી. ઈંગ્લેડ પાસે બળ છે. અમેરિકા પાસે ધન છે, સત્તા છે. પણ આજે જે તાવણી થઈ રહી છે એ કસોટીમાં કોઈ સત્તા નહીં ટકે. સત્તાશાહીને દૌલતશાહી આજે ટકી નહિ શકે. ગરીબો તરફ જેની અમીદૃષ્ટિ હશે, માનવજાત તરફ હમદર્દી હશે તેવા દેશો આગળ વધી શકશે. એશિયામાં એવી સ્થિતિ આજે જોઈ રહ્યા છીએ પાકિસ્તાન પણ જો એ દિશામાં જશે તો થોડા જ વખતમાં આગળ આવી જશે. જો આધ્યાત્મિક બળ નહિ હોય, કોઈ ચોક્કસ સિદ્ધાંત નહીં હોય તો ગમે તેવો મહાન દેશ કે પ્રજા તૂટી પડવાનાં છે. આ વસ્તુ સૌએ ખાસ ધ્યાનમાં રાખવા જેવી છે. તો જ દુનિયા લડાઈથી અટકી જશે. સૈન્ય પાછળના વપરાતા લાખો રૂપિયા બચી જશે. પણ આ વાત સહેલી નથી.

**તા. ૨૮-૧૧-૧૯૫૧ : રાયકા**

ખડોળથી રાયકા આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો. રાત્રીસભામાં નવલભાઈ શાહ આવ્યા હતા.

**તા. ૨૯-૩૦ થી ૧-૧૨-૧૯૫૧ : અડવાળ**

રાયકાથી અડવાળ આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો રવજી પટેલને ત્યાં રાખ્યો હતો. અહીં દરબારોની વસ્તી ઘણી છે. પ્રજા તેમનાથી દબાયેલી છે. એક દિવસ હરિજનવાસમાં સભા રાખી હતી.

**તા. ૨-૧૨-૧૯૫૧ : સરવાળ**

અડવાળથી નીકળી સરવાળ આવ્યા. અંતર અઢી માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો. રાત્રીસભા સારી થઈ.

**તા. ૩-૧૨-૧૯૫૧ : બાજરડા**

સરવાળથી નીકળી બાજરડા આવ્યા. અંતર સાડા ત્રણ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ.

**તા. ૪-૫-૧૨-૧૯૫૧ : મોટા ત્રાડિયા**

બાજરડાથી નીકળી મોટા ત્રાડિયા આવ્યા. અંતર ચાર માઈલ. ઉતારો જીવાભાઈ શેઠને ત્યાં રાખ્યો હતો.

**તા. ૬-૧૨-૧૯૫૧ : નાના ત્રાડિયા**

મોટા ત્રાડિયાથી નીકળી સાંજના નાના ત્રાડિયા આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો મંદિરમાં રાખ્યો હતો. રાત્રે જાહેર સભા થઈ. મતદાન કરવા અંગે ગામમાં સંપ ન દેખાયો તે વિશે પ્રાસંગિક કહેવાયું.

**તા. ૭-૧૨-૧૯૫૧ : ઝાંઝરકા**

નાના ત્રાડિયાથી ઝાંઝરકા આવ્યા. અંતર ચાર માઈલ હશે ઉતારો એક મકાનમાં રાખ્યો હતો. અહીં હરિજનોનું પ્રખ્યાત મંદિર છે. ગુજરાતમાં સૌથી મોટી જગ્યા છે. સંચાલક લાલદાસજી મહારાજ છે. મુખ્ય કાર્યકર મણિભાઈ શીવલાલ છે. રાત્રીસભા સારી થઈ હતી.

**તા. ૮-૧૨-૧૯૫૧ : ચારોડિયા**

ઝાંઝરકાથી ચારોડિયા આવ્યા અંતર બે માઈલ હશે. ઉતારો મંદિરમાં રાખ્યો હતો. બપોરના લોકોને બોલાવી વાતો કરી. આ સભામાં લોકોએ કૉંગ્રેસને મત આપવા ઠરાવ કર્યો હતો.

**તા. ૯-૧૨-૧૯૫૧ : છસીયાળા**

ચારોડિયાથી છસીયાળા થઈ ગલશાણા આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો સ્વામીનારાયણ મંદિરમાં રાખ્યો. રાત્રે જાહેર સભા થઈ.

**તા. ૧૦-૧૨-૧૯૫૧ : વાગડ**

ગલશાણાથી નીકળી વાગડ આવ્યા. અંતર એક માઈલ ઉતારો નાનભાઈને ઉતારે રાખ્યો અહીં કુરેશીભાઈ મળવા આવ્યા હતા. અહીંની જાહેરસભામાં બોલતાં મહારાજશ્રીએ જણાવ્યું કે -

એક સ્થળે જૈન સૂત્રોમાં આવે છે કે, જેમ ખોટી રીતે શસ્ત્રને પકડ્યું હોય તો એ આપણા જ હાથને લાગે છે.ઘણી વાર સાંભળ્યું છે કે, બંદૂક ઊંધી પકડાણી હોય તો ગોળી પ્રથમ એ પકડનારને વાગે છે. તલવાર અવળી પકડાય તો આપણા જ હાથ કાપે છે. એવી જ રીતે પોતે પકવેલું

ઝેર જો કાળજી ના રાખો તો પોતાને જ મારે છે. તેવી રીતે ધર્મ પણ વિવેકપૂર્ણ નહિ પાળે તો તે પોતાને જ મારે છે. પોતાનો સંહાર કરે છે. અને તે પણ એવી કાળજીપૂર્વક કરે છે કે, તેનો ખ્યાલ સુદ્ધાં આવતો નથી. હિંદુ મુસ્લિમ ધર્મમાં એમ બન્યું છે. એક વર્ગ કે કોમ તદ્દન ઊલટે માર્ગે ચાલતી હોય તો પણ એના ઊલટા માર્ગે જવામાં કોઈ ને કોઈ નિમિત્ત ભળેલું હશે. પછી તે ભય હોય, લાલચ હોય કે આર્થિક કારણો હોય, આખા વર્ગ ને વર્ગ એવી રીતે ઊલટે માર્ગે ગયા છે. પણ જેને ઘડતર કરવું છે, સાચો ધર્મ પાળવો છે, તે તો જુદો જ રસ્તો લેશે. એ વિખૂટાં પડેલાંઓ તરફ વધુ ધ્યાન આપશે. કોઈ પણ હેતુ માટે થોડું આમ તેમ કરીશું તો ચાલશે, એમ જો વિચારશે તો આપણો જ ધર્મ કોઈ દિવસ આપણને મારશે.

ગાંધીજીએ જોયું કે હિંદુ મુસ્લિમ કોમીકલહો એ કોઈ બે કોમોના નથી, એમાં ઘણાં કારણો સમાયેલાં હતાં. સમાજ તો ગતાનુગતિ ચાલે છે. ગઈ કાલે મુખીએ કહ્યું, મારા ઘઉં આ પગી જ લઈ ગયો છે. એટલે મેં જાર-જુવાર પડાવી લીધી છે. આની પાછળ એવી માન્યતા હોય છે કે પગી જ ચોરી કરે, બીજા હાજર નહિ એટલે કાયદો હાથમાં લીધો. આ પૂર્વગ્રહનું પરિણામ છે. શાહબુદ્દીન ઘોરી અને ઔરંગઝેબનો ઇતિહાસ આપણા મગજમાં ઠાંસી ઠાંસીને ભરી દેવામાં આવ્યો છે. અકબર અને બીજા સારા રાજાઓનો ઈતિહાસ નવીન દૃષ્ટિએ મૂકવો જોઈએ. એ મુકાતો નથી. ગાંધીજી એ ઝેરને પી ગયા. હજી પણ લોકો કહે છે, કે ગાંધીજીએ પાકિસ્તાનને લડવા પૈસા અપાવ્યા. જો ન મરાયા હોત તો એથી વધારે હિંદુઓ રંજાડત. આ કેટલી અધમદશા છે, તેનો નમૂનો છે. સદ્‌ભાગ્યે રાજાઓ, શીખો, દલિતો, ગાંધીજીના જ પરિણામે અલગ પડતાં રહી ગયાં. નહિ તો કેટલાં ઈસ્તાન પેદા થાત, એ કહી ના શકત. અને ત્યારે એક ઈસ્તાને આટલું નુકસાન કર્યું એથી વધારે નુકસાન શું ના કરત ? પાકિસ્તાને ધાર્યું હશે કે, અમે સ્વર્ગ ઉતારીશું, પણ તેમ ના કરી શક્યા. હજુ અસંતોષની જ્વાળા ત્યાં બળે છે. કોઈ ઠેકાણું કર્યું નથી. હિંદના મુસ્લિમો આ વાત સમજી ગયા છે. એમાંના થોડા ઘણાં અર્ધદગ્ધ હશે, પણ એ સમજી જશે. કાશ્મીર એટલા માટે જ ભારત સાથે જોડાવા ઈચ્છે છે. છતાં હજુ લોકો

હિંદ, પાકિસ્તાનની એકતાની વાતો કરે છે. અંતરમાં દ્વેષ ભર્યો છે. એટલે એ કેવી રીતે બની શકવાનું છે ? એટલે લાયક મુસ્લિમ હોય તેમને આપણે અપનાવી લેવા જોઈએ. તેમને આપણા જેટલા જ અધિકારો મળવા જોઈએ. જનતાને આખી વાત સમજાવી જોઈએ. સામાન્ય પ્રજા તો ગતાનુગત ચાલતી હોય છે. આ ચૂંટણી કાળ વખતે પ્રજાનું ઘણી જાતનું ઘડતર થવાનું છે. સેવકોએ આ તક ઝડપી લેવી જોઈએ.

**તા. ૧૨-૧૨-૧૯૫૧ : ગુંજાર**

વાગડથી નીકળી ગુંજાર આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો ઉતારામાં રાખ્યો હતો. આ ગામ લિંબડી ઠાકોર સાહેબના નાનાભાઈનું છે.

અહીં શ્રી મોરારજીભાઈ દેસાઈ (મુંબઈ રાજ્યમંત્રી) મહારાજશ્રીને મળવા આવ્યા હતા. મહારાજની સાથે વાતો થઈ. જાહેર સભા પણ થઈ. ગામે કૉંગ્રેસને મત આપવા ઠરાવ કર્યો હતો.

**તા. ૧૩-૧૨-૧૯૫૧ : અણિયારી-ભીમજી**

ગુંજારથી નીકળી અણિયારી-ભીમજી આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો નટુભા રાણુભાનો મેડો રાખ્યો હતો. બપોરના જાહેર સભા થઈ. કૉંગ્રેસને મત આપવા ઠરાવો થયા હતા.

અહીં સરકાર તરફથી ઊન વણવાની તાલીમશાળા ચલાવવામાં આવે છે.

**તા. ૧૩-૧૨-૧૯૫૧ : સાલાસર**

અણિયારીથી નીકળી સાંજના સાલાસર આવ્યા. અંતર સાડા ત્રણ માઈલ હશે. ઉતારો જૈન મંદિરમાં રાખ્યો હતો.રાત્રે જાહેર સભા થઈ હતી.

**તા. ૧૪-૧૨-૧૯૫૧ : ઊંચડી**

સાલાસરથી ઊંચડી આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો દરબારી ઉતારામાં રાખ્યો હતો. દ્વારકાદાસભાઈ મળવા આવ્યા હતા. (ચૂંટણીના એક પક્ષ ઉમેદવાર) તેમની સાથે કેટલીક વાતો થઈ. પણ તેઓ પોતાના મનમાં પૂર્વગ્રહ બાંધીને આવેલા. એટલે આક્ષેપાત્મક વાતો કરી. ગુસ્સે થયેલા હતા એટલે જરા ગરમાગરમ ચર્ચા થયેલી. ચૂંટણીમાં એકબાજુ કુરેશીભાઈ કૉંગ્રેસ તરફથી ઊભા રહેલા છે તો સામે પક્ષે તેઓ ઊભેલા હતા.

**તા. ૧૫-૧૨-૧૯૫૧ : ચંદરવા**

ઊંચડીથી જ ચંદરવા આવ્યા. અંતર અઢી માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. બપોરે સભા થઈ. લોકોએ કૉંગ્રેસને મત આપવાનો ઠરાવ કર્યો હતો.

**તા. ૧૫-૧૨-૧૯૫૧ : વેજલકા**

ચંદરવાથી નીકળી સાંજના વેજલકા આવ્યા. અંતર એક માઈલ હશે ઉતારો દરબારી ઉતારે રાખ્યો હતો. અહીં પોપટલાલ ડેલીવાળા (બરવાળા) મળવા આવ્યા હતા.

**તા. ૧૬-૧૨-૧૯૫૧ : સુંદરિયાણા**

વેજલકાથી નીકળી સુંદરિયાણા આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. સભા ચોરામાં રાખી. ડેલીવાળા અમારી સાથે પ્રવાસમાં જોડાયા હતા. ગામ કોંગ્રેસ તરફી છે.

**તા. ૧૭,૧૮-૧૨-૧૯૫૧ : જાળીલા**

સુંદરિયાણાથી જાળીલા આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. બંને દિવસ સભા સારી થઈ.

**તા. ૧૯/૨૦-૧૨-૧૯૫૧ : ખસ**

જાળીલાથી ખસ આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો ખાલી મકાનમાં રાખ્યો હતો. અહીં પ્રાતઃપ્રવચનમાં મહારાજશ્રીએ જણાવ્યું કે,

મનુષ્યનું મન એ એક એવી મૂડી છે કે જે મૂડીને ધર્મથી જ સાચવી શકાય. પણ ધર્મનો સામાન્ય અર્થ ધારણ કરવું તે થાય છે. તેવી જ રીતે વિશિષ્ટ રીતે જે શરીર છે, તેનું ધારણ કરવું અને જે ચૈતન્ય છે તેનું ધ્યાન રાખીને, ન તો તે સુખશીલ્યા તરફ ચાલ્યો જાય, ન તો તે કષ્ટવાળો બને.

'યુક્તાહાર વિહારસ્ય' :....સમત્વ, સચવાય રહે તે રીતે રાખવું. પારલૌકિક કલ્યાણને માટે કહેવામાં આવ્યું તેની સાથે અત્યારની સ્થિતિમાં શ્રેય કેમ થાય, તે કહેવામાં આવ્યું. નિઃશ્રેયઃ જો ખ્યાલમાં રાખી ચાલવાની વાત થાય તે જ ખરી વાત છે અને તે જીવ માત્રને લાગુ પડે છે. દા.ત.

એક કલ્યાણવાહી પુરુષ ગમે ત્યાં બેઠો હશે તોપણ સતત એ વિચાર કરશે કે હું જ્યાં બેઠો છું ત્યાં બીજાનું કલ્યાણ થાય છે કે નહિ. જો બીજાનું કલ્યાણ નહિ થાય તો મારું કલ્યાણ થવાનું નથી. ન્યૂટને ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત ખોળી કાઢ્યો. આ એક સિદ્ધાંત આખા વિશ્વને લાગુ પડે છે. માનવજાતનું કલ્યાણ કરવાની ભાવના હશે તો પ્રાણીમાત્રનું કલ્યાણ થવાનું છે. અભ્યુદય અને નિઃશ્રેયઃ સ્થાપી શકાશે. એને સત્ય અને અહિંસાથી મેળવી શકાય. દરેકના ઉપરનાં સત્ય જુદાં હશે. શિયાળો, ઉનાળો ઋતુ પ્રમાણે કપડાં બદલવા પડે. શિયાળામાં તૃષા લાગે તેથી ઉનાળામાં વધારે લાગે. ઈરાનમાં કોઈ ભૂમિકા નહોતી. એટલે કૂવામાં શબને નાખ્યું. અરબસ્તાનમાં લાકડાં ઓછાં એટલે દફનાવ્યું અહીં જમીન ઓછી એટલે બાળવાનું થયું. બધાનો હેતુ ગંદકી ના ફેલાય તે રીતે શબનો નિકાલ કરવો એ છે. આ ખ્યાલ આપણી સામે હશે, તો બધાની સાથે પ્રેમથી જીવી શકીશું.

જ્યારે ધર્મનાં મૂળભૂત તત્ત્વો ખોવાઈ જાય છે, ત્યારે મૂળભૂત સિદ્ધાંત સાચવી રાખી, નવી પ્રક્રિયાને ગોઠવવી પડે છે. તેનો અર્થ એ નથી કે થતી ક્રિયાને છોડવી, પણ મુખ્ય વાત સાચવીશું તો વાંધો નહિ આવે. આ છેલ્લા વર્ષોથી મૂળભાવને ભૂલીને ઉપરના ખોખા માટે ઝઘડા ચાલ્યા કરે છે. ચોથ, પાંચમ, જેવી તિથિ માટે ઝઘડા કરે છે. એક દિવસની પ્રક્રિયા-ભેદને સહન કરી શકતો નથી. જીવ જનાવર માટે અહીંયાં પાળવા લડીશું, પણ કાળા બજાર, અનીતિ, ચાલતાં હશે, તેને માટે કોઈ ચિંતા નથી કરતાં, આ સ્થિતિથી સમાજ ચુંથાઈ જાય છે. પહેલાં આપણે ત્યાં કોઈ પણ જાતનો માણસ હોય પણ અન્યાયથી ચાલતો હોય તો તેને કોઈ ને કોઈ કહેનાર મળતું. હવે જુદી જ સ્થિતિ છે. કોઈ કાળા બજાર કરીને ૫૦૦ રૂ. ધર્માદા આપશે. તો એની ભૂલો છોડીને તેને ધર્મવીર કહેવાશે. ધર્મના બંધન સમાજના બંધન બધાંય પૈસાને ખાતર છોડી દીધાં છે. ધર્મગુરુઓએ કોઈએ ધ્યાન આપ્યું નથી. એવા વખતે ગાંધીજી પાક્યા, તેમણે ધર્મને નવું સ્વરૂપ આપ્યું. ભેદાભેદને એમણે દૂર કરાવ્યા. કોઈ પણ ધર્મસંસ્થાએ ધર્મને માટે આટલો ભોગ આપ્યો નથી. એટલો ભોગ કૉંગ્રેસે આપ્યો છે. હિંદુ મુસ્લિમ ઝઘડામાં ગાંધીજી હોમાયાં. એમણે માન્યું

કે મુસ્લિમનો ધર્મ જુદો નથી. અલ્લાહ એક જ છે. ચાવલ, ચોખાના ઝઘડા છે. તેમજ જે ધર્મમાં ગાયોને કાપવી એ અધર્મ છે. અરબસ્તાનમાં જેમ ઊંટની જરૂર છે તો કાપતાં નથી. ત્યાં જરૂર છે. એવી જરૂર અહીં ગાયોની છે. માટે ના કાપવી. પણ એ વાત સમજાવવા માટે એમના દિલમાં પ્રવેશ કરવો જોઈએ. દૂરથી ઉપદેશ ના આપી શકાય. કદાચ દૂર કરીશું તો પણ એની વૃત્તિ બદલાઈ નથી ત્યાં સુધી એ પાપ કર્મથી અટકી શકવાનાં નથી. આપણે જેટલી ઉપેક્ષા કરી છે તેટલું જ નુકસાન થયું છે.

હમણાં જવાહરલાલે કહ્યું છે હું હિંદુ મહાસભાનું નામ સાંભળું છું ને મારું મોઢું કડવું થઈ જાય છે. આ વાતનો ભાવ સમજવા જેવો છે. અખંડ ભારત જોઈએ. તે આજે મુસલમાનને નામે બહાર આવે છે. કાલે મહારાષ્ટ્રીયન નામે પછી બ્રાહ્મણ કે પાટીદારને નામે બહાર આવશે. રાજાશાહી પણ એટલા જ માટે બહાર પડી છે. મૂડીવાદ પણ એટલા જ માટે બહાર પડ્યો છે. નામ ભલે જુદાં આપો. કોઈને ખ્યાલ પણ નથી કે આપણે ક્યાં જઈ રહ્યા છીએ. આજે દુનિયામાં જોઈશું તો બે ભાગ સ્પષ્ટ પડી ગયા છે. એક બાજુ મૂડીવાદી દેશો બીજી બાજુ ગોળીથી સરખા કરવાના ધ્યેયવાળાં બળો ખડાં છે. આ બળો ખોટાં છે. તેની વચ્ચે તટસ્થ રહીને સંધિ કરાવીને સાચો રાહ બતાવવાનું કામ હિંદને માથે આવી પડ્યું છે. દુનિયા આ ચૂંટણી સામે મીટ માંડીને જોઈ રહી છે. એટલે ભારતની પ્રજાની કસોટી થવાની છે.

બપોરે સભા કરી. સાંજના બગડ આવ્યા. અંતર બે માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ. કુરેશીભાઈ વગેરે આવ્યા હતા.

### તા. ૨૧-૧૨-૧૯૫૧ : ગોધાવટી

બગડથી નીકળી ગોધાવટી આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. લોકો સાથે વાતો કરી. સાંજના ગૂંદા ગામે આવ્યા. અંતર બે માઈલ હશે. ઉતારો ઉતારામાં રાખ્યો. રાત્રે સભા રાખી હતી.

### તા. ૨૨,૨૩-૧૨-૧૯૫૧ : ખાંભડા

ગોધાવટીથી નીકળી ખાંભડા આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો. રાત્રે સભા રાખી.

**તા. ૨૪-૧૨-૧૯૫૧ : કુંડળ**

ખાંભડાથી નીકળી બેલા આવ્યા. અંતર બે માઈલ હશે. ઉતારામાં સભા થઈ. સાંજના બેલાથી કુંડળ આવ્યા. અંતર અઢી માઈલ ઉતારો દરબારી ઉતારામાં રાખ્યો. રાત્રે જાહેરસભા થઈ.

**તા. ૨૫ થી ૨૭-૧૨-૧૯૫૧ : બરવાળા**

કુંડળથી નીકળી બરવાળા આવ્યા. અંતર બે માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. રાત્રે જાહેરસભામાં લોકો મોટી સંખ્યામાં આવ્યા હતા. બીજે દિવસે સવારના મુસલમાનોની સભા રાખી હતી. બપોરના વિદ્યાર્થીઓની સભા રાખી હતી. એક દિવસ હરિજનવાસમાં સભા રાખી હતી. ત્રણ રાત્રિસભા થઈ. તેમાં મહારાજશ્રીએ ધર્મ અને રાજકારણનો સંબંધ સારી રીતે સમજાવ્યો હતો.

**તા. ૨૮-૧૨-૧૯૫૧ : રોજિત**

બરવાળાથી રોજિત આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. અહીં સૌરાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી ઉછરંગરાય ઢેબર મળવા આવ્યા હતા. રાત્રિ સભામાં ગોરાસુના વશ્રામભાઈ તથા કરસનભાઈ, ભડિયાદના ડૉક્ટર વગેરે આવેલા. સભા પૂરી થયા પછી ડૉક્ટરે બે શબ્દ બોલવા દેવા મહારાજશ્રી પાસે માગણી કરી. મહારાજશ્રીએ સહજ સૂચન કર્યું કે વિતંડાવાદ ના થાય એ જોજો. અને દશ મિનિટમાં પૂરું કરજો. તેઓ બોલવા ઊભા થયા. કુરેશીભાઈ ધંધૂકાના વતની નથી. વગેરે કહ્યું. પછી મહારાજશ્રીએ જવાબ આપવા માંડ્યો. એટલે એ લોકોને લાગ્યું કે અમને બોલવા દેવા નથી માગતા. એટલે જ ચાલતા થયા. બે-ચાર બીજા ભાઈઓ પણ સાથે ગયા. તેમનો હેતુ કદાચ સભા તોડવાનો હશે. પણ ગામ સંપીલુ અને કૉંગ્રેસ તરફી હોવાથી કંઈ વળ્યું નહિ.

**તા. ૨૯-૧૨-૧૯૫૧ : પોલારપુર**

રોજિતથી નીકળી પોલારપુર આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. અહીંથી નજીક ભીમનાથની પ્રખ્યાત જગ્યા છે. ત્યાં બાર વર્ષે મોટો મેળો ભરાય છે. જૂના વખતનું મહાદેવનું મંદિર છે. અને ઝાર નામનું એક જૂનું મોટું વૃક્ષ છે.

**તા. ૩૦-૧૨-૧૯૫૧ : તગડી**

પોલારપુરથી તગડી આવ્યા. અંતર સાડાચાર માઈલ હશે. રાત્રિસભા પૂરી થયા પછી એક ભાઈએ ઊભા થઈ પ્રશ્ન પૂછવા માડ્યાં. ગામના ભટ્ટજીએ કહ્યું : ગામ તમારી વાત સાંભળવા માગતું નથી. અમે તો મહારાજશ્રીને સાંભળવા આવ્યા છીએ. એમ કહી બધા લોકો ઊભા થઈ ગયા. ગામનો સંપ સારો જણાયો.

**તા. ૩૧-૧૨-૧૯૫૧ : ભલગામડા**

તગડીથી નીકળી ભલગામડા આવ્યા. અંતર દોઢ માઈલ ઉતારો ચોરામાં રાખ્યો. લોકો સાથે સારી વાતો થઈ.

## ૧૯૫૨

**તા. ૧-૧-૧૯૫૨ : આકરુ**

ભલગામડાંથી નીકળી આકરુ આવ્યા. અંતર બે માઈલ હશે. અહીં ધંધૂકા તાલુકાના આગેવાનોની એક સભા રાખી હતી. લગભગ ૮૧ ગામના આગેવાનો આવ્યા હતા. કુરેશીભાઈ અને બીજા કાર્યકરો પણ આવ્યા હતા. સભામાં ચૂંટણી અંગે કેટલાંક સૂચનો થયાં. અને આપણા ઉમેદવાર જીતે તે માટે સતત પુરુષાર્થ કરવા જણાવ્યું. સભામાં નીચે પ્રમાણે સૂત્રો બોલાવવામાં આવ્યાં.

*હિંદની આઝાદી લાવ્યું કોણ ? કૉંગ્રેસ કૉંગ્રેસ.*
*વર્ગ મેળમાં માને કોણ ? કૉંગ્રેસ કૉંગ્રેસ.*
*સૌના હિત વિચારે કોણ ? કૉંગ્રેસ કૉંગ્રેસ.*
*કોમીભેદ મટાડે કોણ ? કૉંગ્રેસ કૉંગ્રેસ.*
*સત્યધર્મ સમજાવે કોણ ? કૉંગ્રેસ કૉંગ્રેસ.*
*જગઅન્યાય હટાવે કોણ ? કૉંગ્રેસ કૉંગ્રેસ.*
*લોકશાહી વિકસાવે કોણ ? કૉંગ્રેસ કૉંગ્રેસ.*
*વિશ્વપ્રેમમાં માને કોણ ? કૉંગ્રેસ કૉંગ્રેસ.*

**તા. ૨-૧-૧૯૫૨ : જિંજર**

આકરુથી નીકળી જિંજર આવ્યા. અંતર બે માઈલ હશે. આ ગામ કૉંગ્રેસ માટે શ્રદ્ધા ધરાવતું ઓછું લાગ્યું.

**તા. ૩-૧-૧૯૫૨ : ખરડ**

જિંજરથી નીકળી ખરડ આવ્યા. અંતર બે માઈલ હશે. નિવાસ ઉતારામાં રાખ્યો હતો. દિવસે હરિજનો, ગરાસદારો અને કોળીભાઈઓની એમ ત્રણ અલગ અલગ સભાઓ રાખી હતી રાત્રે જાહેર સભા થઈ.

**તા. ૪-૧-૧૯૫૨ : કોઠડિયા**

ખરડથી નીકળી કોઠડિયા આવ્યા. અંતર દોઢ માઈલ હશે.

**તા. ૫,૬-૧-૧૯૫૨ : રોજકા**

કોઠડિયાથી નીકળી રોજકા આવ્યા. અંતર દોઢ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રે જાહેર સભા થઈ.

**તા. ૭ થી ૨૨-૧-૧૯૫૨ : ધંધૂકા**

રોજકાથી નીકળી ધંધૂકા આવ્યા. અંતર સાડાચાર માઈલ હશે. ઉતારો જમનાભાઈના ડેલામાં રાખ્યો હતો. બપોરે ચાર વાગે જૈન લત્તામાં સભા રાખી હતી. રાત્રે ટાવર ચોકમાં જાહેર સભા થઈ. બીજે દિવસે પારેખ ફળીમાં સભા રાખી. પણ સંખ્યા ઓછી હતી. એક રાત્રે અમદાવાદના મેયર શ્રી ચિનુભાઈની જાહેર સભા થઈ. એક દિવસ પ્રભુદાસ પટવારીની સભા થઈ. છેલ્લે મહારાજશ્રની સભામાં કુરેશીભાઈ પણ બોલ્યા હતા. આ દિવસે બંને ઉમેદવારોને જાહેર પ્રજાએ આમંત્રેલા પણ સામે પક્ષે કોઈ ન આવ્યા. કુરેશીભાઈ હાજર રહ્યા હતા.

તા. ૧૫મીએ ચૂંટણી શરૂ થઈ. બપોર પછી મહારાજશ્રી દરેક પોલીંગ સ્ટેશને આંટો મારી આવ્યા હતા. મુસલમાનો કૉંગ્રેસને જ મત આપી ગયા. તા. ૧૬મીએ પરિણામ બહાર પડ્યું. કુરેશીભાઈ ૨૦,૦૬૮ મતે જીતી ગયા. સામા પક્ષને ૧૨,૧૪૪ મત મળ્યા, ચૂંટણીના આગલે દિવસે ઘણા માણસો ગોઠવાઈ ગયા હતા. એટલે વ્યવસ્થિત કામ થયું. ગામડેથી ખેડૂતોનાં ટોળેટોળાં કુરેશીભાઈને અભિનંદન આપવા આવતાં હતાં. તા.

૨૦ મીએ રાત્રે શહેરીઓ તરફથી કુરેશીભાઈના માનમાં નાસ્તા પાણીનો મેળાવડો ગોઠવ્યો હતો. તેમાં કુરેશીભાઈએ સુંદર પ્રવચન આપતાં જણાવ્યું કે, હવે ચૂંટણી પતી ગઈ. આપણે બધા એક થઈને સહકારથી પ્રજાહિતનાં કામ કરીએ. ચૂંટણીમાં અમારી ભૂલ થઈ હોય તો બંને પક્ષને માન્ય એવું પંચ નીમો. એ જો ભૂલ બતાવશે તો માફી માગી તેના પગ ચૂમવા તૈયાર છું. અમારામાંથી કોઈ ભાઈએ ભૂલ કરી હશે, તો હું માફી માગીશ. દ્વારકાદાસભાઈ જ્યારે પણ અમારો સહકાર માગશે ત્યારે હું દિલથી આપવા તૈયાર થઈશ.

તા. ૨૨મીએ ખાનબહાદૂર ઈસ્માઈલ દેસાઈ તરફથી સવારના ૯ વાગે પાર્ટી રાખી હતી. સાંજના મહારાજશ્રીએ વિહાર શરૂ કર્યો. વલ્લભભાઈની વાડીએ રોકાયા હતા.

**તા. ૨૩-૧-૧૯૫૨ : વાગડ**

વાડીએથી વિહાર કરી વાગડ આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો રાયસિંહભાઈને ઉતારે રાખ્યો હતો.

**તા. ૨૪-૧-૧૯૫૨ : બરાનીયા**

વાગડથી નીકળી બરાનીયા આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. નિવાસ ઉતારામાં રાખ્યો હતો.

**તા. ૨૫-૧-૧૯૫૨ : નાગનેશ**

બરાનિયાથી નીકળી નાગનેશ આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ. અંબુભાઈ અને હરિભાઈ આવ્યા હતા. સૌરાષ્ટ્રનું આ ગામ છે. તેની ફરતે કોટ છે. એક પ્રવચનમાં મહારાજશ્રીએ જણાવ્યું કે, જેમ શરીર સ્વસ્થ કે તંદુરસ્ત હોય ત્યારે સામાન્ય બીમારી જણાતી નથી કારણ કે શરીરનું જોર બીમારીને દબાવે છે. તેવી જ રીતે સમાજનું બને છે. કટોકટી હોય છે, ત્યારે એ બીમારી દેખા દે છે. સામાન્ય સંજોગો ચાલે છે ત્યારે જેમકે ભરતીના પ્રસંગો આવતાં નથી. પણ એવો કોઈ વંટોળ આવે છે, ત્યારે આ બધી ગંદકીઓ બહાર આવે છે. આ ચૂંટણીમાં પણ આવું જ બન્યું છે. તે નહોતી આવી ત્યારે લાગતું હતું કે, બહુ જ સ્વસ્થતા અને નીતિ જળવાઈ

રહેશે. પણ એવું નથી બન્યું. લોકો ખોટા પ્રચારના ભોગ બન્યા તે સારું નરસું પારખી ન શક્યા. ઉપદેશ કર્યો તે ન કળી શક્યા. ગંદકી તો નીચે પડેલી જ હતી. પણ પથરો પડ્યો એટલે ડહોળાઈને તે ઉપર આવી. કેટલાકને ચૂંટણી એ ગંદકી લાગી. અને તેમાં પડવું શા માટે એ પ્રશ્ન કર્યો પણ એ ગંદકી કોઈ ને કોઈએ ઉલેચવી તો પડત જ.

આ ચૂંટણીમાં જેમ ગંદકી આવી તેવી જ રીતે સારી વસ્તુ પણ ઉપર આવી. ખ્યાલ આવી ગયો કે, જનસંઘ કે હિંદુ મહાસભા કોઈ પણ કોમી સંઘ હવે ટકી શકવાના નથી. બીજ નાખેલાં છે. તે ઊગશે ખરાં, પણ વધુ ફાલશે નહિ. રામરાજ ઉપર ગમે તેવો મોટો માણસ ઊભો હોય તો પણ જનતા જાણી શકી, કે એમાં કોમવાદ પડેલો છે. એવી જ રીતે જેની પાછળ સામંતશાહી પડેલી છે, એવો કોઈ ઊભો થાય, પછી તે ખેડૂતસંઘને નામે હોય, લોકપક્ષને નામે હોય કે, ગમે તે નામે હોય, પણ જનતા જાણી જાય છે. પણ એક મૂડીવાદથી હજુ દુનિયા છેતરાય છે. લાલચો આગળ ટકી શકતાં નથી. અને એના સત્તાદલાલો પોતાના લાભ માટે મદદ કરે છે. સામ્યવાદ ઘૂરકતો આવે છે. તેને જો નવી દૃષ્ટિથી નહીં જોઈએ તો આપણે હાથે કરીને વિનાશ લાવવાના છીએ.

આપણાં સદ્‌ભાગ્ય છે કે, અમલદારી વર્ગ અને બીજા ઘણાં તત્ત્વોની આડખીલી વચ્ચે પણ જનતાએ કૉંગ્રેસને ચૂંટી કાઢી છે. બાહ્યજગતને માટે તો તે જરૂર પહોંચી વળશે, પણ આંતરિક શુદ્ધિ માટે ઘણું કરવાનું રહેશે બધાનો સહકાર જરૂરી બનશે. પણ કમભાગ્ય છે કે, ઈમાનદારોને હજુ કશો જ ખ્યાલ નથી. સામાન્ય ધોરણો ઉપર ચાલે. તેટલું જ કરવાનું ફાવે છે. 'આ સ્થિતિ ભયંકર છે. લોકોના રાહત માટે તે વિચારતા નથી. તુમારી તંત્રમાંથી બહાર નીકળી નોકરી કરતા લોકોને મહત્ત્વના ગણે. તો પોતાની જવાબદારી સમજે તો બચી શકે. આને માટે બહાર જ રહેલાં મજબૂત કાર્યકરો અસર પાડી શકે. અમલદારી તંત્રની જડતાં ઊખેડવા માટે થોડું કડક થવું પડશે. અને જનતાએ પણ જાગૃત રહેવું પડશે. એ યોગ્ય સંગઠનો દ્વારા પોતાની શક્તિનો પરચો આપવો પડશે. લાંચ આપ્યા કરશે ત્યાં સુધી અમલદારો શી રીતે સુધરશે. મૂડીદારોને માત્ર પૈસા ખાતર

પ્રતિજ્ઞા આપ્યા કરશું તો તે જાગશે શી રીતે ? એટલે આ બધો કાદવ કાઢવા માટે આપણે સૌએ કમર કસવાની જરૂર છે. બધાં મંડળો વ્યવહાર-શુદ્ધિ મંડળ, સર્વોદય મંડળ અને રચનાત્મક કાર્યકરોએ બધાંએ એકઠા થઈને ગંદકી સાફ કરવા લાગી જવું પડશે.

**તા. ૨૬ થી ૨-૨-૧૯૫૨ : રાણપુર**

નાગનેશથી નીકળી રાણપુર આવ્યા. અંતર સાડાત્રણ માઈલ હશે. ઉતારો મોઢબોર્ડિંગમાં રાખ્યો હતો.

રાણપુરના આઠ દિવસના નિવાસ દરમિયાન જુદા જુદા માણસોનો સંપર્ક સાધ્યો. અહીં કાર્યકરોનો એકરાગ નથી તે માટે રૂબરૂ બોલાવી અરસપરસ સમજૂતી આપી.

સૌભાગ્યચંદ અને વાડીભાઈ વચ્ચે ઝઘડો છે. તે પતાવવા માટે પ્રયત્ન કર્યો.

ભૂધરભાઈ કરીને પ્રજામંડળના પ્રમુખ છે. તેમનો અને એક મિસ્ત્રીનો મકાન અંગે ઝઘડો હતો. તેમનું સમાધાન કરાવવા પ્રયત્ન કર્યો, પણ ના થયો. બીજા અનેક મતભેદોના પ્રસંગોમાં સમાધાન કરવા પ્રયત્ન કર્યો.

**તા. ૩-૨-૧૯૫૨ : ખોખરનેશ**

રાણપુરથી નીકળી ખોખરનેશ આવ્યા. અંતર સાડાત્રણ માઈલ હશે. ઉતારો મંદિરમાં રાખ્યો હતો. મારી સાથે વિદ્યાર્થીઓ આવ્યા હતા. રવિશંકર મહારાજ અહીં મળવા આવ્યા હતા. સભા સારી થઈ હતી.

**તા. ૪,૫-૨-૧૯૫૨ : ખસ**

ખોખરનેશથી નીકળી ખસ આવ્યા. અંતર સાડાચાર માઈલ હશે. ઉતારો બાબુભાઈના ઘરમાં રાખ્યો હતો. અહીં ગામ લોકોએ ચતુર્માસ રહેવા માટે આગ્રહ કર્યો હતો.

ચૂંટણીમાં વશ્રામભાઈના પક્ષ તરફ કંઈક ગેરવર્તાવ થયો છે એમ સાંભળ્યું એટલે બંને પક્ષને બોલાવ્યા. અને સાથે મળીને વ્યવહાર સમજાવ્યો.

**તા. ૬-૨-૧૯૫૨ : જાળિલા**

ખસથી નીકળી જાળિલા આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રે ચર્ચા સારી થઈ હતી.

### તા. ૭-૨-૧૯૫૨ : રાણપુરી

જાળિલાથી નીકળી ચંદરવા આવ્યા અંતર ત્રણ માઈલ હશે. અહીં આવવાનું કારણ લાલજીભાઈનો બળદ ચોરાયેલો એ બાબત ગામમાં ડખો હતો. તેની શાંતિ માટે આવવાનું થયું હતું.

ચંદરવાથી સાંજના રાણપુરી આવ્યા. ઉતારો નિશાળમાં રાખ્યો. અંતર સાડાત્રણ માઈલ હશે. અહીં રાત્રિ સભામાં ૨૨ માણસોએ ચા બીડી નહીં પીવાની પ્રતિજ્ઞા લીધી હતી.

### તા. ૮ થી ૧૧-૨-૧૯૫૨ : બરવાળા

રાણપુરીથી નીકળી બરવાળા આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રે જાહેર પ્રાર્થના પછી પ્રવચન થયું હતું. અહીં વિદ્યાર્થીઓ અને શિક્ષકો મૂઠી અનાજ માટે દર રવિવારે ટહેલ નાખતા. તે ચાર મણ સુધી અનાજ મળતું. આ અનાજ ગરીબ માણસોને વહેંચી દેવામાં આવતું. પરંતુ હમણાં પરીક્ષાઓ અને અછતને કારણે બંધ પડ્યું હતું. પણ મહારાજશ્રીએ આગ્રહ રાખ્યો કે આ પ્રવૃત્તિ સારી છે અને ચાલુ રહે તો સારું એટલે ગામે ચાલુ રાખવાનું નક્કી કર્યું.

### તા. ૧૨-૨-૧૯૫૨ : ખમીદાણા

બરવાળાથી નીકળી ખમીદાણા આવ્યા. વચ્ચે રોજીત ગામમાં રોકાયા હતા. અંતર સાડા છ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા સારી થઈ.

### તા. ૧૩-૨-૧૯૫૨ : નાવડા (જૂનું)

ખમીદાણાથી નીકળી નવા નાવડા થઈને જૂના નાવડા આવ્યા. અંતર અઢી માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા સારી થઈ.

### તા. ૧૪-૨-૧૯૫૨ : પીપળિયા

નાવડાથી નીકળી પીપળિયા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. વચ્ચે મોટું ભાઠું આવે છે. તેમાં લિલકા નદીના ત્રણ વેકળા આવે છે. એમાં બહારવટિયા, ચોર ભરાઈ રહે એવી જગ્યા છે.

**તા. ૧૪-૨-૧૯૫૨ : આકરુ**

પીપળિયાથી નીકળી આકરુ આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો ઉતારામાં રાખ્યો હતો.

**તા. ૧૫ થી ૧૯-૨-૧૯૫૨ : ભલગામડા**

આકરુથી નીકળી ભલગામડા આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો મહંતના ઘરે રાખ્યો હતો. કુરેશીભાઈ અહીં મળવા આવ્યા હતા. અહીં નવા ચૂંટાયેલા ધારાસભ્યોને બોલાવ્યા હતા. રવિશંકર મહારાજ પણ આવ્યા હતા. દરેકે મળીને કયાં નવાં કામો કરવાં અને રાજકારણની શુદ્ધિ કેમ થાય, લોકોનો ઉત્સાહ વધે તેવાં કાર્યો કરવા માટે વિચાર વિનિમય થયો. પ્રથમ કુરેશીભાઈએ જણાવ્યું કે, આનાવાળી વિષે ફરિયાદ છે. તે આપણે બધી રીતે જોઈશું. સહકારી ધોરણે આપણે કામ કરીશું તો ઘણો ફાયદો થશે. ફુરસદના વખતમાં ગ્રામઉદ્યોગો માટે વિચારવું પડશે. બાબુભાઈ જશભાઈએ કહ્યું કે, બંને પૂ. મહારાજશ્રીની હાજરીમાં ધારાસભામાં પડાપડી કરનાર અમે ભાષણ માટે ઉત્સુક એવો હું અહીં બોલતાં આઘાપાછા થવું પડે છે. સંતોની દોરવણી અમારા માટે ખૂબ ઉપયોગી થઈ પડશે.

મગનભાઈ શંકરભાઈએ કહ્યું કે, બાબુભાઈએ કહ્યું તેમ મને પણ બોલતાં સંકોચ થાય છે. માર્ગદર્શન તો લેવા અમે આવ્યા છીએ. બે મહાનુભાવો એના માટે લાયક છે. કેટલોક અસંતોષ છે. એ સાચો હશે કે ખોટો હશે ? ખોટો એટલા માટે હશે કે, એ પ્રશ્નનું આપણને જ્ઞાન નથી હોતું. વિ.વા. હું નિયમિત વાંચું છું. એમાં જે સૂચન આવે છે, તેથી લાગે છે કે, મહારાજશ્રી જ આપણને માર્ગદર્શન આપી શકશે. રેંટિયો હું નિયમિત કાંતી શકતો નથી, પણ એના સિવાય આપણો કોઈ ઉદ્ધાર થવાનો નથી. હવે સરકાર આપણી છે. એણે મદદ કરવી જોઈએ.

માણેકલાલ શાહે કહ્યું : ગામડામાં હવે કામ કરવું પડશે. એક વાત લાગે છે કે, કોઈપણ ગામનું એકમ લઈને ગમે તે કાર્યક્રમ ત્રણ વર્ષમાં પૂરો કરીએ. એવું કંઈ નક્કી કરીશું તો જ પ્રગતિ થશે. હવે નીચેથી શરૂઆત કરવી જોઈએ. લોકો ના માને તો મહાનુભાવોની મદદ લઈએ.

રાવજીભાઈ નાથાભાઈએ કહ્યું : સ્વતંત્ર થયા પછી દેશ સમક્ષ વિકટ પ્રશ્ન ખડો થયો છે, કે દેશનું ચણતર કઈ રીતે કરવું. યંત્ર વાપરીને,

યંત્રો આપીને કે ગૃહઉદ્યોગથી ? યંત્રથી આપણે એવા ટેવાઈ ગયા છીએ કે, ઘંટી, રેંટિયો, તાડગોળની વાત ગળે ઊતરતી નથી. હલર ઘંટીની પરવાનગી આપો એમ કહે છે. ત્યારે મારા જેવો કહે છે, પરવાનગી નહીં આપવી જોઈએ. મારા સાથીઓ કહે છે, તમારી વાત ચાલવાની નથી. બહેનો ગાળો ભાંડશે. 'મજૂરી હજી કરાવ્યા કરવી છે ?' સારા નસીબે મહાત્માજી મળ્યા, અનુભવે જોયું કે, દેશની રચનાનું કામ કેવી રીતે થવું જોઈએ. તે ઝીણવટથી જોયું. દેશ એટલે શહેરો નહિ સાત લાખ ગામડાંને સુખી કરવાં હોય, સારાં ઘર, તંદુરસ્તી, ખેતીનો વિકાસ મુખ્ય જરૂરી છે. એને માટે ખેતીના પૂરકમાં ઉદ્યોગ તરીકે રેંટિયો મૂક્યો.

સૂતરના તાંતણે સ્વરાજ્યની વાત આપણને એ વખતે ગાંડા જેવી લાગી. પણ આજે ખ્યાલ આવે છે કે, એ વાત સાચી છે. મારા જેવાને વાત ગળે ઊતરી ગઈ છે. એક ગામની એક હજારની વસ્તી ૨૦ રૂપિયાને હિસાબે, ૨૦ હજારનું કાપડ વાપરે છે. તેમાં પાંચ છ હજારનું રૂ, જતાં બાકીની ૧૪૦૦૦ની મજૂરી ગામમાં રહે. એ પૈસા ગામમાં રહે તો તંગી મટી જાય. એ પૈસો એક જગ્યાએ નહિ જાય, મજૂરી ઘેર ઘેર વહેંચાઈ જશે. જ્યારે મિલથી તૈયાર થયેલ માલનો પૈસો કસ્તુરભાઈ કે અંબાલાલ શેઠને ત્યાં એકઠો થશે. ટાટાનાં પતરાં વાપરીએ, ને પાછા એ મૂડીપતિ છે, માટે ગાળો પણ બોલીએ. બધાય જમીન ઉપર પડવા લાગ્યા છે. પણ પેલી વાત ધ્યાનમાં આવતી નથી. સરકાર મદદ કરવા ઈચ્છે છે. જો કે સંતોષ થાય તેમ નથી. પણ અંદર બેઠેલા કહે છે, લોકોનું માનસ કયું છે? ધંધૂકા તાલુકાનો વિચાર કરીએ કે તમને કાપડ નહિ મળે તો શું થાય? પણ ધંધૂકા તાલુકો એ માગણી કરે કે, અમારે મિલ કાપડ નથી જોઈતું. પણ ખાદી માટે સઘન શિક્ષણ આપો તો જરૂર તેમ કરી શકીશું.

શ્યામપ્રસાદ વસાવડાએ કહ્યું કે, અમો માનતા હતા કે અમને પૂછવામાં આવશે, હવે શું કરવાના છો. ચૂંટાઈ તો આવ્યા, બંને મહારાજ અમારા ગુરુ સમાન છે. એટલે હું તૈયાર થઈને આવ્યો હતો. કે કંઈ પૂછશે કે કંઈ બતાવશે. પણ અહીં તો તમે અમારું સ્વાગત કર્યું. ખવડાવ્યું, અને રોજે રોજનો ધંધો હતો તે ભાષણ કરવાનું પણ મળી ગયું. ચૂંટણીમાં

બધાંએ કહ્યું હતું કે અમે તમારું ભલું કરશું. પણ તમે કૉંગ્રેસને પસંદ કરી એટલે અમારી જવાબદારી વધે છે. એ ભલું કેવી રીતે થાય ? એ હું કહું :

અહિંસા, સચ્ચાઈ અને ન્યાયની રીતે રાજ્ય ચાલે તેમ આગ્રહ કરીશું. કેટલાક હિંસા કરીને ભડકાવાની વાત કરતા હતા. મહારાજ ઘણી વખત કહ્યા કરે છે. શહેર તરફથી ગામડાં તરફ મોઢું કરો. ખેતી, મૃતઃપ્રાય થઈ રહી છે. મજૂરો ચીંથરેહાલ બન્યા છે. એ બધામાંથી રસ્તો કાઢવાનો છે. ભલગામડામાં સાંભળ્યું જમીનવાળા ૩૬ બીન જમીનવાળા ૫૬ એ ૫૬, ૩૬ને સાફ કરી નાખે. તેથી સંતોષ નહીં થાય એ તો જંગલનો કાયદો છે. વાઘને બીક લાગે તો દીપડા ઉપર તરાપ મારશે, દીપડો શિયાળ ઉપર મારે. શિયાળ વળી એનાથી હલકા પ્રાણીને પકડે. આમ નબળાને દબાવવાનું, શોષણ કરવાનું માનસ થાય તો કોઈ સુખી ના થાય. રવિશંકર દાદાએ જણાવ્યું કે મુનિશ્રીએ તમોને એકઠા કર્યા છે. એટલા માટે કે, હવે ધારાસભામાં જઈને શું કામ કરવું. મહારાજશ્રી સતત ખેડૂતોનું કામ કરી રહ્યા છે. તમે માન્યું હશે કે આ બધાને ચૂંટ્યા તો અમારું ભલું કરી નાખશે એ પણ ખરું છે. તમે બધા માગશો તે પ્રમાણે આ લોક કરશે.

જ્યારે આ દેશમાં સ્વરાજ્યનું આંદોલન ચાલ્યું ત્યારે કોઈ એવો ઈરાદો નહોતો કે કોઈનું બૂરું કરવું. ખરી રીતે તે તો જે વિદેશીઓએ જે પકડ જમાવી હતી એમનું તેજ દૂર થાય એ જરૂરી હતું. એટલા માટે એમની નીતિનો માત્ર વિરોધ કર્યો. વ્યક્તિ રીતે વિરોધ ના કર્યો. આથી જગતને આશ્ચર્ય લાગે એવી વસ્તુ થઈ. એટલે કે હજુ આપણે બ્રિટનની મિત્રતા જાળવી રાખી છે. હમણાં બ્રિટનના રાજા મૃત્યુ પામ્યા ત્યારે જવાહરે જે સંદેશો મોકલ્યો, તે બીજા દેશો કરતાં હાર્દિક નીકળ્યો. એ નક્કી થયું, કોઈ માણસ કાયમ બૂરો રહેતો નથી. બ્રિટિશરોને શાસનની દૃષ્ટિએ જરૂર કાઢ્યા. મિત્રતા હજી કાયમ છે. એટલું જરૂર છે કે એકપક્ષીય પ્રીત ટકી શકતી નથી. બંને પક્ષે સ્થાયી હોય તો ટકી શકે છે. તમે બધા ચૂંટાઈને આવ્યા છો, ગાંધી વિચાર જાણો છો, એટલે ગામડાંના પ્રશ્નોમાં રસ લઈ તેમની મુશીબતો દૂર કરવાના પ્રયત્નો કરજો.

**તા. ૨૦,૨૧-૨-૧૯૫૨ : આકરુ**

ભલગામડાથી નીકળી આકરું આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. નિવાસ ઉતારામાં રાખ્યો. ખેડૂતમંડળ અંગે વાતો કરી.

**તા. ૨૨-૨-૧૯૫૨ : સોઢી**

આકરુથી નીકળી સોઢી આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો મેડા ઉપર રાખ્યો હતો. દુષ્કાળ અંગે વાતો થઈ.

**તા. ૨૩-૨-૧૯૫૨ : સાંગાસર**

સોઢીથી નીકળી સાંગાસર આવ્યા. અહીં તળાવ ખોદવાનું કામ ચાલે છે. એ જોયું ૨૧૦ મજૂરો કામ કરે છે.

**તા. ૨૪ થી ૨૬-૨-૧૯૫૨ : ઓતારિયા**

સાંગાસરથી નીકળી ઓતારિયા આવ્યા. અંતર સાડા ત્રણ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો. રાત્રે પ્રાર્થના બાદ પ્રવચન થયું.

**તા. ૨૭-૨-૧૯૫૨ : ગોરાસુ**

ઓતારિયાથી ગોરાસુ આવ્યા. અંતર એક માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો. અહીં કેટલાક સરકારી પ્રશ્નો હતા. તેની ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું.

**તા. ૨૮-૨-૧૯૫૨ : ધોલેરા**

ગોરાસુથી નીકળી સવારના ધોલેરા આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો દવાખાનામાં રાખ્યો હતો. ચૂંટણીની ઘેરી અસર સ્પષ્ટ દેખાતી હતી. વિરોધી પ્રચારવાળામાંથી બે,ત્રણ ભાઈઓ સિવાય કોઈ જ મળવા આવ્યું નહોતું. ડૉ. રણછોડભાઈ વગેરેએ સ્વાગત કર્યું.

**તા. ૨૮-૨-૧૯૫૨ : ભડિયાદ**

ધોલેરાથી નીકળી સાંજના ભડિયાદ આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો રામજીભાઈને ત્યાં રાખ્યો હતો. લોકોએ સ્વાગત કર્યું. મહારાજશ્રીએ ચૂંટણી નિમિત્તે પ્રચારમાં બહેનો સામે જે અસભ્ય વર્તાવ કેટલાક લોકોએ કર્યો હતો. તેનું દુઃખ વ્યક્ત કર્યું. જે બહેન આજીવન સેવામાં ખૂંપેલી છે, પ્રજાસેવામાં જીવન અર્પણ કર્યું છે, જે પ્રાયોગિક સંઘના સભ્ય છે, એમનું

ગામના એક માણસ પણ અપમાન કરે એ ગામની શરમ ગણાવી જોઈએ. રાત્રે નંદલાલભાઈ ઠક્કરે ભૂમિદાન અંગે જાહેરસભા રાખી હતી.

**તા. ૨૯ થી ૫-૩-૧૯૫૨ : રોજકા**

ભડિયાદથી નીકળી રોજકા આવ્યા. અંતર દસ માઈલ હશે. ઉતારો ધર્મશાળામાં રાખ્યો હતો.

તા. ૪થીએ દુષ્કાળ અંગે એક જાહેરસભા બોલાવી હતી. દુષ્કાળના ભાલ વિસ્તારના લગભગ ૪૨ ગામના લોકોએ હાજરી આપી હતી. ગામે મંડપ બાંધ્યો હતો. કુરેશીભાઈ, ડૉ. શાન્તિભાઈ, અંબુભાઈ, નવલભાઈ વગેરે આવ્યા હતા. સભામાં ખોદાણકામ, સસ્તું અનાજ, ચણા, નીરણકેન્દ્ર, ઘાસ વગેરે સરકારે કરવા ધારેલા નિયમો અંગે વિચારણા થઈ. ત્યારબાદ મહારાજશ્રીએ જણાવ્યું હતું કે ચૂંટણીમાં મેં કહ્યું હતું કે હું દુષ્કાળનું કામ બરાબર ગોઠવાઈ ન જાય ત્યાં સુધી તાલુકો છોડીશ નહિ. હવે એ કામ ગોઠવાઈ ગયું છે એટલે છૂટા પડતાં પહેલાં તમને મળી લેવું જોઈએ. એ રીતે તમોને બધાને બોલાવ્યા છે. હું બહુ દૂર જવાનો નથી. તમારી તરફ નજર તો રાખતો રહીશ.

ત્યારબાદ અંબુભાઈએ કેટલાક ઠરાવો મૂક્યા. નવલભાઈએ તગાવીનો દુરઉપયોગ ન કરવા કહ્યું અને ડૉ. શાંતિભાઈએ દુષ્કાળમાં ભાગ કેવો અને કેટલો આપવો તે સમજાવ્યું. કશું જ ના પાક્યું હોય તો પંચ રૂબરૂ તેનો પંચક્યાસ કરાવી લેવો. શેર પાક્યું હોય તો પાશેર ભાગ આપી પાવતી લઈ લેવી. આમાં ભૂલ થશે તો બીજે વરસે જમીનદાર ખોટી રીતે કનડશે.

**તા. ૬-૩-૧૯૫૨ : ખસતા**

રોજકાથી નીકળી ખસતા આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો. દુષ્કાળની વ્યવસ્થા અંગે વાતો થઈ. આગેવાન પ્રતાપસંગભાઈ છે.

**તા. ૭,૮-૩-૧૯૫૨ : ખડોળ**

ખસતાથી ખડોળ આવ્યા. અંતર બે માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો. રાત્રે જાહેર સભા થઈ. અંબુભાઈ આવ્યા હતા. ખેડૂત પરિષદનું સ્થળ નક્કી કરવાનું હતું તે જોયું.

**તા. ૯-૩-૧૯૫૨ : ધોળી**

ખડોળથી ધોળી આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો કુમારશ્રીને ઉતારે રાખ્યો હતો. અહીં દુષ્કાળ માટે ૧૨૫ મણ કુંવળ મળ્યું હતું. આજે હોળી હતી. લોકોએ ફટાણાને બદલે રામધૂન બોલાવી હતી. હું અને નાનચંદભાઈ લોકો પાસે ગયા હતા.

**તા. ૧૦-૩-૧૯૫૨ : કમાલપુર**

ધોળીથી કમાલપુર આવ્યા. લોકોએ સ્વાગત કર્યું. દુષ્કાળ માટે કુંવળની માંગણી થતાં લગભગ ૬૬ મણ મળ્યું. એની યાદી નાનચંદભાઈને આપી. સાંજના ધોળી પાછા આવ્યા હતા.

**તા. ૧૨-૩-૧૯૫૨ : હડાળા**

ધોળીથી હડાળા આવ્યા. અંતર સાડાસાત માઈલ હશે. ઉતારો પ્રેમજીભાઈની ડેલીએ રાખ્યો હતો. રાત્રે સભામાં દુષ્કાળ અંગે વાતો થઈ.

**તા. ૧૩,૧૪-૩-૧૯૫૨ : બળોલ**

હડાળાથી નીકળી બળોલ આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો પાનાચંદભાઈને ત્યાં રાખ્યો હતો. નાનચંદભાઈ સાથે હતા. રાત્રિ સભામાં દુષ્કાળ અંગે વાતો કરી. ઘેર ઘેર ફરીને ફાળો ઉઘરાવ્યો હતો.

**તા. ૧૫ થી ૨૧-૩-૧૯૫૨ : ગૂંદી**

બળોલથી નીકળી ગૂંદી આવ્યા. અંતર સાત માઈલ હશે. પ્રથમ ચાર દિવસ મહાદેવ સર્વોદય આશ્રમમાં રોકાયા. કાર્યકરો સાથે સંપર્ક સાધ્યો. સવાર સાંજની પ્રાર્થના પછી ભજન થતું. અને ત્યારબાદ વ્યક્તિગત ચર્ચા રહેતી. એક દિવસ પાટણ કિલ્લોલ બાલમંદિરવાળા શ્રીપૂનમચંદભાઈ શાહ આવેલા. તેમણે મનોરંજન કાર્યક્રમ કર્યો હતો. તા. ૧૯મીએ અમે કસ્ટમ બંગલે ઉતારો રાખ્યો હતો. અને ખેડૂતોની એક મિટિંગ બોલાવી હતી.

ગામમાં જાહેરસભા રાખી હતી. તા. ૨૧મીએ બપોરે ગોપાલક કાર્યકરોની મિટિંગ રાખી હતી. તેમાં સહકારી વર્ગમાં પાસ થયેલા સભ્યોને પ્રમાણપત્રો આપવાનું હિંદીની પરીક્ષામાં ઉત્તીર્ણ થયેલાંને પ્રમાણપત્ર અપાયાં અને ગોપાલક સોસાયટીનો ઈતિહાસ સૌએ કહ્યો હતો. આજની મંદીમાં દરેકને ઓછી વત્તી ખોટ આવી છે. હવે વ્યક્તિએ વેપારની હરીફાઈમાં ટકવું શી રીતે ? એનો વિચાર થયો. દૂધ શહેરમાં વેચવાની એક યોજના

વિચારાઈ અને જો પ્રાયોગિક સંઘ એક હજાર રૂપિયા ગ્રાન્ટ આપે તો બાવળામાં છગનભાઈએ એ પ્રયોગ શરૂ કરવાનું વિચાર્યું. સુરાભાઈ સભામાં હાજર હતા.

મહાદેવથી સાંજના ભૂરખી આવ્યા. રાત્રે સભા થઈ. છાત્રાલયના વિદ્યાર્થીઓએ મનોરંજન કાર્યક્રમ કર્યો હતો. એમાં તગાવી અને પાયાની કેળવણી એ બે પ્રસંગોને ખૂબ સુંદર રીતે વણી લીધા હતા.

**તા. ૨૨-૩-૧૯૫૨ : જવારજ**

ભૂરખીથી સવારના જવારજ આવ્યા. અંતર અઢી માઈલ હશે. ઉતારો છગનભાઈને ત્યાં રાખ્યો હતો. અહીં પણ સભા પછી ગૂંદી આશ્રમના ભાઈબહેનોએ મનોરંજન કાર્યક્રમ કરી બતાવ્યો હતો. લોકોને બહુ ગમ્યો.

**તા. ૨૩-૩-૧૯૫૨ : ધીંગડા**

જવારજથી નીકળી ધીંગડા આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો ગગુભા મુખીના ત્યાં ઉતારો રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ.

અહીં સર્વોદય આશ્રમમાંથી લાકડાં, વાસણો વગેરે ચોરાયેલાં તે અહીં હોવાની શંકા હતી. નવલભાઈ તથા ગગુમુખી આવેલા. ચોરાયેલ માલ એક ગરાસદારને ત્યાં છે, તે શોધી કાઢ્યું છે. હવે શું કરવું. તે પછી વિચારશે. અહીંના વાઘરીઓ ચોરી કરે છે. અને ગરાસદારો તે માલ લે છે. આ વાઘરીઓનો આજુબાજુના ગામોએ બહિષ્કાર કર્યો છે. સવારના અમો વાઘરીવાસમાં ગયા હતા. અને બે વાઘરીને સાચી હકીકત કહેવા થોડે સુધી સાથે લીધા હતા. પણ તેમને કોઈ વાત માની નહિ. કંઈક ધંધો આપો એમ કરગરતા રહ્યા.

વાત એમ મળી છે કે જશમત નામનો વાઘરી છે, તેણે લાકડાં ચોર્યાં છે. તેને ક્યારડામાં નાંખ્યા. અને માધો, શિવા હરખાનો ભત્રીજો ક્યારડામાંથી ગાડા વાટે લઈ ગયો. રામઘરને ત્યાં મોભ છે અને પાટિયાં જડે નહીં તેવી રીતે મૂકેલાં છે. ચીકા તરસીને ત્યાં પટિયાનાં કમાડ કરેલા છે. બાલુભાને ત્યાં મોભ છે. સનુભા કહે છે, તપેલું નટુભાને ત્યાં છે. લાકડાં પૈકી કેટલાંક મીઠાપુર ગયાં છે. માલજી વાઘરી સૌથી વધારે દરબારોનું કહેવું માને છે. મહેરકો આગેવાન છે. દરબારોને અંદરોઅંદર

ખટપટ છે. એટલે બધું બહાર આવી જાય તેમ છે. સનુભા તાજના સાક્ષી થવા ખુશી છે. ગગુભા અને પૂજા માસ્તર મુખ્ય આગેવાન છે.

**તા. ૨૪-૩-૧૯૫૨ : બગોદરા**

ધીંગડાથી નીકળી બગોદરા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. નિવાસ ઉતારે રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ. તેમાં ખેડૂત મંડળ અંગે વાતો થઈ.

**તા. ૨૫ થી ૩૧-૩-૧૯૫૨ : શિયાળ**

બગોદરાથી શિયાળ આવ્યા. અંતર પાંચ માઈલ હશે. નિવાસ કસ્ટમ બંગલે રાખ્યો હતો. કેશવલાલ જીવરાજ સાથે આવ્યા હતા. જકાત અંગેની જૂની ચાલી આવતી લાઈનદોરી ઉપરનાં બધાં ઝાડ લોકો કાપી ગયા છે. કોઈ પૂછનાર નથી. અહીં સવાર સાંજ પ્રાર્થના અને પછી પ્રવચન થતું. કાર્યકરો સાથે વ્યક્તિગત પણ ચર્ચા વાતો કરી. કેટલીક શિખામણ આપી. અહીંની સહકારી મંડળી સોસાયટી ફરીથી શરૂ કરવા અને ખેડૂત મંડળના સંચાલન નીચે લાવવા પ્રયત્ન થયો. એક દિવસ અંબુભાઈ આવ્યા હતા. ત્યારબાદ હરિભાઈ અને અમૂલખભાઈ આવ્યા હતા. એક સભામાં મહારાજશ્રીએ જણાવ્યું કે, આપણે એક વસ્તુ બરાબર સમજી જઈએ તો તેથી એ આચરણમાં આવી જાય છે, એમ નથી બનતું પણ એનો વારંવાર વિચાર કરવો પડે છે. અને જીવન સાથે જ્યારે પ્રસંગ પડે ત્યારે મેળ પાડવો જોઈએ. સમજણ અને આચરણ વચ્ચે એક ખાઈ છે. એ કેવી રીતે પુરાઈ શકે ? ખાઈ હોય તેને ઓળંગવા માટે તુંબડી કે દોડી હોય તો જ કિનારે પહોંચી શકાય. તુંબડી ચિંતન છે. ક્યાં મુશ્કેલી છે. તે કેવી રીતે દૂર કરી શકાય એમ સતત ચિંતન ચાલ્યા કરે. પછી એમ કરતાં ગડ બેસી જાય છે. ગાંધીજીએ કહ્યું મણભર વાતો કરવી તેના કરતાં અધોળ આચરણમાં મૂકવું તે વધારે જરૂરી છે. માણસ મોટી વાતો કરી શકતો હોય છે. પણ આચરણમાં કંઈ હોતું નથી. આચરણમાં ગફલતમાં ચલાવી લઈએ તો પછી ટેવ પડી જાય છે.આટલામાં શું ? આટલો વખત કરી લઉં. પછી નહિ કરું. એમ દિલાસો લઈ લે છે. એક વાર નિશ્ચય કર્યા પછી હું પાર પાડીશ જ એવો દૃઢ સંકલ્પ જ કિનારો પાર ઉતારી શકે છે.

આપણી યુવા અવસ્થા ચંચળ છે. પછી તે વિદ્યાર્થીની કે સાધકની હો, એ ઘણા વિચારણા આપણને ઘેરી લે છે. આ સાચું કે તે સાચું. પણ એની ઝંઝટમાં ના પડતાં જેટલું બોલીએ એટલું આચરીએ અને થોડું આચરવું પણ એમાં કોઈપણ ભોગે ડગવું નહિ. જો સિદ્ધાંત આચરણમાં આવે જ નહિ અને આચરણમાં આવે નહિ, ત્યાં સુધી કોઈને અસર થાય નહિ. વિકાસ થઈ શકે નહિ.

મારી કલ્પના ભૂમિમાં હજારો સુંદર વસ્તુ પડી હોય, પણ આચરણમાં થોડું પણ નહિ હોય તો વાણી ઘણી સુંદર હશે. દલીલબાજી હશે, તો પણ પ્રજામાં કાંઈ જ અસર પડશે નહિ. બધાં કામો તણાઈ જશે. પછી આપણે અફસોસ નહીં કરવો જોઈએ. એમાં લોકોનો વાંક નથી પણ વાંક મારો છે.

આવો માણસ હજારો કામ કરશે, પણ એ ઢંગધડા વગરનું કામ હશે. એવો માણસ કામ તો કરશે, પણ એને નિર્ણયનું કામ સોંપી શકાશે નહિ કારણ કે એના ઉપર આપણો વિશ્વાસ બેસતો નથી. અને વિશ્વાસ એ સૌથી મહત્ત્વની વસ્તુ છે. ભલે એક જ નિશ્ચય કરીએ. પણ એ પાળ્યો જ છે. જેમ આપણી જવાબદારી, ત્યાગ, સેવાભાવ, વત્સલ વગેરે ગુણ જોઈએ છીએ. તેમ ચોક્કસતાનો ગુણ પણ જરૂરી છે. એક વાસણ ઘસવું હોય તો પણ તે ચોક્કસ જ હોવું જોઈએ. એ કાર્યકરોએ બહુ શિસ્ત કેળવી જાણવી જોઈએ. જો એમાં ભૂલ થશે, તો મોટામાં મોટું કામ કરશે. તો પણ વિશ્વાસ ખોઈ બેસશે. જિંદગીમાં કોઈક જ વાર પરીક્ષા આવે છે.

**તા. ૧-૪-૧૯૫૨ : કેશરડી**

શિયાળથી નીકળી કેશરડી આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો. ગામે સ્વાગત કર્યું. રાત્રે જાહેરસભા થઈ હતી. તેમાં ખેડૂતમંડળ અંગે વાતો કરી. બેગામડાથી શ્રી ઉમેદરામભાઈ ભજનિક અને છેલાભાઈ આવ્યા હતા.

**તા. ૨૩-૪-૧૯૫૨ : બેગામડા**

કેશરડીથી બેગામડા આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો સર્વોદય આશ્રમમાં રાખ્યો હતો. અહીં ગૂંદી સર્વોદય યોજનાની શાખા ચાલે છે. બાળકોને સંસ્કાર અને બીજું રચનાત્મકામ ચાલે છે. ભજનિકભાઈ અને કનુ મલકાણી એ બે ભાઈઓ કામ કરે છે.

રાત્રે જાહેરસભા થઈ. પછી ભજન રાખ્યું હતું. એમાં ભજનિકભાઈએ કહ્યું કે પહેલાં આપણે ત્યાં વાનપ્રસ્થાશ્રમની પ્રથા હતી. હું વાનપ્રસ્થ છું. બે છોકરા કમાય છે. અને હું આજથી નક્કી કરું છું. કે, યોજનાનું વેતન હું લેતો હતો. તે બંધ કરું છું. અને જનતાના આશ્રયે જીવન જીવવાનું નક્કી કરું છું. મારાં પત્નીનો એમાં ટેકો છે. મહારાજશ્રી અને પ્રભુ મને એ કાર્યમાં મદદ કરે.

મહારાજશ્રીએ પોતાની શુભેચ્છા આપતાં જણાવ્યું કે, ભજનિકભાઈનો આ નિર્ણય બહુ વિચારને અંતે થયો હશે. પ્રભુ તેમને એ પાળવાનું બળ આપે. એક વાતની હું યાદી આપું છું કે માણસ જ્યારે બિનવૈતનિક બની જાય છે ત્યારે તેની ભૂમિકા પણ બદલાઈ જાય છે. અને જયાં જનતા વધુ ચાહ બતાવે ત્યાં જવા મન લલચાઈ જાય છે. ભજનિકભાઈ તેમ ન કરતાં આ કેંદ્રને પોતાની શક્તિ આપશે, એવી આશા રાખીશું.

અહીંના મુખ્ય આગેવાન છેલાભાઈ દમાભાઈ પટેલ(કોળી પટેલ) છે.

**તા. ૪-૪-૧૯૫૨ : આદરોડા**

બેગામડાથી નીકળી આદરોડા આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો પથાભાઈને મેડે રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ. અહીં જયંતીભાઈ અને ઉમેદભાઈ આવ્યા હતા. તેણે ગાંધી હાટ કાલાં ખરીદે, અગર એ જ ભાવે લઈને અમુક નાણાં આપે તે સંબંધી ચર્ચા વિચારણા કરી.

**તા. ૫-૪-૧૯૫૨ : ફાંગડી**

આદરોડાથી ફાંગડી આવ્યા. અંતર નવ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો. રાત્રે જાહેર સભા થઈ. સાણંદથી મહાલકારી, શ્રી બોડાણાજી મળવા આવ્યા હતા.

**તા. ૬ થી ૧૨-૪-૧૯૫૨ : સાણંદ**

ફાંગડીથી સાણંદ આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો દવાખાને રાખ્યો. બપોરના હરિજનવાસમાં છાત્રાલય શરૂ કરવા અંગે સભા રાખી હતી. તેમાં ગયાં. અને છાત્રાલયમાં ભંગીઓને પણ લેવાશે. તેને હરિજનભાઈઓ સ્વાવલંબી રીતે ચલાવશે.

અહીંથી મારી ગેરહાજરીમાં મનુભાઈ પંડિત મહારાજશ્રીની સાથે રહેવા આવ્યા.

**તા. ૧૩-૪-૧૯૫૨ : ગોકળપરા**

સાણંદથી નીકળી ગોકળપરા આવ્યા. અંતર સાડાત્રણ માઈલ હશે. રાત્રે જાહેરસભા થઈ.

**તા. ૧૪-૪-૧૯૫૨ : મખીઆવ**

ગોકળપરાથી મખીઆવ આવ્યા. અંતર ત્રણ માઈલ હશે બપોરના હરિજનવાસની મુલાકાત લીધી. મણિબેન મળવા આવ્યાં હતાં.

**તા. ૧૫-૪-૧૯૫૨ : બકરાણા**

મખીઆવથી બકરાણા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. રાત્રે જાહેરસભા થઈ.

**તા. ૧૬-૪-૧૯૫૨ : ખોરજ**

બકરાણાથી ખોરજ આવ્યા. અંતર છ માઈલ હશે. રાત્રે જાહેરસભા થઈ. ખોરજથી ચોરવ ોદરા આવ્યા. અંતર ચાર માઈલ હશે.

**તા. ૧૭-૪-૧૯૫૨ : જખવાડા**

ખોરજ વડોદરાથી જખવાડા આવ્યા. અંતર છ માઈલ હશે. રાત્રે જાહેરસભા થઈ.

**તા. ૧૯ થી ૨૩-૪-૧૯૫૨ : વિરમગામ**

જખવાડાથી વિરમગામ આવ્યા. અંતર છ માઈલ. બપોરના ભંગીવાસની મુલાકાત લીધી. રાત્રે પ્રાર્થના પછી વાલી સંમેલન રાખ્યું હતું.

**તા. ૨૪-૪-૧૯૫૨ : કારીયાળા**

વિરમગામથી નીકળી કારીયાળા આવ્યા. આવીને તળાવ ખોદાણનું કામ ચાલતું હતું તે જોવા ગયા. બપોરના ખેડૂત ભાઈઓ સાથે ખેતીની વાતો કરી. ત્યારપછી હરિજનવાસની મુલાકાત લીધી.

**તા. ૨૫-૪-૧૯૫૨ : નવરંગપુરા**

કારીયાળાથી નવરંગપુરા આવ્યા. અંતર પાંચ માઈલ હશે.

**તા. ૨૬-૪-૧૯૫૨ : પાટડી**

નવરંગપુરાથી પાટડી આવ્યા. અંતર ચાર માઈલ હશે. તળાવ ખોદાણનું કામ ચાલતું હતું. તે જોવા ગયાં. મજૂરો સાથે વાતો કરી. બપોરના અગરીયા ભાઈઓ સાથે વાતો કરી. આજુબાજુ મીઠું મોટાપ્રમાણમાં તૈયાર થાય છે.

**તા. ૨૭ થી ૩૦-૪-૧૯૫૨ : ઉપરીઆળા**

પાટડીથી ઉપરીઆળા આવ્યા. અંતર છ માઈલ હશે. લલિતભાઈ ઉપાધ્યાય તથા ગામના થોડા આગેવાન મળવા આવ્યા હતા. અહીં કુરેશીભાઈ મળવા આવ્યા હતા.

ઉપરીઆળામાં જૈનોનું મંદિર અને ધર્મશાળા સારાં છે. તેથી વિરમગામથી આવેલા છબીલભાઈને તે જોવાની ઈચ્છા થઈ એટલે તેઓ બીજા મિત્રો સાથે ત્યાં ગયાં. પણ તેઓ હરિજન હોવાથી પ્રવેશ ના મળ્યો. આ જાણી મહારાજશ્રીને ખૂબ દુઃખ થયું.

**તા. ૧-૫-૧૯૫૨ : થોરીમુબારક**

ઉપરીઆળાથી થોરીમુબારક અને વસવેલિયા આવ્યા.

**તા. ૨,૩-૫-૧૯૫૨ : કમીંજલા**

વસવેલિયાથી કમીંજલા આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો એક મકાનમાં રાખ્યો. લોકો સ્વાગત કરવા માટે ખૂબ દૂર સુધી સામે આવ્યા હતા. અહીં આજુબાજુના દસ ગામના લોકોની તેમજ વિરમગામ તાલુકાના કાર્યકરોની મિટિંગ રાખી હતી. પી.ડબલ્યુ.ડી. અધિકારી, સહકારી મંડળીવાળા, અને કલ્યાણ કપાસવાળા પણ આવ્યા હતા. બપોરના કાર્યકરો સાથે વાતો થઈ. તેમાં મહારાજશ્રીએ મુખ્ય બે વાતો કરી. એક તો અસ્પૃશ્યતા નિવારણ જોકે સામાજિક મુદ્દો છે. તોપણ આજ સુધી કાર્યકરોએ જે ઢીલાશ રાખી છે. તેને હવે દૂર કરી પોતાના ઘરનો વિરોધ સહન કરીને પણ એને દૂર કરવી જોઈએ.

બીજી વાત હોદ્દાઓની બદલીની હતી. આજે કામ તો સૌ કરે છે. પણ ઘરમાં ધંધો ચાલુ રાખીને. આથી હોદ્દાની પ્રતિષ્ઠાનો ઉપયોગ જાણે-અજાણ્યે ધંધામાં થઈ જાય છે. વળી બહાર જનતામાં પણ સારી છાપ પડતી નથી. એટલે કાં તો સંપૂર્ણ સમય આપવો જોઈએ અગર નવા લોહીને દાખલ કરવું જોઈએ. નવા કોઈ તૈયાર ના હોય તો આપણે તૈયાર કરવા જોઈએ. બધા કાર્યકરો મહારાજશ્રીની આ વાતમાં સહમત થયા. પણ નવા લોકો આવતા નથી તેની મુશ્કેલી બતાવી. કોઈને હોદ્દાનો મોહ નથી. એમને પણ દુઃખ રહ્યાં કરે છે.

બપોર પછી તળાવમાં ઝાડ નીચે જાહેર સભા થઈ. એમાં પ્રમુખ તરીકે પાટડીવાળા મોહનભાઈની વરણી થઈ. અને અબ્દુલ ગનીખાન વિષે સર્વાનુમતે ઠરાવ થયો. પછી સહકારી મંડળી રચવા અને દુષ્કાળ અંગે વાતો કરી સૌ વિખરાયાં.

**તા. ૪,૫-૫-૧૯૫૨ : શાપુર**

કમીંજલાથી શાપુર આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ભરવાડ વાસમાં રાખ્યો હતો. આ ગામમાં પઢાર અને હમૈજા નામના મુસલમાનોની વસ્તી મુખ્ય છે. આ બંને કોમ મહેનતુ છે. પણ કામ નહીં હોવાને કારણે તદ્દન ગરીબ અવસ્થામાં જીવે છે. રાત્રે ધોલેરાથી ચંપકભાઈ પૂજારા (કાર્યકર) બીડ ભરવા આવ્યા હતા તેમને ગામમાંથી બીડની વ્યવસ્થા કરી આપી હતી. અહીં વાણિયાનાં બે ઘર છે.

**તા. ૬-૫-૧૯૫૨ : વેકરીયા**

શાપુરથી નીકળી વેકરીયા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. દુષ્કાળ રાહતનું જ કામ જોયું.

**તા. ૭-૫-૧૯૫૨ : શિયાળ**

વેકરિયાથી નીકળી ધરજી આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો માતાના મઢમાં રાખ્યો. દુષ્કાળ અંગે લોકો સાથે ચર્ચા કરી. અહીંના લોકો ખાતાની તગાવી માટે ધોળકા ગયા. આખી મોટર ભાડે કરી રૂપિયા એકસો ચાલીસ ભાડાના આપ્યા. તેમને પૂછ્યું : શું વાપર્યું તો કહે, ચાર વખત ચા પીધી. રાત્રે સિનેમાં જોયું. સવા રૂપિયો આપી વીશીમાં ખાધું.

અને કોઈ વાર જઈએ એટલે છોકરાં માટે કંઈક ગળ્યું ખાવાનું લાવવું જોઈએ ને એટલે તે પછી લેતા આવ્યા. મતલબ કે દરેકે સારો ખર્ચ કર્યો. જુઓ, મામલતદારે ગામબેઠા તગાવી આપવાની વ્યવસ્થા કરી હોત તો આટલો ખોટો ખર્ચ ખેડૂતોને ન થાત. અમલદારને એટલી ભાવના હોવી જોઈએ ને ધરજીથી નીકળી શિયાળ આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો બંગલામાં રાખ્યો હતો. છોટુભાઈ સાથે આવ્યા હતા. અહીંની સોસાયટીમાં કપાસિયા મણ ૧૦૩ મણ ઘટતા હતા એ વિશે વાતચીત કરી.

**તા. ૮-૫-૧૯૫૨ થી ૨૦-૫-૧૯૫૨ : ગૂંદી**

શિયાળથી નીકળી ગૂંદી આવ્યા. અંતર બાર માઈલ હશે. અહીં સર્વોદય કેંદ્રમાં કાર્યકર્તા તાલીમ વર્ગ રાખવાનો હતો. મહારાજશ્રીએ હાજરી આપવાની હતી. વર્ગ ૨૦ તારીખ સુધી ચાલ્યો. લગભગ ૬૦ ભાઈ બહેનોએ એમાં ભાગ લીધો. ખર્ચ પેટે ૧૨ રૂપિયા પ્રવેશ ફી લેવામાં આવી હતી. પ્રવચનો ઉપરાંત ઠીક ઠીક ચર્ચાઓ પણ થઈ. એમાં ભૂમિદાન, કેન્દ્રીયકરણ વિકેન્દ્રીકરણ, નારીપ્રતિષ્ઠા, પંચવર્ષીય યોજના, સંતતિનિયમન વગેરે બાબતો ચર્ચાઈ હતી. તેમાં ઘણાં ભાઈ બહેનોએ ભાગ લીધો હતો. છેલ્લા દિવસે શ્રી બબલભાઈ મહેતા આવ્યા હતા. પૂર્ણાહુતિ વખતે શ્રી કુરેશીભાઈ આવ્યા હતા. તેમના દીકરાનાં લગ્ન થયેલાં હોવાથી વરવધૂ મહારાજશ્રીના આશીર્વાદ લેવા આવ્યા હતા.

વર્ગનાં ભાઈ બહેનો રોજ બે કલાક શ્રમકાર્યમાં તળાવ ખોદાણમાં કામ કરતા મજૂરો સાથે માટી કામ કરતા હતા. એક દિવસ અરણેજ અને જવારજ ગામે પર્યટન રાખ્યું હતું. દુલેરાય માટલિયા અને તેમનું ગ્રુપ બાબાપુર સર્વોદયવાળા બાબુભાઈ રાવળ, ભાંડુના ભાઈ બહેનો વગેરે આવ્યા હતા. છેલ્લે દિવસે કેટલાક ભાઈ બહેનોએ પ્રતિજ્ઞાઓ લીધી હતી. બે દિવસ મનોરંજન કાર્યક્રમ રાખ્યો હતો.

એકંદરે વર્ગનું કામ ખૂબ સુંદર રીતે ચાલ્યું હતું. સંચાલક તરીકે જયંતીભાઈ હતા. ગૃહમાતા તરીકે મણિબહેન હતા એક દિવસ સરકારી અધિકારીઓની મિટિંગ હતી. એક દિવસ વિશ્વવાત્સલ્યની મિટિંગ હતી. અમારા પ્રવાસ દરમિયાન અરણેજમાં ઘઉંના સંશોધન ફાર્મની મુલાકાત લીધી હતી. (શિબિર પ્રવચનોની નોંધ બીજી નોટમાં લખેલી છે.)

**તા. ૨૦-૫-૧૯૫૨ : લોલિયા**

ગૂંદીથી નીકળી લોલિયા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો.

**તા. ૨૧-૫-૧૯૫૨ : વખતપુર**

લોલિયાથી વખતપુર આવ્યા. અંતર છ માઈલ હશે ઉતારો એક ભાઈને ત્યાં રાખ્યો હતો. તળાવનું ખોદાણ કામ ચાલે છે. તે જોવા ગયા હતા.

**તા. ૨૨ થી ૨૬-૫-૧૯૫૨ : ખડોલ**

વખતપુરથી ખડોલ આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો. અહીં તા. ૨૫મીએ ખેડૂત પરિષદ ભરાવાની હતી. એટલે વહેલા આવ્યા હતા. કાર્યકરો તા. ૨૦થી આવી ગયા હતા. ગામની બહાર મેદાનમાં મોટો શમિયાણો ઊભો કરવામાં આવ્યો હતો. એમાં સુંદર મંચ બનાવ્યો હતો. મંચને રંગબેરંગી ભરતવાળા ચાકળાથી સુશોભિત કર્યો હતો. બે મશીનો મૂકીને લાઉડસ્પીકર અને ઈલેક્ટ્રીકની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

સાંજના એક ટંક બધાને જમવાનું રાખ્યું હતું. સવારમાં ગામે જમાડ્યા હતા. જમવામાં પુરી અને શાક બનાવ્યું હતું. પાણી ટેંકરોથી પૂરું પાડ્યું હતું. આનો બધો ખર્ચ ખેડૂતમંડળે ઉપાડ્યો હતો.

વહેલી સવારના આખું ગામ શ્રી મોરારજીભાઈના સ્વાગત માટે તૈયારી કરી રહ્યું હતું. બહેનો સ્વાગત માટે પુષ્પમાળાઓ લઈને તૈયાર થઈ હતી. બધાં ભાગોળે ગયાં. આગળથી ઘોડેસવારો ખબર લેવા ગયા હતા. દૂરથી મોટર દેખાઈ, એટલે બધાં તૈયાર થઈ ગયાં. મોરારજીભાઈ દેસાઈ આવ્યા. સૌએ તેમનું ભવ્ય સ્વાગત કર્યું. પછી છ બળદની જોડેલી બળદગાડીમાં, વહેલમાં એમને બેસાડવામાં આવ્યા. સરઘસ આકારે ગામમાં ફર્યા. બહેનોએ સ્વાગતમાં તિલક કર્યું. લોકોએ શ્રીફળ ધર્યાં. મહારાજશ્રી પોતાના નિવાસેથી બહાર આવ્યા. બંને જણ ખૂબ પ્રેમથી મળ્યા. પછી બધાં ધ્વજવંદન માટે ગયાં. ધ્વજવંદન પછી કાર્યકરોની મિટિંગ રાખી હતી. તેમાં ખેડૂતોને પણ આવવા દીધા હતા. કાર્યકરોએ ભાલમાં ચાલતાં કાર્યો તેની પાસેની દૃષ્ટિ અને જોઈતી મદદ વગેરે હકીકત કહી. પછી

મોરારજીભાઈએ પ્રવચન કર્યું હતું. પોતાની ઈચ્છા શું હતી તે કહી બતાવ્યું. પહેલાં પોતે એક આદર્શ શિક્ષક થવા ઈચ્છતા હતા. અગર નિસર્ગોપચાર કેન્દ્ર કરી સેવા કરવાનું વિચારતા હતા. સેવાકાર્યથી મોક્ષ નથી. એમ તેઓ માનતા હતા. પણ સાથે સાથે બને તેટલું નિષ્કામ કર્મ કરવું જોઈએ. જમીનદારી પ્રશ્ન ઉપર બોલતાં તેમણે જણાવ્યું કે જમીનદારી અને ભાગવટી હવે બહુ ઝડપથી નાશ પામવાની છે. અને બીજી વાતો કરી.

બપોરના મહારાજશ્રી સાથે પ્રદર્શન જોયું. પછી ભોજન માટે છૂટા પડ્યા. ભોજન પછી થોડો આરામ કરીને મહારાજશ્રીની સાથે વ્યક્તિગત વાતો કરી. ઠીક ઠીક સમય મળ્યો. વચ્ચે રસિકભાઈ પરીખે થોડો સમય લીધો. ત્યાર બાદ ચર્ચા કરીને હરિજનવાસની બંને જણે મુલાકાત લીધી. રાત્રે જાહેરસભા થઈ. ખૂબ મોટી સંખ્યામાં સ્ત્રીઓ અને પુરુષોએ હાજરી આપી હતી. મોરારજીભાઈએ ખેડૂતોને ઉપયોગી એવું પ્રવચન કર્યું હતું. બહેનોએ જે ઘૂમટો કાઢીને બેઠી હતી તેમની સખત ઝાટકણી કાઢી. અને બળવાન થવા કહ્યું. દશ વાગ્યા પછી મોરારજીભાઈ મેલ પકડવા રવાના થયા હતા. સભામાં ઠરાવો પસાર થયા પછી મહારાજશ્રીના પ્રવચન બાદ સભા પૂરી થઈ હતી. એસ.ટી. બસ સેવાએ પોતાની સર્વિસ ધંધૂકાથી પૂરી પાડી હતી.

**તા. ૨૭-૫-૧૯૫૨ : ધોળી**

ખડોલથી નીકળી ધોળી આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો કેશુભાઈને ત્યાં રાખ્યો હતો. તળાવ ખોદાણ થતું હતું ત્યાં જોવા ગયા આખા તળાવમાં વીરડાઓ ગાળ્યા છે. અને દરેક વીરડે એક એક ખાટલો અને ચોકીદાર જોયો. પાણીની કેટલી કિંમત છે તે આ ઉપરથી સમજાય છે. અહીંના આગેવાન કેશુભાઈ કાળુભાઈ પટેલ છે.

**તા. ૨૮-૫-૧૯૫૨ : કમાલપુર**

ધોળીથી નીકળી કમાલપુર આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. અહીંનું તળાવ ખોદાણ સારી રીતે ચાલે છે. ગૂંદી સંસ્થા તરફથી આ ખોદાણકામ ચાલે છે. આગેવાનો સગરામજી રાણા તથા પ્રતાપસંગભાઈ છે.

**તા. ૨૯,૩૦-૫-૧૯૫૨ : બરોલ**

કમાલપુરથી નીકળી બરોલ આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો પાનાચંદભાઈને ત્યાં રાખ્યો હતો. રાત્રિસભામાં જમીનની વહેંચણી વિશે ચર્ચા કરી. આગેવાનોમાં પાનાચંદ ત્રિકમલાલ, બાબુભાઈ જીવરાજ મોહબતસંગ કાળુભાઈ ઝાલા.

**તા. ૩૧-૫-૧૯૫૨ : ઝનસાળી**

બરોલથી નીકળી ઝનસાળી આવ્યા. અંતર ચાર માઈલ હશે. અહીં થોડું રોકાઈને મીઠાપુર આવ્યા. અંતર બે માઈલ હશે ઉતારો ચોરામાં રાખ્યો હતો.

**તા. ૧-૬-૧૯૫૨ થી ૭-૬-૧૯૫૨ : (એક સપ્તાહનું રોકાણ) શિયાળ**

મીઠાપુરથી નીકળી શિયાળ આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો કસ્ટમના બંગલામાં સર્વોદય કેન્દ્રમાં રાખ્યો હતો. આ વખતે આવવાનું મુખ્ય કારણ કપાસિયાની ઘટ પ્રકરણ અંગે થયું હતું. ૧૦૩ મણ કપાસિયા ખેડૂતમંડળની દુકાનમાં ઘટતા હતા. ગુનેગાર કોણ એ પકડાતો નહોતો. એટલે એ શોધી કાઢવા માટે મહારાજશ્રી ઉપવાસ કરવા તૈયાર થતા હતા. મંડળીના કાર્યકર્તા (હરિપ્રસાદ) ગુનેગાર જણાયા હતા. એક ઉપવાસ થયો મહારાજશ્રીની સાથે કાર્યકરો અને ગામના થોડા ભાઈઓ પણ ઉપવાસમાં જોડાયા હતા. રાત્રે પેલા કાર્યકરભાઈ મળવા આવ્યા. અને સાડી અઠ્ઠાવીસ મણની ભૂલ કબૂલ કરી. એમને જામીન લાવવાનું કહ્યું હતું. પણ તેઓ લાવી શક્યા નહિ. મહારાજશ્રીએ તેમને મીઠો ઠપકો આપ્યો. અને ખૂબ દુઃખ વ્યક્ત કર્યું. ગામ લોકોને પણ પોતાની ફરજ સમજાવી.

**તા. ૮-૬-૧૯૫૨ : બગોદરા**

આમ શિયાળમાં અઠવાડિયું રોકાઈ મુખ્ય પ્રશ્ન પતાવી શિયાળથી નીકળી બગોદરા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો.

### તા. ૯ થી ૧૧-૬-૧૯૫૨ : ગૂંદી

બગોદરાથી ગૂંદી આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો મહાદેવમાં રાખ્યો. તા. ૧૧મીએ સાંજના ગ્રામપંચાયત અંગે દોરવણી આપવા ગામમાં ગયા હતા. રાત્રે સરકાર તરફથી ચાલતી સર્વોદય નાટ્ય કળાએ પોતાનું નાટક રજૂ કર્યું હતું. આ નાટક દોઢલાખ રૂપિયાના ખર્ચે ચાલે છે. પોતાના જ બધાં સાધનો રાખે છે. ગામડાનાં લોકોને પ્રસંગો દ્વારા, પ્રયોગો દ્વારા અને સંગીત દ્વારા સંસ્કાર મળે એ રીતે તેમને પ્રયોગ કર્યા. હરિજન કાયદો, કૉંગ્રેસ, ખેડૂતોના પ્રશ્નો વગેરે ચર્ચાયા હતા. લોકગીતો, નૃત્યો, વગેરે બતાવ્યું હતું.

અહીં રેલવે ટ્રોલી લૂંટાયેલી તેના અંગે આપણે શું કરવું એ અંગે વિચારણા થઈ, ઘણી ચર્ચા ચાલી. આજની કોટીનું કામકાજ અને પોલીસ ખાતાની કાર્યવાહી ગુનેગારને શોધી કાઢવામાં મુશ્કેલીઓ ઊભી કરે છે તે જણાયું. કોઈ એકાદ બાતમીદાર લૂંટારાને બતાવે એનો કાર્ટમાં કેસ ચાલે અને જો એ નિર્દોષ છૂટી જાય તો પછી બાતમીદારનું શું થાય ? આપણે ગુનેગારને શોધી લાવીએ પછી શું કરી શકીએ વગેરે પ્રશ્નો ચર્ચાયા હતા. વાહણ પગી વિષે વાતો થઈ. હરિભાઈ તપાસ કરવા હડાળા જઈ આવ્યા. પણ વાહણ દોષિત દેખાયો નહીં. પછી હરિભાઈ રાજકોટ રસિકભાઈ પરીખને મળી આવ્યા, એમણે હૈયાધારણ આપી.

### તા. ૧૨-૬-૧૯૫૨ : બરોલ

ગૂંદીથી નીકળી બરોલ આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો પાનાચંદભાઈને ત્યાં રાખ્યો હતો. ટ્રોલીલૂંટ અંગે કેટલીક વાતો થઈ.

### તા. ૧૩-૬-૧૯૫૨ : વખતપુર

બરોલથી નીકળી વખતપુર આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો મથુર પથાને ત્યાં રાખ્યો હતો. ધોળીવાળા ભાઈઓ આવ્યા હતા. વાહણપગી અને જશુભા પણ ટ્રોલી લૂંટ અંગે તપાસ કરવા જતા હતા. તેઓ મહારાજશ્રી સાથે વાતો કરવા અહીં આવ્યા હતા.

### તા. ૧૪-૬-૧૯૫૨ : ખડોલ

વખતપુરથી નીકળી ખડોલ આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો.

**તા. ૧૫ થી ૧૮-૬-૧૯૫૨ : ધંધૂકા**

ખડોલથી નીકળી ધંધૂકા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો ગાંધીહાટમાં રાખ્યો હતો. લોકો સ્વાગત માટે આવેલાં પણ અમે બીજે રસ્તેથી આવ્યા એટલે મળી શક્યા નહિ.

તા. ૧૬મીએ ચારેય તાલુકાનું પુનર્રચનામંડળ અંગે વિચારણા કરવા ચારેય તાલુકાના ધારાસભ્યોને બોલાવ્યા હતા. ઠીક ઠીક ચર્ચા વિચારણા થઈ. શાંતિભાઈ પટેલ, માણેકલાલભાઈ, કુરેશીભાઈ અને મગનભાઈ પટેલ આવ્યા હતા. છોટુભાઈ, ફૂલજીભાઈ પણ આવેલ હતા. બધાંએ ચર્ચા કર્યો, પછી એમ નક્કી કર્યું કે, આયોજનનું કામ ચાલુ કરવું. પણ બહુ ઉતાવળ ના કરવી. બીજી પણ કેટલીક વાતો કરી.

બીજે દિવસે આગેવાન ખેડૂતોને બોલાવ્યા હતા. તેમને પુનર્રચના મંડળ વિષે મહારાજશ્રીએ ખ્યાલ આપ્યો હતો. પછી ખેડૂતમંડળ ધંધૂકાની સ્થાપના કરી. ત્યારબાદ સહકારી જિનિંગપ્રેસ (કપાસ લોઢવા માટેનું) ઊભું કરવા વિષે ચર્ચા કરી. ખેડૂતોએ નક્કી કર્યું કે, જિન તો કરવું જ છે તેનો શેર કેટલો રાખવો તથા જમીન કેટલી અને ક્યાં રાખવી આ બધાનો વિચાર કરવા એક કમિટિ નીમવી એમ નક્કી કર્યું. તે કમિટિના કેટલાક નામ લખાયાં. બે લાખનું ભંડોળ કરવું. અને ઓછામાં ઓછા રૂપિયા દસનો એક શેર રખાય તો સારું એવી ભલામણ થઈ. એકરાત્રે વેપારીઓને પુનર્રચના મંડળનો વિચાર કરવા બોલાવ્યા હતા. તેમની પાસે સહકારની માંગણી કરી. તા. ૧૬-૬-૧૯૫૨ ના રોજ વિદ્યાર્થી મંડળની સ્થાપના થઈ. પ્રથમ એમના કાર્યકર્તાઓએ મંડળ સ્થાપવાનો હેતુ જણાવ્યો. કુરેશીભાઈએ ચૂંટણીમાં વિદ્યાર્થીઓ સાથે થયેલો સંપર્ક વર્ણવી બતાવ્યો હતો.

મહારાજશ્રીએ જણાવ્યું કે, વિદ્યાર્થીબંધુઓ, તમારા મંડળની શરૂઆત થાય છે. કુરેશીભાઈએ ઘણી વાતો કરી છે. બે પાયાની વાત : અમારું સંગઠન કઈ દિશા તરફ જાય, એ અને તમે જે કંઈ અભ્યાસ કરો એનો ખ્યાલ રહે તે.

આજે દેશની અંદર જુદા જુદા અનેક સંગઠનો થાય છે. અને એ તૂટી

પડે છે. એકથી બે ભલા, ઝાઝા હાથ રળિયામણા સાથે મળીને કામ કરીએ તો શક્તિ વધવાની છે. એ રીતે તમે વેરવિખેર છો. એ બધાં એકત્રિત થઈને સમાજ માટે કંઈ કામ કરો દેશનો પ્રશ્ન આવે ત્યારે પણ કામ આપો. એ માટે સંગઠન જરૂરી છે. પણ એની પાછળ કોઈ યોગ્ય માણસની દોરવણી નહિ રહે તો અને તમારામાંથી કોઈ સારા નેતા પેદા નહિ કરો, તો એ સંગઠન આપણને પાછા પાડશે. દેશની એક શક્તિ છે તેને હું અહિંસા નામ આપીશ. બાપુજીએ એ પડેલી વાતને ઉપર લાવીને આપણને આપી છે. પોતે ઘસાઈને બીજાને કંઈક આપવું આ વાત ધ્યાનમાં રાખશો તો, બધા પ્રશ્નોનો નિકાલ આવી જશે. કહેવાય છે ખરું કે, અમારું સંગઠન બધા વાદોથી પર છે. પણ અંદર તપાસ કરજો. કોઈ ને કોઈ તત્ત્વ પડ્યું હશે. કેટલાક સામ્યવાદી, કેટલાક સમાજવાદી, કેટલાક કૉંગ્રેસવાદી હશે.

કારોબારીમાં જેની બહુમતી તેની દોરવણી ચાલવાની. સત્ય, અહિંસાનો ધ્રુવ કાંટો હશે તો વાંધો નહિ આવે. આ વાત કાર્યકરોએ ધ્યાન રાખવાની છે. વિદ્યાર્થી તો કોરા કાગળ જેવા છે. ધારશો તેવું ચિત્ર દોરી શકશો. એટલે તમારી મર્યાદા જાળવીને શક્તિ મુજબ રચનાત્મક પ્રવૃત્તિઓ તરફ તમારી શક્તિ વાપરશો.

અભ્યાસ માટેનો પાયો બ્રહ્મચર્ય ઉપર છે, તમારી જનનેન્દ્રિય ઉપર કેટલો કાબૂ છે તેના ઉપર તમારા અભ્યાસનો આધાર છે. ભીંત ઉપરના ફોટા, ચિત્રો વગેરે ઉપર તમારી આંખ કેટલી ઠરે છે એવા બીભત્સચિત્રો તમને ગમે છે કે એને ભૂંસી નાંખવા તે ગમે છે ? અભ્યાસ કયે સ્થળે ચાલે છે તે પણ એક પ્રશ્ન છે. કેવા શિક્ષકો ભણાવે છે, કયા વાતાવરણમાં ભણાવે છે, કેવું શિક્ષણ આપે છે, તે પણ શિક્ષણ ઉપર આધાર રાખે છે.

એક યુગ એવો હતો કે, કલમમાંથી શસ્ત્રો, ઉપર ગયો. ક્ષત્રિય વર્ગ ઊભો થયો. લડાઈથી જ ખોરાક મેળવતો લડાઈથી પ્રતિષ્ઠા મેળવવી વગેરે. પછી કલમયુગ આવ્યો. તેમાંથી બુદ્ધિવાદ પેદા થયો. બુદ્ધિવાદથી મૂડીવાદ પેદા થયો હવે કલમમાંથી કોદાળી તરફ જવું પડશે. માત્ર નકશો જોવાથી નદી નહિ દેખાય, કે ગામ નહિ જોવાય પ્રત્યક્ષ અનુભવ કરવો પડવાનો ગ્રામ વિદ્યાપીઠો હવે વધારવી પડશે. વાલીઓને સમજાવા પડશે.

ગામડાને પ્યારું ગણશો તો આપણો ઉદ્ધાર થવાનો છે. ૩૫ કરોડની વસ્તીનો મોટો ભાગ ગામડામાં છે. એટલે મોટામાં મોટી વિદ્યાપીઠ ગામડામાં હોવી જોઈએ. નંદનો લાલ ગાયો ચારતા. ગામડામાંથી ઘી, દૂધ, દહીં શહેરમાં ચાલ્યું ન જાય તેની ચોકી રાખતા આ બધાંનો ભાવાર્થ આપણે સમજવાનો છે. વિરમગામના વિદ્યાર્થીઓએ એ ગંધ મારતા તળાવને સુંદર બનાવ્યું. પછી તો ગામે સાથ આપ્યો. ગંદકીનું ધામ હતું. ૪૦૦ માણસો સફાઈ માટે નીકળતા, સ્ત્રીઓ પુરુષો, વકીલો, ડૉક્ટરો બધાં જ આવતાં. મેલેરિયા થયો છે. અહીં પણ તમે એવું શ્રમનું કામ કરી શકો. ખેતરમાં ભલે ના થઈ શકે, પણ સફાઈ રસ્તા ખોદાણ એવું એવું કરી શકશો. ડબકામાં હમણાં શ્રમયજ્ઞ થઈ ગયો. પણ હવે એ ફેશન ના થઈ પડવી જોઈએ. ત્યાં કામ કરીએ અને ઘેર આવીએ ત્યારે પણ શેઠ ના બનીએ. દરેક કામ માટે તૈયાર અને ચપળ છીએ એવી ચેતના જાગૃત રાખીએ. અભ્યાસક્રમ અત્યારે ચાલે છે. તેમાંથી અભ્યાસ ના છૂટી શકે એવી વાત છે. છતાં વિચાર તો રાખવો જોઈએ. એ ક્રમ પણ તમારે સ્થિતિ પ્રમાણે બરાબર તૈયાર કરવો જોઈશે. કારણ કે તમારા વાલીઓ એવી આશા રાખશે. વિદ્યાર્થીઓએ બધાં જ કામથી નિપૂણ રહેવું જોઈએ. કોઈ કામમાં શરમ ના હોવી જોઈએ. તમારી પેઢી ભવિષ્યની ઈમારત છે. બીજા દેશો સારા છે. અને અમે નબળા છીએ એ ખ્યાલ કાઢી નાખજો. પણ એમાંથી જે સારું છે તે લેવામાં વાંધો નથી. બીજાનો બોજો વધારીએ નહિ. પણ બીજાનો બોજો ઓછો કરીએ. એવું શિક્ષણ તમે લેજો. એ શક્તિ ઈશ્વર સિવાય બીજો કોઈ ના આપી શકે. આપણે બધાં તો નિમિત્ત છીએ.

**તા. ૧૯,૨૦-૬-૧૯૫૨ : તગડી**

ધંધૂકાથી નીકળી તગડી આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રસ્તે આવતાં સખત પવન સાથે વરસાદ પડ્યો. એટલે બધાંના કપડાં ભીંજાયાં હતા.

રાત્રે ભલગામડાના ખેડૂતોને બોલાવ્યા છે. તેમની સાથે સહકારી જિન, ખેડૂતમંડળ અને આયોજન સંબંધી વાતો કરી.

ગામના લોકો સાથે દિવસના વાતો કરી. તેમને બી અને ખેતરમાં જમીનપાળા અને તગાવીની જરૂર અંગે ચર્ચા થઈ.

**તા. ૨૧-૬-૧૯૫૨ : પીપળ**

તગડીથી નીકળી પીપળ આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો દરબારની ડેલીએ રાખ્યો હતો. ગામનાં સ્ત્રી, પુરુષોએ સુંદર સ્વાગત કર્યું. રાત્રે ખેડૂતમંડળ અને ગામડાના પ્રશ્નો અંગે ચર્ચા થઈ.

**તા. ૨૨-૬-૧૯૫૨ : ઊંચડી**

પીપળથી નીકળી ઊંચડી આવ્યા. અંતર એકાદ માઈલ હશે. લોકો સાથે વાતો કરી. ત્યાંથી નીકળી ચંદરવા આવ્યા. અંતર બે માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો.

થોડા વખત પર અહીં એક કિસ્સો બનેલો, વિગત એવી છે, કે એક રજપૂતે એક કોળી બાઈ ઉપર બળાત્કાર કરવાનો પ્રયત્ન કરેલો. એ ભાઈએ અગાઉ પણ એક બે વાર આવા બળાત્કારો કરેલા. એક કિસ્સામાં તો ગામે એના સો રૂપિયા દંડ કરેલો.

આ કિસ્સામાં ભોગ બનેલી બાઈ, એનો ધણી, એનો સસરો મહારાજશ્રીને મળવા આવ્યા હતા. આ કેસ માટે ગામ આગેવાનોને ભેગા કર્યા. પ્રથમ આખી માહિતી મેળવવા પ્રયત્નો કર્યા પણ સ્પષ્ટ તો કોઈ કહેતું નહોતું. પણ એટલું કહ્યું ગૂનો તો કર્યો હશે. મહારાજશ્રીએ બહુ કડક શબ્દમાં ગામને ઠપકો આપ્યો કે ગામે આ ગૂના માટે કર્યું શું ? જો બધાં બીતા જ ફરશે તો બેન, બેટીની આબરૂ સલામત કેવી રીતે રહેશે. આજે એનો વારો છે. તો કાલે તમારો વારો આવશે. કાયર માણસો માટે જીવવાનો અધિકાર નથી. કારણ કે એ કાયરતાનો બીજાને ચેપ લગાડે છે. આ પછી ગામ આગેવાનો વિચાર કરવા ભેગા થયા. અને પંચ નીમી તેનો નિકાલ કર્યો. લખાણમાં લખ્યું હતું કે ચંદરવા તા. ૨૨-૬-૧૯૫૨ના રોજ તા. ૧૩-૬-૧૯૫૨ની રાત્રે જે પ્રસંગ બનેલો તે પ્રશ્ન સંબંધમાં મહારાજશ્રીની હાજરીમાં એમ નક્કી કરવામાં આવ્યું કે ગામના પાંચ માણસો અને બહારના એક ભાઈ મળીને જે કંઈ ફેંસલો આપે તે કબૂલ રાખે તેમ બંને પક્ષ કબૂલ થતાં આ નીચે સહીઓ લેવામાં આવી છે.

**તા. ૨૩-૬-૧૯૫૨ : જાળીલા**

ચંદરવાથી નીકળી જાળીલા આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. લોકો એકઠા થયા. તેમની સાથે ચાલુ પ્રશ્નોની ચર્ચા કરી.

અહીંના તલાટી, લાંચ વધારે લેતા હતા. તેમની ફરિયાદ આવી એટલે તલાટીને બોલાવ્યા. તેમણે ભૂલ કબૂલ કરી કહ્યું કે લોકો ખુશીથી કપાસિયા આપે છે તે લઉં છું. મહારાજશ્રીએ સમજાવ્યું કે, લોકો ખુશીથી આપે તો પણ ન લેવું જોઈએ. કારણ કે એ આપવા પાછળ એમની બીજી જ દૃષ્ટિ હોય છે.

**તા. ૨૩-૬-૧૯૫૨ : બગડ**

જાળીલાથી નીકળી સાંજના બગડ આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ.

**તા. ૨૪-૬-૧૯૫૨ : ખસ**

બગડથી નીકળી ખસ આવ્યા. અંતર દોઢ માઈલ હશે. ખસમાં ચાતુર્માસ ગાળવાનો હોવાથી ગામ લોકો દૂર સુધી સામે આવ્યા હતા. બરાબર દસ વાગે ખસ સ્ટેશન ઉપર આવ્યા રસ્તામાં બાળકો અને મોટેરાઓનાં ટોળાં સામે સ્વાગત માટે આવતાં જતાં હતાં. આગળ ઘોડેસ્વારો, ત્રિરંગી ધ્વજ લઈને ચાલતા હતા. સ્ત્રી, પુરુષો, હરિજનો વગેરે સૌ મોટી સંખ્યામાં એકત્ર થયાં. પછી સૌ સરઘસ આકારે ગોઠવાઈ ગયાં. સૌથી આગળ ઢોલ તાંસાં હતાં. પછી ઘોડેસવાર, અને પછી ભાઈ બહેનો ભજન ધૂન ગીતો ગાતાં ગાતાં ગામનાં મુખ્ય લત્તામાં ફરીને એક ચોકમાં સભાના રૂપમાં ગોઠવાઈ ગયાં. ત્યાં મહારાજશ્રીએ પ્રાસંગિક પ્રવચન કર્યું. ગામના પ્રેમભર્યા સ્વાગતનો ઉલ્લેખ કર્યો. અને ભાવિ કાર્યક્રમનો ખ્યાલ આપી જણાવ્યું કે ચાતુર્માસમાં મુખ્ય પ્રવૃત્તિ ગુજરાત વ્યાપી ખેડૂતમંડળના પ્રયત્નો અને ચાર તાલુકાનું પુનર્રચના મંડળ એમ બે મુખ્ય પ્રશ્ન તાત્કાલિક લેવાના છે.

સાંજના ચાર વાગે, બે વણિકભાઈઓને, તકરાર થઈ. નાના છોકરાની બાબતમાં તકરાર હતી. એક ભાઈ ફરિયાદ લઈ આવ્યા. છોટુભાઈએ

બીજા ભાઈને બોલાવ્યા. મહારાજશ્રીએ બંનેને સમજાવ્યા. શાંતિ કરાવી.

**તા. ૨૬-૬-૧૯૫૨**

મીરાંબહેનની ઈચ્છા કોઈ બહેનો તૈયાર થાય તો તેમને ભણાવવાની હતી. એટલે છોટુભાઈ સાથે અમે ગામમાં ફર્યા. કેટલાક બહેનો ભણવા તૈયાર થયાં. પણ મોટી ઉંમરને કારણે શરમ આવતી હતી એટલે મનુભાઈને ઘેર ભણાવવાનું નક્કી કર્યું.

નાનચંદભાઈને ગાયોની કરુણ સ્થિતિ જોઈને ઉપવાસ કરવાના વિચારો આવતા હતા. એટલે તેમને તાર કરી બોલાવ્યા હતા. મહારાજશ્રીએ તેમને આખી સ્થિતિનો ખ્યાલ આપ્યો. હાલ તુરત ઉપવાસ ન કરવા પણ ઈચ્છા થતી હોય તો અઠવાડિયું દૂધ ઉપર રહેવું એમ કહ્યું. અને ઘાસ તેમજ ગરીબ જનતા માટે બને તેટલું કરી છૂટવું. હવે બજેટની ચિંતા ન કરવી. પણ આપણી શક્તિ મુજબ કામ કરવું. ઘાસ વધારે મળે તેવા પ્રયત્નો કરવા. એમ કહી સમાધાન આપ્યું. રાત્રે જાહેરસભા થઈ. પ્રાર્થના બાદ ભૂરીબાઈની કથા કહી હતી. સાસુ વહુને રોજ ઝઘડા થાય. આડોશીપાડોશી બંનેને ચઢાવે. વહુ કંટાળી ગઈ હતી. નાનચંદજી મહારાજ થાન આવેલાં ત્યારે આ બાઈ તેમની પાસે ગઈ કહ્યું કે, મને વશીકરણ મંત્ર આપો કે જેથી મારી સાસુ વશ થાય. મહારાજે કહ્યું, સાસુ એકવીસવાર ગાળ બોલે. ત્યાં સુધી મૌન પાળવું. એની ચરી પાળવી પડશે. બાઈએ એમ કર્યું. અને કજિયો મટી ગયો. બંનેએ પોતપોતાનું સંશોધન કર્યું. અને એટલો બધો પ્રેમ બંધાયો કે, સાસુ, વહુને એક મિનિટ પણ છૂટી ન મૂકે. લોકો દાખલો આપવા લાગ્યા કે, સાસુ વહુનો પ્રેમ જોવો હોઈ તો જાઓ ભૂરીને ત્યાં.

આજે રાતળાવના બે ભાઈઓ આવ્યા. તેમના બે બળદ ચોરાયા છે. અને તે અહીં ખસમાં છે. એવી ભાળ મળેલી. મહારાજશ્રીએ આગેવાનને વાત કરી. તપાસ કરાવી. બળદ રાખનાર ધણીએ કબૂલ કર્યું.

બનેલું એવું કે આ બળદો અહીંનો એક ભંગી જે દલાલી કરે છે એણે અહીંના વાઘરી પાસેથી અપાવેલો. એ વાઘરી, ચંદરવાનો વાઘરી જે બળદ લાવેલો એના ઓળખાણ ખાતર અહીંનો વાઘરી સાથે આવેલો આ બંને વાઘરી મુંબઈ છે. મહારાજશ્રીએ કહ્યું કે, ઘર મેળે સમાધાન કરવું

હોય તો કરો, પણ ગુનેગાર નહિ પકડી શકાય. વળી પૈસા કોણ આપે. એટલે ફરિયાદ જ કરવી પડે.

એ લોકો તો પૈસા આપવા તૈયાર નહોતા. ગામ લોકોએ કહ્યું કે બળદ લેનારામાંથી એક તો તદ્દન ગરીબ છે. અડધા પૈસા તમે આપો. ગુનેગારો પકડાયા પછી તેમની પાસેથી પાછા લેવા. અને બંનેએ અડધા અડધા લઈ લીધા.

એક રૂપિયાના સ્ટેમ્પ ઉપર લખાણ કરીને બળદ મૂળ ધણીને પાછા સોંપ્યા.

**તા. ૨૭-૬-૧૯૫૨**

આજે સુરાભાઈ, ભલાભાઈ, ખેતાભાઈ અને ભવાનભાઈ વગેરે આવ્યા. એમણે ખાનદેશના ઢોરનો ખ્યાલ આપ્યો. સુરાભાઈએ મામલતદાર સાથે થયેલી વાતોનો સાર કહ્યો. ખાનદેશથી આવતી ગાયો માટે ઘાસનું શું કરવું ? તો કહે ધોલેરામાં ૫૦૦ ગાંસડી છે. ધંધૂકામાં ૨૦૦ છે. તેને એ ઢોર માટે રાખી છે. તા. ૩૦ સુધીનું આપીશું. નાનચંદભાઈ બૂમો પાડે છે. છાપાંમાં છપાવે છે. તે બધું એમની ગાયોના છ મહિનાના ઘાસ માટે કરે છે વગેરે કહ્યું. જોકે મામલતદાર સાહેબે જે ઘાસ રાખ્યું છે. તે ૧૨,૦૦૦ ગાયોને ચારથી પાંચ દિવસ ચાલે તેટલું હતું. વળી ખેડૂત અને ઊભડને આપવાનું જુદું.

પછી સુરાભાઈ સાથે એમ વિચાર્યું કે, જે ઢોર ખાનદેશથી આવે છે, તેની જવાબદારી સરકારે લેવી જોઈએ. એટલાં માટે સંઘ પાસે મુંબઈ જવાનું વિચાર્યું. ઊભડ માટે જળસહાયક સમિતિને ઉચ્ચક ગ્રાન્ટ આપે તો કામ ચાલુ રાખી શકાય. તે માટે પુરવઠા પ્રધાનને મળવું એમ પણ ઠરાવ્યું.

વિરમગામ વિભાગ માટે ૧૦૦૦ રૂ. ઘાસ લેવા આપવા અને ગોપાલક મંડળ એની વ્યવસ્થા કરે. ઘાસમાં ૫૦ ટકા સબસીડી આપવી. અને તદ્દન નિરાધાર લાગે તેવાઓને મફત આપવું. એમ ઠરાવ્યું. ભલાભાઈ બહારથી ઢોર આવે એની વ્યવસ્થા રાખે. અમલદારોને મળે. સુરાભાઈ ધોલેરાવાળા સાથે મળીને છારોડીથી ૧૦૦૦ ગાંસડી ઘાસ મેળવવાની વ્યવસ્થા કરે. અને ચરે તેટલાંની ગેરંટી કરે. રાત્રે ચંપકભાઈ પૂજારા આવેલા. તેમને સાથે મોકલ્યા.

**તા. ૨૮-૬-૧૯૫૨**

આજે લોકસત્તાના તંત્રી પ્રહ્‌લાદ બ્રહ્મભટ્ટ મળવા આવ્યા. તેમને આનાવારી, દુષ્કાળ અને ઘાસ વગેરેની પરિસ્થિતિ સમજવી હતી. તેમને કાગળો, ફાઈલ વગેરે વાંચવા આપ્યું અને મોઢેથી પણ હકીકત સમજાવી. સાંજના આગેવાનો સાથે સીમ જોવા ગયા, લગભગ ૬,૭ કૂવા જોયા. બધા જ ખાલી હતા. ફક્ત એક કૂવે કોસ દ્વારા થોડું થોડું પાણી કાઢતા હતા. એ ખેતરવાળાને પૂછ્યું, તો ૩૦ વીઘા જમીનમાં વાવેતર કર્યું હતું તેમાંથી કપાસ કર્યો. ૧૨ મણ કાલાં થયાં. અને ૧૫ વીઘામાંથી ૨૦ મણ ઘઉં થયાં. આ પ્રત્યક્ષ જોતાં, સમજતાં લાગ્યું કે આનાવારી ખરેખર ખોટી હતી.

**તા. ૨૯-૬-૧૯૫૨**

પ્રહ્‌લાદભાઈ સવારના આગેવાનો સાથે અળૌ અને રેફડા એમ બે ગામોમાં આનાવારી અંગે જઈ આવ્યા. તળાવ ખોદાણ પણ જોયું.

બપોરના પ્રહ્‌લાદભાઈ મણિભાઈ સાથે ધોલેરા વિભાગમાં ઘાસ અને મજૂરોની સ્થિતિ રૂબરૂ જોવા ગયા. ત્યાંથી મોટરમાં ધોલેરા, ખૂણ, રાતળાવ અને માધવપુરા એમ ચાર ગામ ફર્યા.તેમની સ્થિતિ જોઈ, ઘાસની તંગી ઘણી છે.

**તા. ૪-૭-૧૯૫૨**

આજે બપોરના અમદાવાદથી શેઠશ્રી વાડીભાઈ જમનાદાસ અને સોલાપુરના કૃષ્ણદાસજી મહારાજશ્રીને મળવા આવ્યા.

**તા. ૬-૭-૧૯૫૨**

આજથી મહારાજશ્રીએ વરસાદ વરસે તે માટે ત્રણ દિવસ સુધી ઉપવાસ શરૂ કર્યા. જૈન પરિભાષામાં આને નિયાણું કહે છે. રાત્રે જાહેરસભા થઈ. જો બે ઈંચ વરસાદ વરસે તો પારણાં કરવામાં વાંધો નથી. એમ જણાવ્યું. ગામલોકોએ સહાનુભૂતિમાં અણોજો પાળ્યો હતો.

જવારજથી ફૂલજીભાઈ ડાભી આવ્યા હતા. તેમની સાથે જમીન ઉપરના સરચાર્જ સંબંધી વાતો થઈ. ઈનામદારો અને જમીનદારોને ટેક્ષ નથી

આવતો. તે આવે તો બીજા ઉપર ટેક્ષ નાખવાની જરૂર જ ના રહે. એ મુદ્દો તેમણે કહ્યો.

**તા. ૮-૭-૧૯૫૨**

આજે પણ અનાજ નહીં હોવાથી એક મોટું ટોળું મહારાજશ્રી પાસે આવ્યું અને ફરિયાદ કરી કે આ માટે શું કરવું ? ગઈકાલના ભૂખ્યા છીએ અને આજે પણ અનાજ નથી. ચાર ગાઉનો ફેરો પડશે, અને અનાજ બીજેથી મળતું નથી. આ ઉપરથી ગામના આગેવાનો અને દુકાનદારોને બોલાવ્યા. દુકાનદારોએ કહ્યું કે ગઈ તા. ૬-૭-૧૯૫૨ ના રોજ ચલન ભરેલું છે. તેનું ૧૪૦ ગૂણી અનાજ આવ્યું નથી. ગાડાં રસ્તે લવાય નહિ. સરકારી કૉંટ્રેક્ટરના ખટારા મારફત લવાય. આ માટે ત્રણ ચાર વાર મામલતદારને રિપોર્ટ કર્યો. પણ અનાજ આવ્યું નથી. હું શું કરું ? આજે ગાડાં મોકલું છું.

ગાડામાં સાંજે અનાજ આવે અને લોકોને મળે. ભલે ધક્કો ખાવો પડે. એટલે રાણપુરના મનોરભાઈ અને વાડીભાઈને પત્ર લખી તાબડતોબ ખટારા મારફતે અનાજ મોકલવા એક માણસને ચિઠ્ઠી લઈને મોકલ્યો. અને રાણપુરથી વાડીભાઈ ત્રણ ખટારા લઈને અનાજ નાખી ગયા. લોકોને સંતોષ થયો.

સુરાભાઈ અને કલ્યાણભાઈ રાયકા આવ્યા. તેમણે દુષ્કાળ અંગેની મુંબઈની હકીક્તો કહી.

સહકારી જિન અંગે જીવરાજભાઈએ યોજના તૈયાર થાય ત્યારે મહારાજશ્રીના પત્ર સાથે લખવા જણાવ્યું છે. તેમણે ધારાસભાની કાર્યવાહીની પણ વાતો કરી. તેમને એવી છાપ પડી છે કે, માસ્તર આગળ નિશાળિયો હોય, એવી સ્થિતિ ધારાસભ્યોની છે. કોઈ બોલી શકતું નથી. કાર્યવાહી મરાઠી અને અંગ્રેજીમાં ચાલે. એટલે કેટલાક તો સમજી પણ શકતા નથી. એટલે રચનાત્મક કાર્યકરોને આપણે ધારાસભામાં મોકલી તેમને ખોયા જેવું લાગે છે.

ઉપવાસનો આજે બીજો દિવસ હતો. બપોરના એકાએક વાદળ ઘેરાયાં. મોટું વાવાઝોડું આવ્યું. અને વરસાદ પડવો શરૂ થઈ ગયો. અમે બારીએ

રહીને જોયું તો દૂરથી પુષ્કળ વરસાદ પડતો લાગતો હતો. હમણાં જ અહીં તૂટી પડશે. અને મહારાજશ્રીનાં સાંજના પારણાં થશે. એવી આશાએ મીરાંબહેન અને સૌ આનંદથી કૂદવા લાગ્યાં પણ આશા નિષ્ફળ ગઈ. ઊલટું પવનથી આકાશ ચોખ્ખું થઈ ગયું.

**તા. ૯-૭-૧૯૫૨**

આજે મહારાજશ્રીનું પારણું હતું. પણ માથું દુ:ખતું હતું. થોડીવાર પછી એક સારી ઊલટી થઈ ગઈ.

આજે ચાચરિયાના કેટલાક ખેડૂતો આવેલા. એમને તગાવીની બાજરીની જરૂર હતી, પણ દુકાનદારને ગઈકાલના ધસારાને લીધે રાત્રે મોડાસુધી કામ ચાલેલું. એટલે બીજે દિવસે આવવા કહેલું. એટલે એ લોકો મહારાજશ્રી પાસે આવ્યા. આ ઉપરથી મનુભાઈને બોલાવી બાજરી અપાવી.

**તા. ૧૦-૭-૧૯૫૨**

આજે ગોધાવટાના કેટલાક ખેડૂતો આવ્યા. તેમણે કહ્યું, અમારા બળદની તગાવી મંજૂર થઈ છે. અને ગ્રાન્ટ પણ આવી છે. તે વહેલી મળે તે માટે ભલામણની જરૂર છે. તે એમને લખી આપી.

મહારાજશ્રી ગરીબોનું કામ કરે એટલે અનેક જાતના માણસો મદદ લેવા આવે. બે ભરવાડ આવ્યા. તેમને પૂછ્યું, ક્યાંથી આવ્યા છો ? કેમ આવ્યા છો ? તો કહે પીપળીયાના છીએ; ગુજરાતમાંથી ઢોર લઈને આવીએ છીએ. મેં પૂછ્યું, કેટલાં ઢોર છે ? તો કહે સીત્તેરેક છે. ત્રણ દિવસથી ભૂખ્યાં છીએ. અમે પણ ખાધું નથી. તો કંઈક ઘાસની મદદ અપાવો. એમની દયાભરી સ્થિતિ જોઈ અને કહ્યું કેટલું ઘાસ લેવું છે ? અમે રૂપિયે આઠ આના આપીશું. અમે ઘાસ અપાવવા નીકળ્યા. રસ્તામાં ભરવાડ કહે ઢોર આગળ ચાલ્યાં ગયાં છે. એટલે અમને પૈસા આપી દો. અમને લાગ્યું કે આ એમની લુચ્ચાઈ હતી.

બીજી લુચ્ચાઈ એ જાણવા મળી કે, જે ભાઈ પાસે ઘાસ અપાવવાનું હતું. તેમને પૂછ્યું; કે તમારી પાસે ઘાસ કેટલું છે ? તેણે કહ્યું એક ગાંસડી છે. એટલે હું ચમક્યો. ગાંસડી ક્યાંથી આવી ? તો જાણાયું કે એ ભાઈને

એકેય ઢોર તો નથી. ખોટું નામ આપીને રાહતમાં લઈ આવેલા. તલાટીએ પત્રકમાં નામ કેવી રીતે લખ્યું ? તે પણ ત્રીજી લુચ્ચાઈ હતી. આમ દુષ્કાળમાં માણસની નીતિમત્તા પણ ઊતરતી જોવા મળતી હોય છે.

**તા. ૧૧-૭-૧૯૫૨**

આજે સવારના ખાંભડાના મજૂર ભાઈઓ આવ્યા. એમની ફરિયાદ એ હતી, કે બેલાના ગાંડાપટેલ એ માથા ભારે છે. અમારી એક બાઈને અપમાનજનક શબ્દો બોલ્યા. અને ખોદાણ કામમાંથી કાઢી મૂકે છે. ખોદાણનું માપ બરાબર લેતા નથી. આથી અમે હેરાન થઈ ગયા છીએ. આ ઉપરથી ત્યાંના મુખ્ય માણસને મહારાજશ્રીને મળી જવા મેં પત્ર લખી આપ્યો.

**તા. ૧૩-૭-૧૯૫૨**

આજે ફેદરાથી ડાહ્યાભાઈ અને ખોડુભાઈ સહકારી મંડળી વિશે વાત કરવા આવ્યા હતા. તેમને હકીકત સમજાવી.

**તા. ૧૪-૭-૧૯૫૨**

આજે આપણા મુખ્ય કાર્યકર્તાઓ શ્રી છોટુંભાઈ, નાનચંદભાઈ, નવલભાઈ અને હરિભાઈ આવ્યા. તેમણે દુષ્કાળની પરિસ્થિતિ અંગે વાતો કરી. તાત્કાલિક કલેક્ટરશ્રીને દુષ્કાળનું રાહત કાર્ય સંભાળતા અધિકારીશ્રી સીંધને મળીને ઉકેલ કરવો. પછી શું કરવું તે વિચાર્યું.

**તા. ૧૫-૭-૧૯૫૨**

રાત્રે છોટુભાઈ, હરિભાઈ, નાનચંદભાઈ વગેરે આવ્યા. તેમણે શ્રી સીંધની મુલાકાત અંગે વાતચીત કરી. સીંધ દુષ્કાળ ખાતાના મુખ્ય અધિકારી છે. તેમણે કહ્યું કે ધોલેરામાં ખેડૂતોની એકસભા રાખી હતી. તેમાં અહીંની સ્થિતિનો ખ્યાલ આપ્યો. પછી ગોડાઉન જોવા ગયા. ત્યાં કારકુનોએ સંતોષકારક ઘાસની વહેંચણી કરી છે એવો રિપોર્ટ આપવા લાગ્યા. આટલા હજાર રતલ ઘાસ આપ્યું. એમ રતલના હિસાબમાં આંકડા આપવા લાગ્યા. પણ સામે જ કાર્યકરો હતા. એમણે તરત રદિયો આપ્યો. થોડી ટપાટપી થઈ. સાચી વાત સીંધને સમજાવી.

### તા. ૧૭-૭-૧૯૫૨

આજે ગોસેવક સંઘના આગેવાન માનસિંહભાઈ મળવા આવ્યા. એમણે ગોપાલક અને હરિજનો વિષે જે જમીનનો ઝઘડો હતો તે અંગે વાતો કરી.

ગુજરાત સમાચારના ખબરપત્રી આવ્યા. તેમની સાથે દુષ્કાળની પરિસ્થિતિ અંગે સુરાભાઈ અને નાનચંદભાઈએ વિગતે વાતો કરી.

ભાલના ૨૦ ગામોમાં લોકોને ખાવાનું નથી. તેનો તાદૃશ ચિતાર નાનચંદભાઈએ આપ્યો. એક ગામના ૬૦ માણસોએ બે દિવસથી ખોરાક લીધો નહોતો. તેમને વ્યવસ્થા કરી આપી.

### તા. ૧૮-૭-૧૯૫૨

એક પ્રવચનમાં મહારાજશ્રીએ જણાવ્યું કે, આપણા ગ્રંથોમાં ધર્મની વાતો કરવામાં આવી છે. એમાં એક વાત સ્પષ્ટ લખી છે, કે માણસ ભલાઈનું કામ કરે તેને માટે અભિમાન ના કરે, અને જેની ઉપર ભલાઈ કરે એ માનવ નીચો ના પડવો જોઈએ. દયા, દાનને ધર્મ સાથે જોડવામાં આવે છે. પણ લેનાર દેનાર વચ્ચે કોઈ જાતની વિષમતા ના આવવી જોઈએ. બીજી રીતે જોઈએ તો નામ પાડવા છતાં સંગ્રહ થઈ જાય છે. તો સુપાત્રે દાન થઈ જાય. એમ કરવું જોઈએ. વિકેન્દ્રિત વ્યવસ્થા હતી. એટલે બહુ પૈસા એકત્રિત ના થાય, પણ જીભ દ્વારા પણ ઘણું કરી શકે. કારણ કે બીજાઓને ઓછી શક્તિ છે. પોતાનામાં વધારે છે. એથી ઓછાવાળાને લાઘવગ્રંથી ના બંધાય પેલાને ગૌરવગ્રંથી ના બંધાય દરેક ધર્મમાં આ જ વાત કહી છે. જિસસે ત્યાં લગી કહ્યું, જમણા હાથે આપે તો ડાબાહાથને ખબર ના પડવી જોઈએ. અને તું એવી રીતે વર્ત કે, સામા માણસને તંગી ના પડે, એટલે કહ્યું ડગલો માગે તેને પહેરણ આપી દેજે. મતલબ કે, એને માગવાનું મન ના થાય. એવી પરિસ્થિતિ ઊભી કરી દેવી જોઈએ. હૃદયની એકતાભરી લાગણી પેદા કરવી એ જ મનુષ્યનું કામ છે.

જે લોકો શહેરમાં વસે છે. કંઈક કરી છૂટવાની તમન્ના રાખે છે, એમણે સામાનું તેજ ઘટે નહિ, પોતાનું અભિમાન ના વધે તે રીતે આ દુષ્કાળમાં આપવાની જરૂર છે. વચલો ગાળો એવો આવી ગયો જેનામાં જે વસ્તુ આવી તેમાંથી ગૌરવગ્રંથી બંધાઈ ગઈ. જેને પક્ષે બુદ્ધિ હતી, તેને

અભિમાન થવા લાગ્યું. પરિણામે એવી ભાષા વાપરવા લાગ્યા કે, લોકો સમજે નહિ જે પૈસાવાળા હતા તેને એમ લાગ્યું કે, મારી પ્રતિષ્ઠા વધવી જોઈએ. હું મોટો છું, પુણ્યશાળી છું. એમ બન્યું. જ્યારે દાન કરે ત્યારે એવી કેટલીક સૂચનાઓ આપે, હિસાબો માગે, આમ કરવું જોઈએ, તેમ કરવું જોઈએ એમ બોલે, આ વૃત્તિ ખોટી છે. અનાથમાં તેજસ્વીતાની લાગણી પેદા કરવાનું મહત્ત્વનું કામ આજે છે. ભંગી લોકો માગે ત્યારે એની રીત જોવા જેવી હોય છે. સલામ કરે, લળીલળીને માગે ભાઈસાહેબ, માબાપ કહ્યાં કરે, કામ કરવાનું કહીએ તો કહે બાપા અમારાથી ન થાય. આ એક ટેવ પડી ગઈ છે. એમાંથી એને સ્વમાનભેર બેઠો કરવા માટે આપણે જાતે એ ધંધો સ્વીકારીને તેને પ્રેમપૂર્વક સાચી સમજણ આપીએ. બાળકોને કેળવણી આપીએ. એ વર્ગને તેજસ્વી બનાવવાની જરૂર છે.

મહાજન એટલા માટે કહેવાતા કે, અલ્પજનોની રજૂઆત કરીને તેનો નિકાલ કરતા. આજે મહાજનો જુદા પ્રશ્નોની રજૂઆત કરે છે. જે મહાજન થશે, તેને અલ્પજન બનવું પડશે. અને કામ કરવું પડશે. એકલી આપવાની વાતથી પણ નુકસાન થશે. માણસ એકવાર માગતો થઈ જશે પછી તે ટેવાઈ જશે. પછી એને માગતાં શરમ નહિ આવે. કામમાં દિલચોરી કરશે. એટલે ઘડતરની દૃષ્ટિએ રાહત કામ થવું જોઈએ. આપવામાં પણ ખૂબ વિવેક હોવો જોઈએ.

સંસ્થાના કાર્યકર ભાઈઓ ફંડ માટે ગયેલા ત્યારે ઘણા કડવા અનુભવો થયા હતા. કડવા ઘણા થયા, સારા પણ ઘણા થયા. એમાં કેટલાક તો એટલા ભાવથી આપે છે કે, આપણને ઘણો હર્ષ થાય. તમે સદ્‌ભાગી છો કે આવું કામ કરવાની તક મળી. મારું નામ પણ ના લખશો. નામના અધિકારી એ છે કે, જેમનું જીવન ઘણું ઊંચું હોય, આપતાં આપતાં પણ શરમ આવે. તે એમ વિચારે છે કે, આટલું થોડું આપીને મારી પ્રતિષ્ઠા વધે તેના કરતાં હું શોષણ ઓછું કેમ ન કરું ?

સૌથી પાયાનો સવાલ એ છે કે, લોકોના દિલમાં જે એક જાતની દૈન્ય વૃત્તિ આવી ગઈ છે તે કેમ દૂર થાય. એને માટે ઈશ્વરની પ્રાર્થના કરવાની છે કે બધા ઉપર દયા કરે. એવો નમ્રભાવ રાખવાનો છે.

**તા. ૧૯-૭-૧૯૫૨**

આજે પાળિયાદની જગ્યાવાળા ઉન્નડ બાપુ મહારાજશ્રીને મળવા આવ્યા હતા. સાથે ઘણા લોકો હતા. તેમની સાથે ચાલુ યુગમાં વ્યવહારમાં નીતિ, લાવવા વિશે સારી વાતો થઈ.

**તા. ૨૩-૭-૧૯૫૨**

આજે પુનર્રચના મંડળ અંગે ચાર તાલુકાના મુખ્ય, મુખ્ય ભાઈઓને બોલાવ્યા હતા. તેમાં વિરમગામથી ગોવિંદભાઈ, રામજીભાઈ, સકરચંદભાઈ, ધોળકામાંથી ઈશ્વરભાઈ અમીન, સાણંદથી બળદેવભાઈ, ચંદુભાઈ, ધંધૂકાથી પોપટલાલ ડેલીવાળા બાબુભાઈ શાહ, જમનાદાસભાઈ અને ગૂંદીથી સુરાભાઈ, હરિભાઈ ચં.શાહ, હરિભાઈ.શાહ, ઝવેરચંદભાઈ વગેરે આવ્યા હતા. તેમની સાથે પ્રથમ ભૂદાન અંગે વાતો થઈ. મહારાજશ્રીએ ભૂદાનનું રહસ્ય સમજાવ્યું. તેની સામે સભ્યોએ કેટલાક પ્રશ્નો ઊઠાવ્યા. તેમાં મુખ્ય એ હતો, કે આજે ખેડૂત ખેતી કરે છે. એ બેકાર છે. તો નવા ભૂધારકને સાધનો ક્યાંથી આપશે. જમીન તદ્દન ખાર હશે તે મળશે અસંતુષ્ટ બળો પ્રતિષ્ઠા મેળવી જશે. ખેડ હક્કના વાંધા હશે. મહારાજશ્રીએ જણાવ્યું કે, પ્રથમ તો આપણે એ નક્કી કરવું જોઈએ કે, ભૂમિદાન પ્રશ્ન આપણને ગમે છે કે નહિ ? જો આપણા ગળે એ વાત ઊતરી જાય તો પછી જમીન મેળવવી એમાં બહુ વાંધો નહિ આવે.

પાણી સિંચાઈ વિષે ક્યાં ક્યાં શક્યતા છે તે વિચાર્યુ વિરમગામમાં જે ગટરો છે તે ઉપર મોટાં તળાવ કરી સ્ટોરેજ થાય. અને ત્યાંથી ઈરિગેશન પીયત થઈ શકે. ઓવરફ્લો બોરિંગથી પહેલે વર્ષે પાક સારો થાય છે. પણ પછી જમીન પથ્થર જેવી થઈ જાય છે. એવો અનુભવ છે.

ધંધૂકા તાલુકામાં ભાદર અને ઉતાવળી નદીના પ્રવાહોને અટકાવાય. બંધ થાય તો કૂવા જીવતા થાય તેમ છે.

સાણંદ તાલુકામાં રોડ નદીનો પ્રશ્ન હાથ ધરાય નાના નાના બંધો ભરાય તો ડાંગરના પાકને ફાયદો થાય.

ધોળકામાં ફતેહવાડી નહેરના જેવી જ એક નહેર બાજુના જ એક ગામથી કાઢવા સરકાર વિચારે છે. ચૌદસો કોષનું પાણી નીકળશે. ૧૪

લાખનો ખર્ચ છે. પણ દરવર્ષે ૧૦ લાખનો ફાયદો થશે. છેવટમાં મોહનભાઈએ કહ્યું કે ગ્રામપંચાયતનો ઉપલી અધિકારી સમાજસેવા કરનાર કાર્યકર હોવો જોઈએ. જેથી આ બધા પ્રશ્નો સહેલાઈથી પતી જાય. અને બધા કરતા ચારેય તાલુકાનું પુનર્રચના કરતાં પહેલા, અમલદારોની પુનરરચના થવી જોઈએ જો અમલદારો અનુકૂળ ન હોય તો, કોઈ કામ થઈ શકવાનું નથી. ત્યારબાદ ખેડૂત મંડળ અને કૉંગ્રેસના સંબંધો વિષે ચર્ચા ચાલી હતી. કૉંગ્રેસનું બીજું સ્થાન ખેડૂત મંડળ લેશે. એમ તેમણે કહ્યું હતું.

**તા. ૨૫-૭-૧૯૫૨**

આજે ગુજરાત ભૂમિદાન સમિતિની બેઠક અહીં મળી હતી. પ્રથમ પાછળની કાર્યવાહી વાંચી સંભળાવી. પછી મહારાજશ્રીએ ભૂમિધારકનું પ્રમાણપત્ર, તેની લાયકાત અને પ્રતિષ્ઠાને માટે અપાતી જમીન વિષે કેટલાક સૂચનો ખાનગીમાં કર્યા હતા. ત્યારબાદ આ ચાર તાલકાનું કામ પ્રાયોગિક સંઘ કરશે અને નવલભાઈ પ્રમાણપત્ર આપશે. બીજા કોઈને પ્રમાણપત્ર જોઈતું હોય તો આપવું પણ સંઘની સલાહ લેવી.

ચાર તાલુકામાંથી પાંચહજાર એકર જમીન મેળવી આપવાનો વિચાર કર્યો હતો.

ગામલોકોની એવી ઈચ્છા હતી કે, એક જાહેરસભા રાખવી અને લોકોને આવેલા નેતાઓનો લાભ આપવો. એ રીતે જાહેર સભા થઈ. પ્રથમ કુરેશીભાઈએ આગેવાનોનો પરિચય કરાવ્યો. ત્યારબાદ જુગતરામભાઈ દવે, બબલભાઈ મહેતા, નારાયણ દેસાઈ, રવિશંકર મહારાજ, વગેરેનાં પ્રવચન થયાં.

સભામાં ૨૫૦ એકર જમીન દાનમાં મળી. તેની જાહેરાત થઈ. ત્યારબાદ અધૂરું રહેલ ભૂદાન સમિતિનું કામ આગળ ચાલ્યું. ભૂદાન સપ્તાહ ઉજવવાનું નક્કી થયું.

સંતબાલજીની ઇચ્છા સૌરાષ્ટ્ર, કચ્છ અને ગુજરાતમાં મળીને સવાલાખ એકર જમીન ભૂદાનમાં મેળવવાનો સંકલ્પ કરવાની હતી. પણ આપણે ગુજરાત પૂરતું વિચારીએ છીએ. એટલે છેવટે પંચોતેર હજાર એકર મેળવવી

એમ ઠરાવ્યું. મધ્યપ્રદેશ, કરતાં જમીન મેળવવામાં આ રીતે ગુજરાતમાં બીજો નંબર આવે છે. શ્રી જુગતરામભાઈની ઈચ્છા પાંચ લાખ એકરનો સંકલ્પ કરવાની હતી. પણ સંતબાલજી, દાદા અને બબલભાઈનો આગ્રહ એ થયો કે જેટલું નક્કી કરવું, તેટલું મેળવવાનો પ્રયત્ન કરવો જોઈએ. સંકલ્પમાંથી પાછા ફરવાનું થાય તે બરાબર નથી. પ્રયત્ન કરતાં, સંકલ્પ કરતાં, જમીન વધે તો સારું છે.

પ્રચાર ખર્ચ કરવામાં ભાઈ નારાયણનો આગ્રહ એ હતો કે આપણે જ પ્રયત્ન કરવો ત્યારે જુગતરામભાઈ એમ માનતા હતા કે દરેક સંસ્થા કે વ્યક્તિ પોતપોતાના પ્રદેશનું વિચારે. અને પોતે જ ખર્ચ કરે. દરેકને પોતાપણું લાગવું જોઈએ.

**તા. ૨૬-૭-૧૯૫૨**

એક પ્રવચન કરતાં મહારાજશ્રીએ જણાવ્યું કે, જે વસ્તુ માણસને પરાણે લાદવામાં આવે એ માણસ સહન કરી શકતો નથી. અથવા તેને ફેંકી દે છે. એટલે જ આપણા ઋષિ મુનિઓએ ઠરાવ્યું કે, લોકહૃદયમાં પ્રવેશ કરવા માટે, લોકોને પ્રેરણાં જાગે. અને તે જાગી જાય. એક સાધક જેના તરફ પોતાનું મન વહે છે તે સાધક એ પિતા પાસે યાચના કરે છે, કે ક્યાં પાપ મેં કર્યાં છે કે આવું થાય છે. માણસને ઊંઘ ગમે છે. આળસ ગમે છે. એ બધું હોવા છતાં તારા તરફનો પ્રેમ પળે પળે યાદ આવે છે. એ બધામાં હું એક પાત્ર તરીકે કામ કરી રહ્યો છું. તેમ છતાં મારું દિલ ચોંટતું નથી. એટલું નહિ પણ એવી પાત્રતા પણ આવતી નથી. જે બદબો છે તે ગમે છે અને સુગંધ છે, તે ગમતી નથી. ત્યારે અંતરનો અવાજ આવે છે કે, અલ્યા ! તું જે ઝંખે છે, ઈચ્છે છે, એ તો તારી પાસે છે પણ એનું શોધન કરવા તારે તારાં આવરણો દૂર કરવાં જોઈએ. જૈનસૂત્રમાં કહ્યું, માણસ ધર્મ ક્યારે કરી શકે કે જ્યારે હૃદય પવિત્ર થાય. આવરણો દૂર ક્યારે થાય કે, જ્યારે દોષો દૂર કરવાની તૈયારી થાય. મારે નિંદા કરવી જ નથી. મારા મનમાં દોષો પેસશે તો બળ કરીને કાઢી નાખીશ. જેમ શરીરમાં એક રોગ ઘર ઘાલે તો લાંબા વખત સુધી પરેજી પાળવી પડે છે. તેમ છતાં રોગ જાય ખરો અને ના પણ જાય. એવું જ આપણા શરીરમાં પડેલું છે. કેટલીય ત્રુટિઓ પડેલી છે. તેને કાઢવા છતાં જતી

નથી. ત્યારે શું કરવું ? બધી જ વાત ઈશ્વરને ચરણે ધરી દેવી, આપને શરણે આવ્યો છું. મને ઉગારો એટલે કે, પોતામાં અહંકાર પડ્યા છે. એને ઓગાળીને માણસ હળવો બની જાય છે. આજે સમાજમાં પાપોને જોવાનું બહુ ઓછું બને છે. એને પંપાળવાનું બને છે. આપણું અભિમાન એની આડે આવે છે. બીજી વાત જડ તરફનું આકર્ષણ છે. ભૂંડને ગંદી વસ્તુઓ જ ગમશે. જ્યાં આપણે નાક આડે કપડું ધરવું પડે છે, ત્યાં ભૂંડને મજા આવવાની તે ત્યાં આળોટવાનાં કારણ કે એને પોતાના મનને એવું જ ઘડી દીધું છે. આપણે પણ આપણાં મનને ઘડી દીધું છે. ફેર એટલો છે કે માણસમાં એને પારખવાની શક્તિ છે જો એ સંકલ્પ કરે તો.

સમર્પણનું બીજ પણ હૃદયની પવિત્રતા માગે છે. એટલા માટે માણસ પાસે પુરુષાર્થ પડ્યો છે. ભોજન મળે ના મળે નિંદા ટીકા થાય, તો પણ એમ માને કે, મારે તો આટલું કરવું છે તો બળ વધે છે. અને હૃદયની પવિત્રતા આવે છે.

ભગવાન મહાવીરે જ્યારે એમ વિચાર્યું કે, આ શરીરની અંદર જે પરિસ્થિતિ છે તેમાં રહીને હું કલ્યાણ કરી શકું તેના કરતાં જુદી જ પરિસ્થિતિથી હું કઈ કરી શકીશ. પણ એ સ્થિતિએ જવામાં એમને ઘણાં કષ્ટ પડ્યાં છે. કેટલીક તીવ્ર ઈચ્છા પડી હોય, ત્યારે આ બની શકે. આપણે પણ કરી શકીએ ગાંધીજીનું જ્વલંત દૃષ્ટાંત છે. નાનપણની કેટલીક કુટેવો તેમણે પ્રયત્નપૂર્વક કાઢી, હૃદયની પવિત્રતાને કારણે સમર્પણ આવતું ગયું. જ્યારે જ્યારે એ મૂંઝાયા છે ત્યારે ગીતામાંથી એમણે માર્ગ મેળવ્યો છે. જિજ્ઞાસાનાં દ્વાર ખુલ્લાં હોય તો આ સુલભ બને.

જો હૃદયમાં અશ્રદ્ધા રાખીને માણસ કામ કરે તો કોઈ દિવસ સફળ થતો નથી. માણસના દિલમાં જ્યારે પસ્તાવો થાય છે, ત્યારે તે આગળ વધે છે. ઘણાય મહાપુરુષો પસ્તાવાની ભઠ્ઠીમાં તપીને શુદ્ધ થઈને બહાર આવ્યા છે. ગાંધીજીએ નાનપણમાં નાસ્તો કરવા, હાથની કડલી કાપીને વેચી. ગાંધીજીને પસ્તાવાનો પાર ના રહ્યો. પિતાજીને ચિઠ્ઠી લખી. પિતાએ ફક્ત માથે હાથ મૂક્યો. ગાંધીજી સમજી ગયા. અંતરમાં પસ્તાવાની સગડી ધગધગી અને જીવનમાં કોઈ દિવસ ચોરી ના કરવી એમ નક્કી કર્યું.

અંતઃકરણ એમ વધારે પવિત્ર થાય. વધારે વિશુદ્ધ થાય, મળ અને

બીજી ગંદકીઓ સાફ કેમ થાય ? એ સાફ થયા પછી એવું બળ વધારાય કે, અંતઃકરણની પવિત્રતા આવે. એ પવિત્રતા આવે, એટલે સમર્પણની ભાવના આવે.

બપોરે જુગતરામભાઈ, નવલભાઈ, નારાયણ દેસાઈ, હરિવલ્લભ પરીખ અને અન્નપૂર્ણાબહેન સાથે કેટલીક ચર્ચાઓ થઈ.

**તા. ૨૯-૭-૧૯૫૨**

આજે ધંધૂકાથી મ્યુનિસિપલના કામકાજ અંગે દોરવણી લેવા ગોવિંદવલ્લભભાઈ અને હીરાભાઈ આવ્યા. આજે બપોરે મુંબઈથી ગિરધરલાલ દફતરી અને કેટલાક જૈન આગેવાનો મળવા આવ્યા હતા. તેમણે સામાજિક પ્રવૃત્તિ વિષે ઠીક ઠીક વાતો કરી.

**તા. ૩૧-૭-૧૯૫૨**

આજે ચંદરવાના કેટલાક મજૂરો અનાજ માટે આવેલા હતા. તેમને ૮૦ રતલ અનાજ આપ્યું.

ગઈકાલથી મહારાજશ્રીએ બે દિવસના ઉપવાસ કર્યા છે કારણમાં આશ્રમમાં એક ભાઈએ સ્પર્શ દોષ કરેલો. મહારાજશ્રી માને છે કે, જેની સાથે હું સંકળાયેલો શું એ સંસ્થાનો કોઈ પણ સભ્ય ભૂલ કરે તો તેમાં મારી પણ જવાબદારી છે.

**તા. ૧-૮-૧૯૫૨**

મુંબઈથી વનિતાબહેન આવ્યાં હતાં. હરિભાઈ અને જમનાદાસભાઈ આવ્યા. એમણે વેચાણવેરો અને જિન પ્રેસ અંગે માર્ગદર્શન મેળવ્યું.

**તા. ૩-૮-૧૯૫૨**

આજે ગામના હરિજનો આવ્યા હતા. તેમને મજૂરી નથી અને અનાજ નથી તે માટે અહીં વ્યવસ્થા આપવા વિનંતી કરી.

કોઠથી એક જૈનભાઈ તથા એક બહેન મહારાજશ્રીને મળવા આવ્યાં. એમનો પ્રશ્ન એ હતો કે, તેમની દીકરીને ઘેર રૂ. ૨૫૦૦ની ચોરી થઈ છે. રૂ. ૨૫૦૦નું કાપડ ચોરાયું છે. તેને માટે વાહણ પગી ઉપર ચિઠ્ઠી લખી આપે તો ચોરી પકડાઈ જાય એમ છે. પણ મહારાજશ્રીને વાહણ પગી સાથે હમણાં હમણાં થોડો સૈદ્ધાંતિક મતભેદ હોવાથી તેઓ તેને પત્ર

લખતા નથી. પરંતુ વાહણપગી પોતાની ફરજ સમજીને તમને મદદ કરે તો મહારાજશ્રીને વાંધો નથી. તેમના આગ્રહથી મેં (મણિભાઈએ) કાગળ લખી આપ્યો હતો કે આપણે ખુલાસા ના થાય ત્યાં સુધી મહારાજશ્રીના કાગળનો સવાલ ઊભો થતો નથી, પણ તમારા ગામની દીકરી છે એટલે બેન સમજીને, તમને ફરજ સમજી મદદ કરવાનું લાગે તો મહારાજશ્રીને વાંધો નથી.

**તા. ૪-૮-૧૯૫૨**

આજે સંતબાલજીનાં સંસારીબહેન મણિબહેન અને વનિતાબહેન, ઉમેદરામભાઈ વગેરે મળવા આવ્યા હતા.

મજૂર મહાજનવાળા નગીનભાઈ શાહ પણ આવ્યા. એમની સાથે વેચાણવેરા અંગે અને બીજી કેટલીક વાતો થઈ.

કમળાબેન શેઠ હાલનાં (સદ્‌ગુણાશ્રી સાધ્વી) મળવા આવ્યાં. તેમને મહિલા મંડળમાં શું કરવું ? એ વિષે ચર્ચા થઈ. કમળાબહેને કહ્યું કેટલાક સાધ્વીબહેનો સામાજિક કામો કરવા ખાસ કરીને શિક્ષણના કામમાં રસ લેવા ઈચ્છે છે. તો તે કેવી રીતે શરૂ કરી શકાય ? મહારાજશ્રીએ કહ્યું, પ્રથમ પોતાની મર્યાદા નક્કી કરી દેવી કે કયો કાર્યક્રમ હાથ ધરવો છે જેમકે શિક્ષણ માટે નિશાળમાં જવું, શિક્ષકોનો સંપર્ક સાધવો. વાલીઓને મળવું. હરિજનવાસમાં સંપર્ક સાધવો. અને પછી તો અનુભવે કામ સૂઝતું જશે. લોકોની ટીકા પ્રથમ થશે. પણ ચારિત્ર્યથી બધું શમી જશે.

**તા. ૫-૮-૧૯૫૨**

આજે ખેડૂત મંડળની મધ્યસ્થ કારોબારની મિટિંગ હોવાથી કાર્યકરો આવ્યા હતા. આજે પૂ. સંતબાલજીનો ૪૯ મો જન્મદિવસ છે. એટલે આનંદનો દિવસ છે. દીર્ઘાયુષ્ય ઈચ્છતા ઘણા પત્રો આવ્યા છે. મહારાજશ્રીએ પોતાના આધીન મણિબહેન, કાશીબહેન, દેવીબહેન, નંદલાલભાઈ વગેરેનું સ્મરણ કર્યું હતું અને મીઠી યાદ આપી હતી. અને બધાએ સાથે મળી વિકાસ સાધવા ચાહ્યું હતું.

રાત્રી પ્રાર્થના બાદ છોટુભાઈના સૂચનથી શ્રી. નાનચંદભાઈએ થોડું પ્રાસંગિક કહેતાં જણાવ્યું કે, પોતે પણ આજ દિવસે ધોલેરા એક વરસ

માટે છોડ્યું હતું તેથી મારી જાતને ધન્ય માનું છું. મહારાજશ્રીની જે ધર્મદષ્ટિએ સમાજ રચના અને સકળજગતની બની જનેતાનું જે ધ્યેય છે, તે પાર પડે એ માટે ઈશ્વરની પ્રાર્થના કરીએ. તેઓ ઘણીવાર કહે છે કે કાર્યકરો મારા હાથ પગ છે. તો એ હાથ પગ સડે તો તેમને દુઃખ થાય. એટલે આપણે સૌ ગુરુદેવને સહેજપણ દુઃખ થાય કે એવું નિમિત્ત પૂરું ના પાડીએ. ભૂલ તો માણસ માત્રની થાય, પણ એ ભૂલનો પશ્ચાત્તાપ કરીએ.

મહારાજશ્રીએ પ્રવચન કરતાં જણાવ્યું કે, મારી હાજરીમાં મારાં વખાણ થાય, એ મને નથી ગમતું વ્યક્તિપૂજા આપણને ખાડામાં નાખશે. સૌ ગુણગ્રાહી થઈએ. વિશ્વવાત્સલ્ય માટે પ્રયત્ન કરીએ.

રાત્રે ગામના આગેવાન મનુભાઈએ ચા, તમાકુ છોડવાની પ્રતિજ્ઞા લીધાં. અને ૨૦ એકર જમીન બીજી વધારાની ભૂદાનમાં આપવાની જાહેરાત કરી હતી.

**તા. ૭-૮-૧૯૫૨**

આજે શામળાજીથી ડૉ. વલ્લભભાઈ દોષી તેમને ત્યાંની સંસ્થા માટેની કેટલીક સલાહ લેવા આવ્યા હતા.

**તા. ૧૧-૮-૧૯૫૨**

આજે શિવાભાઈ જે. પટેલ આવ્યા. એમણે કુટુંબનિયોજન અને ગ્રામ-નિર્માણ વિષે વાતો કરી. રાત્રી સભામાં તેમણે આ વિષય ઉપર સુંદર પ્રવચન પણ કર્યું હતું.

**તા. ૧૨-૮-૧૯૫૨**

આજે સુરાભાઈ, પૂજાભાઈ, છગનભાઈ અને મંગાભાઈ આવ્યા હતા. તેમની સાથે ગોપાલકો અંગે કેટલીક વાતો થઈ.

આજે જન્માષ્ટમી હોવાથી ગરબીઓ ચાલતી હતી. મહારાજશ્રીએ કૃષ્ણજીવન પર સુંદર પ્રવચન કર્યું હતું.

**તા. ૧૫-૮-૧૯૫૨**

આજે પંદરમી ઓગસ્ટ હોવાથી વિદ્યાર્થીઓએ સરઘસ કાઢ્યું હતું.

રાત્રે મહારાજશ્રીની હાજરીમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રાખ્યો હતો. સાંજના નાવડાના બે ભાઈઓ આવ્યા તેમને ૧૫ શેર, ૧૫ શેર જુવાર અપાવી. અને કપડાં પણ આપ્યાં.

**તા. ૧૭-૮-૧૯૫૨**

આજથી પર્યુષણો શરૂ થયા. અહીંયાં ઉપાશ્રય છે. પણ તેમાં હરિજનોને છૂટ નહીં હોવાને કારણે પ્રવચનો બીજી જગ્યાએ રાખ્યાં હતાં. મૂર્તિપૂજક જૈનોએ ઉપાશ્રયમાં પ્રવચનો માટે તૈયારી બતાવી પરંતુ તે જગ્યા નાની હોવાથી સ્થાન બદલવું પડ્યું.

**તા. ૨૨-૮-૧૯૫૨**

આજે અમદાવાદથી શ્રી વાડીભાઈ જમનાદાસ આવ્યા. એમણે શહેરોની વિલાસિતાની દુઃખદ વાતો કરી.

બોટાદથી બે ભરવાડો ગોચરના પ્રશ્ન અંગે મળવા આવ્યા એમને સામા પક્ષવાળાને સાથે લાવવા જણાવ્યું.

**તા. ૨૪-૮-૧૯૫૨**

આજે મીંયાગામથી શિવાભાઈ આવ્યા હતા. તેમની સાથે વેચાણવેરાની વાતો થઈ.

આજે રસિકભાઈ શાહ (સર્વોદય યોજના સાંઢાસાલ વડોદરાવાળા) ટપાલ વાચતા હતા. મહારાજશ્રી કપડાં ધોતા હતા. હું રેંટિયો કાંતતો હતો. એવામાં છોટુભાઈનો કાગળ આવ્યો એટલે મહારાજશ્રીએ તેને મૂકી દેવા કહ્યું. મેં કહ્યું કે એમાં આપણે પણ લખીએ ત્યારે મહારાજશ્રીએ કહ્યું, આ પત્ર રિડાયરેક્ટ કરવાનો છે અને ટપાલના ત્રણ જ પૈસા ખરચવાના છે જો તમારે ઉપયોગ કરવો હોય તો બીજા ત્રણ પૈસા ખરચવા જોઈએ સત્યની વાત એ છે કે, જેટલા પૈસામાં જેને માટે લખાણ હોય તેમાંથી બીજો ઉપયોગ ન કરી શકાય. આટલી બધી જાગૃતિ અને ઝીણવટભરી ચોકસાઈ, પણ એની સાથોસાથ સત્યની સમજવાની એક દૃષ્ટિ પણ સાંપડી.

અહીં એક પ્રસંગ બન્યો, જૈનોનું આજે જમણવાર હતું. કંટ્રોલનો જમાનો હતો. ગત રાત્રે જમણવાર બંધ કરવા અંગે અને એમાંય ભાત

નહીં કરવા અંગે જૈન લોકોએ સમજૂતી કરી હતી. તેમ છતાં આજે સાંભળ્યું કે, ભાત કર્યો હતો. આથી મહારાજશ્રીને દુઃખ થયું. તેમણે જાહેરસભામાં આ પ્રશ્ન વ્યક્ત કર્યો અને શું બન્યું તે જાણવા ઈચ્છા વ્યક્ત કરી.

આ ઉપરથી આગેવાનોને બોલાવ્યા. તેઓએ ભૂલ કબૂલ કરી અને માફી માગી. મહારાજશ્રીએ કહ્યું, માફી માગવાનો સવાલ જ નથી. અસત્ય થયું એની ચિંતા છે તમોએ મારી સાથે ગઈ કાલે ના કહ્યું હતું. અને જો ભાત કરવો હતો તો છેવટે મને વાત પુછાવવી હતી. પણ હું તો મારો દોષ એમાં જોઉં છું. મારી કચાશ છે કે મારી અસર તમારા ઉપર ના પડી. જૈનોએ એક ખુલાસો એ કહ્યો કે ૨૪ જણથી વધારે સાથે જમવા બેઠાં નથી. (કંટ્રોલનો નિયમ ૨૫ જણને લાગુ હતો).

**તા. ૨૮-૮-૧૯૫૨**

આજે બપોરના કુરેશીભાઈ આવ્યા હતા. તેમની સાથે જિન અને પ્રેસ અંગે વિચારણા થઈ.

બપોરના મઢીથી ગણપતભાઈ એમનાં પત્ની શિવકોરબહેન તથા મગનભાઈ મોદી અને બીજા ત્રણ જણ આવ્યા. રાત્રી સભામાં કુરેશીભાઈએ ધારાસભા અને કાયદા વિષે સમજણ આપી હતી.

બાબુભાઈનાં માસીબાને અઠ્ઠાઈ કરવી હતી. પણ પોતે સામાન્ય સ્થિતિમાં હોઈ લહાણી વગેરેનો ખર્ચ કરી શકે તેમ નહોતા. મહારાજશ્રીએ સમજાવ્યું કે અઠ્ઠાઈ એ તપશ્ચર્યા છે. પોતાના દોષો દૂર કરવા માટેનું એ તપ છે. એટલે એમાં પૈસાની જરૂર નથી. તમે સાદાઈથી અઠ્ઠાઈ કરી શકો છો. તેઓ રાજી થયાં અને અઠ્ઠાઈ સારી રીતે કરી. પારણાં વખતે તેમણે હરિજનવાસ અને વાઘરીવાસમાં જઈ મીઠાઈ વહેંચી સંતોષ વ્યક્ત કર્યો.

**તા. ૩૧-૮-૧૯૫૨**

આજે સાંજના ફૂલજીભાઈ ડાભી અને ડૉ. પોપટલાલ આણંદજીવાળા (ધંધૂકાવાળા) મળવા આવ્યા. તેમણે મહારાજશ્રીને એક ગંભીર વાત કરી. વાત એમ હતી, કે સાણંદના મુખ્ય કાર્યકર ડૉ. શાંતિભાઈ ખેડૂતોમાં કામ

કરે છે. ગણોતધારાને કારણે ખેડૂતોનો પક્ષ લેવો પડતો હતો તેથી જમીનદારો રોષે ભરાયા હતા. કેટલાક તત્ત્વોએ તેમનું ખૂન કરવાનું કાવતરું યોજવાની ગંધ આવી હતી. એટલે શાંતિભાઈને તરત બોલાવવાની જરૂર હતી. એટલે મને (મણિભાઈને) સાણંદ શાંતિભાઈને તેડવા માટે મોકલ્યા. રાત્રે જાળિલા સુધી ચાલતો ગયો. ત્યાંથી સોમનાથ મેલમાં એલિસબ્રિજ સ્ટેશને ઊતરી સવારના સાણંદ આવ્યો. શાંતિભાઈને બધી વાત કરી અને સાંજની ગાડીમાં હું ખસ આવી ગયો.

**તા. ૨-૯-૧૯૫૨**

આજે સવારના બગડના કેટલાક ભાઈઓ આવ્યા હતા. એમણે એવી વાત સાંભળી હતી કે મહારાજશ્રી ઉપર કોઈએ કાગળ લખ્યો છે તેમાં અમુક દિવસોમાં મહારાજશ્રીનું ખૂન કરવાનું છે. એમ લખીને નીચે અમારી સહી કરી છે. કાગળ ઉપરથી મહારાજશ્રીએ ડિ.એસ.પી.ને તાર કર્યો છે. અને તેથી એ આવ્યા. પરંતુ ફોજદર તો બીજા કોઈ કારણસર અહીં મળવા આવેલા. મહારાજશ્રીએ ખુલાસો કર્યો, કે આવું કંઈ છે જ નહિ. હોય તોય ઈશ્વર જેવો ડિ.એસ.પી. છે. એને જ ફરિયાદ કરવાની હોય.

**તા. ૩-૯-૧૯૫૨**

આજે અમરેલી જિલ્લાના બાબાપુરના કાર્યકરો શ્રી અરવિંદભાઈ, બાબુભાઈ, મહીપતભાઈ, વાઘજીભાઈ વગેરે આવ્યા હતા. તેમણે સંસ્થા અંગે વાતો કરી.

ફેદરાના બાઈસાહેબા કરીને એક ગિરાસદાર બહેન મળવા આવ્યાં હતાં. તેમના પતિ જે કચ્છમાં રહે છે તેમણે ગરીબાઈને કારણે તેમને કાઢી મૂક્યાં છે. અમે તેમને સમજાવ્યાં કે, સમાજના ખોટા રિવાજ છોડી દઈને, કંઈક ઉદ્યમી કામે લાગવું જોઈએ. કારણ કે જિંદગી સુધી કોઈનું આપ્યું પહોંચશે નહિ. તેમ કોઈ આપે પણ નહિ. પછી તેમણે ગૃહઉદ્યોગ કરી શકે તે માટે એક રેંટિયો અને એક માસનું રેશન આપવા પ્રબંધ કર્યો.

**તા. ૫-૯-૧૯૫૨**

આજે સવારે પોલીસ ઈન્સ્પેક્ટરશ્રી પગારસાહેબ અને ડિ.એસ.પી. વગેરે મહારાજશ્રીને મળવા આવ્યા. તેમની સાથે સ્થાનિક અને પ્રાદેશિક

કેટલીક વાતો કરી. આજની કોર્ટોની કાર્યવાહી, પોલીસની અજાગૃતિ, લોકોની મદદ, લાંચરૂશ્વત વગેરે પ્રશ્નો અંગે વિસ્તૃત ચર્ચા થઈ. સાંજના ઓતારિયાના એક ભાઈ આવ્યા. પોતે નિરાધાર છે, એમ કહ્યું. તેમને ૧૫ દિવસનું રેશન મળે, તેમ કરી આપ્યું.

રવિશંકરદાદા ભારતના શાંતિમિશનમાં ચીન જવાના છે. તેમને કેટલીક સાવચેતી રાખવા માટેનો એક સંદેશો લઈને અરવિંદ મહેતા બોચાસણ ગયા હતા. તેઓ દાદાને મળીને પાછા આવ્યા. દાદા સાથે થયેલી વાત કરી. ચીન જવાનું તો નક્કી જ છે. પણ જો કવિશ્રી ઉમાશંકરભાઈ જોશી પ્રતિનિધિ તરીકે જશે, તો પોતે પ્રેક્ષક તરીકે જશે. હું અહિંસક છું અને જીવતો છું. એટલે શાંતિ પરિષદ કૉમ્યુનિષ્ટની હોય તોય મને શું વાંધો ! એમ સમજણ છે. કાગળ મહારાજશ્રી ઉપર લખી આપ્યો હતો.

ડીસાના મામલતદાર અને એમનાં પત્ની મળવા આવ્યા. બનાસકાંઠાના પ્રવાસ વખતે તેમના વિષે કેટલીક ફરિયાદ આવેલી. એના આધારે તેમને નોકરી ઉપરથી ઉતારી મૂકવામાં આવ્યા છે. એનો ખુલાસો કરવા આવ્યા હતા.

આજે પાળિયાદથી આઠ કાર્યકરો તે પંથકના પ્રશ્નોની ચર્ચા કરવા આવ્યા હતા. બપોરના અમદાવાદથી ભારત સેવક સમાજવાળા રાવજીભાઈ મણિભાઈ અને કુરેશીભાઈ સાથે ૩૦ ખેડૂતો, બહાર ગામના આવ્યા હતા તેમની સાથે જિન ઊભું કરવા અંગે વાતચીત કરી તેમને બોલાવ્યા હતા.

શ્રી રાવજીભાઈ સાથે કૉંગ્રેસની કાયર્વાહી અને સમાજ સુધારણા અંગે ચર્ચા થઈ. રાત્રે તેમણે જાહેર પ્રવચન કર્યું હતું.

**તા. ૮-૯-૧૯૫૨**

આજે રાણપુરથી ફૂલછાબના તંત્રીશ્રી નાથાભાઈ શાહ, મળવા આવ્યા હતા. એમને ચુંવાળિયા કોળી પગીઓનું એક સંમેલન ભરવા અંગે વિચાર વિનિમય કર્યો. ગિરાસદારી અને તંત્રના પ્રશ્નો ચર્ચાયા. ભાવનગર, તારાપુર રેલ્વે અંગે ચર્ચા થઈ.

ખાંભડાના ચાર ખેડૂતભાઈઓ આવ્યા, તેમણે ભેગા મળીને સંપીને ગ્રામપંચાયત સ્થાપવા નક્કી કર્યું છે. મહારાજશ્રીએ એક હરિજન સભ્ય

લેવા આગ્રહ કર્યો. ભાવનગરથી ચાર ભરવાડ ભાઈઓ આવ્યા હતા. તેમણે ગાયોનાં દૂધ માટે ડેરી બનાવવા અને મંદિર માટે જગ્યા મળે તે માટે ભલામણ લખી આપવા વિનંતી કરી. મહારાજશ્રીએ કહ્યું, મંદિર કોમી ધોરણે હશે અને ડેરી પણ વર્ગીય ધોરણે હશે એટલે જો સાર્વજનિક સંસ્થા સ્વરૂપ ના હોય ત્યાં મારાથી ભલામણ ના થઈ શકે. તેમ છતાં તમે સુરાભાઈને મળો અને પછી જરૂર પડશે, તો હું તમને મદદ કરવા વિચારીશ. તેઓ સંમત થયા.

**તા. ૧૦-૯-૧૯૫૨**

આજે ખાંભડાના રહીશ, હાલ ચાણોદમાં કબીર મંદિરમાં રહેતા સંત વેણીદાસ મળવા આવ્યા.

આજે લોકસત્તાના બે પ્રતિનિધિઓ આવ્યા તેમણે વેચાણવેરા અંગે મહારાજશ્રી સાથે ચર્ચા કરી.

**તા. ૧૩-૯-૧૯૫૨**

આજે મજૂર મહાજનવાળા શાંતિભાઈ દેસાઈ અને ગુજરાત વિદ્યાપીઠના ચાર ભાઈઓ કે જે . મહારાજશ્રી તરફથી ગામડામાં કામ કરવા બેસવાના છે. તેઓ અઠવાડિયું મહારાજશ્રી પાસે અનુભવ લેવા આવ્યા હતા. તેમની સાથે આખી કાર્યપદ્ધતિ અને દેશની સ્થિતિનો ખ્યાલ આપ્યો હતો.

આજે ગામમાં સમૂહકાંતણનું આયોજન કરવામાં આવ્યું હતું.

**તા. ૧૪-૯-૧૯૫૨**

આજે લિંબડીથી રતનબેન, સમરતબહેન અને બીજાં એક બહેન દર્શને આવ્યાં હતાં.

બપોરના બોટાદથી સોમાણી એક વકીલ અને મ્યુનિસિપલના પ્રમુખ અને કાર્યકરો આવ્યા હતા. આજે સમરતબા અને રતનબહેન ગયાં. આ સમરબાને ત્યાં પહેલાં મહારાજશ્રી ઘણો વખત રહેલા અને તેમને બા તરીકે જ માને છે. એટલે પરસ્પર ખૂબ જ લાગણી અને પ્રેમભાવ ધરાવે છે.

**તા. ૧૯-૯-૧૯૫૨**

આજે બોટાદથી કેટલાક વિદ્યાર્થીઓ ચાલતા આવ્યા હતા. તેમને મહારાજશ્રી સાથે શિક્ષણ અને ધર્મ વિષે સારી ચર્ચા કરી લીધી.

**તા. ૨૬-૯-૧૯૫૨**

આજે બગડના દશેક ભાઈઓ સાંજે મળવા આવ્યા. તેમણે કુંભાર બાઈને ત્યાં થયેલી ચોરી અંગે વાતો કરી ગુનેગાર ગામનાં જ આગેવાન છે. એમ કહ્યું.

**તા. ૨૯-૯-૧૯૫૨**

આજે પ્રતાપ દવે જે વિશ્વવાત્સલ્યમાં કામ કરવાના છે તેમને પરિચય માટે બોલાવ્યા હતા.

આજે શ્રી છોટુભાઈ રાજકોટથી સૌરાષ્ટ્રના મુખ્યમંત્રીશ્રી ઉછરંગરાય ઢેબર અને અપ્પાસાહેબ પંતનો તેમજ બીજા કેટલાક પરિચીતોના ભલામણ-પત્રો લઈને આવ્યા હતા.

કુરેશીભાઈ લોકલબોર્ડની ચૂંટણીમાં સભ્ય તરીકે પસંદ કરેલા. તેઓ ચર્ચા કરવા આવ્યા હતા.

**તા. ૨-૧૦-૧૯૫૨**

આજે જામનગરથી મગનભાઈ વોરા આવ્યા હતા. આજે રેંટિયા જયંતી હોઈ સવારમાં પ્રભાતફેરી, ગામસફાઈ અને અખંડ કાંતણ રાખવામાં આવ્યું હતું.

આજે ફૂલજીભાઈ આવ્યા. હમણાં રોકાવાના છે. તા. ૪,૫,૬ ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘની દોરવણી નીચે ચાલતી બધી સંસ્થાઓની મિટિંગો હતી.

તા. ૫મીએ અખિલ ભારત ચરખા સંઘના પ્રમુખ શ્રી કૃષ્ણદાસ જાજુ મળવા આવેલા. સાથે સ્વરાજ્ય આશ્રમ બારડોલીવાળા ઉત્તમચંદ શાહ અને બીજા કાર્યકરો પણ હતા.

*(આ પછીની ડાયરીનું લખાણ ઉપલબ્ધ નથી થયું. -સંપાદક)*

**તા. ૨-૧૧-૧૯૫૨ : ખસ**

આજે ૯-૦૦ વાગ્યે અહીંનું ચાતુર્માસ પૂરું કરી વિહાર કરવાનો હતો. મહેમાનો, ગ્રામજનો વિદાયમાન આપવાની ભારે તૈયારીમાં પડ્યા હતા. અહીંથી વિહાર કરીને મહારાજશ્રી પૂ. નાનચંદજી મહારાજના દર્શનાર્થે

પ્રથમ સાયલા જવાના હતા. પરંતુ બગડ ગામનો ચોરીનો પ્રશ્ન આવ્યો, એટલે વિહાર બગડનો નક્કી થયો.

રાત્રીસભામાં મહારાજશ્રીએ ખસ ગામે ચાતુર્માસ દરમિયાન બનેલા બનાવોની સમીક્ષા કરી હતી. ગામે જે ભક્તિભાવ બતાવ્યો, આવનાર મહેમાનોની સેવા, શુશ્રૂષા બજાવી તેની કદર કરી અને પોતાને સહેજ પણ દુઃખ લાગે તેવા પ્રસંગો વિચારપૂર્વક નહિ બનવા દેવાની ગામે જે કાળજી રાખી, એનો ઉલ્લેખ કર્યો. ગ્રામપંચાયત વધુ શક્તિશાળી બને અને આજ કરતાં વધુ સુંદર કામ કરે. અસ્પૃશ્યો સાથે બંધુભાવે વર્તે, અને કુસંપ દૂર કરવા જણાવ્યું.

બરાબર નવ વાગે સરઘસ આકારે વાજતે ગાજતે સૌ સ્ટેશન ઉપર આવ્યા. ત્યાં સભા થઈ. એટલે તેમાં કુરેશીભાઈએ સંઘ વતી ગામનો આભાર માન્યો. છોટુભાઈએ પણ થોડું ઉદ્‌બોધન કર્યું. પછી મહારાજશ્રીએ સૌનો આભાર માન્યો. ગામ તરફથી મનુભાઈએ ભૂલચૂક થઈ હોય તો માફી માંગી.

બગડની ચોરીનો પ્રશ્ન એક નિમિત્તરૂપ બન્યો. પણ એ એક પ્રયોગ થઈ પડ્યો. એનો ઉલ્લેખ કર્યો. અને ગામે એમાં સહકાર આપ્યો છે તેથી સંતોષ વ્યક્ત કર્યો.

**તા. ૨-૧૧-૧૯૫૨ : બગડ**

ખસથી નીકળી બગડ આવ્યા. અંતર દોઢ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. ખસના લગભગ તમામ ભાઈ-બહેનો જાણે કે આખું ગામ અમને વિદાય આપવા આવ્યું હોય એમ અમારી સાથે બગડ આવ્યા હતા. આખે રસ્તે મોટો માનવમહેરામણ ઊમટ્યો હતો. સુંદર દૃશ્ય લાગતું હતું. બગડવાસીઓએ વાજતે ગાજતે સ્વાગત કર્યું. ચોકમાં જાહેરસભા થઈ. એમાં મહારાજશ્રીએ વિશ્વવાત્સલ્ય શુદ્ધિ પ્રયોગનો આખો માર્ગ સમજાવ્યો. ગમે તેવા પાપીમાં પણ ઈશ્વર વસે છે. પાપી પોતાનાં પાપ પોકારે તો તેનો ઉદ્ધાર થઈ જાય છે. તેમ અહીંના ગુનેગારોના અંતરમાં બેઠેલો રામ જાગે. રાવણ દૂર હટે એ માટે સૌને પ્રયત્ન કરવા જણાવ્યું.

મારથી કે ડરથી કોઈનું પરિવર્તન થતું નથી. અહીં એક બાઈને ત્યાં

ચોરી થયેલી છે. ગામના લોકો આ કિસ્સામાં કોણ દોષિત છે તે જાણતા હતા. પણ કોઈનામાં કહેવાની હિંમત નહોતી. આ પહેલાં પણ કેટલાંયે ચોરીના પ્રસંગો, લાંચરુશ્વત, વ્યભિચારના પ્રસંગો કેટલાક માથાભારે તત્ત્વો તરફથી થયા છે. પણ અમલદારોની ચસમપોષી, લાંચરુશ્વત, કોર્ટોની ન્યાય આપવાની અતિ વિલંબી અને ખર્ચાળ પ્રથા અને લોકોની નિર્બળતા આ બધાં કારણોથી મહારાજશ્રીને લાગ્યું કે હું આટલો નજીક ચાતુર્માસ નિમિત્તે રહેતો હોઉં અને આ કિસ્સાનું કંઈ પરિણામ ન આવે ? હું કેવળ મૂક સાક્ષી રહું એ ઠીક નથી. એટલે ઘડતરની દૃષ્ટિએ પ્રશ્ન તેમણે હાથમાં લીધો.

કાર્યકરોને તપાસ કરવા મોકલ્યા. સોનાની કડીઓ મળી. પછી તો વાતાવરણ તૈયાર થયું. એક મોટું આંદોલન જગાડવાનો વિચાર આવ્યો. કાર્યકરો, ખસના લોકો અને બગડના લોકો મળીને ૨૪ કલાકના ઉપવાસ કરે. પછી બીજી ટુકડી આવે. ભજન, ધૂન, સભા, સરઘસ અને સૂત્રો પોકારવાં એ કાર્યક્રમ યોજાયો.

ગામડાંમાંથી ગ્રામજનોની ટુકડીઓ પણ આવવા લાગી. આમ દશેક દિવસ ચાલ્યા પછી પ્રજાનો જુસ્સો કાયમ ટકી રહે અને તેમની તાકાતનું માપ જોઈને આ પ્રશ્ન મહારાજશ્રીએ પોતાના ઉપર ઉપાડી લીધો. પ્રથમ પૂર્વગ્રહથી પર એવા ગામમાંના ગુનેગારો અને ગામના વાતાવરણની તપાસ કરી. ઉપવાસ શરૂ કર્યો. પોતાના મનનું પૂરેપૂરું સમાધાન ન થાય, અને ગુનેગારોને કંઈક અપીલ ન થાય, ત્યાં સુધી વધુમાં વધુ ૧૮ ઉપવાસ સુધી જવાનું નક્કી થયું. ભારે અગ્નિપરીક્ષા હતી. એક બાજુ કાર્યકરોને મહારાજશ્રીના શરીરની ચિંતા હતી. બીજી બાજુ મહારાજશ્રી કરતાં કે શરીર કરતાં સિદ્ધાંત મોટો છે. જીવનમાં કોઈ તત્ત્વ હોય તો એ સિદ્ધાંત મોટો છે. એક ઉપવાસ શરૂ થયો અને ગુનેગારના અંતરમાં રામ જાગ્યા. ગુનો કબૂલ થયો. મહારાજશ્રીએ કહ્યું, ચોરીના માલ જેટલી રકમ તમારે હાજર કરી, તટસ્થ માણસોને સોંપી દેવી. ગુનેગારો કબૂલ થયા. પણ બન્યું એવું કે, બાઈને કોઈએ સમજાવ્યું એટલે એણે પ્રયોગ ઉપરથી શ્રદ્ધા ગુમાવી અને કહ્યું, મને પોલીસ કરે તે મંજૂર છે. મુદ્દામાલ મળવો જોઈએ. સરકારની લટકતી તલવાર હોય ત્યાં સુધી સામાન્ય માણસ મુદ્દામાલ કેવી

રીતે સોંપે. એમ બાઈને સમજાવી પણ બાઈ ના માની. જો બાઈ માની હોત તો આ કિસ્સાનું ઓર રૂપ બહાર આવત. પણ એમાં ઈશ્વરીસંકેત માનવો રહ્યો. રાત્રી સભામાં નાનચંદભાઈએ જણાવ્યું કે આ પ્રસંગ જે યોજાય છે તેનું તારણ, હું ટૂંકમાં રજૂ કરીશ. છેલ્લા સત્તર દિવસથી હું આ પ્રયોગમાં જોડાયો છું. ગુરુદેવના અનુયાયી તરીકે નહિ બોલું, પણ તમારી સાથે રહ્યો એ રીતે તમારામાંના એક તરીકે બોલું છું.

સાચું બોલવાનો આપણે આગ્રહ રાખીએ. પહેલા ત્રણ દિવસ મને એવા લાગ્યા કે, અમુક તત્ત્વોથી આપણું ગામ ભારે ડરપોક લાગ્યું. આ ગુનો તો નિમિત્ત છે. આની પછવાડે બીજા કેટલાંયે તત્ત્વો પડ્યાં છે. અને તે દરેક ઠેકાણે છે. એટલે આ પ્રયોગના નિમિત્તે ગુરુદેવે મને મૂક્યો. બે ત્રણ ભાઈઓએ કહ્યું, અમે બેસવા આવીએ ? મેં કહ્યું, વિચારીને બોલજો, સમજીને કહેજો, ભારે ડરપોકપણું મને લાગ્યું, આ રીતે જીવાય શી રીતે ? પણ ધીરે ધીરે વાતાવરણ જામ્યું.

ઘણા કહે છે, કંઈ શુક્રવાર વળતો લાગતો નથી. કોઈ કહે છે, ફોજદારનો માર પડ્યો હોત તો ક્યારના માની ગયા હોત. પણ મહારાજશ્રીને લાગે છે કે સાચી રીત હૃદયપલટાની છે. બે ભાઈઓ વાત કરતા હતા. હવે આવી જવાનું છે કોઈ કહે કોઈનું કાંડું થોડું પકડ્યું છે તે કોઈનું નામ દેવાય ? દુનિયામાં કોઈએ ચોરનું કાંડું પકડ્યું છે કે આ ચોર પુરાવાના આધારે પકડી શકાય છે. આવા પુરાવા આ કિસ્સામાં મળી ગયા ગામ લોકો ફરજ ભૂલ્યા છે. નહીં તો નામ કેમ ના દે ?

બીજો પુરાવો અમુક બહેનને પૂછવામાં આવે છે. પટારો ક્યાં છે ? એમાં શું મૂક્યું છે ? વગેરે પૂછ્યું બીજે દિવસે કહેવાય છે. ઘરેણું ક્યાં મુકાય છે ? લઈ જવાનું છે કે અહીં રાખવાનું છે ? ઝાડે જતાં પાણી ભરવા જતાં પૂ. બહેન નિખાલસપણે કહી દે છે. બહેનને થાય છે કે આવું કેમ પૂછે છે ? પછી ૨૫ રૂપિયા માગે છે. બાઈ ના કહે છે તો જોઈ લેજે.

રાત્રે આંટા મારે છે. હાથબત્તી લઈ લે છે. છત્રી લઈ લે છે આ સંકલના મળે છે. પ્રત્યક્ષ પુરાવા મળે છે. ચોરી થયા પછી ફોજદાર આવે છે. ગુરુદેવ પાસે વાત જાય છે. માર મારવામાં આવે છે. એ ભાઈ અમુક

રીતે આ કેસ માંડી વાળવા કહે છે... બે દિવસમાં લાવી આપીશું. બહેનને કહેવા જાય છે. ૪૦ તમને આપીશું તું માંડી વાળ આવી આવી વાતો આવે છે. છતાં ગામનાં ડાહ્યા માણસો કંઈ કરી શકતાં નથી. જ્યાં સુધી નહિ કહો ત્યાં સુધી તમારે જાતે જ શોષવાનું છે. બગડની અંદર આવાં તત્ત્વો કેટલાય વખતથી કામ કરે છે. અનાજ ચોરાય છે. બેનોની લાજ લૂંટાય છે. છતાં લોકો જોઈ રહ્યાં છે. તમો બધાં વિચારો એનો કંઈ ઉકેલ લાવો. ભલે પ્રેમથી કહો બગડની આબરૂ રાખવી તમારા હાથમાં છે તેમ ખોવી પણ તમારા હાથમાં છે.

છોટુભાઈએ કહ્યું : આ પ્રસંગ ઊભો થયો છે અને અહીં સુધી હકીકત આવી છે. જો માણસ સચ્ચાઈને સ્વીકારે તો ઈશ્વર દયાળુ છે. તે સૌનું કલ્યાણ કરશે. માટે આપણે સૌ ચોખ્ખા થઈ જઈએ. રાજાઓનાં રાજ ગયાં, સરકાર ગઈ તો આપણે શું વિસાતમાં ? ભૂલ દરેકની થાય પણ ભૂલ થયા પછી તેને સુધારીએ નહિ તો ? આવા સંતપુરુષ આવતી કાલે તાવણીમાં તપવાના છે તો તે પહેલા બાજી સુધારી લેવી. રાવણને હરાવી રામને પ્રસ્થાપિત કરીએ.

સભામાં મહારાજશ્રીએ જણાવ્યું કે મેં સવારમાં કહેવાની હતી તે બધી વાત સારી રીતે કરી દીધી છે. તમારા સૌના અંતરમાં ઈશ્વર કે ખુદા જાગ્રત થાયે અને તમને એ વાત સમજાઈ જાય કે, આપણી આ ફરજ છે તો ઘણું કરી શકો. મને વિશ્વાસ છે, કે દુનિયામાં અનેક પ્રકારના લોકો વસે છે. સત્ય પણ છે, જૂઠ પણ છે. ઈષ્ટ છે તેમ અનિષ્ટ પણ છે. અને આપણે અનિષ્ટથી બચીએ એવી પ્રભુપ્રાર્થના કરીએ. જેટલી તાવણી મારી થશે એટલી શુદ્ધિ થશે. સચ્ચાઈ હશે તો જરૂર છૂટી જવાશે એ રામ બોલ્યા વગર રહેવાના નથી. ગુનો સમાજમાં જાહેર કરવો એ સામાન્ય વાત નથી. શ્રદ્ધેય વ્યક્તિ આગળ દિલ ખુલ્લું કરી શકે પણ સમાજ આગળ દિલ ખુલ્લું કરતાં આંચકો લાગે છે, પણ જે એકરાર કરે છે એના તરફ સમાજનો સદ્ભાવ વધે છે. એટલું જ નહિ પણ લોકો પૂજે છે. ઘણાયે દાખલા મળે છે. પાપીના પાપ છૂટી ગયાં છે. હા પણ જો દંભ કરે તો તેનો વિશ્વાસ નહિ રહે. સામ સામા આવે ત્યારે સાચું બોલે તે સચ્ચાઈ નથી. પણ દિલથી પ્રકાશે ત્યારે તેની શક્તિ વધે છે.

સમાજે એ માટે ઠીક ઠીક પ્રયત્ન કરવો જોઈએ એક વાતનું મારા મનમાં લાગ્યા કરે છે, તે એ છે, કે જે માતાઓ પિતા પુત્ર અને પતિને કહેતી કે આ તમે બરાબર નથી કર્યું એ વાત ભુલાઈ ગઈ છે. ભીના તલ સૂકવી નાખે છે. અને તેની તલસાંકળી કરે છે પણ એને ખ્યાલ નથી કે, એ તલસાંકળી પચવાની નથી. બધું જ ઓકાવી નાખે છે. કુદરત જુદી જુદી રીતે આપણી તાવણી કરે છે. કોઈ ચોરી કરનાર આજ સુધી બે પાંદડે થયો જાણ્યો નથી. 'મીંયાં ચોરે મૂઠે, તો અલ્લા ચોરે ઊંટે' એ કહેવત અનુભવીઓથી સાચી ઠરી છે. ચોરીના પૈસા, લાંચરુશ્વત દારૂમાં જાય છે. એટલે આજે હું એક માતા પાસે અને એક બહેન પાસે ગયો હતો. દલિલોનો કોઈ આરો નથી. આ પ્રશ્ન ચર્ચાયો એ ઠીક થયું.

હમણાં હમણાં બેત્રણ પ્રસંગો બની ગયા. એક બાઈ ચોરેલું કપડું પહેરીને અહીં આવી છતાં કોઈ કહી શકે નહિ. હરિજનને ત્યાં ચોરી થઈ વસ્તુ પકડાઈ, પણ માલિક થવા તૈયાર નહિ. રેલ્વેનો માલ ચોરાય એ કોણ ચોરે છે ? તે સૌ જાણે છે મારા દિલમાં વેદના થવાનું આ કારણ છે. કાળુ પટેલનું ખૂન થયું. સામે ઊભેલો ધ્રૂજે છે. સાક્ષી પુરાવવાની તાકાત નથી. મુડદાલ જીવન જીવનારની કિંમત પણ શું છે ?

કીડી મંકોડા પણ જીવે તો છે જ તો પછી માનવમાં ફેર શો ? જો પ્રજા આવી નામરદાઈ દાખવશે તો એ જીવશે કેવી રીતે ? આજની કોર્ટો જાણીબૂઝીને જૂઠું બોલાવે છે. વકીલો, પૈસા લઈને શબ્દોનાં ચૂંથણાં ચૂંથે છે. એ ગ્રંથો કાંઈ પોથી નથી. સિંહની બોડ છે. બોડમાં હાથ ઘલાય, પણ એનો હાથ ન અડકાડી શકાય. ગીતા, કુરાન, ઉપાડવાં એ બચ્ચાના ખેલ નથી. શૈતાનને સાથે રાખો અને રહેમાનનું નામ લેવું એ કેમ બને ? ગુનેગારો સમજતા હશે કે આ બધાં બચ્ચાં છે. કંઈ જાણતાં નથી. પણ તેઓ જે અવળે માર્ગે ગયા છે તેમાંથી પાછા વળે અને આદર્શ નમૂનો પૂરો પાડે બાજુના ગામમાં ચોરી થાય તો ત્યાં દોડી જાય. તમને ચેન કેમ પડે છે ? ગજાભાઈ જેવા ઉપવાસ કરે તે તમારા ગામના જ છે. એમને લાગ્યું કે હું આ ગામનો વતની, મારી ફરજ શું ? અફીણ ખાઈશ, આપઘાત કરીશ એ બિવડાવવાની વાતો છોડી દેવી જોઈએ. સમાજે જાગવું જોઈએ. સૂઈ રહે હવે નહીં ચાલે. અદાલતોમાં શબ્દોનાં ચૂંથણાં ચૂંથાય

છે. તેમાં ન્યાય મેળવવો મુશ્કેલ છે. ગુનેગાર નિર્દોષ છૂટી જાય છે. પછી તે ઢોલ વગડાવે છે. પુરાવો આપનારની સ્થિતિ બગડે છે. પોલીસની પણ એવી જ વાત છે. એ લોકો ધોકાનું સૂત્ર વાપરે છે. પણ એમાં સાચાં ટીપાઈ જાય છે. જૂઠા રહી જાય છે. તમારે ત્યાં માણસ ગાંડો થઈ ગયો શું એ ગુનેગાર હતો ? પ્રજા પોતે જ પોતાની અદાલત પોતે જ પોતાની પોલીસ બને ગોળી ચલાવનારા પણ થાકી ગયા છે. જ્યારે છાતી ધરનાર મળે છે ત્યારે મારનાર ધ્રૂજી ઊઠે છે. એટલે આપણે ભારે આંદોલન ચલાવવું જોઈએ. માત્ર ૧૧ દિવસમાં લોકો તારીફ કરે છે. ચોરોનું નામ છૂપું રહ્યું નથી. તો હવે વખત આવી ગયો છે કે સ્પષ્ટ કહી દેવું જોઈએ પણ માથું ખંજવાળે છે. બીક લાગી તો ભૂત આવવાનું જ છે. બે માણસે કોઈ દિવસ ભૂત દેખ્યું નહિ. તમારો એકડો થાય તો બધાં ભૂત ભાગી જવાનાં છે. પણ ભજકલદારમ આગળ માથું નમી જાય છે. અમારા ગુરુદેવે કહ્યું હતું કે ૬ જણ ૫૦૦ને લૂંટી જાય તેનું કારણ શું ? છ એકઠા ભેગા થાય તો ૧૧, ૧૧૧૧એ એકતા થઈ છે પેલાં સાંઠો સાંઠ છે.

આટલે હદ સુધી ઉઘાડી બાજી હોવા છતાં કોઈ હરફ બોલતું નથી. ગૂપસુપ વાતો કરે છે. આગળ કોણ થાય ? ત્યારે એકાદે તો મરદ થવું પડશે ને ? આખો યુગ પલટાઈ ગયો છે. 'મુખમાં રામ અને બગલમેં છૂરી' એ વાત હવે નહિ ચાલે. થોડાએ હિંમતવાન થવું પડે.

**તા. ૪/૫-૧૧-૧૯૫૨**

બગડનો શુદ્ધિપ્રયોગ કુદરતની દયાથી અને મહારાજશ્રીના પ્રયત્નથી પતી ગયો. ચોરીનો ભોગ બનનાર બાઈ બોટાદના કોઈ વ્યક્તિના સંબંધમાં આવેલી. એટલે તેની અસર નીચે આવી ગઈ. અને આ પ્રયોગ ઉપરથી શ્રદ્ધા ગુમાવી દીધી. તેને કહ્યું પંચ કરતાં ફોજદાર જે કહેશે તે મને મંજૂર છે. મહારાજશ્રીને આનાપાઈ સાથે સંબંધ નહોતો. ગુનેગારોનો હૃદયપલટો થાય પસ્તાવો થાય અને એ હેતુ પાર પડ્યો.

આ પ્રસંગ પછી પ્રજાનો જુસ્સો કાયમ ટકી રહે એ માટે બગડના ૧૧ આગેવાનોનો એક **બગડ સુધાર શુદ્ધિ પ્રયોગ મંડળ**ની સ્થાપના થઈ તેનાં સભ્યોએ દારૂ, ચોરી લાંચરુશ્વત અને વ્યભિચારથી પર રહેવાની પ્રતિજ્ઞા લીધી. અને આ ગામમાં કોઈપણ ગૂનો બને તો આ મંડળે તાત્કાલિક

તેનો નિવેડો લાવવો ને જરૂર પડે તો સંપર્ક રાખ્યા કરવો એમ નક્કી થયું.

અહીં ચાર દિવસ રોકાયા પછી અમારો પ્રવાસ શરૂ થયો નાનચંદભાઈને અહીં બે દિવસ વધુ રહેવા જણાવ્યું કારણ કે પોલીસ લોકો ગુનેગારોને ખોટી કનડગત ના કરે.

**તા. ૬-૧૧-૧૯૫૨ : અળૌ**

બગડથી નીકળી ખસ થઈ અળૌ આવ્યા. અંતર સાડાચાર માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. ગામે વાજતે ગાજતે સુંદર સ્વાગત કર્યું. પ્રાસંગિકમાં મહારાજશ્રીએ જણાવ્યું કે આપણા દેશની અંદર સ્વરાજ્ય આવ્યા પછી કેટલાય કોયડા ઊભા થયા છે. આપણો દેશ ધર્મપ્રધાન દેશ છે. એટલે બહુ દોલત વધે, તેનો બહુ પ્રશ્ન નથી. પણ નીતિ કેમ વધે, સદાચાર સંયમ કેમ વધે તેનો ખાસ વિચાર કરવાનો છે. આ બધું કરવામાં પ્રથમ ધન, ધાન્ય, વધે લોકો સદાચારી બને એવા પ્રયત્નો કરવાની જરૂર છે. આપણે સૌ વહેંચીને ખાવાની ભાવના કેળવીએ તો સૌ સુખી થઈએ. સુખ દુઃખ પણ વહેંચી લઈએ. આને માટે એ સિદ્ધાંતો જરૂરી છે. પહેલો સિદ્ધાંત ત્યાગનો છે. ત્યાગીને નહીં વહેંચીએ તો સુખ નહીં મળે. રામચંદ્રજીએ કૈકેયીને જેલમાં પૂરી દીધાં હોત તો કોઈ વાંધો ન લેત, રાજા દશરથ કે ગુરુ વશિષ્ટ કોઈ વાંધો ન લેત. પણ એમણે જોયું કે, એક માણસનું દિલ દુભાયું હશે. અને રાજ્ય મળશે, તો એમાં ભલીવાર નહિ આવે. એક માત્ર ધોબીના વચન ઉપર મહત્ત્વ આપ્યું.

આ બધા પ્રસંગો યાદ કરીએ તો ત્યાગની વાત ખ્યાલમાં આવશે. આપણી જરૂરિયાતોનો ઘટાડો થાય અને મને નહિ પણ મારા પાડોશીને હજો એ ભાવના કેળવાય તો વસ્તુ વધી પડવાની છે. મેળવવા માટે પ્રયત્ન કરીશું. તેના કરતાં તજવા માટે પ્રયત્ન કરીશું તો તોટો ભાંગી જશે.

અહીં અગિયાર સભ્યોનું શુદ્ધિ મંડળ સ્થપાયું છે. એ લોકોએ પ્રતિજ્ઞાઓ પણ લીધી છે.

**તા. ૭-૧૧-૧૯૫૨ : કનીયાડ**

બગડથી નીકળી કાનીયાડ આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. રાત્રી સભામાં મહારાજશ્રીએ ભૂદાન ઉપર પ્રવચન આપ્યું. લોકોને અસર થઈ આ ગામેથી કુલ ૫૦ાા વીઘાં ભૂદાન મળ્યું.

**તા. ૯-૧૧-૧૯૫૨ : પાળિયાદ**

કાનીયાડથી પાળિયાદ આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. લોકો દૂર સુધી સ્વાગત માટે સામા આવ્યા હતા. રાત્રી સભામાં ભૂમિદાનનું તત્ત્વજ્ઞાન સમજાવ્યું હતું. અહીં ૧૩૭ વીઘાં ભૂદાન મળ્યું હતું. અહીં ઉન્નડબાપુની પ્રખ્યાત જગ્યા છે.

**તા. ૧૦-૧૧-૧૯૫૨ : સરવા**

પાળિયાદથી સરવા આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. અહીં આવતાં રસ્તામાં પાણીની એક સરવાણી જોવા મળી. પથ્થર નીચેથી કાયમ ઝરો વહ્યાં કરે છે. અહીં ૨૧૪ વીધાં ભૂદાન મળ્યું.

**તા. ૧૧-૧૧-૧૯૫૨ : વીંછિયા**

સરવાથી નીકળી વીંછિયા આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો દરબારગઢમાં રાખ્યો. લોકોએ ભજનમંડળી સાથે સ્વાગત કર્યું. બપોરે બહેનોની સભા રાખી હતી. રાત્રે જાહેર સભામાં મહારાજશ્રીએ ત્યાગની ફિલસૂફી સમજાવી હતી. સભા પૂરી થયા પછી વિદ્યાર્થીઓએ કસરતના દાવ કરી બતાવ્યા હતા.

અહીં ગામમાં બે પક્ષો હતા. એક મ્યુનિસિપલ પક્ષ અને બીજો કૉંગ્રેસ પક્ષ. મહારાજશ્રીએ બંને પક્ષોને સમજાવી સમાધાન કરાવ્યું. મ્યુ. પ્રમુખે રાજીનામું ધરી દીધું. પછી કાર્યકરોએ ભૂદાનનો પ્રયત્ન શરૂ કર્યો અને તેનું સુંદર પરિણામ આવ્યું. ૨૮૭ વીઘાં ભૂદાન મળ્યું. ૫૫૧ રૂપિયા સંપત્તિ દાન મળ્યું.

**તા. ૧૩-૧૧-૧૯૫૨ : મોટામાત્રા**

વીંછિયાથી મોટામાત્રા આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો એક વેપારીના ત્યાં રાખ્યો હતો. રાત્રે સભામાં કેટલાક માણસોએ ચા નહિ

પીવાની પ્રતિજ્ઞા લીધી હતી. ૪૦ વીઘાં ભૂદાન મળ્યું. બાજુના દેવધરી ગામે ૨૧૦ વીઘા ભૂદાન આપ્યું.

**તા. ૧૪-૧૧-૧૯૫૨ : ગઢવાળા**

મોટામાત્રાથી નીકળી શેખદોડ થઈ ગઢવાળા આવ્યા. અંતર ચાર માઈલ હશે. નિવાસ ઉતારામાં રાખ્યો. ૩૫ વીઘા ભૂદાન મળ્યું. આ ગામમાં કાઠી દરબારોએ એક ગઢ બાંધ્યો છે. બહુ સુંદર છે. થોડું કામ અધૂરું છે.

**તા. ૧૫-૧૧-૧૯૫૨ : ધાંધલપુર**

ગઢવાળાથી નીકળી ધાંધલપુર આવ્યા. આખો રસ્તો ડુંગરાળ, અને નદીનાળાંવાળો આવ્યો. અંતર આઠ માઈલ હશે. ઉતારો વેપારીના એક મકાનમાં રાખ્યો હતો.

બપોરના ત્રણ વાગ્યે એક સભા રાખી હતી. બહારગામથી લોકો આવ્યા હતા. સભામાં મહારાજશ્રીએ સમાજને સ્પર્શતા બધા પ્રશ્નો ચર્ચ્યા હતા. ૬૮ વીઘાં ભૂદાન મળ્યું. ધજાળા ગામમાંથી ૧૪૨ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૧૬-૧૧-૧૯૫૨ : સેજકપુર**

ધાંધલપુરથી નીકળી સેજકપુર આવ્યા. અંતર સાડાચાર માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. આ બાજુના લોકો ખૂબ દૂર સુધી સામે આવે છે. એક ગામવાળા મૂકવા આવે છે તો બીજા ગામવાળા મળે, ત્યારે પાછા જાય છે.

પ્રવચન કરતાં મહારાજશ્રીએ જણાવ્યું, કે સેજકપુરમાં આવ્યાને ચારેક વરસ થયાં. એક વખતે આ ગામડાં ખૂબ હર્યાભર્યા રહેતાં. લોકો સુખી હતા. દેશ પરદેશ જવું હોય તો આંચકો લાગતો પણ હવે, ગામડે ગામડે કોટડાં પડ્યાં છે. જરૂરિયાતવાળો વર્ગ શહેરોમાં ચાલ્યો જાય છે. વેપાર ધંધા તૂટી ગયા છે. માણસને જ્યાં સુધી રોટલાની ચિંતા જાય નહિ ત્યાં સુધી માણસ ઈશ્વરભજન પણ કરી શકે નહિ. એટલે નીતિમય રોજી કેમ મળે, એ માટે મહાપુરુષોએ સુંદર રસ્તો બતાવ્યો છે. અષો જરથોસ્તે કહ્યું ઉદ્યોગિતા નહિ આવે ત્યાં સુધી ધર્મ નહિ પાળી શકે. જિસસે કહ્યું, નીતિનો રોટલો નહિ કમાય, ત્યાં સુધી પ્રભુને ન મેળવી શકે. જૈન શાસ્ત્રોમાં પણ

નીતિને ઘણું મહત્ત્વ આપ્યું. અહીંયાં પૂણિયા શ્રાવકની વાત દૃષ્ટાંત રૂપે કહી હતી. તે પૂણી બનાવી નીતિથી રોજી મેળવતો. તે વખતે ઘણા શ્રીમંતો હતા પણ સામાયિક પૂણિયાની વખાણી કારણ મજૂરી કરીને જીવનારમાં ઊંડી ઊંડી મનોલાગણી રહેતી કે જે બીજાને ઉપયોગી થતી. આજીવિકાનો પ્રશ્ન સમાન ધોરણે નહિ વિચારીએ ત્યાં સુધી સાચો ધર્મ નહિ મળી શકે. ધર્મની અને તત્ત્વની વાતો કરશે પણ આચારમાં કંઈજ નહિ હોય. વેદાંતની વાતો કરનારા પણ આમ જ પાયા વગરની ઈમારત ચણે છે. એટલે એ ઈમારત પાછળ ધર્મની ભાવના પણ પડી છે. પણ જો મહેનત કરવા છતાં રોટલો મળે નહિ તો એને ઈર્ષા આવ્યા વગર રહે નહિ.

પહેલાં આપણે પાડોશીનું સુખ જોઈને સુખી થતાં કારણ પાડોશી આપણી ચિંતા કરતો. આજે કોઈનું સારું જોઈને ઈર્ષા આવે છે. કારણ કે તેણે મૂઠી ભરી દીધી છે. કોઈને આપવાનું મન થતું નથી. અહીં એકને ત્યાં દિવાળી હોય તો બીજાને હોળી ઉપર ધાણી ખાવા પણ નથી મળતી. આમાંથી આપણે રસ્તો કાઢવો જોઈએ. તે રસ્તો કયો ? ગાંધીજીએ બ્રિટિશરોને કાઢ્યા. પણ તેનો અંશ મૂડીવાદ ગયો નથી. જમીનવાદ ગયો નથી. એના માટે આપણે પ્રયત્ન કરવાનો છે.

વિનોબાજીને આ પ્રશ્ન ખ્યાલમાં આવી ગયો. તેમણે એક આંદોલન ઊભું કર્યું. અને તે ભૂદાનનું જમીન વહેંચણીનો પ્રશ્ન સરકાર ઉકેલશે ત્યારે ખરી, પણ એમણે કહ્યું હું તમારો હૃદયપલટો માગું છું. અને ઈશ્વર પ્રસાદી તરીકે ઈશ્વરના સંતાન માટે ભૂમિ જોઈએ. એક શેઢા માટે માંહોમાંહે ખૂન કરે છે ત્યાં ખેડૂતો વિનોબાજીને લાખો એકર જમીન આપે છે.

એક ગામના હરિજનોએ જેમની પાસે જમીનની માગણી કરી,એ ઊભડોને વિનોબાજીએ વાત કરી. ત્યારે એક ભાઈએ ૧૦૦ એકર આપી. અને એમાંથી એમને વધારે સારો પ્રયોગ કરવાનું મન થયું. આ વાત હું તમને કહેવા આવ્યો છું.

બીજી વાત શહેરો બોલતાં થયાં છે. બધી જાતની સગવડો મેળવતાં જાય છે. અને સરકારને આપવી પડે છે બીજીબાજુ ગામડાંને પીવાના પાણીનું પણ ઠેકાણું નથી એટલે તમો બધાં નૈતિકબંધનથી એક થાઓ,

અને સંગઠિત બનીને સરકાર અને પ્રજા સામે અવાજ ઉઠાવતાં થાવ. આ ગામમાં ૧૫૦ એકર ભૂદાન મળ્યું.

આ ગામમાં નવલખો મહેલ છે. ખૂબ પ્રાચીન અને ભવ્ય ઈમારત છે. કેટલુંક તૂટી જવા આવ્યું છે. છતાં તેની કોતરણી અને પ્રાચીન કળા અજબ છે. ૬૪ થાંભલા ઉપર ઈમારત ખડી છે.

**તા. ૧૭-૧૧-૧૯૫૨ : સાયલા (ગુરુદેવની સાધનાભૂમિ)**

સેજકપુરથી નીકળી સાયલા આવ્યા. અંતર નવ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. અહીં મોટા ગુરુદેવ પૂ. નાનચંદ્રજી મહારાજ બિરાજતા હતા. ગામ લોકો અને તેમની સાથે ચિત્તમુનિ અને મહાસતીજીઓ પણ સ્વાગત માટે સામે આવ્યા હતા. અમારે સુદામડા જવાનું હતું, પણ પૂ. નાનચંદ્રજી મહારાજની જયંતી હોવાથી તે ભાઈઓને નિરાશ કરીને અમારે સીધું આવવું પડ્યું.

આવતાંવેંત ગુરુ-શિષ્ય બહુ પ્રેમથી ભેટ્યા. સંતબાલજીએ ખૂબ ભાવપૂર્વક ગુરુને વંદના-નમસ્કાર કર્યા. સાધ્વીજીઓ સામે આવેલાં, તેમાં બંનેએ એકબીજાને વંદના કરી. સામાન્ય રિવાજ એવો હોય છે કે સાધ્વી ગમે તેટલાં વૃદ્ધા હોય અને સાધુ નવા જ દીક્ષિત થયા હોય તો પણ સાધ્વી સાધુને વંદન કરે. સંતબાલજી એમ માને છે કે, મોક્ષનો અધિકાર બંનેનો સરખો છે. કોઈ ઊંચનીચ નથી. એટલે દીક્ષાએ જે મોટા હોય તેમને વંદન કરવા જોઈએ. આ તેમના જીવનની સ્ત્રીસન્માનની એક મોટી ક્રાંતિ આપણને જોવા મળે છે.

**તા. ૧૮-૧૧-૧૯૫૨**

ગુરુદેવ નાનચંદ્રજી મહારાજની જયંતી.

આજે પૂ. ગુરુદેવનો ૭૬મો જયંતી દિવસ હતો. ૭૫ પૂરાં થયાં. પ્રાર્થના પછી ગુરુદેવે આત્મશોધન અંગે પ્રવચન કર્યું. પછી પ્રભાતફેરી શરૂ થઈ. પ્રભાતફેરી નીકળી.

જયંતી ઉજવણીનો કાર્યક્રમ સંતબાલજીના પ્રવચનથી શરૂ થયો. પૂ. સંતબાલજીએ સદ્‌ગુરુ કોને કહેવાય ? જયંતી કોની ઉજવાય અને તે કેવી રીતે ઉજવવી એ વિગતે સમજાવ્યું.

ત્યાર પછી પૂ. ચિત્તમુનિએ જણાવ્યું કે જગતની અંદર બધી વસ્તુ સાપેક્ષ હોય છે. સંતબાલજીએ વ્યક્તિપૂજા છોડીને ગુણપૂજા તરફ વધુ ધ્યાન આપવું જોઈએ એમ કહ્યું એની બીજી બાજુ પણ છે. માણસ વ્યક્તિ પૂજા સિવાય આગળ વધી શકતો નથી. એમણે વાત તો બહુ સુંદર કરી છે, પણ વ્યક્તિની મહત્તા ઓછી આંકી છે. તે મને બરાબર નથી લાગતું. સંતપુરુષની વાણી સાંભળવી, તેનું દર્શન કરવું તે અહોભાગ્ય હોય તો જ મળી શકે. વ્યક્તિ તરફ મન એકનિષ્ઠ ના થાય ત્યાં સુધી આગળ વધી શકાતું નથી. હા, માત્ર આંધળિયાં નહિ કરવાં, પણ પરીક્ષા કરીને કોઈપણ પૂર્ણ પુરુષને ગુરુ તરીકે સ્થાપિત કરવા જોઈએ. દ્રવ્યથી વસ્તુને સમજી શકાય, સંત-પુરુષોનું દર્શન કરવું, તેમની વાણી સાંભળવી તેમની પૂજા કરવી એ ઘણું જરૂરી છે. એટલે વ્યક્તિપૂજાને ગૌણ ગણવી એ બરાબર નથી.

સંતબાલજી સામાજિક નેતા છે. સમાજની ઘણી સેવા કરે છે. એ રીતે તેમણે પોતાના વિચારો રજૂ કર્યા તે પણ યોગ્ય જ છે.

સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના મંત્રી શ્રી વજુભાઈ શાહ પણ અમારી સાથે હતા તેમણે કહ્યું કે, અહીં મહાપુરુષો બેઠા છે. રોજ પ્રાર્થના-પ્રવચન થાય છે. તે ત્યારે જ આચારમાં આવ્યા ગણાય કે અહીંની ગરીબ જનતાની આપણે દરકાર કરીએ અસ્પૃશ્યતા દૂર કરીએ.

અંતમાં પૂ. નાનચંદ્રજી મહારાજે જણાવ્યું કે, ખરી વસ્તુ એ છે કે પહેલાં હયાતી ના હોય, તેની જયંતી ઊજવાતી. પણ હમણાં હમણાં હાજર હોય તેમની જયંતીઓ પણ ઊજવાય છે. મને એમ લાગે છે કે મારી હાજરીમાં મારાં વખાણ થાય, એ સાંભળવું મને ગમતું નથી. અમારામાં ઘણી ત્રુટીઓ છે. ઘણુંય શીખવાનું છે. મહાવીર અને મહાત્માજી જેવાની ભૂલો જોનારા પણ મળતા હતા. એટલે હું તો કહું છું કે સારી વાતો જીવનમાં ઉતારો. એ જ મહત્ત્વની વસ્તુ છે.

• • •

પૂ. નાનચંદ્રજી મહારાજે એક વ્યાખ્યાનમાં જણાવ્યું કે, કોઈ માણસને પૂર્વના સંસ્કાર સિવાય, ત્યાગની ભાવના ઉત્પન્ન થતી નથી.

મારા જીવનમાં પણ એવું કંઈક બન્યું છે. એક સાધુ આવેલા તેમનો મને સંપર્ક થયો. સંત પરંપરાના સંસ્કાર પ્રમાણે હું એમની સાથે જતો.

કંઈ સમજાતું નહિ. ચોમાસુ સાથે રહેવાનું મન થયું. મારો ભત્રીજો સાથે હતો. એક તો સંત સાથે રહેવાનું સદ્ભાગ્ય મળ્યું. બીજો વિચાર સારું સારું ખાવાનું મળશે એવો આવ્યો. મારા બાપુ આવ્યા, કહે, હાલ ઘરે !

મેં કહ્યું : નથી આવવું. મારે દીક્ષા લેવી છે.

'હાલ, હાલ દીક્ષાવાળા !' એમ કહીને બાવડું પકડ્યું, મને પકડે, ત્યારે તે ભત્રીજો દોડી જાય ને એને પકડે ત્યારે હું દોડી જાઉં. આમ પકડીને મને ઘેર લાવ્યો. આવા મારા મનના ભાવ હતા. પૂર્વના સંસ્કાર હશે. કંઈ સમજાય નહિ, પણ ત્યાગ કરવાનું ગમે માતા-પિતા તો હું દસ વરસનો થયો ત્યાં ગુજરી ગયાં. ભાવનગરમાં સાધુઓની પાસે જાઉં. સાંભળવાનું બહુ ગમે. બીજું કંઈ કામ સૂઝે નહિ, વ્યવહારમાં પડું એટલે ભૂલું પણ પાછો સાંભળવા જાઉં. મનમાં જિજ્ઞાસા બહુ. હવે ક્યાં જાઉં ? શું કરું ? એવામાં એક નિમિત્ત મળી ગયું. મેં વિચાર કર્યો. પચ્ચખાણ લઈ લઉં પણ ભાઈસાબ એમ નહિ. જંગલમાં રહીએ. 'આવતી કાલે બ્રહ્મચર્યના પચખાણ દેજો.' 'પણ તારી સગાઈ થઈ છે ને ?' 'કંઈ વાંધો નહિ, તમ તમારે દેજોને !' તે વખતે મને નાગર કહેતા. ઊભો થયો. પ્રતિજ્ઞા આપી પછી તો બીજા રોવા લાગ્યાં. મેં પચખાણ લીધાં. એટલે માન્યું કે છૂટ્યો. લીંબડીમાં ઉમેશચંદ્રજી મહારાજ ત્યાં ને ત્યાં રહે. લોકો એને માટે બહુ સારું ના બોલે તેવીસ વરસની મારી ઉંમર હતી. મેં વિચાર્યું, પહેલાં કોઈ સારો સાધુ શોધી કાઢું. પછી સુદામડા જ્યાં સગાઈ થઈ હતી ત્યાં સગાઈ ફોક કરી આવું. ગુરુ થવા તો ઘણા તૈયાર થયા. પણ જ્યાં નિશ્ચિત હોય ત્યાં જ થાય છે. ત્યાં એક શ્રાવક મળ્યો. કહ્યું કચ્છમાં એક સાધુ છે. બહુ વિદ્વાન છે. સર્ટિફિકેટ લઈને ગયો. ત્યાં દેવચંદ્રજી મહારાજ મળ્યા. નાના નાના શિષ્યો હતા. મને એ બહુ ગમ્યા.

ભાવનગર ઉમેદચંદ્ર મહારાજને વચન આપેલું ત્યાં કાગળ લખી નાખ્યો. બાર માસ અભ્યાસ કર્યો.

તે વખતે જ્ઞાન નહોતું, પણ અંધશ્રદ્ધાથી બધા કરતા તેમ કરતો. વ્રતો, નિયમો કરતો, તાપમાં સૂઈ રહેવું, ઉપવાસ કરવા, વગેરે કરતો. તે વખતે લોંચનો સમય હતો. મને મન થયું. એક જણાને કહ્યું, ચિપિયાથી ફાવે, હાથથી ના ફાવે, મેં કહ્યું, ભલે એમ કરો. બે જણ આવો. એક

આ બાજુથી વાળ ખેંચતો આવે, બીજો બીજી બાજુથી, માથું આખું ખેંચી નાખ્યું. ઘેર આવ્યો. માસી તો મને જોઈને રડવા લાગી. આ શું કર્યું ? શું માથે લગાવું ? મેં કહ્યું : સૂંઠ લગાવો ખરી રીતે સુખડ લગાવવી જોઈએ. કર્મ ખપાવવા માટે તાપ, ટાઢ બધું સહન કરતો.

દીક્ષા લીધા પછી પણ વ્રતો કરતો. નદી કિનારે જઈને તાપમાં લાંબો થઈને સૂઈ જતો. એક વાર ગુરુએ કહ્યું, આમ તપસ્યાથી કંઈ દહાડો નહિ વળે. જ્ઞાન થવું જોઈએ. વિના જ્ઞાને વૈરાગ્ય ટકતું નથી. એ વાત સમજાતાં અભ્યાસ શરૂ કર્યો. સંગીતનો શોખ બહુ, રાગ સુંદર, આખા નાટકનાં નાટક મોઢે, પણ હવે તો એ ગવાય નહિ. એટલે એ જ રાગનાં બીજા બનાવ્યાં. લોકોને પણ બહુ ગમે. નિશાળમાં પરીક્ષા વખતે કોઈ સાહેબ આવે, તો પણ મને બોલાવે. ગાયન પણ હાથે બનાવતો પીંગલ બીંગલ કંઈ ના જાણું.

સં. ૧૯૫૮માં જામનગરનું ચોમાસું કર્યું. ત્યાં સંસ્કૃતનો અભ્યાસ કર્યો. થોડું ઉર્દૂ શીખ્યો. ત્યાંથી મોરબી આવ્યો. અહીં કોન્ફરન્સ ભરવા, એક ભાઈએ સૂચન કર્યું. તેને હા પાડી. ત્યાંથી વિહાર કરી જેતપુર આવ્યો. ગુરુને કહ્યું, કોઈ એવો મંત્ર આપો કે મને વિદ્યા જલદી ચડે. ગુરુએ સરસ્વતીનો મંત્ર આપ્યો. ત્રણ દિવસ સુધી એક આસને બેસી રહ્યો. પગ ઝલાઈ ગયા. દવા લાવ્યો. ચોળવાની આપી ને પીવાની આપી. પણ ભૂલથી ચોળવાની પી ગયો. ઝેરી હતી એટલે અગન ઊઠી.

મેં ગુરુને કહ્યું, આમ બન્યું છે. હવે જવાનો છું. ડૉક્ટર આવ્યો દવા આપી કુંડી પાણી ઊલટી દ્વારા કાઢ્યું.

ભગવાન મહાવીરનો અમારામાં જય થાય. અમારામાં શૈતાનનો જય છે. પ્રકૃત્તિનો જય છે, એને આધીન અમે થઈ ગયા છીએ. કોઈ પણ કામ કે ધર્મ કરતાં હોઈએ તો એ સાથે ને સાથે હોય છે. એટલે આપણે ઈચ્છીએ છીએ કે ભગવાન આપનો જય થાઓ. પણ પ્રકૃતિ અને શેતાનનો જય થાય છે. તેમાંથી દૂર થઈ આપણો વિજય અમારા અંતરમાં થાઓ, અને દુષ્ટ તત્ત્વોનો પરાજય થાઓ. એટલે જ વારંવાર ધૂનમાં બોલીએ છીએ. તમારો દીવડો અમારા અંતરમાં જલતો જ રહે. એ ઝાંખો ના પડે. દૈવી અને આસુરી તત્ત્વનું યુદ્ધ ચાલતું જ હોય છે. દૈવી તત્ત્વોનો

જય થાઓ એવો જય બોલતા ધ્યાન રાખવાની જરૂર છે કે આપણે કોને ટેકો આપીએ છીએ, બોલીએ છીએ. વૈરી ભાવના જેવું આચરણ આચરીએ છીએ આસુરી ભાવના જેવું આપણે એ ભાવનાને ટેકો આપ્યાં કર્યો છે. હવે આપણે ઉર્ધ્વભાવમાં જવું છે. આજ સુધી હું ઊંઘી રહ્યો છું. હે, પ્રભુ મારા જીવનમાં અણુએ અણુમાં તારું જ નામ પ્રગટો. અમે અમારું સ્વરૂપ ભૂલ્યાં તે પાછું મળે. આપણે ધૂન ગવડાવી જઈએ છીએ પણ એ શબ્દો આવે ત્યારે આ વિચાર આવવો જોઈએ. હું તારો સહારો લઉં છું. તું બળવાન છે. હું નિર્બળ છું. મારું અજ્ઞાન છે. હું રોગી છું. તો મને જ્ઞાન મળે. આરોગ્ય મળે. એવું હે પ્રભુ કરો ! આપ નિર્મળ છો, પ્રકાશ કરનારા છો, અમે તમારા બાળક છીએ તો અંધારામાંથી હે પ્રભુ, પ્રકાશમાં લઈ જાઓ. હે પ્રભુ, તમારા જેવી દશા અમારી થાય, એવું કરો પ્રાર્થના રોજ કરીએ છીએ. પણ એ પ્રાર્થના એવી થાય કે, આપણું હૃદય રડી પડે. એનાં ચરણોમાં કાયા ઢળી પડે. ભૂલોનો પશ્ચાત્તાપ થાય. સૂતી વખતે આવું ચિંતન કરવું જોઈએ. છ મહિના આ દવા લો. દર્દ ના મટે તો કહેજો. (પ્રવચનમાંથી)

• • •

એક પ્રવચનમાં સંતબાલજીએ જણાવ્યું કે, સ્વરાજ્ય આવ્યા પછી ગુનાહીત વૃત્તિઓ બહુ દેખાય છે. પોલીસને માર મારવાની સત્તા નથી. હાજરી પુરાવવાની બંધી થઈ ઘણા ઠેકાણે હાજરી પુરાવવાની પ્રથા હતી. એટલે ચોરી ચપાટી બંધ થઈ ગઈ. એટલું જ નહિ. જેલમાં એવી સગવડ થઈ ગઈ કે, રજા લઈને ઘેર ચાલી જવાય. બીડી પીવાની જરૂર લાગે તો પણ અપાય. મતલબ કે, શારીરિક સજા રહી જ નહિ. માત્ર સમાજથી દૂર રખાય છે. આ કઈ જાતની રીત ? અદાલતમાં કદાચ કેસ જાય તો પણ ભાગ્યે જ સજા થાય છે !

શાળામાં જોઈએ તો મારવાનું બંધ થયું. લોકો ફરિયાદ કરે છે, કશું ભણાવતા જ નથી. ટ્યુશન રાખીને આમદાની મેળવે છે. કોઈ કહે તો જવાબ મળે. વિદ્યાર્થીઓ વિફરે તો ઘરે જવું ભારે થઈ પડે. એવી ગુંડાગીરી કરે છે. ઘરમાં જોઈએ તો હવે સાસુનું નથી ચાલતું વહુ કહે, બેસો બેસો તમને શું ખબર પડે ? છોકરાં બાપનું માનતાં નથી. ગાડીમાં જોઈએ તો ખુદાબક્ષોની

સંખ્યા વધતી ચાલી છે. ત્યારે આ કઈ જાતનું સ્વરાજ ! લોકો મશ્કરીમાં કહે છે. રામરાજ આવ્યું. રામરાજ એટલે ગમે તેમ વર્તવાની છૂટ.

હું આ બધા પ્રશ્નોને બીજી રીતે જોવું છું. ગુનેગારને સરકાર ભલે કાંઈ ના કહે, પણ સમાજ એને પોતાની રીતની સજા કરી શકે. નાત બહાર મૂકી શકે, સત્યાગ્રહ કરી શકે, મજૂર મહાજન મિલો સામે લડી શકે છે. ત્યારે સંગઠન શક્તિ બંને કામ કરે છે એક બચાવવાનું અને બીજું મારવાનું આના માટે સંતોનું માર્ગદર્શન જોઈએ.

**તા. ૨૨-૨૩**

અહીં તા. ૨૨ અને ૨૩ બે દિવસ ચુંવાળિયા કોળીઓની એક પરિષદ ભરાઈ હતી. તેમાં સૌરાષ્ટ્રના પ્રધાનો જાદવજી મોદી, ઘનશ્યામભાઈ ઓઝા, રસિકભાઈ પરીખ, વગેરે આવ્યા હતા. પ્રમુખ તરીકે રસિકભાઈ પરીખની વરણી થઈ હતી. સંમેલનમાં પૂ. નાનચંદજી મહારાજે અને સંતબાલજીએ હાજરી આપી હતી. અને યોગ્ય માર્ગદર્શન આપ્યું હતું. અહીં ૪૫ વીઘાં જમીન ભૂદાનમાં મળી હતી. આ સંમેલનમાં સૌરાષ્ટ્રના ઘણા ચુંવાળિયા પગી લોકો એકઠા થયા હતા. તેમાં પાણીસણાના વાહણ કરસન પગી મુખ્ય હતા.

આ પરિષદમાં પૂ. નાનચંદજી મહારાજે માંગલિક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, માણસમાત્રની ઇચ્છા ઊંચે જવાની છે. પણ મનુષ્યમાં બે પ્રકૃતિ કામ કરે છે. એક દૈવી અને બીજી આશુરી. બંનેની લડાઈ થાય છે. અને જેની જીત થાય છે તેવો માણસ બને છે. સાત પ્રકારના વ્યસનો નર્કનાં દ્વાર છે. પ્રથમ જુગાર કહ્યો. યુધિષ્ઠિર અને નળરાજાનો દાખલો આપણી સામે છે. હું તમને પૂછું કે તમને સ્વર્ગમાં જવાની ઈચ્છા છે કે નર્કમાં જવાની છે ? મને લાગે છે. સ્વર્ગમાં જવાની ઇચ્છા જ હશે. પણ માણસની અધમ પ્રકૃત્તિઓ તેની પાસે ના કરાવવાનાં કામ કરાવે છે જેને એક કામ હલકું કર્યું. તો તેની પાછળ બીજાં અનેક દૂષણો ચાલ્યાં આવે છે. જુગાર પછી માંસ પછી દારૂ પછી વ્યભિચાર પછી ચોરી આમ માણસ ઊતરતો જ જાય છે.

કોલી એટલે શેઠ Call me (કોલ મી) વચન આપનાર માણસ આજે ઊતરી ગયા છે. તમે વિચાર કરો તમારે ઘેર ખાતર પડે તો ગમે ?

તમારો કોઈ શિકાર કરે તો ગમે ? તમારી દીકરી સામે કોઈ કુદૃષ્ટિ કરે તો માથું કાપી લેવાનું મન થાય. પણ આવું જ આપણે કરીશું તો બીજાને કેમ ગમશે ? તમે બધા ઠરાવ તો કરશો. પણ માત્ર બોલવાનો ના કરશો. પરમાત્માને સાક્ષી રાખીને તમારી પ્રતિજ્ઞા લો, કે ચોરી, દારૂ, શિકાર નહીં કરીએ. તો હું તમને અનુભવથી કહું છું કે, બારમાસના અવાણ જુઓ. કેટલો ફાયદો થાય છે. તમે પછાત કોમ નથી. પછાત થઈ ગયા છો. તમોને ઊંચે લાવવા છે. આ બધા પ્રધાનો એ માટે આવ્યા છે. અમે તો ઉપદેશ આપીએ. પણ શક્તિ તો તમારે કેળવવી પડશે. એક અધર્મ આચરણવાળો માણસ આખા જગતનું વાતાવરણ બગાડે છે. ભૂપતે ઘણાને માર્યા. મરવાનું નક્કી હશે. તો મર્યા પણ તે સુખી છે ? એક દિવસ ખાતર પાડી આવ્યો. થોડા દિવસ ખાધું. પણ પહોંચ્યું નહિ. અને બીક, બીક ને બીક, તો તમારા બાળકો કેમ પ્રધાન ન થાય ? કેમ કલેક્ટર ના થાય ? પણ આ બધું તમારા જીવનના વ્યવહાર ઉપર આધાર રાખે છે.

તમે બધા અમારી સમીપે આ બધું કરો છો. એટલે અમારી વગોવણી ના થાય તેમ કરજો.

અંતમાં પૂ. સંતબાલજીએ જણાવ્યું કે, પાણીસણાના સંબંધો થયા, ત્યાં સંમેલન થયું. ગુજરાતના ઋષિ શ્રી રવિશંકર મહારાજના પ્રમુખપણા નીચે એ થયું. વાહણનો સંપર્ક લિંબડીમાં થયો. પછી એ સંબંધ વધતો ગયો. મેં અને મહારાજે એની ઉપર મોટી આસ્થા રાખી છે. પણ હજુ અમને સંતોષ થાય, એવું કામ થયું નથી. એના સુખદ અને દુઃખદ અનુભવો થયા છે. રસિકભાઈને એના તરફ પ્રેમ છે. એટલે મેં ફરીથી એમની રૂબરૂ વાહણને મળી લેવા વિચાર્યું. અને ગઈકાલે મળ્યાં. ફરીથી હું એના ઉપર વિશ્વાસ મૂકું છું. પછાત કોમોમાં હજુ ઈશ્વરનો વાસ વધારે છે. એમ મને અનુભવે લાગે છે.

પરિષદના ચુંવાળિયા ભાઈઓએ ૪૫ વીઘા જમીન ભૂદાનમાં આપી હતી.

અહીં લાલજી મહારાજનું પ્રખ્યાત મંદિર અને જગ્યો છે. વિશાળ તળાવ છે.

મુખ્ય કાર્યકર : વૃજલાલ મૂળચંદ ગાંધી અને સવસી કાનજી મકવાણા.

**તા. ૨૫, ૨૬-૧૧-૧૯૫૨ : સુદામડા**

સાયલાથી નીકળી સુદામડા આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો જૈન ભોજનશાળામાં રાખ્યો હતો. સ્વાગત માટે ભાઈ બહેનો ઘણે દૂર સુધી સામે આવ્યાં હતાં.

નિવાસે આવીને પ્રાસંગિક કહેતાં મહારાજશ્રીએ ખેતી ભૂદાન અને ગૃહઉદ્યોગ વિષે કહ્યું. જૈનોએ ખેતીમાં પાપ માન્યું છે, પણ લાંબી દૃષ્ટિથી વિચારવું જોઈએ. ચોટિલામાં એક જૈનભાઈ મળેલા. મને કહે હું ખેતી કરાવું છું. તો લોકો મારી નિંદા કરે છે. જો આપણે અનાજ ખાઈએ છીએ તો પછી પાપ તો લાગવાનું જ છે. પણ એક જૈન ખેતી કરતો હશે, તો વિવેક વાપરશે. ખેતીમાં પાપ તો છે, પણ તેમાં વિવેક ભળી જાય તો એ કર્મ ધર્મ બની જશે. પાપની સાથે પુણ્ય નહીં ભળે, પણ ધર્મ ભળશે. એટલે આપણી કેટલીય ક્રિયાઓમાં સમજવાની જરૂર છે. ઘંટીથી દળિયે તો પાપ થાય, ચક્કીમાં નહીં, ગાડીમાં બેસીએ તો પાપ, મોટરમાં નહીં, ખેતી કરીએ તો પાપ, મહાયંત્ર ચલાવીએ તો પાપ ગ્રામોદ્યોગમાં નહિ. આ બધી વાતને લાંબી દૃષ્ટિએ જોવી જોઈએ.

ભૂદાન આંદોલન ત્યાગની ભાવના ફેલાવવા માટે છે. એમાં રૂપિયા, આના, પાઈનો હિસાબ નથી. વ્યક્તિ માત્ર કંઈ ને કંઈ ત્યાગ કરી શકે. કોઈ જમીન આપે, કોઈ ધન આપે કોઈ બુદ્ધિ આપે. કોઈ શ્રમ આપે. આજે ઘરગથ્થુ ધંધા તૂટી ગયા છે. એને ફરીથી પાછા લાવી, બધાં શાંતિથી જીવી શકે એ આપણે જોવાનું છે.

અહીંનું તળાવ ખૂબ મોટું છે. ઈરિગેશન થાય છે. પંચાયત સારી રીતે રચાય એ માટે સારો પ્રયત્ન કર્યો. અહીં પરિણામ સુંદર આવ્યું.

હરિજન પ્રશ્ન વિષે મહારાજશ્રીએ કહ્યું તેની લોકોને સારી અસર થઈ. અને એક કૂવો હરિજન માટે ખુલ્લો કર્યો. દરબારો વ્યાપારી વગેરે સુસંમત થયાં.

અહીં ૫૭૨ વીઘા જમીન ભૂદાનમાં મળી.

**તા. ૨૭-૧૧-૧૯૫૨ : મોરવાડ**

સુદામડાથી નીકળી વડિયા થઈ મોરવાડ આવ્યા. અંતર સાડાનવ

માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. અમારી સાથે જિલ્લા વિકાસ અધિકારી ભાનુશંકર શુકલ અને બીજા ભાઈ પણ હતા. આવીને પ્રાસંગિક કહેતાં મહારાજે જણાવ્યું કે ધર્મને રક્ષણ આપીએ તો એ આપણને રક્ષણ આપે છે. પણ આપણે હરણ કરીએ તો તે હરણ કરે છે. આજે આપણે વૈભવની ખાખ કરવાને બદલે વૈભવના ગુલામ બન્યા. મહાત્માજીએ આપણને સુંદર માર્ગ બતાવ્યો છે. સત્ય અને અહિંસાની રીતે દરેક વ્યવહાર કેમ જીવવો એ તેમણે બતાવ્યું છે.

દુનિયામાં જે ઝડપથી ફેરફારો થઈ રહ્યા છે એણે આપણે બંધ બેસતા થઈ જઈશું તો સુખી થવાના છીએ જો ભૂખ્યા માણસને રોટલો ન મળે તો સુખેથી બીજાને જીવવા નહીં દે. આપણે માલિકીહકનું ઘંટીનું પડિયું ગળે વીંટાળીને ફરીએ છીએ. જમીનદારો, મૂડીદારો કહે આ તો અમારું છે. પણ અમારું એટલે મારું નહિ પણ સૌનું સૌ વહેંચીને ખાઈએ. એકલી સરકાર નહીં પહોંચી વળે. સૌએ સાથે મળીને કામ કરવાનું છે. મારે ના જોઈએ. તો વસ્તુ વધી પડવાની છે. પણ સૌ લેવા નીકળી પડશે તો, ખોળ પણ મોંઘો થઈ પડશે.

અહીં નવી મોરવાડની ૧૦૧ વીઘા જમીન અને જૂની મોરવાડની ૧૩૬ વીઘા ભૂદાન મળ્યું હતું.

**તા. ૨૮-૧૧-૧૯૫૨ : બળદાણા**

મોરવાડથી નીકળી વડોદથી બળદાણા આવ્યા. અંતર દસ માઈલ હશે. ઉતારો સરકારી ચોરામાં રાખ્યો હતો. વડોદ મુકામે પૂ. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ અહીં આવ્યા હતા. તેમની સાથે થઈ ગયા હતા.

બપોરે ત્રણ વાગે આજુબાજુના ગામોનાદ ખેડૂતોની એક સભા મળી હતી. તેમાં પૂ. નાનચંદ્રજી મહારાજ પણ આવ્યા હતા.

પૂ. સંતબાલજીએ કહ્યું કે, ભૂદાનયજ્ઞ એટલે શું ? બીજા ફાળામાં અને આ ફાળામાં બહુ ફેર છે. આ પ્રવૃત્તિ શરૂ થઈ તેનો પૂર્વ ઈતિહાસ કહેતા, તેમણે કૉંગ્રેસનો ઈતિહાસ કહ્યો. ગાંધીજીએ કહ્યું, સ્વરાજ્ય આવે ત્યારે મારે એટલી તૈયારી જોઈએ કે બ્રિટિશરોને વિદાય આપીએ ત્યારે આપણી પ્રજાને પેટ પહેરણ ને પથારી સુખેથી મળવાં જોઈએ. પણ આપણે

એ કરી શક્યા નથી. પાછળ રહી ગયા છીએ. કારણ કે આપનારા આપતા નથી. પણ કુદરતની દયા છે કે કોઈ ને કોઈ પુરુષ દ્વારા આપણને સન્માર્ગ બતાવતા જ જાય છે.

ચારે બાજુ મૂડીવાદ અને સત્તાવાદ ફેલાયો છે. તે વખતે વિનોબાજીએ એક આંદોલન જગાડ્યું. એમણે કહ્યું કે, હવા, પ્રકાશ અને પાણી ઉપર કોઈનો માલિકીહક્ક નથી. તો આ ભૂમિનો માલિક કોણ ? અને એમાંથી 'સબભૂમિ ગોપાલકી'નું સૂત્ર જડ્યું.

તૈલંગણામાં સામ્યવાદીઓ ભારેત્રાસ કરતા હતા. પોલીસો પણ એને લીધે, ત્રાસ કરતા હતા. આ સ્થિતિ હતી ત્યાં ભૂમિદાન નિમિત્ત બન્યું. નિમિત્ત હંમેશા નાનું હોય છે. પણ તેમાં એક મહાન સિદ્ધાંત સમાયેલો છે. દાનની કિંમત નથી, પણ દાન પાછળના ભાવની કિંમત છે. શબરીના બોરની કિંમત નથી કે વિદુરની ભાજીની કિંમત નથી. ભાવની કિંમત છે. જિસસને એક વિધવાએ કાણી કોડી દાનમાં આપી. જિસસે તેની ભારે જાહેરાત કરી. વિનોબાજી કહે છે હું દાન લઉં છું. તે હક્ક દાવાથી લઉં છું. ઉપકારથી કોઈ આપશો નહિ. હજાર વીઘા હોય અને પાંચ વિઘા આપે તો એ પરત પણ કરતા. કારણકે એ દાન હૃદયનું નથી હોતું. લોકો આપે છે. એટલે આપવું પડે છે. એમ માને છે. એટલે તમે પણ આ ભાવને સમજજો.

આ પ્રવૃત્તિના અધ્વર્યું વિનોબાજી છે. તમે એના પ્રચાર માટે જાવો તો પગપાળા જાઓ. આ બળદાણા સતભાગી છે કે ત્યાં વરસાદ કાયમ વરસે છે. આ કોને ના ગમે ? પણ ગીતા કહે છે. 'યજ્ઞાદ્ ભવતી પરજન્ય' યજ્ઞથી વરસાદ વરસે છે. એ યજ્ઞ કયો ? કંઈક ત્યાગ કરવો જોઈએ. ગામમાં કંઈક કુસંપ છે. તેને કાઢી નાખો. બધાં એક થાઓ. તો જ ગામનું કલ્યાણ થઈ શકશે. પંચાયત માટે સંગઠિત થાઓ.

બીજી વાત હરિજન પ્રશ્નની છે. તમારામાંનો મોટોભાગ શ્રીજી પ્રભુના અનુયાયી છે. એટલે આપણી કમનસીબી છે કે કેટલીક ગેરસમજ ઊભી થઈ. જેમ બીજા વર્ગો મુસલમાન, વાઘરી, ખાટકી વગેરે સાથે રોટી વ્યવહાર નથી કરતા પણ હળીએ મળીએ છીએ. તેઓ વ્યવહાર હરિજનો સાથે કરીએ.

પૂ. નાનચંદ્રજી મહારાજે સભામાં જણાવ્યું કે, ત્ર્યંબકભાઈએ તમને કહ્યું, પંચાયત રચવામાં તમારી ગૂંચ ક્યાં છે ? તમારા ગામનો ન્યાય તમે કરો. રસ્તા સુધારો, દીવાબત્તી કરો. ખોટું શું છે ? ભૂદાનમાં તમે નામ નોંધાવ્યાં તે આનંદ પામવા જેવું છે. કુદરત કહે છે, કે અમે આપીએ છીએ. તમો પણ આપો. નદી, વૃક્ષ, પશુ, પક્ષી બધાં જ આપે છે. અને લે છે. પશુ જીવે ત્યાં સુધી ખડના ડુંખળાં ખાયને દૂધ આપે. મરી ગયા પછી ચામડું કામ આવે. માંસ કામ આવે, આંતરડાં કામ આવે, માણસ જો એમ જ મરી જાય તો શું કામનો ? હરિજન ભાઈએ જે જમીન આપી તે કેટલી ઉદારતા છે ? અભડાવનાર તો વિષય વિકાર દોષ છે માણસથી માણસ અભડાય જ નહિ બધાં ભગવાનના જ બાળકો છે. અમે ઊંચા એ નીચાં, એ ક્ષુદ્રભાવ છે. એકભાવ રાખીએ તો જ વરસાદ વરસે. વરસાદ કંઈ ભેદભાવ રાખતો નથી.

બીજી વાત આપણામાં સંપ નથી. પાંચ માણસ એક ગામને લૂંટે અને સેંકડો ધર્મ કરનારા બારણાં બંધ કરી ભાગી જાય. એ શું બતાવે છે? લૂંટવું એ અધર્મ છે. એ અધર્મનો જય થયો. અને તમો ધર્મી કહેવડાવો છો તેનો પરાજય થયો. એ પાંચ જણા માથું મૂકવાનો ધર્મ લઈને આવ્યા હતા. આપણે માથું મૂકવાનો ધર્મ સમજીએ મનનો મેલ કાઢવો એ ઉદારતા છે. કાંટો રાખે તેનાથી ભગવાન ભાગે છે. ભગવાન કહે છે, મને પૂજા નથી જોઈતી પણ સર્વમાં મને જુઓ. તેવું મને જોઈએ છીએ. અને મારામાં સર્વને જુઓ. ભક્તને આભડછેટ ના હોય, એટલે પંચાયત રચી નાખો. અહીંયાં ૩૪૩ વીઘાં ભૂદાન થયું. ગોમઠાનુ ૧૫૦ વીઘા, વસતડીનું ૬૯ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૨૯ થી ૩-૧૨-૧૯૫૨ : લીંબડી**

બળદાણાથી વિહાર કરી પૂ. નાનચંદ્રજી મહારાજ વગેરે અમે સૌ લીંબડી આવ્યા. અંતર ૮ માઈલ હશે. આવીને પ્રથમ ઉપાશ્રયમાં પ્રવચન કર્યું હતું. પછી સંતબાલજીએ ગિરધરભાઈના બંગલે નિવાસ કર્યો હતો.

સભામાં નાનચંદ્રજી મહારાજે કહ્યું કે, અમારું આવવાનું મોડું થયું. કારણ કે ત્યાં સંતબાલ આવવાના હતા. અને ૨૩મી એ ચુંવાળિયાનું સંમેલન હતું. અહીં મને આકર્ષણ ખૂબ છે. એટલે ચોમાસાં ઘણાં કર્યા

છે. વરસાદ પણ ખેંચાણથી આવે છે. સંતસાધુઓનું આગમન પણ ખેંચાણથી થાય છે. લીંબડી પ્રગતિ કર્યે જાય છે. હવે થોડી અણગમતી વાત કરું. અમે પ્રવચન કરીએ ત્યારે એની એ નાત જોઈએ છીએ. અમારી ક્ષતિ છે. એટલે અસર નથી પાડી શકતા. પછાતવર્ગ સુધરે છે. પછાતવર્ગો સુધરે વાઘરી સુધરે, પણ જે રોજ ધર્મ જ્ઞાન કરનારી પ્રજા નહીં ફેરફાર કરે તો પાછળ રહી જશે. જેને તમે પછાત કહો છો, ખેડૂત કહો છો, તે લોકો આગળ જાય છે. ખેડૂતો એક શેઢા માટે માથાં વાઢે, તે લોકો સેંકડો વીઘાં જમીન આપી દે છે. કાલે બલદાણાનો એક માણસ આવ્યો. ૪૦ વીઘાં જમીન લો. તારી પાસે કેટલી છે ? તો કહે ૬૮, તું શું કરીશ ? મહેનત કરીશ. એક હરિજને ૪૦ વીઘાં આપી. હું ભાવનાની વાત કરું છું. તમે પૂછો ફલાણે કેટલા નોંધાવ્યા એ લોકો નથી પૂછતા. હું કહેવા એ માગું છું કે, જેને તમે નહિ અડવા લાયક ગણો છો. એ લોકોની પ્રગતિ જુઓ તો કોને હલકા કહેવા ? કોને ઊંચા ગણવા ? તે સવાલ છે.

ભગવાન મહાવીરે કહ્યું, જૈન ધર્મ એ કોઈ જ્ઞાતિ કે નાત નથી. જે ગુણોવાળો હોય તે અમારામાં આવી જાય. જ્ઞાતિઓ તો કર્મને લીધે. 'કમોણો હોય બમન' પણ આપણે તો જ્ઞાતિમાં જ જાતને ઊંચા ગણતા થઈ ગયા અને ધર્મ વિસરી ગયા. તમો નહીં માનો પણ કુદરતને એ મંજૂર નથી. કુદરત એ લોકોને આગળ ધપાવવા માગે છે. પણ તમે ગળિયા બળદ જેવા બેસી રહ્યા છો. જરાય સુધારો કેમ દેખાતો નથી. વ્યસન ન કાઢો, મશીનનો લોટ ખાઓ, હોટેલની ચા પીઓ, વિદેશી કપડાં પહેરો. પણ કંઈ સુધારો નહિ. વ્યાખ્યાન આપીને શું કરવાનું ? લોકો કહે છે : તમે સાધુ એક થાઓ. તમારે એક થવું નથી. અને અમને કહો છો. અમારી જવાબદારી જો કે વધારે છે. તમારે પણ એક થવાની જરૂર છે.

પૂ. સંતબાલજીએ કહ્યું કે લગભગ સાડાચાર વરસ પછી આ ઉપાશ્રયમાં આવવાનું થાય છે. અને તે પણ અમારા પરમપૂજ્ય ગુરુદેવની સમીપમાં રહીએ એટલે આ પ્રસંગને હું ધન્ય માનું છું. ગયે વખતે હું આવ્યો ત્યારે ગુલાબચંદ્રજી સ્વામી હયાત હતા, આજે નથી. તેમણે કહ્યું હતું કે ઉપાશ્રયમાં રહો. હરિજનવાસમાં જઈને તેમને ભલે મળો.

પૂ. મહારાજશ્રીનો અધિકાર છે, તે કહી શકે. હું અધિકારી નથી. લીંબડી સંપ્રદાય અધિકારી છે. આને હું મારું પિતૃસ્થાન જ માનું છું. પૂ. ગુરુદેવની સાથે છૂટા પડ્યા પછી પણ તેમની જે ઉદારતા રહી છે, તેને હું મારું ગૌરવ માનું છું. સાધુ સંન્યાસ લે છે, ત્યારે આખા વિશ્વને પોતાનું કુટુંબ સમજે છે. ઉપકરણો વિકાસમાં ઉપયોગી થાય છે. તે બદલ તમારો આભાર માનીશ. હું જે કંઈ માનું છું તે જૈનાચાર્યોનાં જીવનચરિત્રો અને આગમોના અભ્યાસને સામે રાખી વર્તું છું. કેટલાક દૂર રહ્યાં એમ માનતાં હશે કે મહારાજ કોદાળી, પાવડા લઈને ખોદવા જતા હશે. તળાવ અને કૂવા બંધાવતા હશે. એ તો તેઓ જુએ તો જ ખ્યાલ આવે.

હું ગામડામાં નાના નાના મંડળો રચવાની પ્રેરણા આપું છું. તેની વિગતમાં ઊતરું છું. હું માનું છું કે, ધનની પ્રતિષ્ઠા એટલી વધી ગઈ છે કે, ધર્મદૃષ્ટિએ સમાજરચવાનો પ્રયોગ કરીને લોકોને ઊંચા લઈ જવા જોઈએ એનો પ્રયત્ન કરું છું. મારી એક વિશિષ્ટ પ્રકારની દૃષ્ટિ છે. સમાજનાં બધાં બળો સાથે મેળ રાખું છું. પણ એક દર્શન રાખીને. નીચલા થરનો સંપર્ક વધારે રાખું છું. અને જેનો સંપર્ક હોય તેના તરફ લાગણી કુદરતી જ રહે !

મારા નિયમો હું બરાબર પાળું છું. પાદવિહાર, બિનમાંસાહારીને ત્યાંથી ભિક્ષા, પછી તે ભંગી કેમ ન હોય ! રાત્રિ ભોજન હોય જ નહિ. અસ્પૃશ્યતા નિવારણ, જૈનધર્મમાં તો છે નહીં, હરિજનો જ્યાં આવી શકતા હોય, તેવાં મંદિરો અને ઉપાશ્રયોમાં રહું છું, ઊતરું છું. ચોમાસાનો ખ્યાલ રાખું છું. તમારાથી છૂટા પડ્યા પછી પણ તમો જે પ્રેમ બતાવો છો તેની હું કદર કરું છું. સ્ત્રીનો હું સ્પર્શ કરતો નથી. છતાં તેઓ મારી સાથે રહે તેમાં બાધ માનતો નથી. આ બધી વાતો ખુલ્લી છે. તમને જે કંઈ પ્રશ્ન થાય તે પૂછી શકો છો.

બપોરના મહિલા મંડળની મુલાકત લીધી હતી. તેની ત્રણ શાખાઓ અહીં ચાલે છે. સીવણ, કાંતણ અને ભરતગૂંથણ વગેરે પ્રવૃત્તિ ચલાવે છે.

અહીંથી સ્થાનકવાસી બોર્ડિંગમાં ગયા. વિદ્યાર્થીઓ સાથે વાતો કરી. રાત્રે જાહેરસભા થઈ. તેમાં અહિંસા વિષે સુંદર પ્રવચન થયું. પૂ. નાનચંદ્રજી મહારાજે પણ નિર્ભયતા હોય તો જ અહિંસા આવે; તેની ઉપર ભાર મૂક્યો હતો.

**તા. ૧-૧૨-૧૯૫૨**

સવારના દેવચંદ્રજી પુસ્તકાલયની મુલાકાત લીધી. પ્રતાપભાઈ ટોળિયાએ ખૂબ સુંદર વ્યવસ્થા કરી છે. આકર્ષક જાહેરાતો, લખાણો, કબાટોની ગોઠવણી વગેરે જોઈને આનંદ થયો.

ત્યાંથી શિશુવિહાર જોવા ગયા. ત્યાં બાળકોને મહારાજશ્રીએ નવડાની વાત કરી, આનંદ કરાવ્યો.

ત્યાંથી મૂર્તિપૂજક બોર્ડિંગ, બાલ લાયબ્રેરીની મુલાકાત લીધી.

બપોરના મહિલા મંડળની એક શાખાની મુલાકાત લીધી ત્યાં બહેનોને સ્વાવલંબી બનવાની, કુટુંબના કામ સાથે સામાજિક કામ સાથે ગામડાં અને પછાત વર્ગોનો અભ્યાસ કરવા જણાવ્યું.

ત્યાંથી ભરવાડવાસમાં સભા રાખી હતી. તેમાં ગૌચર, સામાજિક રિવાજો, અને સંમેલન બોલાવવા અંગે આગેવાનો સાથે ચર્ચા કરી.

ત્યાંથી ભંગીવાસની મુલાકાત લીધી. અહીં તેમને રૂપિયા ૪૮ પગાર અને સગવડો સારી મળે છે.

રાત્રે શિક્ષકોની સભા રાખી હતી.

**તા. ૨-૧૨-૧૯૫૨**

સવારના સાડાઆઠથી સાડાનવ સેવાદળના સભ્યો સાથે વાર્તાલાપ રાખ્યો હતો.

સવારે ૯-૧૫ થી ૧૦-૦૦ મહિલા મંડળમાં બહેનોની સભા રાખી હતી.

બપોરના વજુભાઈ શાહ સાથે પ્રવાસ કાર્યક્રમ અને ભૂદાનના પ્રશ્ન અંગે વાતો કરી. પ્રાંગધ્રાથી કાંતિલાલ શાહ અને માલપરાથી લાલજીભાઈ મળવા આવ્યા હતા.

બપોરના આજુબાજુના ખેડૂતોની એક સભા ટાઉનહોલમાં રાખી હતી. તેમાં પ્રથમ ભાઈલાલભાઈ વકીલ અને વજુભાઈએ પણ પ્રવચન કર્યું હતું. અહીં ૫૦ વીઘાં ભૂદાન મળ્યું હતું.

અહીં સુધીનું કુલ ભૂદાન ૩૯૮૬ વીઘા ભૂદાન મળ્યું છે.

**તા. ૪-૧૨-૧૯૫૨ : અંકેવાળિયા**

લીંબડીથી નીકળી અંકેવાળિયા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. લીંબડીથી ઘણા ભાઈઓ સાથે આવ્યા હતા.

**તા. ૪ થી ૬-૧૨-૧૯૫૨ : સાંકળી**

અંકેવાળિયાથી નીકળી સાંજના સાંકળી આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો દરબાર સાહેબના ઉતારે રાખ્યો.

આજે દરબાર ગોપાલદાસની પહેલી સંવત્સરી હતી એ શુભ અવસરે અમે અહીં આવ્યા. તેથી આનંદ થયો. મહારાજશ્રીએ જણાવ્યું કે માણસના મૃત્યુ પછી તેના ગુણો જ યાદ કરીએ છીએ. લાખોમાંથી કોઈ વિરલજ વ્યક્તિઓમાં દરબારસાહેબની ગણતરી કરી શકાય. ભલે રાજ નાનું હશે, પણ જયારે અધિકારની બોલબાલા હતી ત્યારે એ રાજ છોડવું એ સહેલું નહોતું. એટલું જ નહિ. પણ તે કાળ એવો હતો કે સરકારની સામે લડવું ટાઢ, તડકો વેઠીને ગમે તે ગામ ભટકવું, જેલમાં જવું, સંકટ વેઠવું, એ ભૂમિકા ત્યાગ અને દેશદાઝ હોય તો જ સંભવી શકે.

ભક્તિબાની શી તારીફ કરવી ? જો એ અંગ ખીલ્યું ના હોત તો દરબારસાહેબ એટલે ઊંચે હોદ્દે ના ગયા હોત. રાણીપદ છોડવું એ સહેલું નહોતું. નાના નાના બાલુડાં લઈને તાપ, ટાઢમાં ભટકવું એ આર્યવીરાંગના જ કરી શકે.

અહીંની સભામાં પંચાયત વિષે બોલતાં મહારાજશ્રીએ જણાવ્યું કે, પંચાયતનો સીધો અર્થ, પંચને તાબે થવું. પંચ હોય છે ત્યાં પરમેશ્વરને આવવું પડે છે. પરમેશ્વર એટલે ન્યાય. માણસ વ્યક્તિગત સ્વાર્થમાં પડી જાય છે, અને સમાજ આગળ પોતાના વ્યક્તિત્વને ઓગાળી નાખવું પડે છે, ત્યારે તેને કંઈક ત્યાગ કરવો પડે છે. પણ તેથી કંઈ નુકસાન થતું નથી. સમાજની નજીક આવીએ એટલે સમાજના પ્રશ્નો વિચારવા પડે. અને સમાજના પ્રશ્નો વિચારીએ એટલે સમાજ પણ આપણો વિચાર કરે જ છે. આમ બંનેનો વિકાસ થાય છે. આ વાત નથી સમજાતી ત્યાં સુધી એકલા જીવવાનું ગમે છે, પણ છેવટે તો મનુષ્ય એકલો જીવી શકતો જ

નથી. માની લો કે, એક માણસને જંગલમાં એકલો મૂકવામાં આવે, મોટો બંગલો આપે, ધન આપે, પણ બીજો કોઈ માણસ ન અપાય તો તે નહિ જીવી શકે. સાધનો તેમને આનંદ નહીં આપી શકે કારણ કે મનુષ્ય એ સામાજિક પ્રાણી છે.

જો પંચાયતમાં સૌ પોતપોતાનુંજ ખેંચ્યા કરે તો પંચાયત મટી જઈને પંચાત ઊભી થાય છે. ટંટા, ઝઘડા, સ્વાર્થ ઊભા થાય છે. પણ જો આપણે એક થઈને કામ કરીએ તો ઘણા પ્રશ્નોના નિકાલ કરી શકીએ. માણસ ઝઘડા કરે છે કહે છે, ગામને માટે, પણ અંદર પોતાની કંઈક લાગવગ હોય છે. એટલે કામ શોભતું નથી. પંચાયત એટલે માત્ર અમૂક ટકા પૈસા મળશે. એમને પણ આખા ગામનું તંત્ર એકમતીથી ચલાવીશું. એકબીજા માટે ઘસાઈશું. સારા કામ માટે પૈસા જોઈએ. પૈસા જોઈએ તો કર પણ નાખવા પડશે. ગામમાં કોઈ નાગો, ભૂખ્યો ના રહે એની જવાબદારી પંચાયતની છે.

**તા. ૭-૧૨-૧૯૫૨ : વઢવાણ**

સાંકળીથી નીકળી વઢવાણ આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ટાઉન હોલમાં રાખ્યો. લોકોએ ભવ્ય સ્વાગત કર્યું. બહુ લાંબુ સરઘસ નીકળ્યું હતું. બપોરના અઢી વાગે ખેડૂતોની સભા થઈ હતી. તેમાં ભૂદાનમાં ૩૦૩ વીઘા જમીન મળી હતી.

સાંજનો મુકામ દરબારગઢમાં રાખ્યો હતો. અને ચોકમાં જાહેરસભા થઈ હતી. બપોરના વિકાસ વિદ્યાલય અને હરિજનવાસની મુલાકાત લીધી હતી.

**તા. ૮-૧૨-૧૯૫૨ : જોરાવરનગર**

વઢવાણથી નીકળી જોરાવરનગર આવ્યા. અંતર અઢી માઈલ હશે. રસ્તામાં વિકાસ વિદ્યાલયમાં શિવાનંદજીની સમાધિ છે ત્યાં થોડો વખત રોકાયા હતા. બપોરના ત્રણ વાગે ઝાલાવાડ જિલ્લાના કાર્યકરોની એક મિટિંગ રાખી હતી. તેમાં ગૃહપ્રધાન રસિકભાઈ પરીખ પણ આવ્યા હતા. તેમાં ભૂદાન પ્રવૃત્તિ, ગ્રામસંગઠન, કોંગ્રેસ અને સર્વોદય વિચાર અંગે સારી ચર્ચાઓ થઈ હતી. દરેક સંસ્થાના કાર્યકર સમન્વય કરીને એકબીજાનાં

કાર્યોને તોડ્યા વગર સહકારથી કામ કરે. એ અંગે સારી ચર્ચા થઈ.

**તા. ૯-૧૨-૧૯૫૨ : સુરેન્દ્રનગર**

જોરાવરનગરથી નીકળી સુરેન્દ્રનગર આવ્યા. અંતર એકાદ માઈલ હશે. કનુભાઈ ગાંધીની ખાદીમંડળી પણ સાથે જ હતી. ધૂન ગજવતાં નદી પાર કરી શહેરમાં આવ્યા. શિક્ષકો, શિક્ષિકાઓ, બાળકો અને શહેરીઓ સરઘસમાં જોડાયાં. કન્યાશાળામાં થોડો વખત રોકાઈ જૈન દેરાવાસી બોર્ડિંગમાં આવ્યા. બપોરના શિક્ષકોની સભા રાખી હતી.

મહારાજશ્રીએ સભામાં જણાવ્યું કે, આજે તમને બધાંને જોઈને હર્ષ થાય છે. હર્ષ એટલા માટે થાય છે કે સામાન્ય રીતે શિક્ષકો આ દેશનું અને દુનિયાનું પરમ ધન છે. જૈનોમાં જે પંચપરમેષ્ઠી કહેવામાં આવે છે, એમાં એક પદ શિક્ષકોનું છે. તેમાં 'ઉપાધ્યાય' શબ્દ રાખવામાં આવ્યો છે. શિક્ષકોનું માન એટલા માટે થાય છે કે તેઓ એ નવી પેઢીને ઘડવાના અસરકારક બળ છે.

ભવિષ્યની પેઢીને કેવી ઘડવી, એનું ચિત્ર નજર સામે રાખીને ઘડે તો દેશને ઘણે ઊંચે લઈ જાય. બાપુજીના આવ્યા બાદ જેમ સંત ભક્તોની પરંપરા ચાલી, તેમ તાલીમ શાળાઓ પણ ચાલી. એ રીતે ગાંધીજી દેશના ગુરુ તરીકે સ્થાપિત થયા. માણસ જે જાતનું જીવન જીવે છે, એ એક પ્રકારની શાળા છે. જે બાળકો તાલીમ લે છે, તેની ઉપર શાસ્ત્રીય રીતે નિરીક્ષણ કરવામાં આવે તો એક મોટું શાસ્ત્ર રચાય.

શિક્ષકો, શિક્ષકનો જે વ્યવસાય પસંદ કરે છે એ ધન્યવાદને પાત્ર છે. ત્રણ પરિબળો જગતના ઉત્થાનમાં કામ કરે છે. શિક્ષકો, વાલીઓ અને બાળકો. વાલીઓ બચપણથી અમુક પ્રકારની તાલીમ લઈને આવ્યા છે. એટલે નવી કેળવણી ઉપર શ્રદ્ધા ચોંટવી મુશ્કેલ બને છે. સ્વરાજ્ય આવ્યાને પાંચ વરસ થવા છતાં પ્રજાની અંદર અહિંસક રીતનું જે વાતાવરણ જામવું જોઈએ તે નથી જામ્યું.

જો શિક્ષકો આ અહિંસાનું શાસ્ત્ર સમજે, અને ઉપદેશે તો ઘણી જાતની જે શાંતિ ઝંખી રહ્યાં છે. તે ઊગી નીકળે. દુનિયા પણ આપણી તરફ નજર રાખી રહી છે. કારણ કે આ ઋષિ મુનિઓનો દેશ છે. સૌરાષ્ટ્રની

એક વિશિષ્ટતા છે. બાપુજી આ પ્રદેશના હતા. કનુભાઈ, ગાંધીજી બાપુના હાથ નીચે તાલીમ પામ્યા છે. રેંટિયો શું છે, કેવી રીતે અહિંસાનું પ્રતીક છે, તેનું દર્શન એમણે મેળવ્યું છે. નારણદાસ ગાંધી જેવા વર્ષોથી જેમણે ખાદી ભક્તિ અપનાવી છે. રેંટિયો, તકલી સિવાય જીવનમાં બીજું કંઈ નથી. એવા પુરુષ પણ તમને મળ્યા છે.

અહિંસાનો કોઈનો ઈજારો નથી. દરેક ઠેકાણે અહિંસાની શ્રદ્ધા છૂટીછવાઈ પડી જ છે. અહિંસા અને પરાવલંબનને નહિ બને. શોષણને નહીં બને. અને જો નહીં બને તો શિક્ષકની અંદર એવી રીતે કામ કરીએ કે બીજાના શોષણનો ભોગ ન બનીએ. सा विद्या या विमुक्तये બધામાંથી મુક્તિ તે શિક્ષણ આ શિક્ષણ પુસ્તકમાંથી આવતું નથી. કહેવાય છે કે હજરત સાહેબ ઘેટાં ચરાવતાં ચરાવતાં મોટા પંડિત થઈ ગયા. દુનિયાને નવું જ માર્ગદર્શન આપ્યું. એમના અનુયાયીઓનું વર્તન જોઈને આપણે હજરત સાહેબની કિંમત નહીં આંકી શકીએ. તેમણે વ્યવહારમાં ધર્મ લાવવા એક વાત કરી. 'હક્ક કી રોટી ખા બંદે' તું તારા પરસેવાનો રોટલો ખાજે. એ કયો પરસેવો ? જીવનની પ્રક્રિયા એવી ગોઠવવી જોઈએ કે ભૂલથી પણ કોઈનું શોષણ ન થાય. કુદરતી વિલાસ અટકી જાય. આ બધું ત્યારે બને કે જ્યારે જાતે શ્રમ કરવા મંડી જાઓ માથે પોટકું ના ઊચક્યું હોય ત્યાં સુધી ઊંચકનારની કિંમત સમજાતી નથી.

બાપુજીએ દેશમાં ફરીને આખા ભારતની ગરીબી જોઈ. અને એમાંથી રેંટિયાની તાલીમ અને વિકાસ થયો. રેંટિયો તો હતો શોધ થઈ હતી જ પણ એને નવો ઓપ આપ્યો.

ગયે વખતે હું સૌરાષ્ટ્રમાં હતો ત્યારે શિક્ષકોના એક સંમેલનમાં ગયેલો. શિક્ષકોએ પોતાના વેતનની વાત કરી. મેં ચેતવ્યા કે જો વેતનક્ષી જ શિક્ષકો હશે, તો સમાજનું કલ્યાણ કેવી રીતે થશે ?

**તા. ૧૦-૧૨-૧૯૫૨ : દૂધરેજ**

સુરેન્દ્રનગરથી નીકળી દૂધરેજ આવ્યા. અંતર બે માઈલ હશે. ઉતારો હરિજનવાસમાં રાખ્યો હતો. અહીં દરબારી ભરવાડોનું પ્રખ્યાત મંદિર દૂધરેજની જગ્યા છે.

**તા. ૧૦-૧૨-૧૯૫૨ : કટુડા**

દૂધરેજથી નીકળી કટુડા આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ખાદી કાર્યાલયમાં રાખ્યો. અહીં ભગવાનજી પંડ્યા કરીને એક ભાઈ (ગાંધીજીના આશ્રમવાસી) હરિજન પ્રશ્નો લઈને રહેઠાણ કરીને રહ્યા છે.

બપોરના શાળાની મુલાકાત લીધી. તે પછી બહેનો મુખ્ય હતાં. રામાયણ દ્વારા કુટુંબ અને સમાજ વ્યવસ્થા કેવી હોય તે સમજાવ્યું હતું.

અહીં ૧૧૩ વીઘા જમીન મળી.

**તા. ૧૧-૧૨-૧૯૫૨ : બદ્રેસી**

કટુડાથી બદ્રેસી આવ્યા. અંતર ચાર માઈલ. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ. ૧૫૧ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૧૨-૧૨-૧૯૫૨ : બાપોદરા**

બદ્રેસીથી નીકળી આળંદપુરા થઈ બાપોદરા આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો પંચાયત ઓફિસમાં રાખ્યો. રાત્રે જાહેર સભા થઈ. અઢી વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૧૩, ૧૪-૧૨-૧૯૫૨ : લખતર**

બાપોદરાથી લખતર આવ્યા. અંતર છ માઈલ ઉતારો ગેસ્ટ હાઉસમાં રાખ્યો. ગામે સ્વાગત કર્યું. શાળામાં વિદ્યાર્થીઓ સમક્ષ પ્રવચન રાખ્યું હતું. બપોરના ખેડૂતો સાથે વાતો કરી. સાંજના હરિજનવાસમાં સભા રાખી હતી. મામલતદાર અને ગામ આગેવાનો મોટી સંખ્યામાં આવ્યા હતા. બીજે દિવસે સવારમાં પાંજરાપોળની મુલાકાત લીધી. ત્યાં ગોપાલકો તથા મહાજનની સભા રાખી હતી. ગોપાલકોએ કેટલીક મુશ્કેલીઓની વાત કરી. બપોરના ત્રણ વાગે બહેનોની સભા રાખી હતી.

**તા. ૧૫-૧૨-૧૯૫૨ : વણા**

લખતરથી નીકળી વણા આવ્યા. અંતર છ માઈલ હશે. ગામે સ્વાગત કર્યું. રાત્રે જાહેરસભા સારી થઈ.

**તા. ૧૬-૧૨-૧૯૫૨ : ગણાદ**

વણાથી નીકળી ગણાદ આવ્યા. અંતર અઢી માઈલ હશે. સભા થઈ.

**તા. ૧૬-૧૨-૧૯૫૨ : નાનાઅંકેવાડીયા**

ગણાદથી નીકળી નાનાઅંકેવાડીયા આવ્યા. અંતર ચાર માઈલ. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. ગામ તથા વિદ્યાર્થીઓએ સ્વાગત કર્યું. અહીં પંચાયતમાં ખટપટ હતી. કૂવાના પથ્થર બાબતમાં વાંધો હતો. તે બાબત ચર્ચા થઈ. અને સમાધાન થઈ ગયું. અહીંયાં ૧૮ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૧૭,૧૮-૧૨-૧૯૫૨ : મેઠાણ**

અંકેવાડિયાથી નીકળી મેઠાણ આવ્યા. અંતર છ માઈલ ઉતારો સરકારી ચોરામાં રાખ્યો. અહીં સ્વામીનારાયણ સંપ્રદાયની અસર વધારે જણાઈ એટલે અસ્પૃશ્યતા ઘણી છે. રાત્રિસભામાં ૨૦૬II વીઘા ભૂદાન મળ્યું. ધૂઘટ ગામમાંથી ૩૭II વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૧૯,૨૦-૧૨-૧૯૫૨ : રામગઢ**

મેઠાણથી રામગઢ આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો દરબારના ગેસ્ટહાઉસમાં રાખ્યો હતો.

અહીં ગામમાં બે પક્ષ જેવું હતું. એટલે પંચાયત સરખી ચાલતી નહોતી. મહારાજશ્રીએ બંને પક્ષને સમજાવ્યા. અને મતગણતરીથી વોટિંગ કરી પંચાયતની ચૂંટણી કરી. દરેક સભ્યે પ્રતિજ્ઞા લીધી કે હું પક્ષપાત કરીશ નહિ અને ઈશ્વર આજ્ઞા માનીને ન્યાય આપીશ. એક બહેન પણ સભ્ય તરીકે નિમાયાં હતાં.

અહીં સવર્ણો અને હરિજનો એક જ કૂવેથી પાણી ભરે છે. પણ ભંગીને ભરવા દેતા નથી. તેમને સમજાવ્યા.

**તા. ૨૧-૧૨-૧૯૫૨ : ખામપર**

રામગઢથી નીકળી ખામપર આવ્યા. અંતર ચાર માઈલ ઉતારો મંદિરમાં રાખ્યો. ભૂદાન ૧૦૭ વીઘા જમીન મળી. અહીં. ૫૦ સાંતીની જમીન છે. પણ ખેડનાર ન હોવાથી પડતર છે.

અહીં એક પુરાણી સુંદર વાવ છે.

**તા. ૨૨/૨૩-૧૨-૧૯૫૨ : રાજસીતાપુર**

ખામપરથી નીકળી રાજસીતાપુર આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. લોકોએ વાજતે ગાજતે સ્વાગત કર્યું.

અહીં બપોરના ગ્રામપંચાયતના મતભેદો અંગે આગેવાનોની સભા મળી. બે પક્ષો છે બંને પક્ષો ખૂબ મજબૂત છે, એટલે ફરી ચૂંટણી કરવા મહારાજે સલાહ આપી. આ અંગે રાત્રીસભામાં મહારાજશ્રીએ જણાવ્યું કે,

તમારી આગળ એક સવાલ પૂછવામાં આવે કે, તમારા ઘરનું તંત્ર કેવી રીતે ચલાવો છો ? તો જવાબ આપતાં મૂંઝાશો. કારણ કે આપણી દશા અંકુશ વગરના હાથી જેવી થઈ ગઈ છે. બધાં ઘરમાં રહે છે ખરાં, પણ જે તાલબદ્ધ સંગીત ચાલવું જોઈએ તે નથી ચાલતું. ઘણીવાર રિસાવાનું થાય છે. ઝઘડવાનું મૂળ પૈસો હોય છે. એનાજ પરિણામ વચ્ચે ભાઈ ભાઈ વચ્ચે જે અમી આવતી જોઈએ તે નથી આવતી. જો ઘરમાં આવું ચાલતું હોય તો પંચાયતમાં પણ ચાલે એમાં મને નવાઈ નથી લાગતી. અને એની જ અસર દેશના તંત્રમાં પણ આવે, એ સ્વભાવિક છે. 'પિંડે સો બ્રહ્માંડે' એ રીતે ઠેઠ યૂનો સુધી આ દશા ચાલે છે. એટલે બહુ વિચારને અંતે મને લાગ્યું છે કે, ગામડાંઓ જો પોતાનું તંત્ર નહીં ચલાવી શકે તો, દુનિયા શાંતિથી નહીં જીવી શકે.

જો કોઠામાં શાંતિ નહીં હોય, ઘરમાં શાંતિ નહીં હોય, ગામમાં દલબંધીઓ હશે તો દેશમાં શાંતિ ક્યાંથી થશે ? એટલે આપણે વિચારીશું કે આ ઝઘડાનું મૂળ શું છે ?

વિશ્વવંદ્ય બાપુજી અને કસ્તૂરબા વચ્ચે ઝઘડો થયો હતો. એનું કારણ તો ઘરમાં એક હરિજન મહેતો રાખેલો તેટલો. આફ્રિકાની આ વાત છે. તે વખતે પેશાબ કરવા માટે કૂંડાં રાખવામાં આવતાં હતાં. મહેતો પોતાનું કૂંડું સાફ કરે નહિ એટલે એ કામ બાપુ કરવા તૈયાર થયા. કસ્તૂરબાને આ કેમ પાલવે ? પણ એક તો હરિજન અને વળી પેશાબ જેવી અપવિત્ર ચીજ તેને ઊંચકીને બહાર નાખી આવવાનું કેટલું અઘરું કામ હતું. છતાં કમને તે લીધું બાપુજીને આ ના ગમ્યું. તેમણે બાને ધમકાવ્યાં. પણ પછી તો ભૂલ જણાઈ અને શરમાઈ ગયા. પોતાની ભૂલ જોઈ.

આલમખાને જ્યારે લાઠી ફટકારી ત્યારે એક જ વાત કરી. એને કોઈ કંઈ ના કરે. એ મારો ભાઈ છે. આ ભાવનાએ તેમને મહાપુરુષ બનાવ્યા.

એક જ નાની સરખી ભૂલ માણસને છેક નીચે પટકી નાખે છે. ભૂલ જરા જબરું દુઃખ દે છે. અનુભવીઓ બધાં એમ જ કહે છે, ભૂલ નહીં. દ્રૌપદીએ એટલું જ કહ્યું કે, 'આંધળાના દીકરા આંધળા' વાત સાચી હતી. પણ જે કટાક્ષથી એ બોલાયું હતું તેથી મહાભારતનું યુદ્ધ મંડાયું. એક પઠાણ હુક્કો ગુડગુડાવતો નીકળ્યો તેમાંથી એક નાની તણખી ઘાસની ગંજીમાં પડી. પવન આવ્યો અને એમાંથી મોટી આગ પ્રગટી નીકળી. પંચ ભેગું થયું. અબ્દુલખાન પઠાણને બોલાવ્યો. પૂછ્યું તો આગ લાગતી જોઈને કહે, અધધ... મેરી ઈતની થી, મેરી તો ઈતની થી... આમ એક વચન અવળું બોલવાથી કુસંપ ફેલાઈ જાય છે. ગામડામાં આવું બહુ ચાલે છે. ઘરમાં ગંદકી પડી છે. તેનો ફેલાવો આખા જિલ્લામાં થાય છે. પછી એનો છેડો નથી જડતો કે ક્યાંથી કોકડું ગૂંચવાયું છે. તમારા ગામમાં ઝઘડા હોય તો, અન્ન પ્રેમથી ખવાય કેમ ?

પણ આપણે જે કંઈ કરીએ છીએ, તે મનમાં પાપ ભરીને કરીએ છીએ. પેલો ગુંગો નાકમાં નર્ક ભરેલું એટલે એને સુગંધ ક્યાંથી આવે ? જ્યારે નાકમાંથી મળ નીકળી જાય ત્યારે જ ખરી સુગંધ મળે. હું મોટો, મારો પક્ષ આવો એમ કરવાથી કોઈ દિવસ પોતાના ગામનું કલ્યાણ થવાનું નથી. મોર પીંછાથી રળિયામણો છે ભૂલ પોતાની જોવી.

સવારના હરિજનવાસની મુલાકાત લીધી હતી. ગામમાં બે પક્ષો હતા તેના હાથા આ ભાઈઓ પણ બન્યા હતા. એક પક્ષે ભામનો ઈજારો રાખ્યો હતો. બીજા પક્ષે એ તોડવાનો વિચાર કર્યો. એટલે કેટલાક હરિજનને કહ્યું અમારા ઢોર તમે ઉપાડો. એમને પંચાયતમાં ભંગ પડાવવો હતો. પેલા ભાઈઓએ ચામડાં લીધાં. એટલે ગૂનો થયો. એ રીતે બીજા પક્ષે તેમના ઉપર ફોજદારી કરી. પરિણામે બંનેને સારો એવો ખર્ચ થયો.

સાંજના ગ્રામપંચાયતની ચૂંટણીથી આગલા સભ્યોએ રાજીખુશીથી રાજીનામાં આપ્યાં. એક વિઘ્ન સંતોષીએ દખલ કરી. પણ લોકો તૈયાર થઈ ગયા હતા. એટલે બધું કામ શાંતિથી પતી ગયું. હરિજનોનો પ્રશ્ન પણ શાંતિથી પતી ગયો. ૯૧ાા વીઘા દેવચરાડી ગામનું ભૂદાન થયું.

**તા. ૨૪-૧૨-૧૯૫૨ : ગુજરવદી**

રાજસીતાપુરથી નીકળી દેવચરાડી ગામમાં થોડું રોકાયા અને ગુજરવદી આવ્યા. અંતર સાડાસાત માઈલ હશે. ઉતારો દરબારી ઉતારે રાખ્યો. સાંજના હરિજનવાસની મુલાકાત લીધી. નિશાળમાં ગામલોકોના વિરુદ્ધના કારણે હરિજન બાળકો આવતા નથી. બાળકો તો આખી નિશાળ ભરાય એટલાં હતાં. ભણવાની ઈચ્છા પણ હતી. છતાં ગામ સ્વામીનારાયણ સંપ્રદાયનું હોવાથી વિરોધ કરતા હતા. મહારાજશ્રીએ તેમને હિંમત રાખી ભણવાનો આગ્રહ કર્યો. ગામને પણ રાત્રિસભામાં હરિજનના પ્રશ્ન વિષે ઠીક ઠીક કહ્યું. કેટલાક જુવાનીયા ચાલ્યા પણ ગયા છતાં મહારાજશ્રીએ આ પ્રશ્ન ઉપર ખૂબ ભાર મૂક્યો. અહી ૧૨ાા વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૨૫-૧૨-૧૯૫૨ : ધોળી**

ગુજરવદીથી નીકળી ધોળી આવ્યા. અંતર છ માઈલ હશે. રસ્તો પથરાળ અને કાંકરાવાળો હતો. ઉતારો એક વેપારીને ત્યાં રાખ્યો હતો. મહારાજશ્રીને શ્રમને લીધે ગળું બેસી ગયું હતું. પણ દુલેરાય માટલીયા આવ્યા હતા. તેમણે સભામાં પ્રવચન કર્યું.

અહીં ૨૩ વીઘા ભૂદાન થયું.

## ૧૯૫૩

**તા. ૨૬ થી ૫-૧-૧૯૫૩ : જસાપર : (ખેડૂત તાલીમ વર્ગ)**

ધોળીથી નીકળી લાખાજીનું ગામ (બેચડા) થોડો વખત રોકાઈને જસાપર આવ્યા. અંતર સાત માઈલ હશે. અહીં નવ દિવસનો એક તાલીમવર્ગ રાખ્યો હતો. ૫૦ જેટલાં ભાઈ બહેનો આવ્યાં હતાં. સંચાલન દુલેરાય માટલિયાનું હતું. ગામમાં સુંદર સફાઈ, ઉતારામાં વ્યાખાનોની વ્યવસ્થા રાખવામાં આવી હતી. ગામ એકસંપી હતું. વર્ગની વ્યવસ્થા અહીં સેવા કાર્ય માટે બેઠેલા કાંતિભાઈ બેચરદાસ શાહે કરી હતી. તેમણે ખૂબ જ સેવા કરી હતી. વર્ગનો ઉદ્દેશ નીતિમય, ગ્રામસંગઠનનો હતો. વિકાસ ખાતાનો ઝાલાવાડ જિલ્લાનો સ્ટાફ આવ્યો હતો. ૧૮ ભાઈઓ હતા. બાકીના ૨૦ ખેડૂતભાઈઓ હતા. થોડા કાર્યકરો હતા. ધ્રાંગધ્રાથી

કન્યાશાળા તેમજ વિદ્યાર્થીઓ તેમજ ગામના લોકો અવારનવાર આવતા જતા હતા. વર્ગ બને તેટલો સ્વાવલંબી અને સાદાઈવાળો રાખવા પ્રયત્ન થયો હતો. પ્રથમ પ્રવચન 'પૂર્વગ્રહોનો પરિહાર' એ વિષય પર થયું. મહારાજશ્રીએ જણાવ્યું કે, હું 'જડ ચેતન ગુણદોષ મય, વિશ્વ કિન્હ કિરતાર' સંતહંસ ગુણ ગહ હીં પય, પરિહરિ વારિ વિકાર.'

માનવના વિકાસ આડે પૂર્વગ્રહો ઘણું મહત્ત્વનું કામ કરે છે. જો આપણે વસ્તુ અને વ્યક્તિ માત્રમાંથી ગુણો જોવાનું શીખી લઈએ, દોષોને આંખ જોશે ખરી, પણ તેને સાફ કરી નાખશું તો સરવાળે આપણને ફાયદો થશે. ગુણ જોવાથી ગુણનો સરવાળો થાય છે. અને દોષ જોવાથી દોષનો સરવાળો થાય છે. એટલે જ્ઞાન લેવું થતું હોય તો પ્રથમ આપણા મનની પાટી કોરી સાફ કરી નાખવી જોઈએ. મનનો મેલ કાઢીને, અહંમ કાઢીને એક બાળકની જેમ, એક વિદ્યાર્થીની જેમ શીખવાની જિજ્ઞાસા રાખીશું તો જરૂર જ્ઞાન મળશે.

આપણા સામાજિક પૂર્વગ્રહો, વ્યક્તિગત પૂર્વગ્રહ, ધર્મગત પૂર્વગ્રહ, રાજકીયવાદી પૂર્વગ્રહ એમ ઘણાયે પ્રકારના પૂર્વગ્રહો આપણો વિકાસ રોકે છે. વહેમ પણ ભયંકર નુકસાન કરે છે. ભ્રમર ગુંગાને સારા ફૂલ ઉપર લઈ જાય છે. છતાં નાકમાં નર્ક ભરેલું હોવાથી તે સુગંધ લઈ શકતો નથી.

એક બાલિકાએ મુસલમાનનું પાણી નહીં પીધેલું. પણ કન્યાને પોતાની કરવા એ મુસલમાને પાણી પીવાની વાત ફેલાવી. પરિણામે આપણા ધાર્મિક પૂર્વગ્રહોને લીધે એ બાઈને ઘરમાંથી કાઢી મૂકી. ક્યાં જાય ? બાઈને ખૂબ લાગી આવ્યું. છેવટે એક ખાટકીને પરણી. એને બાળકો થયાં. તેને કહેતી ગઈ કે, બે ચાર હિંદુનાં ખૂન નહીં કરે, ત્યાં સુધી મને શાંતિ નહીં થાય. આપણે ઘણાયે પૂર્વગ્રહો બાંધીને ચાલીએ છીએ. હું ઊંચો મારી જાત ઊંચી. ફલાણી જાત નીચી આમ આપણો અહં વિકાસની આડે આવે છે. તેને કાઢી નાખીએ. અને ગુણ જોવાની ટેવ પાડીએ.

આ શિબિરમાં મહારાજશ્રી ઉપરાંત માટલિયા, રવિશંકર મહારાજ બબલભાઈ મહેતા અને બીજા કાર્યકરોએ પ્રવચન આપ્યાં હતાં. એની સુંદર નોંધો ડાયરીમાં છે.

અહીં ૧૨૦ વીઘા ભૂદાન થયું હતું. ઉપરાંત ગાજણવાવ ગામે ૩૮ વીઘા ભૂદાન આપ્યું હતું.

ઈશ્વર ગોસ્વામીએ મેઠાણ ગામમાંથી ૨૦૬ાા વીઘા ભૂદાન મેળવ્યું. એની યાદી આપી.

**તા. ૬,૭,૮-૧-૧૯૫૩ : ધ્રાંગધ્રા**

જસાપરથી નીકળી અમે ધ્રાંગધ્રા આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો કામદારસંઘના મકાનમાં રાખ્યો હતો. કુરેશીભાઈ, છોટુભાઈ મળવા આવ્યા હતા. સાંજે કામદારોની સભા રાખી હતી. અને રાત્રે જાહેરસભા અહીં જ રાખી હતી. સભામાં મહારાજશ્રીએ જણાવ્યું કે આજે ધ્રાંગધ્રામાં ૨૧વરસે આવું છું. કેટલાંય બાળકો આજે જુવાન થઈ ગયાં હશે. તે વખતે તમે મને ખૂબ આવકાર્યો હતો. તે સ્મરણ હજુ ભુલાતું નથી. તે વખતે મેં રાજવીની હાજરીમાં અવધાનના પ્રયોગો કર્યા હતા. ત્યાર પછી ઘણા પ્રસંગ આવી ગયા. આજે સામાન્ય રીતે ગ્રીન ચોકમાં સભા રાખવાની હતી, પણ હવામાન વરસાદને વાતાવરણને કારણે ત્યાં ના જઈ શકાયું.

બપોરના બહેનોની સભા રાખી હતી.

ત્યારપછી સાડાત્રણથી પાંચ અગરિયા ભાઈઓના સંમેલન અંગે વિષય વિચારની સભા મળી હતી. રાત્રે અગરિયાનું જાહેર સંમેલન રાખ્યું હતું. ઢેબરભાઈ આવવાના હતા. એટલે વેપારીઓનું કાળા વાવટા સાથેનું સરઘસ નીકળ્યું હતું.

મીઠા સંમેલનના પ્રમુખ ભૂપતભાઈ દેસાઈ હતા. સંમેલનમાં અગરિયાના પ્રશ્નો અંગે ખૂબ ઉપયોગી ચર્ચા થઈ. અને સક્રિય નિર્ણયો લેવાયા હતા.

રાત્રે બાર વાગ્યે સભા પૂરી થઈ. ત્યારબાદ પણ મહારાજશ્રીએ ઢેબરભાઈ સાથે ચર્ચાઓ કરી હતી. વજુભાઈ શાહ, જયંતી પંડ્યા પણ આવ્યા હતા. ઢેબરભાઈની સાથે વાતચીત થયા પછી અમો કાર્યક્રમ બદલીને રાજકોટ જવાનું નક્કી કર્યું. ત્યાં વેચાણવેરા આંદોલન ચાલતું હતું.

**તા. ૮-૧-૧૯૫૩ : બાવળી**

ધ્રાંગધ્રાથી નીકળી સાંજના બાળળી આવ્યા. અંતર સાત માઈલ હશે.

ઉતારો મંદિરમાં રાખ્યો હતો.

**તા. ૯-૧-૧૯૫૩ : કાંઢ**

બાવળીથી નીકળી કાંઢ આવ્યા. અંતર સાડાસાત માઈલ હશે. ઉતારો ચંદુભાને ઉતારે રાખ્યો હતો. અહીં હરિજન પ્રશ્ન ઠીકઠીક ઊગ્ર લાગ્યો છે. અફવાઓ જુદી જુદી રીતે ઊઠેલી ગોચરી લેવા ગયેલા ત્યારે એક ડોશીને પાછળથી બોલતાં સાંભળ્યાં. આ પાછળ છે, તે વઢવાણવાળો ઢેડ લાગે છે. (મને ઉદ્દેશીને)

સાંજના હરિજનવાસની મુલાકાત લીધી. ભંગીભાઈઓને પણ મળ્યા. હરિજનો માટે નવો કૂવો તૈયાર થાય છે. તેમાંથી ભંગીને પણ પાણી ભરવા દેવા સમજાવ્યા.

રાત્રે જાહેરસભા સારી થઈ હતી. પણ રાત્રે અમે જ્યાં સુઈ ગયાં હતા ત્યાં આઠ દશ છોકરા વાંચવાને બહાને કોલાહલ કરવા લાગ્યા. ઘરમાલિકને કહ્યું એટલે તેને છોકરાઓને કહ્યું ગડબડ ના કરશો બેટા. પણ છોકરાંઓએ કોલાહલ ચાલુ જ રાખ્યો. અમને લાગ્યું કે છોકરા ઈરાદાપૂર્વક ધમાલ કરતા હશે રાત્રે બાર વાગે સૂતા, બે વાગ્યે ઊઠ્યા. અને પાછી ઠઠ્ઠામશ્કરી શરૂ કરી. એ સવાર સુધી ચાલી. સવારમાં ઊતરવાનો દાદરોજ ઊંધો કરી નાખ્યો. આમ પજવણી કરી. કોઈએ શીખવ્યું હશે, એમ લાગ્યું. આમેય આ બાજુ ગરાસદારો અને છોકરા પહેલેથી જ પોતાને ગામઆગેવાન માને એટલે તોછડાઈ વધારે લાગી. સંસ્કાર ન દેખાયા. સવારમાં અમે મકાનમાલિકને પણ મળ્યા. તેમને રાતની હેરાનગતિની વાત કરી. અમારે રાજકોટ પહોંચવાની ઉતાવળ ના હોત તો મહારાજશ્રીની ઈચ્છા એકાદ બે દિવસ રોકાઈને પ્રયોગ કરવાની હતી.

**તા. ૧૦-૧ ૧૯૫૩ : લીઆ**

કાંઢથી નીકળી લીઆ આવ્યા. અંતર સાડાચાર માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. વચ્ચે એક ટેકરી ઉપર વૃક્ષો અને વાવ વાળી સુંદર જગ્યા જોવા મળી.

**તા. ૧૦-૧-૧૯૫૩ : વેલાળા**

લીઆથી નીકળી સાંજના વેલાળા આવ્યા. અંતર સાડાચાર માઈલ

હશે. ઉતારો શેઠને ઘેર રાખ્યો હતો. રાત્રે ભાનુભાઈ શુક્લ અને રાઠોડ મળવા આવ્યા. વેચાણવેરા અંગે વાતો કરી.

**તા. ૧૧-૧-૧૯૫૩ : લૂણસર**

વેલાળાથી નીકળી લૂણસર આવ્યા. વચ્ચે સગદરા અને ચિત્રા, ખેડા, બે ગામમા આવ્યાં. આખો રસ્તો ડુંગરાળ હતો અંતર ચૌદ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. અહીં ડૉ. શાંતિભાઈ, ચુંવાળના જયંતીભાઈ અને ફોજદાર મળવા આવ્યા હતા. બકરાણાની એક બાઈની ભૂલ થયેલી તે અંગે લખતર ગયેલાં. ત્યાંથી મહારાજશ્રીને મળવા આવ્યા હતા. ખૂબ ફરવું પડ્યું. તેમને વઢવાણ ડિ.એસ.પી મદદ કરે તે માટે કાર્યકરો ઉપર ભલામણ ચિઠ્ઠી લખી આપી.

**તા. ૧૨/૧૩-૧-૧૯૫૩ : દલડી**

લૂણસરથી નીકળી દલડી આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. કાગળમાં તારીખ લખવાની ભૂલ થયેલી. એટલે વાંકાનેરથી મહારાજશ્રીનાં બહેન, ભાણેજ ભાણી અને સંબંધી આવેલાં. એ રોકાયાં હતાં. મણિબહેન, દિવાળીબહેન, સમરતબા, ભાણીયો અને બીજા હતા.

**તા. ૧૩-૧-૧૯૫૩ : નુણસરિયા**

દલડીથી સાંજના નીકળી નુણસરિયા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. નદી કિનારે છે. બંધ બાંધેલો છે. ઉપાશ્રય નવો થયેલો છે. ત્યાં રાત રોકાયા.

ભૂદાન અંગે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ તરફથી એક ભાઈ રમણભાઈ સાથે રહેતા હતા. તે અહીંથી છૂટા પડ્યા અને દેવરાજભાઈ આવી ગયા હતા.

**તા. ૧૪-૧-૧૯૫૩ : સીંધાવદર**

નુણસળિયાથી નીકળી સીંધાવદર આવ્યા. અંતર દસ માઈલ હશે. વચ્ચે વાંકાનેર સીટી સ્ટેશન આવ્યું. ત્યાં ગામમાંથી કેટલાક ભાઈબહેનો દર્શને આવ્યા હતા. ત્યાં થોડું રોકાઈને સડકે સીંધાવદર આવ્યા. ઉતારો

ઉપાશ્રયમાં રાખ્યો હતો. પણ સ્ટેશન માસ્તર જૈન હતા. ભાવિક હતા એટલે તેમણે આગ્રહ કર્યો કે વેઈટીંગરૂમમાં ઊતરો જેથી ત્યાં રોકાયા.

એક કુતૂહલ થયું. એક કૂતરું ઠેઠ દલડીથી સાથે આવ્યું હતું. તેને વાળવા માટે ગમે એટલો પ્રયત્ન કર્યો, પણ જતું નહોતું થોડે દૂર મૂકી આવીએ પણ પાછું આવી જ જતું. અમારો પીછો છોડતું નહોતું. એટલે તેના રોટલાની ચિંતા કરવી પડતી. બીજે દિવસે નીકળતી વખતે ગામના એક ભાઈને વિનંતી કરી. તે ભાઈએ કહ્યું કે અમે સાચવીને નીકળી જઈએ ત્યાં સુધી બારણું બંધ રાખજો. થોડીવાર પછી કૂતરાને જવા દેજો.

**તા. ૧૫-૧-૧૯૫૩ : ખોરાણા**

સીંધાવદરથી રેલ્વે સડકે નીકળી ખોરાણાં આવ્યા. અંતર દસ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. સાંજના વજુભાઈ શાહ, જયાબહેન અને છોટુભાઈ મળવા આવ્યા.

**તા. ૧૬-૧-૧૯૫૩ થી ૧૯-૧-૧૯૫૩ : રાજકોટ**

ખોરાણાથી નીકળી રાજકોટ આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો મોટી ટાંકીવાળી ગલીમાં મુંબઈમાં રહેતા મગનલાલ સુંદરજીના મકાનમાં રાખ્યો હતો. ઊતરવાની જગ્યા પાંચ છ ઠેકાણે તૈયાર હતી. ગિરધરભાઈ કોટકનો બંગલો, શાંતાબેનનું મકાન વગેરે હતાં, પણ કોઈ તટસ્થ સંઘવાળો મળે તો સારું તે દષ્ટિએ અહીં મુકામ કર્યો હતો.

અહીંના મુખ્ય પ્રધાનશ્રી ઉછરંગરાય ઢેબરભાઈ સિટી સ્ટેશન આગળ સ્વાગત માટે આવ્યા હતા. એમણે સાથે ચાલીને ઘણે દૂર સુધી વાતો કરી હતી. કેટલાક યુવાનો, કાર્યકરો, બચુભાઈ આચાર્ય, છગનભાઈ જોશી, બાબુભાઈ વૈદ્ય વગેરે હતા. છોટુભાઈ મકાનની વ્યવસ્થા કરવા આગળથી આવ્યા હતા.

બપોરના જામનગરવાળા પ્રેમચંદ શેઠ મળવા આવ્યા હતા. સામાન્ય શિષ્ટાચારની વાતો કરી. જામનગરથી અમૃતલાલભાઈ અને બીજા પરિચીતો પણ આવ્યા હતા. સાંજના ઢેબરભાઈ ફરી મળવા આવ્યા હતા. મહારાજશ્રીને ચાલુ આંદોલન વિષે ઠીક ઠીક મંથન ચાલતું હતું.

તા. ૧૭-૧-૧૯૫૩

સવારમાં ઢેબરભાઈ આવવાના હતા. એટલે પ્રાર્થના સાડાપાંચ વાગ્યે કરી લીધી. બરાબર છ વાગે ઢેબરભાઈ, છગનભાઈ જોશી અને ભક્તિબા આવ્યાં. ઢેબરભાઈએ ૬ થી ૮ વાગ્યા સુધી મહારાજશ્રી સાથે વાતો કરી. મુખ્ય વાત પ્રધાનોના પગાર ઘટાડવાનું અને તંત્રને કાર્યક્ષમ બનાવવાનું ચર્ચાયું હતું.

ત્યાર પછી રસિકભાઈ, દયાશંકરભાઈ, ઘનશ્યામભાઈ, રતુભાઈ વગેરે પ્રધાનો આવી ગયા હતા.

ચિમનલાલ નાગરદાસ એડ્વોકેટ મળવા આવ્યા હતા. બપોર પછી જાદવજી મોદી આવી ગયા. ત્યારબાદ જામનગરવાળા હરજીવનદાસ બારદાનવાળા આવ્યા. એમણે મહારાજશ્રીને વેચાણવેરા આંદોલન અંગે ખ્યાલ આપ્યો. અને સલાહ માગી. મહારાજશ્રીએ કહ્યું, પ્રથમ તો હું એ કહેવા માગું છું કે આ આંદોલનમાં સત્ય અને અહિંસા કેટલી જળવાઈ છે? જો દરેક વ્યક્તિ આટલું શોધન કરે તો સમાધાન તરત શક્ય બને. હું તો આટલું મળે કે તેટલું મળે તેવું નથી ઇચ્છતો. બધાં નિખાલસ થઈ જાય. અને પછી સૂચન કરે. આગ્રહ ન રાખે. બારદાનવાળાએ સ્વીકાર્યું કે, આંદોલન વેપારીના હાથમાં રહ્યું નથી. અને વિરોધ કરવા જેટલી વેપારીઓની શક્તિ નથી.

સાંજના ચાર વાગે ધારાસભાની પક્ષની મિટિંગમાં મહારાજશ્રીએ હાજરી આપી હતી. અને ધારાસભ્યોને સંબોધ્યા હતા. પ્રધાનો પણ હતા. ધારાસભ્યોએ આજથી વધુ તીવ્રતાથી ગામડાંઓમાં કામ કરવું જોઈએ. પોતે સરકારનો પગાર ખાય છે તો બાકીનો ટાઈમ જનસેવામાં કાઢવો જોઈએ અને ગામડાના પ્રશ્નો સમજી વિચારીને તંત્રમાં મૂકી સફાઈ કરવી જોઈએ વગેરે કહ્યું.

રાત્રે પ્રાર્થનામાં કેટલાક ભાઈ બહેનો આવ્યા હતા. ફૂલછાબવાળા, નાથાલાલ શાહ, જયમલ પરમાર, વજુભાઈ શાહ વગેરે આવ્યા હતા. આજે મહારાજશ્રીએ ચિંતન અને મથામણને લીધે આહાર લીધો નહોતો.

**તા. ૧૮-૧-૧૯૫૩**

આજે પ્રાર્થના બાદ ઢેબરભાઈ અને મનુભાઈ પંચોળી આવ્યા.

આજે પણ પોતાની શાંતિ માટે ઉપવાસ કરવાનું મહારાજશ્રીએ જણાવ્યું.

**તા. ૧૯-૧-૧૯૫૩**

આજે પારણાં કર્યાં. જુદી જુદી મુલાકાતો થઈ હતી.

**તા. ૨૧-૧-૧૯૫૩**

આજે મકાનમાલિક રહેવા આવનાર હોવાથી સીતારામ બિલ્ડીંગમાં આવ્યા.

**તા. ૨૩-૧-૧૯૫૩**

આજે શહેરમાં પર્યટન માટે નીકળ્યાં. આલ્ફ્રેડ હાઈસ્કૂલ, ગર્લ્સસ્કૂલ, કિરણસિંહજી મિડ્લસ્કૂલ, ઈન્કમટેક્ષ ઓફિસ વગેરે સ્થળે જઈ આવ્યા. છોકરાઓએ પથ્થર વગેરેથી નિશાળને નુકસાન કર્યું હતું તે જોયું. કિરણસિંહજી સ્કૂલના કંપાઉન્ડમાં છોકરાઓએ અમને ઘેરી લીધા. ધક્કા, મુક્કી કરી અમારા બે જણની ટોપીઓ ઉછાળી. ગમે તેમ બોલ્યા. આ સ્થિતિમાં બે વાર મહારાજશ્રી બેસી ગયા હતા. રાષ્ટ્રીયશાળામાં વાત પહોંચી કે, મહારાજશ્રીને ઘેરી લીધા છે. એટલે છગનભાઈ જોશી, બાબુભાઈ વૈદ્ય અને બીજા કાર્યકરો આવી પહોંચ્યા. પાછા આવતાં રસ્તામાં લોકોએ મોટા પથરા ગોઠવી રસ્તો બંધ કરેલો. તે અમે બધાએ પથરા ઉપાડી સાફ કર્યો. કાંતિભાઈ, કરીને એક ભાઈએ મહારાજશ્રી સાથે જૈન ધર્મ વિષે ઉગ્ર ચર્ચા કરી. ગમે તેમ બોલ્યા. મહારાજશ્રીએ તેમને શાંતિથી સમજાવ્યા.

સાંજના ફરી ફરવા જવાનું હતું. પણ વિદ્યાર્થીઓ વગેરે મળવા આવેલા. એટલે રોકાઈ ગયા. નટવરસિંહ જાડેજા રાષ્ટ્રશક્તિવાળા બે ભાઈઓ મળી ગયા. શહેરમાં વેચાણવેરા અંગે ઉગ્ર આંદોલન ચાલતું હતું.

રાત્રે પ્રાર્થના બાદ પરિષદના આગેવાનો મહારાજશ્રીને મળવા આવ્યા. પોલીસે લાઠીમાર કર્યો હતો. તેથી ગુસ્સામાં હતા. તેમણે કહ્યું, આપ સરકારનો પક્ષ લો છો, પણ કેટલો બેફામ લાઠીમાર કર્યો તેની તપાસ

કરાવો. મહારાજશ્રીએ પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવ્યું. અને કહ્યું કે, આપણે એનો તોડ કાઢવો જોઈએ. પરિષદે પણ પોતાના તરફથી શાંતિ જાળવવી જોઈએ. જો એક પક્ષ શાંતિ ના જાળવે તો, સરકારને પોલિસ ઉઠાવી લેવાનું કેમ કહી શકાય ? છેવટે બધા એકાંતમાં મળ્યા. અને મહારાજશ્રીએ બને તેટલું તેમના મનનું સમાધાન કર્યું હતું.

મોડીરાત્રે વજુભાઈ આવ્યા હતા. અને આ પ્રસંગ ઉપર નિવેદન બહાર પાડ્યું હતું.

**તા. ૨૪-૧-૧૯૫૩**

સવારના મહારાજશ્રી નિરીક્ષણ માટે નીકળ્યા સાથે કનુભાઈ ગાંધી, બાબુભાઈ વૈદ્ય વગેરે હતા. કરણસિંહજી સ્કૂલના વિદ્યાર્થીઓ હડતાલ પાડી બહાર નીકળતા હતા. ત્યાં જ અમે મળી ગયા. એટલે એમણે લાઠીગોળીકી સરકાર નહીં જોઈએ વગેરે સૂત્રો પોકાર્યાં. મહારાજશ્રી ત્યાં ગયા અને પછી નિશાળના કંપાઉન્ડમાં સૌ મળ્યા વિદ્યાર્થીઓને જે કહેવું હતું તે છૂટથી કહેવા કહ્યું. પછી મહારાજશ્રીએ બોધના બે શબ્દો કહેતા જણાવ્યું કે, વિદ્યાર્થીઓએ ભણવામાં ધ્યાન આપવું જોઈએ. લડતમાં ખોટા રસ્તા ના લેવા, દેશનો ઉદ્ધાર કરવો હોય તો પરિશ્રમ કે ભૂદાન કરવું જોઈએ. પછી અમો ગઈ કાલે લાઠીમાર થયો હતો. એવા દર્દીઓને મળ્યા. લોકોને મળ્યા. ચોક જોયો અને પાછા આવ્યા. આ દરમ્યાન મોટાં ટોળાં અમારી પાછળ ફરતાં હતાં.

સાંજના સરકારી દવાખાને જ્યાં એક ભાઈને ગંભીર લાઠીમાર થયેલો તેને જોવા ગયા. તેમની સ્થિતિ ઠીક હતી. પાછા આવતાં ડૉક્ટર અંતાણીને મળ્યા.

પાઉ કરીને એકભાઈને લોહીની ઊલટી થઈ. તેટલો સખ્ત માર પોલીસે માર્યો છે. એવી ફરિયાદ આવેલી તે ઉપરથી મહારાજશ્રીએ વાતચીત કરી. ડૉક્ટરે કહ્યું, માર પડ્યો છે પણ પોલીસને, પાઉને નહિ. હું ગયો ત્યારે પાઉ નાહી ધોઈને ધોતિયું પહેરતા હતા. વળી ત્યાં જ જેલમાં ટેલિફોન કરી પુછાવ્યું કે મહારાજશ્રી આપની તબિયતના સમાચાર પુછાવે છે તો કહ્યું બહુ સારી છે.

સાંજના ઢેબરભાઈ મળ્યા. તેમને ગઈકાલના પ્રસંગ અંગે દુઃખ થયું હતું. પછી કલેક્ટર શ્રી બૂચ, મહારાજશ્રીને મળી ગયા અને પોલીસ તરફની હકીકત જણાવી. રાત્રે વજુભાઈ આવ્યા હતા.

આજે લાઠીમારથી થયેલા દુઃખના કારણે મહારાજશ્રીએ ઉપવાસ કરેલો. માટલિયા આજે આવ્યા હતા.

**તા. ૨૫-૧-૧૯૫૩**

આજે કનુ ગાંધી, પુરુષોત્તમભાઈ ગાંધી વગેરે મહારાજશ્રીને મળવા આવ્યા હતા. ગામમાં શાંતિ હતી. એટલે ફરવાનું બંધ રાખ્યું હતું. આજે ગિરધરભાઈ કોટક અને જેઠાલાલ જોશી મહારાજશ્રીને મળવા આવ્યા હતા. કેટલીક વાતો થઈ.

તા. ૨૬ની રાત્રે બારટન ગર્લ્સ કૉલેજનાં ઘણા બહેનો આવ્યાં હતાં. મહારાજશ્રીએ આજે સ્ત્રીનું સ્થાન એ વિષય ઉપર સુંદર ચર્ચા કરી હતી.

**તા. ૨૭-૧-૧૯૫૩**

સવારના અમે અને કનુભાઈ ગામમાં ફરવા નીકળ્યા. સાબરમતીના એક ભાઈને ત્યાંથી ભિક્ષા લઈ મહારાજશ્રીના સંસારી માસીબાને ત્યાં જવા નીકળ્યા. રસ્તામાં એક ભાઈએ ખબર આપ્યા કે, વેચાણવેરા વિરોધમાં જે બાઈએ ઉપવાસ કર્યા હતા તે ગુજરી ગઈ. મહારાજશ્રીને એનો આંચકો લાગ્યો. અને પછી ગોચરી લેવાનું બંધ કર્યું. લીધી હતી. તે પણ પરઠવી દીધી. ત્યાંથી ચંપાબેન મહેતાને ત્યાં રોકાઈ માસીબાને ત્યાં ગયા. અહીં મામા મગનભાઈ, ધનાભાઈ, ખુશાલભાઈ અને બીજા સંબંધીઓ એકઠાં થયાં. બધાની એક વાત હતી કે આપે આ વાતમાં ના પડવું જોઈએ. આપને લોકો ભરમાવી જાય છે. સરકાર જાણી જોઈને જૂઠું અને હિંસા કરાવે છે વગેરે કહ્યું. મહારાજશ્રીએ પોતાનું દૃષ્ટિબિંદુ સમજાવ્યું. અને ગઈ વાતોનો ખુલાસો કર્યો અને કહ્યું, તમને શરીરની ચિંતા થાય છે. પ્રતિષ્ઠા જાય તેની ચિંતા થાય છે પણ તે બધા કરતાં સિદ્ધાંત મોટો છે. જેના પક્ષે ન્યાય અને સત્ય હશે તેને મારો ટેકો હશે. ભૂલ કરશે તે સૌને કહીશ. આમ તેમના સંસારી કુટુંબીજનોને સમાધાન આપવા પ્રયત્ન કર્યો.

ત્યાંથી એક દેવીભક્ત બહેન વિદ્યાબહેન છે તેમને ઘેર ગયા. મહારાજશ્રીને એ બહેન 'મા' કહીને બોલાવે છે. અંબામાનું પ્રતીક ગણે છે. ખૂબ ભાવ અને લાગણીથી તેમણે નમન કર્યું. થોડીવાર રોકાઈને પાછા અમે આવી ગયા.

આંદોલન માટે ઉપવાસ કરેલા તે બાઈનું મૃત્યુ થયેલું તેની સ્મશાનયાત્રાની જાહેરાત થઈ. વાતાવરણ ગરમ થશે એવી ભીતિ હતી. પણ શાંતિ રહી.

આજે ઢેબરભાઈ, રસિકભાઈ અને વજુભાઈ મળવા આવ્યા. જામનગરથી હેમચંદભાઈ આવ્યા હતા. તેમણે વેપારીઓનું દૃષ્ટિબિંદુ કહ્યું.

રાત્રે પ્રાર્થનામાં ભાઈ બહેનો મોટી સંખ્યામાં આવતાં હતાં. સુંદર પ્રશ્નોત્તરી થતી. એક પ્રશ્ન ક્રોધ કેમ થાય છે ? તેવો આવ્યો. મહારાજશ્રીએ જણાવ્યું કે માણસની આસક્તિ વધી જાય છે ત્યારે ક્રોધ આવે. તેવા વખતે સ્થાન છોડવું અગર મૌન રહેવું. એક છોકરો ઘણો ક્રોધી. પત્ની, મા, બહેનો બધાં જ એનાથી ડરે. છોકરાને કોઈ સંતે ક્રોધની દવા બતાવી કે જ્યારે આવો પ્રસંગ બને ત્યારે તારે મૌન રાખવું. એક દિવસ ખૂબ ભૂખ્યો થયેલો. ઘેર આવ્યો. ખાવા બેઠો, ખીચડી ખારી, ગુસ્સે થઈ ગયો. અને થાળી પછાડવાનું મન થઈ ગયું પણ સંયમ રાખી ઊઠી ગયો. દુકાને ગયો. મા ને થયું, છોકરાએ આમ કેમ કર્યું ? ખીચડી ચાખી તો ખારી ઉસ, ડબલ મીઠું પડી ગયેલું. પછી ફરી રસોઈ બનાવી. છોકરાને મા પોતે બોલાવવા ગઈ. બેટા ભૂલ થઈ ગઈ.

એવી જ રીતે એક છોકરાએ સાધુને ક્રોધ ચઢાવવા છ વાર થૂંક્યો. પણ સાધુ દરેક વખતે શાંતિથી નાહીને પાછા આવતા. આના કારણે છોકરો પગે પડી ગયો.

તા. ૨૭મીએ નંદાજી મળવા આવ્યા હતા. રતુભાઈ અદાણીએ તેમને અહીંના આંદોલન અંગે ખ્યાલ આપ્યો. રાજી થયા. પછી મહારાજશ્રીએ ગ્રામઉદ્યોગ ન્યાયતંત્ર, વહીવટના એકમો, વનસ્પતિ ઘી વગેરે પ્રશ્નો પર ચર્ચા કરી. આ ચર્ચા ચાલતી હતી ત્યારે જ ઢેબરભાઈ આવ્યા ચર્ચામાં જોડાયા. નંદાજીના ગયા પછી પણ ઢેબરભાઈ સાથે રાતના દોઢ વાગ્યા સુધી ચર્ચા ચાલી હતી.

તા. ૨૮મી રાત્રે સાડા નવે જયાબહેન અને છગનલાલ જોશી આવ્યા. તેમણે કહ્યું, મશાલ સરઘસ આપની પાસે આવે છે. થોડી વારમાં પોકારો કરતું સરઘસ આવ્યું નિવાસ્થાન બહાર રસ્તા પર ઊભું. એક બાઈ બોલી : 'સંતબાલીયો ક્યાં ગયો ? બહાર આવ ' મહારાજશ્રી બહાર આવ્યા. બે હાથ જોડી ઓટલા પર ઊભા રહ્યા. લોકો દેકારો કરતા રહ્યા. મહારાજશ્રીએ હાથ હલાવી બેસવાની સંજ્ઞા કરી. થોડાં બહેનો ભાઈઓ બેઠાં ત્યાં આગેવાનોએ કહ્યું, 'સંતબાલને નથી સાંભળવા, ઊઠો', પાછાં બધાં ઊઠ્યાં, તે દરમ્યાન બહેનોમાંથી નિરૂબહેન પટેલ જેઓ સામ્યવાદી છે એમણે સૂત્રોચાર કર્યા : હિંસાને લાવે કોણ ? સંતબાલ, સંતબાલ,' જૈનધર્મ લજવે કોણ ? સંતબાલ સંતબાલ. આ દરમ્યાન હોબાળો તો ચાલતો જ હતો. કોઈએ કાંકરા ફેંક્યા, કોઈએ નાના પથ્થર ફેંક્યા, એક વૃદ્ધ જેવા ભાઈએ ધીમે રહીને નીચે હાથ ઘાલી મહારાજશ્રીનું વસ્ત્ર ખેંચ્યું. મહારાજશ્રી આગળ સુમતિભાઈ ઊભા હતા. તેમનું મફલર પણ સાથે આવ્યું. એટલે વસ્ત્ર છોડી દીધું. એક બાજુ જયમલ પરમાર ઊભા હતા. તેમણે કહ્યું : જ્યાં સુધી એક પણ માણસ અહીં હશે ત્યાં સુધી મહારાજશ્રી આમ ઊભા રહેશે. મહારાજશ્રી હાથ ઊંચો કરીને એક આંગળી ઊંચી રાખી ઊભા હતા. મોઢાંમાંથી શાંતિનો જાપ નીકળતો હતો. હાથ થાકતો ત્યારે બીજા હાથે તેને ટેકો આપવા પ્રયત્ન કરતા હતા. લોકો એલફેલ બોલતા હતા. હાથથી ચેનચાળા કરતા હતા. 'મહારાજ સીંગલ પાડી દો હવે ગાડી ચાલશે', સરકારનો ખાંધિયો વગેરે બોલ્યા પછી થોડા ડાહ્યા માણસોની આજીજી પછી સરઘસ આગળ ગયું.

મોડી રાત્રે જયહિંદ છાપાવાળા શ્રી જોશી મળવા આવ્યા અને એક લખાણ આ દેખાવો અંગે તેમની પાસે આવેલું તે સંબંધી ખુલાસો પૂછ્યો. લખાણમાં સરઘસનો બચાવ જ હતો. મહારાજશ્રીને એ વાંચી ખૂબ દુ:ખ થયું. તેમને ઠપકો આપ્યો કે, આવા સમાચારો લેવાશે તો આપણું શું થશે ? પછી કહ્યું, સાચી વાત આપો. તમે ન છાપો તો વાંધો નથી. મહારાજશ્રીને લાગ્યું કે, એની જાહેરાત કરવાની જરૂર નથી. છતાં લખવું હોય તો બનેલા બનાવની વિગત લખવી જોઈએ. અને એમને હિંમત રાખી સાચું લખવા પ્રયત્ન કર્યો આ વખતે અમો બધાં સાથે જ હતા. કાંકરા, પથરા પડતા હતા.

તા. ૨૮મીએ નંદાજી જે નાયબ વડાપ્રધાન હતા. તે મળવા આવ્યા. સાડાત્રણ કલાક વાતો ચાલી. તેમણે કહ્યું હવે નવાં યંત્રો વધારવાનું બંધ કર્યું છે. અને બીજી વાત એ કરી કે જ્યાં જ્યાં સરકારી ધોરણે જિનપ્રેસ કે ચક્કી વગેરેની માગણી થશે ત્યાં ત્યાંની વસ્તુ એક્વાયર કરવામાં આવશે.

રાતના દસ વાગે ફરીથી નંદાજી મળવા આવ્યા અને ભારત સેવક સમાજ વિષે વાતો કરી હતી.

**તા. ૨૯-૧-૧૯૫૩**

આજે સવારના ૯-૦૦ વાગે બારટન ગર્લ્સ ટ્રેનિંગ કોલેજમાં પ્રવચન હતું. તેમાં વલ્લભ-વિદ્યાલયનાં બહેનો, વિકાસગૃહનાં બહેનો અને રાષ્ટ્રીયશાળાનાં બહેનો પણ આવ્યાં હતાં.

બપોરના ૩-૩૦ વાગે વિરાણી હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓની સભા હતી.

**તા. ૩૦-૧-૧૯૫૩**

આજે બાપુ નિર્વાણદિન હતો. બાપુનિર્વાણદિન નિમિત્તે રાષ્ટ્રીય શાળામાં પ્રાર્થના થઈ. બાદ મહારાજશ્રીએ ગંભીર વાતાવરણમાં કહ્યું:

આજે ચિંતનનો દિવસ છે એટલે બોલવાનો ઉત્સાહ થતો નથી. પાંચ વરસ એ વાતને વીતી ગયાં કે જ્યારે આપણા દેશમાં ભગવાને જે કૃપાપ્રસાદી આપી હતી તેને આપણે ગુમાવી દીધી. ગાંધીજી એ માત્ર ભારતના માનવી હતા, એમ નહીં કહી શકાય. સમગ્ર માનવજાતના હતા, વિશ્વના હતા. સત્ય કોઈનું આગવું હોતું નથી. તેમ ઈશ્વરપ્રસાદી કોઈની હોતી નથી. બાપુજીને ભલે આપણે આપણા ગણીએ, પણ એ સર્વના હતા. એમના જીવનનો સર્પનો પ્રસંગ જુઓ એણે બતાવી આપ્યું કે, ઝેરથી ભરેલો ભુજંગ એ પણ ઈશ્વરની કૃપા છે. એ ભલે ડંખ આપે, પણ આત્માર્થી તરીકે હું એને અભયદાન બક્ષું કદાચ મારું મૃત્યુ થાય તો પણ. એમ કહી સાપ કે, જે ડંસ દે છે તેને અભય બનાવવો જોઈએ. આ પ્રસંગ ખાતરી આપી જાય છે કે એમનું અંતર માત્ર મનુષ્ય માટે જ નહિ, પણ વિશ્વની દરેક કૃતિ માટે, એમનું સત્ય એમનો પ્રેમ કરતું હતું. આજે એ દિવસ ભારે છે. આપણે વર્ષો સુધી સાથે રહ્યા એમની કૃતિઓ જોઈ.

એમને વંદનાઓ આપી. એમના સ્નેહનું પાન કર્યું. એમની વ્યક્તિગત અને સામુદાયિક સાધનામાં ફાળો આપવાનું કહ્યું. તેમ છતાં ભારતવર્ષનો ઈતિહાસ કલંકિત કરે તેવું કૃત્ય કર્યું એ પરમ પિતાનું આપણા ભાન ભૂલેલા ભાઈએ ખૂન કર્યું પણ આંસુ સારવાથી એ દુઃખ ઓછું નહીં થાય.

હરિપુરા મહાસભામાં એમણે કહ્યું હતું : મૃત્યુ વખતે મારી સામે રેંટિયો હોય, પોતાની જાતને હરિજન લખાવી. આમ હરિજન પ્રશ્ન અને આર્થિક પ્રશ્ન રેંટિયો એ બંનેથી જુદું એવું એમનું અવસાન થયું. આ પ્રસંગે જેમ જેમ ગંભીર રીતે વિચારીએ છીએ તેમ તેમ ઘણા સવાલો ઊભા થાય છે.

જે બિરાદરે બાપુજી ઉપર ગોળી ચલાવી તેમના જીવનમાં પ્રવેશી શક્યા હોત. તેમની ભાવના બદલાવી શક્યા હોત તો આટલું દુઃખ ના થાત. પણ એ ન કરી શક્યા. સમય ચાલ્યો જાય છે. અને સમયના વહેણમાં વિમાસણ પામતા, કચડાતા આજે પાંચ વરસ પૂરાં કરીને આવતી કાલે છઠ્ઠા વર્ષમાં પ્રવેશ કરીશું. ગયેલ વાતને ગમે તેટલી સંભારીએ તો પણ કામ પતતું નથી. એ ભૂલોનું પ્રાયશ્ચિત કરીએ. આપણા દિલમાં તે પ્રસંગ અવનવી પ્રેરણા સીંચો તો આવતી કાલના પ્રભાતે નવી આશાઓ પ્રગટાવી શકીએ. વિનાશી શરીર પ્રત્યે જે પૂજ્યભાવ હોય છે, તે જતો કરવો પડે છે. એવી વાતો ગીતા અને મહાપુરુષો કહી ગયા છે. એ નવી વાત નથી. બાપુજી પાંચ દશ વરસ વધુ જીવ્યા હોત કે મોડા ગયા હોત, તેનો બહુ ફેર પડતો નથી. પણ એમણે જે તત્ત્વ પ્રણાલી આપી, વ્યક્તિ-પૂજાને નહીં, પણ સંઘપૂજા આપી છે. સંઘપૂજા પછી તત્ત્વપૂજાને મહત્ત્વ આપ્યું ત્યારે આપણી મોટી જવાબદારી આવીને ઊભી રહે છે. આ વાત ઘણી તુચ્છ કે નાની લાગતી હશે, પણ એ ભુલાઈ ન જવી જોઈએ. આ વિચારની સાથે આજના ગંભીર યુગે આપણે વિચાર કરીએ.

સત્ય એ ખાંડાની ધાર છે. એ ધાર મનને, બુદ્ધિને કે શરીરને લાગે છે. અન્યાયની સામે પ્રતિકાર કરવામાં હોમાઈ જવાનું કામ કરે છે.

બાપુજીનું જીવન લડાઈથી જ ભરેલું છે. એ લડાઈ પોતાની જાત અને દુનિયાને શાંતિનો માર્ગ બતાવવાનાં યુદ્ધની હતી. આશ્રમમાં એકાદ કોઈ મેલ પેસી જાય, સાથીઓમાં કોઈનાથી નાની સરખી પણ ભૂલ થાય,

સમાજમાં કોઈ એવા પ્રકારની ગંદકી ફેલાય, રાષ્ટ્રમાં અનિચ્છનીય એવી કોઈ પ્રવૃત્તિ થઈ જાય, ત્યારે એમનું હૈયું ઘવાતું. એ વ્યથા એટલી વધી જતી કે એનું માપ ના કાઢી શકાય. અવિરત પુરુષાર્થી દૃષ્ટિ આપી એક દર્શન મૂકી ગયા છે. એ દર્શન આગળ ચલાવવાની જવાબદારી કોના શિર પર છે તેનો વિચાર ના કરીએ ત્યાં સુધી એમની પૂજા કરવાનો અધિકાર કોનો છે ? એ વિચાર કરીએ. અન્યાયનો પ્રતિકાર પોતાની જાતથી કરે. એમાં પુરુષનું ચિંતન કરતાં કરતાં આપણી વામનતાની કંગાલિયત શરમાવે છે. બીજી બાજુ એવી પ્રખર સાધના પડી છે કે જે આપણને નવું દર્શન આપીને ચેતવે છે. અને જેઓ એમના પ્રેમના સાથી બન્યાં અને જે વિરોધી બન્યાં તેમને પણ શોધમાં સાથે લીધા. એમાંથી આપણે શું લઈશું ? આજે દેશ ઉપર વિચાર કરીએ ત્યારે કેટલી બધી હતાશા દેખાય છે ? ક્યાં એમની મશાલ અને ક્યાં આંખ મીંચીને મૂર્છિત થયેલાં આપણે ? કઈ રીતે કહી શકીશું કે બાપુજી અમારા હતા. ભલે અમારા એક સાથીએ ભૂલ કરી, ઈતિહાસ કલંકિત કર્યો, પણ આપણે પુરુષાર્થ કરી શક્યાં છીએ ખરાં ? પાંચ પાંચ વરસ ગયાં. બે વિશ્વયુદ્ધ ગયાં. આપણી આસપાસ જે થઈ રહ્યું છે તે બધામાં કેવો હિસ્સો આપી રહ્યા છીએ ? આ પાંચ વરસ દરમ્યાન સત્યના ઉપાસક પાછળ ચાલવા માટે થોડો પણ પ્રયત્ન કર્યો છે ખરો ? આવા આવા કેટલાય સવાલો આપણી હતાશામાં આવ્યા કરે છે. મને લાગે છે કે આજે આ બધું ચિંતવીએ અને જો આપણને ખાતરી થાય તો, નવા સંજોગોમાં આપણે પણ એમના પ્રયાણ પછી પ્રાયશ્ચિત કરીને આપણી ભૂલો સાફ કરીએ.

છઠ્ઠા વરસમાં સુંદર કેડી જોઈ શકીએ એ માર્ગે ચાલવાનું પ્રેરણાત્મક બળ મેળવીએ તો એ વાતને મોડું થયું નથી. કારણ કે આવા મહાપુરુષો વિદાય થયા પછી એવી વસ્તુ મૂકતા જાય છે કે જેને અસ્ત થતાં વાર લાગે છે. જેમ તીર્થમાં જતાં સ્મરણો તાજાં થાય છે તેમ એ વિભૂતિ તો ચાલી ગઈ છે પણ તેમના ભાવો હયાત હોય છે. એટલે શોકના દિવસોમાંથી ચિત્તને સ્વચ્છ અને સ્વસ્થ કરીને વિચાર કરીએ. જે અહિંસા એ આ દેશને ઉજ્જવળ કર્યો એવા મહાપુરુષોને કઈ રીતે યાદ કરીએ. હરિજનોનો પ્રશ્ન લઈએ તો તેમાં પણ સંતોષકારક પ્રગતિ દેખાતી નથી.

કાનૂન થયા, નાગરિક બન્યા, સ્વમાન જાગ્યું છે પણ બાપુજી ઈચ્છતા હત એ રીતનો અરસપરસનો ભાઈચારો થયો નથી. બંને બાજુ અધૂરી છે. તેનો વિચાર કરતાં પાછા ના ફરીએ.

એવી જ રીતે અહિંસક ક્રાંતિમાં જે બહેનોએ હિસ્સો આપવાનો છે અને બાપુજી માનતા હતા કે, અહિંસક સમાજ રચનાનું કામ બહેનોનું છે. આપણે આપણા અંતરઆત્માને પૂછીએ કે સ્ત્રીઓની પ્રતિષ્ઠા માટે એમની ઉત્તમ પ્રકારની જે વાત્સલ્યવૃત્તિ છે, તેની પૂજાને માટે કેટલો બધો અવકાશ છે તેને માટે આપણે શુ કર્યું ? બીજી બાજુ જે ગામડાં ઉપર આપણો દેશ ઊભો છે એ ગામડાં નીતિને ભૂલ્યાં હોવા છતાં નીતિ પાળવા ઇચ્છે છે. એમને ઊંચે લાવવા માટે ઠેરઠેર સેવાનાં થાણાં નાખવાં જોઈએ. ઘડતર કરવાનું કેટલું બધું કામ બાકી રહે છે. આમ રાષ્ટ્રના ઘડતરના એક એક પ્રશ્નનો વિચાર કરવા બાપુજીએ જે ઇછ્યું, તેનો વિચાર કરશો.

અન્યાયના પ્રતિકારમાં રાગદ્વેષ રહિત થઈને આપણી જાતને હોમીએ તો જ બાપુનું તરપણ સાચું કર્યું કહેવાય. એકબાજુ ભૂદાન, સંપત્તિદાન, સ્વચ્છ ભારત, એવા એવા પ્રયાસો થઈ રહ્યા છે. બીજી બાજુ શુદ્ધિની વાતો કરીને શુદ્ધતાના વિચારો ચાલે છે. ત્યારે બીજી બાજુ નાની નાની બાબતો માટે માનવતાને ન છાજે એવું વર્તન થાય છે ત્યારે વિશાદ જાગે છે. શું હિટલર અને ગાંધી સાથે જન્મી શકે છે ? હે પ્રભુ ! તારી લીલા અપરંપાર છે. તું એક બાજુ રુદન અને બીજી બાજુ હાસ્ય વેરી રહ્યો છે. ત્યારે ભૂલ્યાં ભટક્યાં જેની પાસે સાધનાનો મસાલો નથી, એવાં બાલુડાં કયા બળથી શાંતિનો છંટકાવ કરી શકશે. તે કંઈ સમજાતું નથી.

બીજા કોઈની ભૂલો એ આપણી ભૂલો છે. બીજાના ગુણો આપણા ગુણો નથી. આવું આવું ચિંતવીને જે શુભ છે તેને વ્યાપક કરીએ. વર્ષોથી જે વસ્તુ ભુલાઈ હતી તેને સજીવન કરનાર એક મહાપુરુષ આ દેશને મળ્યો અને તેમને પગલે ચાલનાર કેટલાંયે સાથીઓ પ્રાર્થના કરી રહ્યાં છે. તેમને ઈશ્વર બળ આપે. પ્રાર્થના સિવાય આપણે બીજું શું કરી શકીશું ?

એવી પ્રેરણા મેળવીએ કે મારી પાસે હજી ઢગલાબંધ કામો છે તેને પાર પાડવા સત્ય, પ્રેમ, અહિંસાથી કેમ આગળ વધીએ. વેગ તીવ્ર બનાવીએ. આહુતિ આપીએ અને તે પણ કોઈના શરીરને, મનને સહેજ

પણ આંચકો નહિ લાગે તે રીતે આપવાનું બળ આપે. એવી પરમકૃપાળુને પ્રાર્થના કરીએ. અને બાપુજીનો આત્મા જ્યાં હોય ત્યાંથી અમારા ગુનાઓ માફ કરીને અમી વર્ષાવ્યા કરે એ પ્રાર્થના.

બપોરના ચાર વાગે ધર્મેન્દ્રસિંહજી કૉલેજમાં સભા રાખી હતી તેમાં મહારાજશ્રીએ ધર્મદૃષ્ટિએ સમાજ રચનાનો પ્રયોગ જે ભાલમાં ચાલે છે તેની માહિતી આપી. રોજીરોટી માટે અને ગામડાંના ઉત્થાન માટે ત્યાગ અને નીતિના પાયા ઉપર સંગઠન કર્યાં હોય તે કહ્યું હતું. બાદમાં પ્રશ્નોત્તરી થઈ હતી. તેમાં ભૂદાન, બેકારી, કરવેરા, રાજકારણમાં ભાગ લેવા વિષે વગેરે વાતો થઈ. મહારાજશ્રીએ કૉલેજમાં પ્રવચન દરમિયાન શિસ્ત, સમજ અને શાંતિ માટે સંતોષ વ્યક્ત કર્યો હતો.

સાંજે રાષ્ટ્રીયશાળામાં ૫-૧૫ થી ૫-૪૫ સુધી સમૂહ કાંતણ હતું. બારસો રેંટિયા એકી સાથે ચાલતા હતા. બધા પ્રધાનો આવ્યા હતા. પ્રાર્થના અને સૂતાંજલિ બાદ શ્રદ્ધાંજલિનો કાર્યક્રમ પૂરો થયો હતો.

**તા. ૩૧-૧-૧૯૫૩**

સવારના પ્રાર્થના પછી પ્રધાનો અને રચનાત્મક કાર્યકરો સાથે શાંતિસેના વિષે વાતો કરી હતી. ત્યારબાદ નારણદાસ કાકા, કનુભાઈ ગાંધી, વજુભાઈ વગેરે સાથે વાતો કરી. રાજની કેટલીક ખામીઓ અને કાર્યકરોની મુશ્કેલીઓ અંગે વાતો થઈ.

બપોરના ૩ાથી રાષ્ટ્રીયશાળામાં સંસ્કૃતિક સમાજના આશ્રયે એક સભા મળી હતી.

**તા. ૧-૨-૧૯૫૩**

આજે અહીંના બનાવો અંગે નિવેદન લખ્યું. સાંજના ઢેબરભાઈ, વજુભાઈ, ભક્તિબા વગેરે આવ્યા. ઢેબરભાઈએ મહારાજશ્રીને ચાર પાંચ દિવસ વધારે રોકાવાને આગ્રહ કર્યો. એટલે તા. ૧૦મીએ નીકળવાનું રાખ્યું.

**તા.૨-૨-૧૯૫૩**

બપોરના મહિલા મંડળની બેનો સમક્ષ પ્રવચન કર્યું. આજની સભામાં મુસ્લિમ બહેનોની સંખ્યા વધારે હતી તેથી પ્રવચનમાં ધાર્મિક એકતાનું

મહત્ત્વ સમજાવ્યું. બધા ધર્મો એક જ તત્ત્વ કહે છે. પોષાક અને ભાષા જુદી છે પણ ભાવ એક જ હોય છે.

સાંજના જયમલ પરમાર આવ્યા હતા. તેમની સાથે કેટલીક વાતો થઈ.

**તા. ૩-૨-૧૯૫૩**

આજે મૌનવાર હતો. આજ રાત્રે ઢેબરભાઈ, વજુભાઈ, ભક્તિબા વગેરે આવ્યાં. જામનગરવાળા હરજીવનદાસ બારદાનવાળા મળવા આવ્યા.

**તા. ૪-૨-૧૯૫૩ :**

વજુભાઈ સાથે નિવેદન અંગે ચર્ચા કરી. કનુભાઈ ગાંધી અને જયંતીલાલ માલધારીને એમના પ્રવાસમાંથી બોલાવ્યા હતા. તેઓ આવ્યા અને શાંતિસેનાએ કેવી રીતે કામ કરવું તે અંગે વિચારણા કરી.

રાતના ૧૧-૦૦વાગે ઢેબરભાઈ, વજુભાઈ અને ભક્તિબા આવ્યાં. નિવેદન વિષે સમજણ લીધી. દરમિયાન પરિષદ તરફથી સત્યાગ્રહ મોકૂફીનો ઠરાવ લઈને ચીમનલાલ શાહ આવેલા. પરિષદને પોતાની ભૂલ સમજાઈ નથી પરંતુ લડત બંધ કરી છે.

**તા. ૫-૨-૧૯૫૩**

રસિકભાઈ પરીખ મળવા આવી ગયા.

**તા. ૬-૨-૧૯૫૩**

સાંજના રતિભાઈ, ઉકાભાઈ, નરભેશંકર પાણેરી અને બીજા બે ભાઈઓ મળવા આવ્યા. તેમણે નિવેદન અંગે ઠીક ઠીક ઉકળાટ કાઢ્યો. કહ્યું, તમને રાજકારણનો અભ્યાસ નથી. અને શું કામ સલાહ આપો છો ? મહારાજશ્રીએ તેમને શાંતિથી જવાબ આપ્યા હતા. સાંજના ચાર વાગે જાદવજી મોદીને નિવાસસ્થાને ગયા હતા. ત્યાં કુટુંબ સાથે કેટલીક સામાજિક વાતો કરી. રાત્રે પ્રાર્થનામાં પણ જાદવજીભાઈ અને તેમનું કુટુંબ આવ્યું હતું. બાબુભાઈ રાવળ આજે આવ્યા હતા.

**તા. ૭-૨-૧૯૫૩**

આજે સવારના મનુભાઈ શાહ, મળવા આવ્યા એમણે સ્વિટ્ઝર્લેન્ડના

પોતાના અનુભવ કહ્યા. નાનો એકમ રચવામાં ખર્ચ વધશે. એમ કહ્યું. પણ ભાષાવાર ધોરણે પ્રાંત રચના થાય એ ખરો ઇલાજ છે.

જેઠાલાલ જોશીને પાર્લામેન્ટમાં કેટલાક પ્રશ્નો મૂકવા વિશે વાતચીત કરવા બોલાવ્યા હતા. તેમની સાથે મુખ્યત્વે ત્રણ પ્રશ્નો ચર્ચાયા હતા. પ્રધાનો સાદાઈ વધારે કેમ કેળવે; પબ્લિક સર્વિસ કમિશનની રીતિમાં ફેરફાર, ડીગ્રી કરતાં યોગ્યતાને ધોરણે નોકરી અને તેનું પ્રમાણપત્ર, સ્થાનિક રચનાત્મક ઉચ્ચ કક્ષામાં કાર્યકરો આપો એ આવે. ત્રીજી વાત ન્યાયતંત્રમાં ફેરફાર અંગેની હતી. વકીલોની ફીની મર્યાદા, અને ફી સરકાર જ આપે. ડૉ.ને પણ સરકાર પગાર આપે. પબ્લિક પાસેથી ન લઈ શકે વગેરે.

આ દરમિયાન લવણપ્રસાદ શાહ આવેલા. તેઓ ઉગ્ર હતા. તેમનો મુદ્દો એ હતો કે આપ વેચાણવેરા, વિરોધી આંદોલન ખોટું છે, એમ કહો છો હું કહું છું કે સાચું છે તો એનો ન્યાય કોઈ ન્યાયમૂર્તિ કરે અને તમારી વાત ખોટી હોય તો સાધુનાં કપડાંનો ત્યાગ કરો. હું ખોટું બોલું તો, રાજકારણમાંથી છૂટો થાઉં.

મહારાજશ્રીએ કહ્યું : એમાં ન્યાયાધીશની જરૂર નથી. અંતરઆત્મા એ જ ન્યાયધીશ. મને લાગતું હતું તે મેં કહ્યું છે. તમને લાગતું હોય, એ તમે કહો. એ કહેવાની તમને છૂટ છે. પ્રજાને તેનો ફેંસલો કરવા દો આમ ઉગ્રતાથી ચર્ચા કરી તેઓ ગયા.

**તા. ૮-૨-૧૯૫૩**

આજે વલ્લભકન્યા વિદ્યાલયમાં મહારાજશ્રીનું પ્રવચન હતું એટલે સહેજ વહેલા નીકળ્યા. અને કેટલોક સમય ઢેબરભાઈને ત્યાં રોકાયા અને કેટલીક ચર્ચા કરી.

સાંજના ૩-૩૦ થી ૪-૩૦ પૂતળીબાઈ ઉદ્યોગશાળાની મુલાકાત રાખી હતી.

સાંજના સાંધવાવદરથી ભગવાનજી પટેલ અને જયરામ પટેલ કેટલાક ખેડૂત આગેવાન સાથે આવ્યા હતા. વજુભાઈ પણ હતા. તેમની સાથે ખેડૂતમંડળ અંગે વાતો થઈ. ભગવાનજીભાઈએ પોતાના અનુભવો કહ્યા. આજે ધંધાર્થી મંડળની જરૂરિયાત પર ભાર મૂક્યો. વેચાણવેરા વિરોધી

આંદોલનનો વિરોધ ખરી રીતે એવાં મંડળો જ કરે. આજે જે લોકસંમેલન થાય છે, એમાં એવો ભાસ થતો હોય છે કે, જાણે પ્રધાનો જ બોલાવતા હોય. એટલે ખેડૂત જનતાને ખાસ ખ્યાલ આવતો નથી. વજુભાઈએ પણ એ વાત તો સ્વીકારી કે, કૉંગ્રેસ એક સરકારી અને ભદ્રસમાજની સંસ્થા બની ગઈ છે. એટલે નાના નાના ધંધાદારી મંડળો નૈતિક દૃષ્ટિએ રચાય અને જો એજ કૉંગ્રેસ સરકારનું પૂરકબળ બને એ જરૂરી છે.

**તા. ૯-૨-૧૯૫૩**

આજે ચુંવાળિયા પગીભાઈઓની કારોબારી બોલાવી હતી. રતુભાઈ અને રસિકભાઈ હાજર રહ્યા હતા. સલાહકાર સમિતિ રચવામાં આવી. જો કે પ્રથમ તો તેમને આ ના ગમ્યું. પણ પછી સ્વીકાર્યું. એમાં (૧) રવિશંકર મહારાજ (૨) નાથાભાઈ શાહ ફૂલછાબવાળા (૩) રતુભાઈ અદાણી (૪) ભીખાભાઈ ગાર્ડ (૫) પ્રમુખ. કારોબારી ૧૫ માણસોની કરવી. એમ નક્કી થયું. નામ સૌરાષ્ટ્ર કોળી મંડળ રાખવું.

રતુભાઈએ કહ્યું કે કામ તમારે જ કરવાનું છે. સરકાર તો ફક્ત દોરવણી આપશે. જેટલી તમારી કામ લેવાની શક્તિ હશે તેટલું થશે.

બપોર પછી ઢેબરભાઈ સાથે કેટલીક ચર્ચા વાતો કરી. સાંજના બાબાપુર ગ્રુપ સાથે વાતો કરી.

અહીંનો આજે છેલ્લો દિવસ હતો. રાત્રિસભામાં સંખ્યા વધારે આવી હતી. મહારાજશ્રીએ ચાલુ બનાવોનું અવલોકન કરાવ્યું. હવે પછી કેવી રીતે વર્તવું તે અંગે સમજાવ્યું હતું.

• • •

**તા. ૧૦-૨-૧૯૫૩ : ગૌરીદળ**

રાજકોટથી વિહાર કરી ગૌરીદળ આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. સાથે કેટલાક ભાઈઓ આવ્યા હતા.

**તા. ૧૧-૨-૧૯૫૩ : કાગદડી**

ગૌરીદળથી નીકળી કાગદડી આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો મંદિરમાં રાખ્યો.

**તા. ૧૨-૨-૧૯૫૩ : મીતાણા**

કાગદડીથી નીકળી મીતાણા આવ્યા. અંતર સાત માઈલ ઉતારો નિશાળમાં રાખ્યો.

**તા. ૧૨-૨-૧૯૫૩**

મીતાણાથી નીકળી સાંજના ટોળ આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો હતો. આ ગામ મહારાજશ્રીની જન્મભૂમિ છે. એમની માલિકીનું મકાન આજે તો નથી, પણ બીજાએ હરાજીમાં રાખ્યું છે. મહારાજશ્રી જે હનુમાન મંદિર જતા તે દહેરી ઊભી છે. મહારાજશ્રીનાં માતુશ્રીએ જે ઓટો બંધાવેલ હતો તે પણ હયાત છે. તેમાંથી કોઈ કોઈ પથ્થર નીકળી ગયા છે.*

**તા. ૧૩, ૧૪-૨-૧૯૫૩ : ટંકારા**

ટોળથી નીકળી ટંકારા આવ્યા. અંતર સાડાચાર માઈલ હશે ઉતારો સ્થાનકવાસી જૈન પાઠશાળામાં રાખ્યો હતો. ગામ લોકોએ સ્વાગત કર્યું.

રાત્રીસભા સારી થઈ. બીજે દિવસે ૮-૩૦ થી ૯-૩૦ જાહેર પ્રવચન રાખ્યું હતું.

અહીં આર્યસમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીનું જન્મસ્થાન છે. એટલે પ્રખ્યાત સ્થળ ગણાય છે.

**તા. ૧૫-૨-૧૯૫૩ : વિરપુર**

ટંકારાથી નીકળી વિરપુર આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. અહીંના ખેડૂતો ઠીક ઠીક જાગૃત લાગ્યા.

**તા. ૧૬, ૧૭,૧૮-૨-૧૯૫૩ : મોરબી**

વિરપુરથી નીકળી મોરબી આવ્યા. અંતર છ માઈલ હશે. સ્વાગત માટે ટ્રેનિંગ કૉલેજના શિક્ષકો સામે આવ્યા હતા. તેમને પ્રાસંગિકરૂપે બે શબ્દો કહ્યા હતા. ત્યારબાદ પૂ. નાનચંદ્રજી મહારાજ અહીં બિરાજમાન હતા. તેમના દર્શને ગયા. ત્યાં ખૂબ પ્રેમનું વાતાવરણ સર્જાઈ ગયું હતું. કેટલાંક મહાસતીજીઓ પણ હતાં.

મહારાજશ્રીએ વેચાણવેરા આંદોલનમાં ભાગ લીધેલો, એટલે અહીં આવતાં પહેલાં જુદી જુદી અફવાઓ સાંભળેલી કાળા વાવટાથી સ્વાગત

---

* (મહારાજશ્રીના જન્મસ્થાનવાળું મકાન પ્રાયોગિક સંઘે ખરીદી લીધું છે. અને તેમાં રચનાત્મક કામ ચાલું કર્યા છે.)

કરવું, બીજી એવી વાત હતી કે મુહપત્તી અને રજોહરણ પડાવી લેવાં. સભા નહીં થવા દેવી પરંતુ એમાંનું કંઈ બન્યું નહિ. ઊલટું ટ્રેનિંગ કૉલેજના શિક્ષકો અને બીજાઓ તરફથી બહુ દૂર સુધી સામે આવી વાજતેગાજતે સ્વાગત કર્યું. વિરોધી વિચારકોને વિરોધી ભાઈઓને એ પણ શંકા હતી કે કદાચ ઉતરવા મકાન પણ નહીં મળે. પણ પ્રભુદાસ માટલિયાએ અને કૉંગ્રેસ સમિતિએ બે, ચાર મોટાં મકાનો તૈયાર રાખ્યાં હતાં. ઉતારો ગોકુળભુવનમાં રાખ્યો હતો.

રાત્રી જાહેરસભામાં મોટી સંખ્યામાં લોકો આવ્યા હતા. મહારાજશ્રીએ વિશ્વશાંતિનો રાજમાર્ગ એ વિષય ઉપર સુંદર પ્રવચન કર્યું હતું.

નવલભાઈ, છોટુભાઈ, અંબુભાઈ આવ્યા હતા.

બીજે દિવસે સવારના નવ વાગે હંટર ટ્રેનિંગ કૉલેજમાં કાર્યક્રમ હતો. મહારાજશ્રીએ જણાવ્યું કે તમે બધા ગઈકાલથી જે રસ લઈ રહ્યા છો તેથી મારો સંતોષ વ્યક્ત કરું છું. હું માનું છું કે આજના ધર્મગુરુઓ શિક્ષકો છે ને આજની પરિસ્થિતિ એવી છે કે સાધુઓનું કામ સમાજે કરવાનું છે. એમાં શિક્ષકો પ્રથમ આવી જાય છે. એટલે આવતી કાલનો સમાજ કે રાષ્ટ્ર જે રીતે ઘડાવાનો છે તેમાં શિક્ષકોનો ફાળો મહત્ત્વનો છે. સૌરાષ્ટ્ર ઉપર વધારે આશા રહે છે, આ પ્રદેશમાં ઘણાં ખડતલ માણસો પાક્યા છે.

આજે નઈ તાલીમની વાત તમે કેવી રીતે સમજો છો અને સમજ્યા પછી અમલ કરાવવા જશો, ત્યારે સમાજ હશે, બાળકો હશે અને બાળકો તો જે સમાજ હશે તેવી ટેવોવાળા હશે. તેમને કેવી રીતે તમારો રંગ ચઢાવશો આ મૂંઝવણ, તમને, મને થાય છે.

બીજી વાત શિક્ષણના કોર્સની છે. ઘણો વધારે ભાગ અને તે પણ ઉપરથી લદાયેલ હોય છે. એટલે તમારે જે ઘરેડે સમાજ ચાલે છે તે રીતે તમારે પણ ચાલવું પડે છે. અમુક કાંતવું, થોડું ખેતી કામ કરવું અને પરીક્ષા પાસ કરવી. મને લાગે છે કે આમ નહીં ચાલે. આપણે ક્રાંતિ કરવી પડશે.

સાંજના મજૂર કલ્યાણ કેંદ્રની મુલાકાત લીધી. રાત્રે જાહેરસભા રાખી હતી.

**તા. ૧૯-૨-૧૯૫૩ : ડેલા**

મોરબીથી નીકળી ડેલા આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. અહીં સભામાં ૮૧ વીઘા જમીન ભૂદાનમાં મળી.

અહીંથી સાંજના રંગપુર આવ્યા. લોકોએ વાજતે ગાજતે પ્રેમથી સ્વાગત કર્યું. મોરબીથી કેટલાક ભાઈઓ સાથે હતા. ઉતારો દફતરી આરામગૃહમાં રાખ્યો હતો. અહીં ૩૪ાા વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૨૦-૨-૧૯૫૩ : જેતપર**

રંગપુરથી નીકળી જેતપર આવ્યા. અંતર છ માઈલ હશે ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. અહીં ૧૪ વીઘા ભૂદાન મળ્યું હતું.

**તા. ૨૧-૨-૧૯૫૩ : ખાખરેચી**

જેતપરથી નીકળી ખાખરેચી આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો જાળિયા દરબારના ઉતારામાં રાખ્યો હતો. ગામ લોકોએ વાજતે ગાજતે સુંદર સ્વાગત કર્યું.

બપોરના દવાખાનાની મુલાકાત લીધી. ત્યાંથી માળિયા તાલુકા શિક્ષક સંમેલનમાં હાજરી આપી. ત્યાં પ્રવચન કર્યું હતું.

ખાખરેચીમાં અમારો મુકામ હતો. તે મકાન માળિયા ઠાકોરની માલિકીનું હતું. વિશાળ તળાવને બરાબર કિનારે સુંદર રીતે બાંધેલું છે. એની ઓસરી નીચે પાણી છે. આ રીતે બાંધેલ છે. રાતનો દેખાવ બહુ રળિયામણો લાગતો હતો. રાત્રે જાહેરસભા સારી થઈ. પ્રથમ દુલેરાય માટલિયાએ ભૂદાન અને સંગઠનનો હેતુ સમજાવ્યો હતો. સભામાં મહાલકારી અને ઘરખેડખાતાના મામલતદાર વગેરે પણ આવ્યા હતા. ૩૫ વીઘા ભૂદાન થયું હતું.

**તા. ૨૨-૨-૧૯૫૩ : ભાગરેવા**

ખાખરેચીમાંથી નીકળી ભાગરવા આવ્યા. સાથે કેટલાક ખેડૂતો અને બંને અમલદારો સાથે જ હતા. અંતર છ માઈલ હશે. ઉતારો દરબારી ઉતારે રાખ્યો. ગામે વાજતે ગાજતે સ્વાગત કર્યું. અહીં સભામાં ૫૫ વીઘા ભૂદાન મળ્યું હતું.

**તા. ૨૩,૨૪-૨-૧૯૫૩ : માળિયામીંયાણાંના**

ભાગરવાથી નીકળી મીયાણાંના માળિયા આવ્યા. સાથે બંને અમલદારો અને બીજા ભાઈઓ હતા. સૌરાષ્ટ્રનું છેલ્લુ ગામ છે. બાજુમાં કચ્છની સરહદ શરૂ થાય છે. મચ્છુ નદી અહીંથી થોડે દૂર જઈને રણમાં ફેલાય જાય છે. નદીમાં એક બંધ બાંધેલો હોવાથી પાણી સારું ટકે છે.

અહીં વસ્તી ૮૦ ટકા મીંયાંણા લોકોની છે.પણ લોકો પડછંદ હોય છે. માથે મોટું ફાળિયું બાંધે છે. દાઢી રાખે છે બહેનો મોટા ઘેરનો ઘાઘરો અને ઓઢણું ઓઢે છે. લોકો ચોરી, લૂંટફાટનો ધંધો પણ કરે એમ સાંભળ્યું છે. કુલ વસ્તી આ લોકોની સાત હજારની છે.

રાત્રે જાહેરસભા થઈ. સભામાં અમલદારો અને ડિ.એસ.પી મીરચંદાની પણ આવ્યા હતા. જિલ્લા પંચાયત અધિકારી જનકભાઈ પણ હતા.

આજે મીંયાંણા ભાઈઓનું સંમેલન હતું. ચારેય ગામના લોકો આવ્યા હતા. સભામાં કામ દ્વારા રોજી મળે, મીઠાનો ઉદ્યોગ વધે અને ખેતી સારી થાય તેની વિચારણા થઈ હતી.

મીંયાણા આગેવાનોએ કહ્યું કે અમને રોજી આપો તો જ કેળવણી આપી શકાય અમારે અહીં સંસ્કાર આપવા સામાન્ય માણસનું કામ નથી. પણ સંતબાલજી જેવા મહાપુરુષ એકાદ બે વરસ રહે તો જ થાય. તો જ અમારું શોષણ અટકે.

વજુભાઈ શાહે મહારાજશ્રીનો પરિચય આપી પ્રાસંગિક કહ્યું હતું. તેમણે કહ્યું સૌરાષ્ટ્રના અઢીહજાર ગામને એકડો ભણવા નિશાળ નથી. પણ અહીં નિશાળ હોવા છતાં કર્જ કરીને સંસ્કાર કેંદ્ર ખોલ્યું છે તેમાં તમે લાભ લેજો. ૯ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૨૫-૨-૧૯૫૩ : મોઠીબરાર**

માળિયાથી નીકળી મોઠીબરાર થઈ નાની બરાર આવ્યા. અંતર અઢી માઈલ. ઉતારો નિશાળમાં રાખ્યો. ગામે સ્વાગત કર્યું. અહીં ૧૭ વીઘા ભૂદાન મળ્યું.

માળિયાના એક ઘાંચીભાઈ જમીન આપવા માટે બે ત્રણ વખત

આવી ગયા. પણ મેળ ના બન્યો. એટલે છેવટે નાની બરાર આવ્યા. અને જમીન આપી ગયા. ત્યાગની કેટલી ઊંચી ભાવના ?

**તા. ૨૬-૨-૧૯૫૩ : વવાણિયા**

નાનીબરારથી નીકળી ગાડીને પાટે પાટે ભાવપર થોડું રોકાઈ વવાણિયા આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. બહુ દૂર સુધી લોકો સ્વાગત માટે આવ્યા હતા. અહીંનું તથા બાજુના ગામનું મળી ૧૨ાાવીઘા ભૂદાન મળ્યું હતું.

અહીં શ્રીમદ્ રાજચંદ્રજીનું જન્મસ્થાન છે. એ સ્થાન ઉપર મોટું મંદિર બંધાવેલ છે. એમને જ્ઞાન થયું તે જગ્યાએ પણ મદિર બંધાવેલું છે. ગામના ધાર્મિકોમાં ભેદભાવ છે. કેટલાક કાનજી સ્વામીને માને છે.

**તા. ૨૬-૨-૧૯૫૩ : દહીંસરા**

વવાણિયાથી સાંજના દહીંસરા આવ્યા.અંતર છ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. ગામ લોકોએ ભજન મંડળી સાથે સ્વાગત કર્યું. રાત્રે જાહેરસભા થઈ ૩૨ાા વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૨૭-૨-૧૯૫૩ : કુંતાશી**

દહીંસરાથી કુંતાશી આવ્યા અંતર પાંચ માઈલ હશે. ગામ લોકોએ ભજન મંડળી સાથે ભાવથી સ્વાગત કર્યું. અહીં ૧૬૯ વીઘા ભૂદાન મળ્યું અહીં સૌરાષ્ટ્ર જિલ્લો પૂરો થયો. આ જિલ્લામાં કુલ ૫૬૯ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૨૮-૨-૧૯૫૩ : આમરણ**

કુંતાશીથી આમરણ આવ્યા. અંતર ૭ાા માઈલ હશે. વચ્ચે હડસર ગામ આવ્યું. ઉતારો દરબારગઢમાં રાખ્યો હતો. બપોરના સભા રાખી હતી. પણ ભૂદાનમાં બહુ રસ ના બતાવ્યો. ખેડૂત સંઘની અસર ખરી.

**તા. ૧-૩-૧૯૫૩ : જામદુધઈ**

આમરણથી જામદુધઈ આવ્યા. અંતર પાંચ માઈલ ઉતારો નિશાળમાં રાખ્યો. ગામે વાજતે ગાજતે સ્વાગત કર્યું. બહેનો મોટી સંખ્યામાં આવ્યાં હતાં. આજે ધુળેટી હતી.

**તા. ૨ થી ૬-૩-૧૯૫૩ : બાલંભા**

જામદુધઈથી નીકળી બાલંભા આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. લોકો બહુ દૂર સુધી સામે આવ્યા હતા. આ ગામમાં મહારાજશ્રીનું મોસાળ થાય છે. નાનપણમાં તેઓ અહીં રહેલા. એટલે લોકો પરિચિત હતા. જૂનાં સ્મરણો તાજાં કરતા હતાં. મહારાજશ્રીનાં નાનીમા (માતાની મા) હજી જીવે છે. એમનાં દર્શન કરવાનો પણ હેતુ ખરો. જામનગરથી માસીબાનું કુટુંબ આવેલું. મામા તો અહીં હતા જ. આ બધાંને મળતાં જ ખૂબ આનંદ થયો ચોકમાં જાહેર સભા થઈ હતી. અહીં ૧૪ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૭ થી ૧૬-૩-૧૯૫૩ : જોડિયા**

બાલંભાથી નીકળી જોડિયા આવ્યા. અંતર નવ માઈલ હશે. સીધો રણનો પ્રદેશ છે. ગામ લોકોએ સુંદર સ્વાગત કર્યું. ઉતારો સ્ત્રી હુન્નર ઉદ્યોગ મંદિરમાં રાખ્યો રાત્રે જાહેરસભા હતી. તેમાં વિદ્યાર્થીઓએ નાટક ભજવ્યું હતું. બીજા દિવસે હાલાર જિલ્લા સહકારી સંમેલન ભરાયું હતું. તેની કારોબારી સભા પહેલાં મહારાજશ્રીના સાંનિધ્યમાં મળી હતી. બપોરના શ્રી રવિશંકર મહારાજ આવ્યા હતા. બપોર પછી સંમેલનનું ખુલ્લું અધિવેશન શરૂ થયું. કલેક્ટર અને બીજા અધિકારીઓ આગળ હતા. રતુભાઈ અદાણીએ ઉદ્ઘાટન પ્રવચન કર્યા બાદ મહારાજશ્રીએ જણાવ્યું : આજે તમારા બધાનો ઉત્સાહ જોઈને હર્ષ થાય છે. આપણા દેશમાં એક સંસ્કાર ખમીરમાં રહેલો છે. તે એ કે આ દેશ ફકીરોનો પૂજક છે. દુનિયા દિવસે દિવસે ઝડપી સાધનો વધારતી જાય છે. બીજી બાજુ માણસના જીવનમાં માણસાઈની ખોટ પડતી જાય છે. આવા સંયોગો વચ્ચે એકબાજુ ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા વાગી રહ્યા છે. સાથો સાથ ભારતમાં અહિંસક સમાજ રચવાની વાતો થાય છે. બીજી બાજુ ભોગની વાતો ચાલે છે. આ બધામાંથી માર્ગ કાઢવા માટે સહકારનો હાથ લંબાવીએ અને જે હીણ છે તેને હાથ આપી ગોદમાં લઈએ. તમે જે ઠરાવો ઘડ્યાં છે તેના ઉપર વિચાર કરીને અમલ કરો તો આ હાલાર જિલ્લાનું સહકારી સંમેલન ભાવી હિંદને માર્ગદર્શન આપી શકે.

સહકારનો અર્થ જો વિશાળ કરીએ તો એ છે કે મોટો માણસ નાનાને હાથ આપે. તેની માગણી પહેલા સ્વીકારે. સહકાર એટલે સરકારની મદદ મેળવવી. એટલો જ અર્થ કરીશું તો એ સહકાર આપણું ભલું નહિ કરી શકે. મોટો માણસ નાના માટે ઘસાય. બીજી બાજુ જે નાના લોકોને અન્યાય કર્યો છે તેનું પ્રાયશ્ચિત કરે. સહકારનો પાયો નાના નાના ઉત્પાદકો છે. એ લોકોને વહીવટી તાલીમ આપતા જાઓ. એમને પ્રતિષ્ઠા આપો.

પડતર જમીનમાં મીઠાના અગરીયાઓ મીઠું પેદા કરે. અગરીયાઓ નાના નાના મજૂરો એ બધાની પાસે શ્રમની મૂડી છે, તેમ બુદ્ધિ પણ છે, આવડત છે. માત્ર અવકાશ મળતો નથી એટલે સહકારી મંડળીઓમાં સ્થાપિત હિતો અને મૂડીના રૂપમાં સેવાનું કામ કરે છે તે દુઃખદ છે. તેમાંથી નીકળીએ. ચીનની વાતો તમે સાંભળી હશે. નાના મોટા સૌ સહકારથી કામ કરીશું તો જ આપણું ઉત્થાન થવાનું છે. પરદેશી મિત્રોને પ્રેમથી વિદાય આપી. એટલે હમણાં એટલી બોલ્યા : 'હિંદને સ્વરાજ્ય આપ્યું.' તેથી એમને ખેદ નથી થતો. રાજાઓએ રાજ્યો પ્રેમથી છોડ્યાં થોડું ઘણું રહી ગયું હોય તે ભૂંસવાનું કામ આપણું છે. જમીનદારીનો પ્રશ્ન ઊકલી ગયો છે. હવે ભૂમિદાનનો સંદેશો આપણી પાસે પડ્યો છે. તે દ્વારા એવો નમૂનો પૂરો પડે કે સત્તાનું અને મૂડીનું એકીકરણ થાય.

ભાલ-નળકાંઠામાં નાનકડો પ્રયોગ ચાલે છે. તેમાં વેપારીઓ પણ સહકાર આપે છે. તેનો પાયો નીતિનો છે. ઘસારો અને પ્રાયશ્ચિત એ બે વસ્તુ સહકારી પ્રવૃત્તિમાં જરૂરી છે. આપણી સામે કેટલાં બધાં આવરણો પડેલાં છે. ન્યાયતંત્ર વહીવટીતંત્ર જુઓ. ચૂંટણી પંચો જુઓ. દિલ અને દિમાગથી કામ થતું નથી. મને હમણાં બે પત્રો મળ્યા છે. બાંધકામખાતું અને મહેસૂલખાતું એક વરસે જવાબ વાળે છે. ન્યાયખાતાની તો શું વાત કરું ? શબ્દોનાં ચૂંથણાં, વકીલોનાં ગજવાં ભરે. આ બધા પ્રશ્નો છે. ચૂંટણીમાં પણ કેટલોક ફેરફાર કરવો જોઈએ. જે શ્રીમંત હોય તે જ ચૂંટણી લડી શકે ? લાયકાત ત્યાં જ ગણાય ? આ બધાનો પાયો મને લાગ્યો છે તે એ કે, વિકેંદ્રિત અર્થવ્યવસ્થા થાય. અહીં નૈતિક ખેડૂત મંડળો રચાય. આથી ન્યાયતંત્ર સુધરે. તુમારશાહી અટકી જાય ચૂંટણીના ખર્ચ મટી જાય.

રવિશંકર દાદાએ જણાવ્યું કે હું તમને કહું તે પહેલાં શ્રી. રતુભાઈ અને મુનિશ્રીએ ઘણું કહ્યું છે. બહુ સાંભળવાથી વધારે જ્ઞાન મળે છે તે વાત ખોટી, પણ થોડું કલ્યાણકારી સાંભળીને અવધારે છે, મનન કરે છે, તો કલ્યાણ થાય છે. ખાંડી સાંભળવા કરતાં અધોળ આચરણ ચઢી જાય છે. આપણે બધા વિચાર કરવા ભેગા થયા છીએ હાલારમાં ૨૨૨ ગ્રામપંચાયતો છે. અને ૫૭ મંડળીઓ છે. તે કાંઈ નાની વાત નથી. પણ જે કંઈ ખામી હોય તે દૂર કરવાની છે. કેટલાક ભૂલ પકડાય તો કોઈ હિસાબે છોડવા તૈયાર થતા નથી. જામસાહેબે કહ્યું, જોડિયા સુંદર ગામ છે. તમો ભાગ્યશાળી છો કે, સંતબાલજી અહીં વર્ગ નિમિત્તે રહેવાના છે. તમે એમનો લાભ લેજો. હિંદ સ્વતંત્ર થયું છે. તેને કોઈની દોરવણી નથી, દબાવ નથી, હુકમ નથી. ૩૫ કરોડને સરખા અધિકાર આપ્યા છે. બધાંએ ભેગાં મળીને તે આપ્યા છે. રાષ્ટ્રપતિની અને એક ભંગીની કિંમત સરખી છે. આપણા જ્ઞાનને સહિયારું કરવાનું છે. જેમની પાસે જે હોય તેમાંથી થોડું બીજા માટે આપે. સમાજ એટલે હેતુપૂર્વક જીવવાવાળું એક ટોળું. આંખો મીંચીને દોરાય તે સમાજ નહીં, તેને ટોળું કહી શકાય. આવા સમાજને લોકશાહી ન કહેવાય. એણે એકલાં જીવવું નથી. બીજાને જીવાડીને જીવવું. પાંચ આંગળીમાં મોટી આંગળીને વધારે નમવું પડે છે. તેમ મોટાંને વધુ નમવું પડે એનુ નામ ત્યાગ.

ગામડામાં ચોકીવાળા રાખીએ છીએ. ધારો કે વધારે લૂંટારા આવે તો તે આપણી મદદ માગે છે. જો ગામવાળા કહે કે એ તો તમારું કામ. અમારે શું ? તો તે લૂંટી જાય છે. તેમ સરકાર પણ આપણી રખેવાળ છે. તેને મદદ કરીએ તો જ લૂંટારાને કાઢી શકે.

સહકારથી માણસ સમજતો થાય છે. તેનામાં બળ આવે છે, બચત આવે છે, બચત આવે છે, આપત્તિ આવતી નથી. ખેડા જિલ્લામાં લૂંટ થઈ ૧૮ જણા મુસાફરી કરતા હતા. ત્યાં ત્રણ લૂંટારાએ લૂંટી લીધા. કારણ પૂછ્યું, કહ્યું, ૧૮ છૂટા છૂટા હતા. ત્રણની ટોળી હતી. અટેલે લૂંટી લીધાં આપણે જુદા જુદા છીએ. અવાજ કાઢીએ છીએ તો પણ ગોખી રાખેલો મને ફાયદો થાય તેમ છે ? કેટલીક સહકારી મંડળીઓ કહે છે. નફો સારો કરે છે. ક્યાંથી લાવ્યા ? બીજા પાસેથી લીધાં. આ કાંઈ ફાયદો ના કહેવાય.

**તા. ૯ થી ૧૬**

કાર્યકર્તા તાલીમ વર્ગ શરૂ થયો. એના માટે સુંદર મંડપ બંધાયો હતો. શરૂઆતમાં ૨૮ ભાઈ બહેનો જોડાયાં હતાં. પછી ઘટ્યાં હતાં. રવિશંકર મહારાજે તેનું સંચાલન કર્યું હતું.

એક દિવસ હાઈસ્કૂલમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની મિટિંગ હતી. રાત્રિસભા હરિજનવાસમાં રાખી હતી. હરિજનોએ સુશોભિત મંડપ બાંધ્યો હતો. મહારાજશ્રીએ હરિજન પ્રશ્ન ક્યાંથી ઉત્પન્ન થયો તે અને બીજાં કારણો શાસ્ત્રીય રીતે સમજાવ્યાં હતાં.

તા. ૧૫મીએ સવારના નવ વાગે કન્યાશાળામાં શિક્ષક-શિક્ષિકાઓની એક સભા રાખી હતી. તેમાં મહારાશ્રી ઉપરાંત દુલેરાય માટલિયાએ પણ માર્ગદર્શન આપ્યું હતું. ૩ થી ૪ વાગ્યે બહેનોની સભા રાખી હતી.

**તા. ૧૫-૩-૧૯૫૩**

આજે સવારના બાદનપુરની નિશાળનું ઉદ્‌ઘાટન હતું. એટલે જાદવજી મોદી આવ્યા હતા. અહીંનો તાલીમ વર્ગ પણ તે દિવસે જવાનો હતો. એટલે શામેલ થઈ ગયા.

અહીં રંભાબહેન ગણાત્રા સંસ્થાનાં મુખ્ય સંચાલક છે. તેઓ બહુજ આનંદિત અને વાત્સલ્યપ્રેમી માતા જેવાં છે. એમણે સાથે રહીને દરેક કાર્યમાં સહકાર આપ્યો હતો. આ દિવસોમાં અહીં જુદું જુદું ૧૩ વીઘા ભૂદાન મળ્યું હતું.

**તા. ૧૭-૩-૧૯૫૩ : લખતર**

ધૂળિયાથી નીકળી બાદરા થઈ લખતર આવ્યાં અંતર છ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. અમારી સાથે ઘણાં ભાઈ બહેનો આવ્યાં હતાં.

**તા. ૧૮-૩-૧૯૫૩ : ધ્રોળ**

લખતરથી નીકળી ધ્રોળ આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો ભાટિયા નિવાસમાં રાખ્યો હતો. અહીં ૪૫ વીઘા ભૂદાન મળ્યું હતું.

**તા. ૧૯,૨૦-૩-૧૯૫૩ : ખિલોસ**

ધ્રોળથી નીકળી ખિલોસ આવ્યા. અંતર નવ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. રાત્રે જાહેરસભા થઈ. અહીંના ઘણા મુસલમાનો પાકિસ્તાન ચાલ્યા ગયા છે.

**તા. ૨૧-૩-૧૯૫૩ : અલિયાબાડા**

ખિલોસથી નીકળી અલિયાબાડા આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો ધર્મશાળામાં રાખ્યો હતો. ગામ લોકોએ સ્વાગત કર્યું હતું. અલિયા અને બાડા એ બે જુદાં ગામ છે. છતાં એક બોલાય છે કહેવાય છે અહીં લોકશાળા નામની એક શાળા ચાલે છે. તે ખેતીનું કામ કરે છે. સંસ્થાની ૯૬ એકર જમીન છે. પાંચ, છ કૂવા છે. પણ એક જ કૂવામાં પાણી છે.

**તા. ૨૨-૩-૧૯૫૩ : જામુંડા**

અલિયાબાડાથી નીકળી જામુંડા આવ્યા. અંતર છ માઈલ હશે ઉતારો ઉતારામાં રાખ્યો. અમારી સાથે દશેક ભાઈઓ હતા. વિદ્યાર્થીઓ સ્વાગત માટે દૂર સુધી સામે આવ્યા હતા. ગામલોકોએ ધજા, પતાકાથી ગામને શણગાર્યું હતું. રાત્રે જાહેરસભા સારી થઈ.

**તા. ૨૩-૩-૧૯૫૩ : ધૂવાવ**

જામુંડાથી ધૂવાવ આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો દેરાસરમાં રાખ્યો હતો. ગામમાં બહુ ઉત્સાહ ન દેખાયો. એનું કારણ આપસ આપસનો કલહ દેખાયો. રાત્રિ સભામાં મહારાજશ્રીએ સંપીને રહેવા અને કલહથી કેટલું નુકસાન થાય છે તે જણાવ્યું.

**તા. ૨૪ થી ૩૦-૩-૧૯૫૩ : જામનગર**

ધૂવાવથી નીકળી જામનગર આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો લોકાગચ્છના ઉપાશ્રયમાં રાખ્યો હતો. લોકો મહારાજશ્રીથી પરિચિત હતા. એટલે બહુ પ્રેમથી સ્વાગત કર્યું. નિવાસે પ્રાસંગિક કહેતાં મહારાજશ્રીએ જણાવ્યું કે પાંચ વરસ પછીથી અહીં આવવાનું થયું છે. અને એ દરમિયાન કેટલાક ફેરફારો થઈ ગયા છે. હવે એક નવું ચિત્ર ઊભું કરવાની જરૂર છે. સ્વરાજ્ય આવ્યું છે. તેમાં શહેરોએ ગામડાં તરફ દૃષ્ટિ રાખવાની

જરૂર છે. અહિંસક સમાજરચના માટે ગામડાં, સ્ત્રીઓ અને પછાત વર્ગોને મહત્ત્વ આપીને આગળ લઈ જવાં પડશે. મારું ધ્યાન આ ત્રણ તરફ મુખ્ય હોવાને કારણે શહેરોમાં કેટલાંકને મારી પ્રવૃત્તિઓ વિરોધી લાગતી હશે પણ મારી દૃષ્ટિમાં કશો જ ભેદભાવ નથી. દરેકનું કલ્યાણ કરવાની જ ભાવના છે.

તા. ૨૫-૩-૧૯૫૩ : સવારના વ્યાખ્યાનમાં 'વિનય' ઉપર બોલતાં મહારાજશ્રીએ જણાવ્યું કે, દરેક શાસ્ત્રે 'વિનય' ઉપર બહુ ભાર મૂક્યો છે એનું મૂળ બરાબર ના હોય તો વિકાસનો માર્ગ રુંધાઈ જાય છે. આજે બધે ઠેકાણેથી એક ફરિયાદ આવ્યા કરે છે. નાનેરાઓ મોટાંની આમન્યા રાખતા નથી. જો વિનયનું બંધન માણસ નહીં સ્વીકારે તો આપણે આગળ નહીં વધી શકીએ. વિનય જેમ નાના માણસો મોટાં તરફ રાખે છે. તેમ મોટાંએ નાના પ્રત્યે રાખવો જોઈએ. ગુણો પરસ્પર અવલંબે છે. વિનયને ધર્મનું મૂળ કહ્યો છે. પછી એ ગમે તે ઠેકાણેનો ધર્મ હોય ! પછી દુકાનનો ધર્મ હોય, વ્યવહારનો ધર્મ હોય કે નોકરીનો ધર્મ હોય.

એકવાર વિનયની પરંપરા તૂટી તો, પછી એનો ચેપ લાગવાનો અને સમાજ આગળ વધી શકવાનો નહીં. આપણી કલ્પના એવી હોય છે કે, ગુરુ કરતાં શિષ્ય મોટો થાય, પિતા કરતાં પુત્ર સવાયો થાય. એમાં વિનયજ કામ કરે છે.

શાસ્ત્રમાં કહ્યું, કોઈપણ રાજ સામે પણ વિનય ન ચૂકવો જો વિનય ચૂક્યા તો રાજ નહીં ચાલે. બાળકો સામે બોલે છે, ત્યારે લાગે કે આમ કેમ થાય છે. પણ લાંબું વિચારીએ તો જણાશે કે એનું કારણ આપણે હોઈએ છીએ. જેઓ આસક્તિથી મુક્ત થયા છે, જેઓ બહુ મોટા ગણાય, એ બધાયે વિનય જાળવ્યો છે કુળ કે કુટુંબ તો જ સારું ચાલી શકે. જો ઘરમાં કોઈને વડીલ ગણવામાં આવે. મોટાં વિનય ના છોડે, છોરું કછોરું થાય પણ માવતર ન થાય. બેમાંથી એકે તો વિનય રાખવો જ જોઈએ. તમારે ગમે તેટલા મતભેદ હોય, રીતો જુદી હોય પણ વિનય ના છોડો.

બપોરના ૩ થી ૪ ચર્ચાસભા થઈ. એમાં બુધરજીભાઈ અને કેશવજી અરજણ પણ આવેલાં. ગોંડલથી બચુભાઈ આચાર્ય, લાભુભાઈ વગેરે આવ્યા હતા.

**તા. ૨૬-૩-૧૯૫૩ : જામનગર**

સવારમાં પ્રાર્થનામાં આદર્શ ગૃહસ્થધર્મ વિષે પ્રવચન કર્યું હતું. બચુભાઈ આચાર્યની દીકરી ભારતીબહેન જેઓએ આંબલામાં તાલીમ લીધી હતી અને મનુભાઈ પંડિતના વિવાહ સંબંધને ધ્યાનમાં રાખી આ પ્રવચન કર્યું હતું. બંને પક્ષ સાથે હતા.

**તા. ૩૧-૩-૧૯૫૩ : લાખાબાવળ**

જામનગરથી નીકળી લાખાબાવળ આવ્યા. અંતર સાત માઈલ હશે.

**તા. ૧-૪-૧૯૫૩ : ખોજાબેરાજા**

લાખાબાવળથી નીકળી ખોજાબેરાજા આવ્યા.

**તા. ૨,૩-૪-૧૯૫૩ : સેવકધુણીયા**

ખોજાબેરાજાથી નીકળી સેવકધુણીયા આવ્યા. ગામે વાજતે ગાજતે સ્વાગત કર્યું. બપોરે આજુબાજુના ગામેથી આવેલા ખેડૂતો સમક્ષ પ્રવચન થયું.

(આ દિવસોની વિગતે નોંધ નથી લખાઈ)

**તા. ૪,૫-૪-૧૯૫૩ : લાલપુર**

**તા. ૬-૪-૧૯૫૩ : દબાસંગ**

**તા. ૭-૪-૧૯૫૩ : પડાણાં**

**તા. ૮-૪-૧૯૫૩ : મોડપડ**

**તા. ૯-૪-૧૯૫૩ : ઓહરસિંહણ**

**તા. ૧૦ થી ૧૨ : ખંભાળીયા**

**તા. ૧૩-૪-૧૯૫૩ : બીરજાદર**

**તા. ૧૪-૪-૧૯૫૩ : લોવાણાં**

**તા. ૧૫-૪-૧૯૫૩ : ઘટડાં**

**તા. ૧૭,૧૮-૪-૧૯૫૩ : સૂર્યોવદર**

**તા. ૧૯,૨૦-૪-૧૯૫૩ : રાવળ**

સૂર્યાવદરથી નીકળી રાવળ આવ્યા. અંતર સાત માઈલ હશે.

**તા. ૨૧-૪-૧૯૫૩ : વડાળા**

રાવળથી નીકળી ચંદ્રાવાડા થઈ વડાળા આવ્યા. અંતર ૬ માઈલ હશે. ઉતારો એક મેરભાઈને ત્યાં રાખ્યો હતો. અહીં ભૂદાન ૧૬૦ એકર થયું.

**તા. ૨૨-૪-૧૯૫૩ : કિંડરખેડા**

વડાળાથી નીકળી કિંડરખેડા આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો એક મેરભાઈને ત્યાં રાખ્યો. બપોરે સભા રાખી હતી. રાત્રે પણ સભા થઈ. ભૂદાન અંગે માહિતી આપી. મેરભાઈઓ ખૂબ ભક્તિવાળા છે. રાત્રે ભજન ગાયું તે વખતે તેમનો તંબૂરો અને કરતાલનો તાલ, એટલો સુંદર હતો કે રેડિયા કરતાં વધી જાય.

**તા. ૨૩-૪-૧૯૫૩ : બાબડા**

કિંડરખેડાથી નીકળી બાબડા આવ્યા. અહીં ગામ નથી. ખાલી મહાદેવનું મંદિર છે. ભાણજી લવજી ધીવાળાએ સુંદર સેનીટોરિયમ બંધાવ્યાં છે. ઘણા લોકો અહીં આવે છે. મંદિરની જગ્યામાં સુંદર બગીચો છે. મહંત નવા વિચારના છે.

**તા. ૨૪-૪-૧૯૫૩ : દેહગામ**

બાબડાથી નીકળી દેહગામ આવ્યા. ગામમાં શીતળાનો ઉપદ્રવ હતો. એટલે માતાના મંદિરે સૌ મળ્યાં. અહીંના વયોવૃદ્ધ મહંતે ખૂબ ભક્તિ બતાવી. મહારાજશ્રીનું અજીઠું દૂધ લેવા આગ્રહ કર્યો. અને જતી વખતે સાથે આવ્યા બહુ આગ્રહ કર્યો ત્યારે પાછા ગયા, પાછા વળતાં મહારાજશ્રીના પગ પકડી લાંબા સૂઈ જઈ દંડવત પ્રણામ કર્યાં. મહારાજશ્રીએ પણ એમને વંદન કર્યાં. બંને સાધુનું મિલન સુંદર દૃશ્ય ખડું કરતું હતું. અહીંના લોકોએ ૧૫ વીઘા ભૂદાન આપ્યું.

**તા. ૨૪-૪-૧૯૫૩ : બોખીરા**

દેહગામથી નીકળી બોખીરા આવ્યા. ગામનાં કેટલાક ભાઈઓ ઠેઠ દેહગામ સુધી મહારાજશ્રીને બોલાવવા સામે આવ્યા હતા. એઓ દોડતા

આગળની વ્યવસ્થા કરવા ગયા. ગામે ખૂબ પ્રેમથી ૫૦ વીઘા ભૂદાન કર્યું.

**તા. ૨૪,૨૫-૪-૧૯૫૩ : પોરબંદર**

બોખીરાથી નીકળી પોરબંદર આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો કીર્તિમંદિરમાં રાખ્યો હતો. ગામે અને વિદ્યાર્થી ભાઈ બહેનોએ સુંદર સ્વાગત કર્યું. સભામાં મહારાજશ્રીએ બાપુજીની જન્મભૂમિમાં ગંભીરપણે બાપુજીના જીવનની યાદ તાજી કરી. બપોરના કુરેશીભાઈ આવ્યા હતા. તેમની સાથે વાતો કરી. કાર્યકરો સાથે અહીંના કાર્યકરની વિચારણ કરી. પછી હરિજન(ભંગી)વાસમાં ગયા.

રાત્રિસભામાં મહારાજશ્રીએ જણાવ્યું કે, જ્યારે હું કસબામાં કે શહેરમાં જાઉં છું ત્યારે એક સવાલ ઊઠે છે કે હું હરિજન વાસમાં ગયો. ત્યાં જઈ ચિત્રો જોયાં તેથી એ સવાલ તાજો થયો. આજીવિકાનાં સાધનો દિવસે દિવસે ઝૂંટવાતાં જાય છે. અહીં તો બંદર છે. એટલે ઘણાં વહાણો આવતાં હશે. વેપાર ચાલતો હશે. આજે મકાનો ખૂબ દેખાય છે, પણ લોકોના મોઢાં ઉપર રોજી અને રોટીની ચિંતા બહુ દેખાય છે. સ્વરાજ્ય મળ્યું છે, પણ એ તો માત્ર પરદેશી સત્તાને દૂર કરવા પૂરતું હતું. ઘણી મજલ કાપવાની બાકી છે. ગાંધીજી રાજકીય પુરુષ હતા એમ કોઈ ના માને તેમનું મુખ તો આધ્યાત્મિક હતું. રાજ્ય મોટી વાત નથી પણ સત્ય ને અહિંસા જ એમને મન મુખ્ય હતાં.

**તા. ૨૫-૪-૧૯૫૩**

સવારની પ્રાર્થનામાં ભંગી ભાઈ બહેનો ઘણાં આવેલાં. તેને અનુલક્ષીને પ્રવચન કરતાં મહારાજે જણાવ્યું :

આપણા દેશમાં સામુદાયિક રીતે વિચાર કરવામાં આવે તો આ ત્રણ બાબતો ઉપર ધ્યાન આપવામાં આવ્યું નથી. પહેલી વાત ગામડું, એમાં કાચોમાલ થાય છે અને ખેડૂતે પ્રભુ ઉપર તેને વધારે શ્રદ્ધા રાખવી પડે છે. વરસાદ માટે ઈશ્વરની પ્રાર્થના કરવી પડે છે. તીડ, જાનવર કે બીજા કોઈ ઉપદ્રવ સમય તે ઈશ્વરને યાદ કરે છે.પોતાની ભૂલોની ચિંતા કરે છે. કેટલીવાર લઘુતાની ગ્રંથી આવી જાય છે, પણ સાચી રીતે વિચાર કરવામાં આવે તો ઘણો ફાયદો થાય.

બીજી વાત સ્ત્રીજાતિ ઉપર બહુ ઓછું ધ્યાન અપાયું છે. અને એ અંગે જ્યાં અને ત્યાં હડસેલો કરવામાં આવે છે કોઈ પણ પ્રશ્ન આવે, એને સ્ત્રીના ચારિત્ર્ય ઉપર આક્ષેપ કરવામાં આવે છે. પુરુષના ચારિત્ર્ય ઉપર કોઈ જોતું નથી. એક ઉપર બીજી કરવી, છૂટાછેડા આપવા, છૂટાછેડા માટે ગમે તેવી કાર્યવાહી કરવી, માત્ર પુરુષની ઇચ્છા થવી જોઈએ. આ રીતે ઘણાં અપમાનો થાય છે.

ત્રીજી વાત કેટલીક કોમોને પાછળ રાખવામાં આવી છે એને પછાત કોમ કહે છે. ઈશ્વરના દરબારમાં મનુષ્યકૃત કોઈ ભેદભાવ નથી. પણ મનુષ્યભાવમાં પોતામાં ઓછાં સદ્‌ગુણ હોવા છતાં આગળ જવાની ઇચ્છા કરે છે. એક રીતે સારો ગુણ છે. પણ કોઈના પગ પકડીને તેને નીચે પાડવો એ નુકસાનકર્તા છે. ગાંધીજીએ આની સામે ભારે ઝુંબેશ ઉપાડી. એક વાત ઉપર જોઈ. પછાતને હાથ પકડી આગળ લેવો, ભૂલનું પ્રાયશ્ચિત કરો. આનું એક પરિણામ એ આવ્યું કે, સ્ત્રીઓ અને પછાત વર્ગો તરફ લોકોનું ધ્યાન ગયું. પણ એ પછાત વર્ગે પોતે જાગવાનું છે. ગામડાંએ પોતે જાગવાનું છે. સ્ત્રીઓએ જાતે જાગવાનું છે. એ વાત ભૂલી ગયા. એમણે માની લીધું કે, પુરુષ જ ઊંચો કહેવાય ને ? આમ જ્યારે માણસને અમુક સંસ્કાર પચી જાય છે ત્યારે તેમને તે સાલતો નથી. પોતાની ભૂલ જુએ તો આગળ વધી જાય. કોઈ બીજાની ભૂલ જુએ તો વિકાસ અટકી જાય. એક વાત નિશ્ચિત છે, કે બહારનો સાથ ભલે મળે, પણ જ્યાં સુધી આપણે જાતે તૈયાર નહીં થઈએ ત્યાં સુધી આગળ નહીં વધી શકાય. માત્ર ટીકાઓ કરે નહીં ચાલે.

સાચું અવલંબન તો ઈશ્વરનું છે. સ્વાવલંબનનું સહસ્ય પણ આ જ છે. જીવન જરૂરિયાતની દરેક ચીજમાં સ્વાવલંબી થાય. પણ પ્રકૃતિ પરાવલંબી હોય, ડગલે ને પગલે ક્રોધી થઈ જતો હોય, નિરાશ થઈ જતો હોય કે અભિમાની થઈ જતો હોય, તો તેનું સ્વાવલંબન ટકતું નથી.

એક રીતે પછાત વર્ગ પાછળ છે.પણ બીજી રીતે આગળ છે. શ્રમની મૂડી તેમની પાસે છે. શ્રમને વેઠ માન્યો છે. તેને બદલે શ્રમ એક મૂડી છે. ગીતામાં કહ્યું 'પરિચર્યાત્મક કર્મ, શુદ્રસ્યાપી, સ્વભાવજમ્.' સેવા એ ધર્મ બનવો જોઈએ. શબરી સેવા કરતી, શ્રમ કરતી, માતંગઋષિનો આશ્રમ,

કોઈ ઊઠે નહિ, તે પહેલાં સાફસૂફ કરી આવતી. તેને કોઈને બતાવવાનું ગમતું નહિ. ગંદકી સારી વસ્તુ નથી. તેણે વળતરની કોઈ આશા રાખી નથી. જે વળતર માગતો નથી તેને વળતર મળે છે. શબરીને રામના દર્શનનું વળતર મળ્યું. ઋષિના સેવકોએ ભલે તેની કિંમત ના કરી, હડછેડ કરી. પણ ઋષિએ કહ્યું, તારું વળતર આપનાર કોઈ એક પુરુષ જરૂર આવવાના છે તો ધીરજ રાખજે. આ એક આદર્શ આપણને પૂરો પાડે છે. મારી ફરજ છે, માટે મારે આ કરવું.

સ્ત્રીજાતનો ઉદ્ધાર કરવો, તે પણ તેમના હાથની વાત છે. પુરુષો મદદ આપે તો લે. ન આપે તો તેમનો તિરસ્કાર ના કરે. એમને પણ પોતાની સાથે લઈ જાય સુખ આપવાનો આ ઈલાજ છે.

આ જ વાત ગામડાની છે. સંગઠિત થવાની જરૂર છે. પણ તે ત્યાગથી આવવું જોઈએ. ત્યાગથી આવેલું સંગઠન જ ટકશે. ભૂમિદાન દ્વારા લોકોનું ચિત્ત ગામડાં તરફ દોરાયું છે. મોટા મોટા માણસો હવે ગામડાં તરફ જાય છે.

હરિજન કામદારોએ સફાઈનું સુંદર કામ કરી બતાવી આદર્શ દાખલો બેસાડવો જોઈએ. પ્રમાણિકપણે કામ કરે.

આમ આ ત્રણ વર્ગો પોતપોતાની ફરજો સમજે તો વ્યક્તિ અને સમાજનું સર્વનું કલ્યાણ થશે. એને માટે કેટલાક મરજીવા તૈયાર થવા જોઈએ. એ અંદરથી નીકળે કે બહારથી આવે.

સવારના ૮-૩૦ વાગે નૂતન વિદ્યાલયમાં મહારાજશ્રીનો કાર્યક્રમ હતો. સભામાં મહારાજશ્રીની સાથે ગભૂલાલજી મહારાજ ઠાણાં ત્રણ પણ આવ્યા હતા.

ત્યાંથી ગર્લ્સ હાઈસ્કૂલમાં પ્રવચન થયું.

સાંજના છાયા આશ્રમ જે રામનારાયણ પાઠક ચલાવે છે ત્યાં ગયા હતા.

અહીં સંસ્કાર કેન્દ્ર છે, સુદામાનું મંદિર છે. કીર્તિમંદિર સુંદર બંધાયું છે. એમાં બાપુનો જન્મ, શિક્ષણ લેતા હતા એ રૂમ, જન્મસ્થાન વગેરે વસ્તુ જોવા જેવી છે. આખા કુટુંબના મકાનો છે. અહીંના બધાં કાર્યક્રમોમાં રામનારાયણ ના. પાઠક, માલદેવજી ઓડેદરા અને મથુરભાઈએ સારો રસ લીધો હતો.

**તા. ૨૬-૪-૧૯૫૩ : ટુંકડાં**

છાયા આશ્રમથી નીકળી ટુંકડા આવ્યા. અંતર દસ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો. લોકોએ દૂર સુધી સામે આવી સ્વાગત કર્યું. અહીં બાજુમાં જ સાગર ઘૂઘવે છે. આ આખું ગામ અબોટિયા બ્રાહ્મણોનું છે. તેમનો પહેરવેશ મેર લોકોના જેવો જ છે. સભામાં ૧૧।। વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૨૭-૪-૧૯૫૩ : ચીકાસા**

(ચીકાશા) ટુકડાંથી નીકળી ગોરવ થઈ ચીકાસા આવ્યા. અંતર સાડા ચાર માઈલ હશે. રસ્તામાં દરિયાનું પાણી અટકી શકે તે માટે બહુ લાંબે સુધી એક બંધ સડક જેવો બાંધ્યો છે.

રાત્રીસભા થઈ તેમાં ગોરવનું ૫ વીઘા અને ચીકાસાનું ૧૦ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૨૮-૪-૧૯૫૩ : ઘરેજ**

ચીકાસાથી નીકળી ઘરેજ આવ્યા. અંતર પાંચ માઈલ હશે ઉતારો શેઠના મેડા ઉપર રાખ્યો. અહીં ૯૩ વીઘા ભૂદાન મળ્યું હતું.

**તા. ૨૯-૪-૧૯૫૩ : મટિયારી**

ઘરેજથી નીકળી મટિયારી આવ્યા. અંતર સાડાચાર માઈલ હશે. ઉતારો પંચાયતમાં રાખ્યો હતો. લોકોની મોટી મેદની મહારાજશ્રીના સ્વાગત માટે ઊમટી પડી હતી. ભજનમંડળી પણ હતી. કબીર મંદિરના મહંત પણ સામે આવ્યા હતા. સરઘસ આકારે સૌ ઉતારે આવ્યા. રસ્તામાં મેરબહેનોનાં ટોળે ટોળાં દર્શન માટે ઊભાં હતાં. રાત્રિસભા સારી થઈ. ૧૮ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૩૦-૪-૧૯૫૩ : અમીપર**

મટિયારીથી નીકળી અમીપર આવ્યા. અંતર ૬ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો. ગામે ભજનમંડળી સાથે સ્વાગત કર્યું. અહીં પાણીની ઘણી મુશ્કેલી છે. રાત્રે સભામાં ૩૫ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૧-૫-૧૯૫૩ : બગસરા**

અમીપરથી નીકળી બગસરા આવ્યા. અંતર સાડાચાર માઈલ હશે. ઉતારો ઉતારામાં રાખ્યો.

**તા. ૨-૫-૧૯૫૩ : ગોડાદર**

બગસરાથી નીકળી સામરડાં જતા હતા. ત્યાં વચ્ચે ગોડાદર ગામ આવ્યું. ગામના લોકો સ્વાગત માટે બહાર આવ્યા હતા. એમનો પ્રેમ જોઈને અમે થોડો વખત ગામમાં રોકાયા.

મહારાજશ્રીએ કહ્યું કે, ઘણીવાર વાણી કામ નથી કરતી તમારો ભાવ જોઈને ખૂબ આનંદ થાય છે. એ ભાવ કેમ જાગે છે ? આપણા દેશની જે વિશિષ્ટતા છે કે, કોઈ સાધુ પુરુષ આવે એટલે તેમનો આદર કરે છે. તેમની વાત વાણીમાં આવી શકતી નથી. આજે એક પૂર એવું ધસી રહ્યું છે કે તેના સાથે પ્રેમ કરવા દેતું નથી. ચીન અને રશિયામાં આવું બની રહ્યું છે. આપણે જુદી રીતે વિચારીએ છીએ ભૂખે મરીએ પણ હિંસા ના કરીએ. એવું એક ચિત્ર છે. બીજું ચિત્ર એવું છે કે, એક બાજુ અમુક વર્ગ પકવાનો ખાઈને ઉબકા ખાય છે, જ્યારે બીજી બાજુ મહેનત કરવા છતાં રાબ ખાવા પણ મળતી નથી. મા તેને ખવડાવવા ચિંતા કરે છે. પણ માનો બીજો છોકરો એટલું બધું એકઠું કરી બેઠો છે કે બીજાને આપતો નથી ત્યારે મા કોઈને મારી શકતી તો નથી એટલે પોતે ઉપવાસ કરે છે.

**તા. ૨-૫-૧૯૫૩ : સામરડા**

ગોડાદરથી નીકળી સામરડા આવ્યા. વચ્ચે સરમાં ગામ આવ્યું. ત્યાં થોડો વખત રોકાયા. અંતર છ માઈલ હશે. ઉતારો છગનભાઈના મકાનમાં રાખ્યો હતો. ગામે વાજતે ગાજતે સુંદર સ્વાગત કર્યું.

સભામાં રામભાઈએ જણાવ્યું કે, જેની વાણી ગંગા જેવી પવિત્ર છે. તેવા સાધુપુરુષ આવ્યા છે. તુલસીદાસજીએ કહ્યું છે સાધુ જંગમ તીર્થ છે જ્યાં જાય છે ત્યાં બધાં વેરઝેર શાંત થઈ જાય છે. સંસારનો ભાર ઊતરી જાય છે. અને પછી એમની વાણી સાંભળી એ ભાતું સાચવી રાખે તો ઘણા લાંબા સમય ચાલે છે.

મહારાજશ્રીએ સાચું સુખ કેમ મળે ? તે સમજાવ્યું હતું. સભામાં ૧૪ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૪-૫-૧૯૫૩ : મેખડી**

સામરડાથી નીકળી મેખડી આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. ગામે વાજતે ગાજતે સ્વાગત કર્યું. જયાબહેન શાહ અહીં આવ્યાં હતાં. સભામાં ૫૪ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૫-૫-૧૯૫૩ : હાજક**

મેખાડીથી નીકળી હાજક આવ્યા. અંતર બે માઈલ હશે. અહીં સભામાં ૬૬ વીઘા ભૂદાન થયું. પણ તે બીજી ભાવનાથી થયું. લોકોની પજવણીથી એ ભાઈઓ ખેડી શકતા નહિ એટલે ભૂદાનમાં આપી દીધી.

**તા. ૬-૫-૧૯૫૩ : દીવાસા**

હાજકથી નીકળી દીવાસા આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. ગામ તથા બાળકોએ સ્વાગત કર્યું. અહીં ૧૨ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૭-૫-૧૯૫૩ : શીલ**

દીવાસાથી નીકળી શીલ આવ્યા. અંતર અઢી માઈલ હશે. કાસમભાઈ કાસમશા દર્દ અને રામભાઈ પાઠક અમારી સાથે હતા. અહીં ભૂદાન ના મળ્યું પણ કાસમભાઈનાં પત્નીએ પોતાનું ઘરેણું ભૂદાનમાં અર્પણ કર્યું.

**તા. ૭-૫-૧૯૫૩ : લોએજ**

દીવાસાથી નીકળી શીલ રોકાઈને લોએજ આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો હતો.

આ ગામમાં શ્રીજીમહારાજે નવ મહિના રહી ઉપદેશ આપેલો. પ્રથમ વાવ ઉપર બેઠેલા એ પથ્થર આજે મંદિરમાં રાખ્યો છે. મુક્તાનંદ મહારાજનો મેળાપ અહીં થયેલો. ભૂદાન ૧૧ા વીઘા થયું.

**તા. ૮,૯-૫-૧૯૫૩**

લોએજથી થોડા વખત દહેજ ગામે રોકાઈને માંગરોળ આવ્યા. અંતર પાંચ માઈલ હશે. લોકોએ બહુ દૂર સુધી આવી સ્વાગત કર્યું. ઉતારો

વાડીમાં રાખ્યો હતો. ત્યાં જાહેરસભા થઈ. અહીંયાં બાગબગીચા સુંદર થાય છે. પાણી મીઠું હોય શાકભાજી, નાળિયેર, ખજૂરી, સોપારી, કેળાં વગેરે ખૂબ થાય છે. અહીંયાં ૫૦ વીઘા ભૂદાન મળ્યું. આ આપનારમાં મોટો ભાગ મુસલમાનો હતા.

**તા. ૯-૫-૧૯૫૩ : શારદાબાગ**

માંગરોળથી સાંજના નીકળી શારદાબાગ આવ્યા. અંતર અઢી માઈલ હશે. અહીં કરાંચીવાળા મનસુખભાઈ જોબનપુત્રા કેળવણીનું કામ લઈને બેઠા છે. ખેતી દ્વારા કેળવણી આપવા માગે છે. બાગ સુંદર છે. કુલ જમીન ૧૦૬ વીઘા છે. તેમાં... વીઘા ખેતી અને બાકીનામાં મકાનો છે. ખૂબ સુંદર હરિયાળી દેખાય છે. તે દિવસે સૌરાષ્ટ્રના હાઈકોર્ટના જજ તે દિવસે આવેલા પોપટલાલ ચુડગર પણ સાથે હતા.

મહારાજશ્રીએ ત્યાં મજૂરોની સભામાં પ્રવચન કર્યું રાત્રે બાગની કુંજમાં સેવાદળનાં ભાઈ બહેનો સમક્ષ પ્રાર્થના પછી સુંદર પ્રવચન કર્યું.

**તા. ૧૦-૫-૧૯૫૩ : હુસેનાબાગ**

શારદાબાગથી નીકળી હુસેનાબાગ આવ્યા. અંતર બે માઈલ હશે. અમારી સાથે કાર્યકરો ઉપરાંત સેવાદળ શિબિરનાં ભાઈ બહેનો પણ ગીતો લલકારતાં આવ્યાં હતાં. ૨૩ા વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૧૦-૫-૧૯૫૩ : સેપા**

હુસેનાબાગથી નીકળી સેપા આવ્યા. ગામે સ્વાગત કર્યું. બપોરના રતુભાઈ અદાણીના હાથે, ગ્રામપંચાયતનું ઉદ્‌ઘાટન થયું. બપોરના જાહેરસભા રાખી હતી. તેમાં ૪૯ાા વીઘા ભૂદાન થયું હતું.

**તા. ૧૧, ૧૨-૫-૧૯૫૩ : ચોરવાડ**

સેપાથી નીકળી ચોરવાડ આવ્યા. અંતર સાત માઈલ હશે. ગામે સ્વાગત કર્યું. ઉતારો ધર્મશાળામાં રાખ્યો હતો. રાત્રે મહારાજશ્રીએ રામરાજ્ય વિશે સુંદર પ્રવચન કર્યું હતું. બપોરના ચાર વાગે સભા થઈ હતી.

બીજા દિવસે દરિયો જોવા ગયા. તેના કિનારે નવાબનો સુંદર મહેલ છે. પણ આજે તો એકલો અટૂલો પડ્યો છે. દરિયાની ખારી હવા તેને

નુકસાન કરી રહી છે. પોરવાડમાતાનું ઝુંડ પણ જોયું. પુરાણી જગ્યાં છે. કબીરવડ જેવો વિશાળ વડ પણ જોયો.

અહીં જમીન પથ્થરવાળી છે. લોકો પથ્થર તોડીને ઉપર બીજી માટી નાખી જમીન ખેડવા લાયક બનાવે છે. પથ્થર પોચો હોય છે. એટલે તેને ફળઝાડ બહુ ગમે છે. પથ્થરમાંથી જે કેલ્શીયમ નીકળે છે એ ઝાડના મૂળને ઘણો ફાયદો કરે છે. પાણી પણ મીઠાં હોય છે. એટલે જમીન લીલીછમ દેખાય છે. મુખ્ય પાક કેળાં, નાગવેલીનાં પાન, આંબા અને નાળિયેલ ખૂબ થાય છે. હવાખાવાનું સ્થળ છે. ઘણી ધર્મશાળાઓ છે. અહીં કુલ ૧૪૪ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૧૩-૫-૧૯૫૩ : ભંગદુરી**

ચોરવાડથી નીકળી ભંગદુરી આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ચોરામાં રાખ્યો. આ બધા પ્રવાસમાં ગીતા, ધોળકાવાળા જયંતીભાઈ અને દેવીબહેનની દીકરી મારી સાથે હતી. અહીં ૨૫ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૧૪-૫-૧૯૫૩ : જુથડ**

ભંગદુરીથી નીકળી જુથડ આવ્યા. અંતર છ માઈલ હશે. ગામલોકોએ ભવ્ય સ્વાગત કર્યું. ઉતારો નિશાળમાં રાખ્યો.

બપોરના ખેડૂતોનું એક સંમેલન રાખ્યું હતું. વજુભાઈ શાહ તથા સેવાદળવાળા મનુભાઈ પટેલ આવ્યા હતા. સંમેલનમાં માંગરોળ તાલુકાનાં કાર્યકરો અને સેવાદળનાં ભાઈ બહેનો પણ આવ્યાં હતાં. ભૂદાન ૨૪૩ાા વીઘા થયું હતું.

**તા. ૧૫ થી ૧૮-૫-૧૯૫૩ : કેભદ્રા**

## સોરઠનું સંમેલન

જુથડથી નીકળી કેભદ્રા આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો કેશોદ ગ્રામવિકાસ મંડળમાં રાખ્યો હતો. અહીંના ચાર દિવસના નિવાસ દરમિયાન, સોરઠના કાર્યકરોનું એક સંમેલન અને શિબિર જેવું ગોઠવ્યું હતું. છેલ્લે દિવસે ગ્રામ સંમેલન યોજાયું હતું. તેમાં વજુભાઈ શાહ અને જયંતીલાલ માલધારી આવ્યા હતા.

કાર્યકર શિબિરમાં મહારાજશ્રીએ જણાવ્યું હતુ કે કોઈ પણ મકાન હોય તેનો પાયો જેટલો મજબૂત તેટલી તે ઈમારત મજબૂત રહેવાની. એ જ રીતે માણસનું ધ્યેય ઊંચામાં ઊંચા શિખર કરતાં પણ ઊંચું હોવું જોઈએ. એનું ધ્યેય શિખર હોવું જોઈએ. પણ એ દિશા તરફ પગલાં તો જ માંડી શકાય છે, કે માણસના પગ મજબૂત હોય, મન મજબૂત હોય, એનો સીધોસાદો અર્થ એ થાય કે, ત્રણ પ્રકારની શુદ્ધિ જોઈએ. સાધ્ય તદ્દન ચોખ્ખું જોઈએ. બીજું જે સાધ્યે પહોંચવાનું છે તેનું સાધન મજબૂત ને શુદ્ધ જોઈએ. પણ સાધન અને સાધ્ય, મજબૂત હોય પણ સાધકનું મન મજબૂત ના હોય તો અટકી પડે.

ત્યારે એ સાધ્ય કયું ? એનાં જુદાં જુદાં નામ પાડ્યાં કોઈએ ધર્મ કહ્યો, કોઈએ બીજું કહ્યું, માણસ સત્ય પ્રેમ અને ન્યાય એમ સુંદર સાધન લઈને ના જાય તો ઊંચામાં ઊંચું સાધ્ય મેળવી ના શકે. કારણ કે સાધનની અશુદ્ધિ, સાધ્યની અશુદ્ધિ લાવ્યા સિવાય રહેતી નથી. હિંસાથી કોઈ દિવસ અહિંસા લાવી જ ના શકાય. પણ આપણી સામેનો બીજો એક વિશિષ્ઠ સવાલ ઊભો છે. સ્વરાજ્ય આવ્યું છે. સાધન, સાધ્ય ચોખ્ખું છે. છતાં ક્યાંક દંગલ થઈ જાય છે. સાધન ગમે તેટલાં સારાં આવ્યા હોય, પણ સાધક પોતે શુદ્ધ ના હોય, તો ધર્મસ્થાનમાં બેઠો બેઠો પાપ કરી બેસવાનો. વાત ગમે તેટલી ચોખ્ખી વસ્તુની કરતો હશે પણ પોતે શુદ્ધ નહીં હોય તો કામ અટકી પડવાનું બગડી જવાનું.

એક કસાઈ હતો. એ નગરીના રાજાને વિચાર થયો કે આ કસાઈને એક સારા દિવસે મારે કતલ બંધ કરાવવી જોઈએ. પણ એણે કતલ બંધ ના રાખી. એટલે તેને એક કૂવામાં ઊંધો લટકાવ્યો પણ આણે તો પાણીના પ્રતિબિંબમાં આંગળીથી પાડા ચીતરી એક પછી એક મનથી મારવા લાગ્યો. સાધક અશુદ્ધ હોય તો આચરણનો પ્રશ્ન આવે ત્યારે તે ઢીલો પડી જાય છે.

આ બધું શા માટે કરવામાં આવે છે ? તો કોઈ કહેશે મુક્તિ માટે કોઈ મોક્ષ માટે પછી એને પૂછીએ કે આ ઈશ્વરના સર્જન પ્રાણીમાત્ર ઉપર કરુણા કે ફરજ બજાવી તો કહેશે, હું તો મારાં આત્માનું કલ્યાણ કરું છું.

પણ બીજાના કલ્યાણ સિવાય આત્માનું કલ્યાણ થશે કેવી રીતે ?

મતલબ સાધક શુદ્ધ હોવો જોઈએ. લડતમાં અર્જુનની શુદ્ધિ ના થઈ ત્યાં સુધી વાસુદેવે જુદી જુદી દલીલો કર્યા જ કરી. હું ધ્યેયમાં વિશ્વવાત્સલ્યની વાત કરું છું. અને સાધનમાં ત્રણ વાત બ્રહ્મચર્ય, અપરિગ્રહ અને સત્યને મૂકું છું. પણ ત્રીજી વાત જે સાધક છે તેનામાં તાકાત નહિ હોય, તેનો આશય શુદ્ધ નહિ હોય તો સાધ્ય, સાધક નકામાં થઈ જવાનાં એટલે સાધકે ખૂબ ઘડાવું જોઈએ. એક યોગી કહેતા કે મને એક વાક્યે ખૂબ જગાડ્યો. હું ક્યાં છું ? અને પછી શું ? એક મણ શિક્ષણ લેવું તેના કરતાં અધોળ આચરવું વધારે સારું છે. માણસે આચરણ કરવું એ જ મહત્ત્વની વાત છે. તેમાં બળ વાપરવું પડે છે. કેટલાંક પ્રલોભનો છોડવાં પડશે. મોહ છોડવો પડશે. પ્રત્યાઘાત સહેવા પડે છે. આ બધું સહન ના થાય તો કરોડો વાતો નકામી છે. માણસ સાત ઉપવાસ કરી શકે છે, પણ ભૂલ કરી હોય તેની માફી માગી શકતો નથી. સૂક્ષ્મ અહંકારને આપણે કાઢીએ અને આચાર બળને વધારીએ.

તા. ૧૬-૫-૧૯૫૩ : આજે વર્ગની બીજી બેઠકમાં મહારાજશ્રીએ જણાવ્યું કે, શાસ્ત્રમાં કહ્યું છે કે, એક ઠેકાણે કેશવને કરેલા નમસ્કાર બધા દેવને પહોંચે છે. ગીતા પણ એ જ વાત કરે છે. માણસ કઈ કક્ષા પર છે તે ભૂમિકા ઉપરથી ભગવાનને ભજી શકે છે. તામસગુણ વધારે હોય તો ઈષ્ટદેવ તેવા કલ્પી શકે છે. બીજો અર્થ એ થયો કે, દુનિયાની માનવજાત ગમે તેટલી ઈશ્વરથી વિમુખ બનવા ચાહે તો પણ ઈશ્વરથી વિમુખ બની શકતી નથી. માણસનું ચેતન તેને નીચે પડવા દેતું નથી. એટલે જ કોઈ મહાન પાપી માટે પણ કોઈ પળ એવી આવી જાય છે કે, ત્યારે તેનો પલટો થઈ આવે છે. જેસલ મહાપાપી અને લૂંટારો હતો. છતાં એનામાં ભગવાન તો બેઠેલા હતા. એ જાગ્યા, અને તેનો હૃદય પલટો થઈ જાય છે.

ગીતામાં કહ્યું છે કે ગમે તેટલો પાપી હોય પણ હૃદયપલટો થાય છે, ત્યારે મહાપાપી, મહાધર્મી થઈ જાય છે. વ્યવહારુ રીતે વિચારીએ તો જગતના પદાર્થો માટે એકાંતિક કહીએ છીએ, કે આ સાચું જ છે. આ ખોટું જ છે. ત્યારે કોઈ વસ્તુ કાયમ સારી રહેતી નથી. એમ કોઈ વસ્તુ કાયમને માટે બૂરી રહેતી નથી. કુદરતે જે રચના કરી છે. એમાં એ ખૂબી

પડેલી છે. અને એક ખામી પણ પડેલી છે. જો આપણે ખામીની દૃષ્ટિએ જોઈશું તો ખામી જ લાગશે. પણ ખૂબીઓની દૃષ્ટિએ જોઈશું તો બધે જ ખૂબીઓ લાગશે. જૈન શાસ્ત્રમાં વાસુદેવની વાત આવે છે. એક કૂતરું ભયંકર રોગથી મૃત્યુ પામેલું. લોકો નાકે ડૂચો દઈને ચાલ્યા જતા હતા. વાસુદેવે આ જોયું તેમને દુર્ગંધ તો લાગી પણ, પણ ઊભા રહ્યા અને દાંતનું નિરીક્ષણ કર્યું. સાથીઓએ પૂછ્યું ત્યારે કહ્યું, આ વસ્તુ બધે જ માત્ર ખરાબ નથી. એના દાંત આખા શરીરની અંદર નમૂનેદાર હતા. આપણે જ્યાં જ્યાં જઈએ, ત્યાં ત્યાં ખામી દેખાશે. તે જોવું સહેલું છે, પણ ખૂબી ખોળવી એ અઘરું કામ છે. કેટલીયે વાર આપણે જોઈએ છીએ તો વખાણ જ કર્યા કરે છે. અથવા કેટલેક ઠેકાણે વખોડવા લાગી જઈએ છીએ. આનું કારણ રાગ અને દ્વેષ આપણામાં ભરાયેલા પડ્યાં છે. સમતુલાની આંખ આવી નથી. આ આપણાં અને આ આપણાં નહિ. કાં તો મિત્ર બનાવીએ છીએ. કાં તો દુશ્મન બનાવીએ છીએ. મિત્ર જે કાંઈ કરે તે બધું જ સારું દુશ્મન સારું કરે તે બધું જ ખોટું જોઈએ. ત્યારે સાચાને સાચો કહેવો એ જ ખૂબી છે. સાચો મિત્ર એ છે, કે આળસુની માફક જેવો હોય તેવો બતાવી દે. માત્ર ખુશામત નહિ. એમ માત્ર દોષ દૃષ્ટિ નહિ. જગતમાં કોઈ પણ વસ્તુ નકામી નથી. તેમ કોઈ સંપૂર્ણ સારું પણ નથી. કોઈ માણસને જોઈને પ્યાર આવી જાય. અને કોઈને જોઈને અણગમો આવી જાય છે. આપણને ગમતું બોલે તે સારો, પણ અણગમું બોલે તે નકામો આ બધું વિચારીને વિવેકની ગળણીથી ગાળીને જ્યાં જેટલું હોય ત્યાં તેટલું લેવું, અને આપવું. ગાંધીજીએ એજ દૃષ્ટિએ સાથીઓ સામે જોયું. એક વાર કસ્તુરબાએ સાર્વજનિક (એકભાઈએ આપેલી રકમ પોતાના પુત્રને આપી. માત્ર પાંચ રૂપિયા ગાંધીજીને) એ ખબર પડી તો તેમણે એ વાતની પોતાના જાહેર છાપામાં આપી દીધી. અબ્બાસ તૈયબજીએ આ માટે ઠપકો આપ્યો. આટલી નાની ભૂલ માટે આટલી બધી સજા ! તેવું જ સીતાજી જંગલમાં ગયાં ત્યારે વિલાપ કરતાં હતાં. એ વિલાપ વૈભવ વિલાસ કે જંગલમાં મારું શું થશે ? તે માટે નહોતો પણ મારો રામ મારા સિવાય જીવી કેમ શકશે ? તેનું શું થશે ? એ કલ્પનાથી રોતાં હતાં. આ દૃષ્ટિ હતી. મારી બધી જ પ્રવૃત્તિ સત્ય માટે છે. સત્યથી વેગળી કોઈ

પ્રવૃત્તિ નહીં હોય. ગાંધીજીએ કહ્યું હતું, સત્યને ઈજા પહોંચે અને સ્વરાજ્ય આવે તો એ મને ખપતું નથી. આજે પણ આપણે કહેવું જોઈએ કે સત્યને ઈજા પહોંચે તેવી સેવા જોઈતી નથી. સગા સંબંધી પણ સત્યથી વેગળાં થવાની વાત કરે તો તેનો પણ ત્યાગ કરવો જોઈએ. એક ભાઈએ કહ્યું પંચવર્ષીય યોજનામાં ટેકો આપવો કે નહિ ? [illegible] કહું છું કે ક્યાં ટેકો આપવો અને ક્યાં વિરોધ કરવો, તે સત્યના ગજમાંથી માપી લેવું. સત્ય જાળવીને ટેકો આપવો. સત્ય કાંઈ હવાઈ વસ્તુ નથી. એ વ્યવહારુ કેમ બને, તેમ કરવાનું છે. યંત્ર અને ગ્રામઉદ્યોગએ આજે તો વિરોધની વસ્તુ છે. ગાંધીજીએ કહ્યું હતું કે જે ઘોડાને મારે ઉપાડવો પડે, તેવો ઘોડો મારે નથી જોઈતો. યંત્રને આપણે ચલાવી શકીએ તો વાંધો નથી. એ આપણને ચલાવે તેનો વિરોધ કરવો. બધા જ કહે તેમ કરવું એ સારી વાત છે. પણ બુદ્ધિને વેચીને થતું અનુકરણ ના કરવું. સેવા આપણને ગુલામ બનાવે તો આપણે ખોવાઈ જઈએ. આપણે સેવાને ગુલામ બનાવી શકીએ. આપણાં સત્યને વળગી રહેવું એ છેવટનો માર્ગ છે. ભલે બીજાની સલાહ લો.

**તા. ૧૦-૫-૧૯૫૩**

ત્રીજુ પ્રવચન કરતાં મહારાજશ્રીએ જણાવ્યું કે :

જીવન વહેવારના દરેક કાર્યમાં પ્રેરનાર બળ કયું છે ? પાયાની વાત એ છે કે, કામ ગમે તેટલું સારું હોય, સાધનો ગમે તેટલાં સારાં હોય છતાં એ કામ કરનાર ગમે તે હોય તે પોતે ચોખ્ખો નહિ હોય તો સાધ્ય ગમે તેટલું સારું હોય તો પણ એ કામમાં ભલીવાર નહિ આવે. કામ કરનારને સંતોષ નહિ રહે. એટલે જોવાનું એ છે કે, કામ કરતાં આપણે ચોખ્ખા કેટલા રહીએ છીએ. સોનાની કસોટી અગ્નિથી થાય અને તેમાંથી પાર નીકળે તો કેટલા ટચનું છે તેની ત્યારે ખબર પડે આપણે પણ કસોટીમાંથી પાર નીકળીએ ત્યારે ખબર પડે કે નિષ્ઠાનું બળ કેટલું છે. માણસ અકળાઈને કામ છોડી દે છે અને બીજા સુખ માટે બીજે ફાંફાં મારવા દોડે છે ત્યાં પણ તેને આનંદ મળતો નથી. એટલે પોતે સાધક ચોખ્ખો છે કે નહિ તે પોતે જ વિચારવું જોઈએ. સવારના પહોરમાં ઈશ્વરનું ભજન કરીએ ત્યારે પાયાનો એ વિચાર કરીએ કે હું જે પ્રવૃત્તિ

કરીશ તેમાં મારી પવિત્રતા કેટલી સચવાય છે. હું કોણ છું ? શા માટે આ પ્રવૃત્તિ ? આનો વિચાર કરવો જોઈએ. જનક તો રાજા હતા જનક વિદેહી કહેવાય કારણ કે કાયા હોવા છતાં કાયાની મૂર્છા છોડી દીધી. રાજા હોવા છતાં રાજ્યનો અધિકાર છોડી દીધો. એવી સ્થિતિ થોડે અંશે પણ આપણે ઊભી કરવી જોઈએ. આપણાં રાગ, દ્વેષ ઓછાં થયાં છે, કે નહિ ? તેનો વારંવાર વિચાર કરીએ. અને ઈશ્વરની દયા મેળવીએ. પ્રેરકબળ તો અંદર પડ્યું છે. તે બુદ્ધિથી પર છે. તેનો આશ્રય લઈને આગળ વધી શકીએ. સાધન શુદ્ધિનો વિચાર કરીએ ત્યારે સત્યની લગની લાગે. પ્રેમની લગની લાગે કે એમાં ઈર્ષા ના આવી જાય, જૂઠ ના આવી જાય, નિંદા ના આવી જાય. તેની સતત કાળજી રાખવાની છે. લોકો મને સારો કેમ કહે તેની કાળજી રાખીએ છીએ. પણ હું સારો કેમ થાઉં ? તેની કાળજી રાખતા નથી. નિંદા બહુ આવી ગઈ છે. જરા બોલતાં આવડ્યું તો સીફતપૂર્વક ગાળો કેમ બોલવી તે વધારે કરીએ છીએ. પ્રેમ ખારો થઈ જાય. સત્ય એ સર્વ પ્રવૃત્તિનો પાયો છે. એની ચોક્કસ પ્રતીતિ થઈ જવી જોઈએ. મને રાજ્ય મળો કે ના મળો ખડકની ધારે વહો, કાળ આવીને લઈ જાય તો પણ એક ઈંચ પણ સત્યથી ખસું નહિ આ ભાવના આપણે કેળવવી જોઈએ.

**તા. ૧૮-૫-૧૯૫૩**

વજુભાઈ શાહે નઈતાલીમ ઉપર સુંદર પ્રવચન કર્યું હતું.

નઈતાલીમ એટલે નવી કેળવણી, એનું બીજું નામ બુનિયાદી તાલીમ. બુનિયાદ એટલે પાયો. પાયાની તાલીમ બંને એક છે.

અહીં ૬૫ાા વીઘા ભૂદાન મળ્યું. તેમજ ૫૨૫ રૂપિયા સંપત્તિ દાન મળ્યું.

**તા. ૧૯-૫-૧૯૫૩ : મોટી ઘંસારી**

કેવદ્રાથી નીકળી મોટી ઘંસારી આવ્યા. અંતર સાડા ત્રણ માઈલ. ઉતારો ચોરામાં રાખ્યો. ગામ બાબી ગિરાસદારનું છે. લોકો નિસ્તેજ લાગ્યાં. અહીં ૨૨ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૨૦-૫-૧૯૫૩ : સરોડ**

મોટી ઘંસારીથી નીકળી સરોડ આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો નારણભાઈના મકાનમાં રાખ્યો.

**તા. ૨૧,૨૨-૫-૧૯૫૩ : મટીયાણા**

સરોડથી નીકળી મટીયાણા આવ્યા. અંતર સાડા ત્રણ માઈલ હશે. ઉતારો મંદિરમાં રાખ્યો હતો. ગામે ખૂબ પ્રેમથી સ્વાગત કર્યું. સરસ મંડપ ઊભો કર્યો હતો. રસ્તામાં ૩,૪ મેર બહેનો મળ્યાં ચાર આના અને ફૂલ મહારાજશ્રીને પગે મૂકીને વંદન કર્યાં. મીરાંબહેન ગીતાને કેડે લઈને આવતાં હતાં. એક બાઈએ જોયું, દોડતાં પાછળ આવ્યાં અને ગીતાને ગામ સુધી તેડીને સાથે આવ્યાં. કેવી શબરીઓ ગામડાંમાં વસે છે ! તે જોયું. રાત્રે સભા સારી થઈ.

**તા. ૨૩, ૨૪-૫-૧૯૫૩ : બાંટવા**

## નિર્વાસિતોની મુલાકત

મટિયાણાંથી નીકળી બાંટવા આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો નિર્વાસિત મકાનમાં રાખ્યો. નિર્વાસિત ભાઈ બહેનોએ ખૂબ પ્રેમથી સ્વાગત કર્યું. તેમની સિંધી ભાષામાં કાલુંઘેલું બોલી પોતાની ખુશી બતાવતાં હતાં. મહારાજશ્રીએ હિંદી ભાષામાં કહ્યું. ભાગલા પડ્યાં પછીની મુશીબતો અને હવે એક બિરાદરીથી કેવી રીતે રહેવું તે સમજાવ્યું.

સાંજના હરિજનવાસ, ટી.બી.હોસ્પિટલ, નિર્વાસિત હોમ વગેરેની મુલાકાત લીધી. રાત્રે જાહેરસભા થઈ. તેમાં હિંદીમાં ભાષણ આપ્યું.

બીજે દિવસે નિર્વાસિત હોમમાં પ્રશ્નોત્તરી અને પ્રવચન થયું. મહારાજશ્રીએ જણાવ્યું કે, હું તમારા પ્રેમથી પ્રભાવિત થયો છું. ચીન અને પાકિસ્તાનના ભાગલા પડ્યા અને તમોને ઘણી મુશીબતો પડી. સરકારે અને પ્રજાએ એ મુશીબતો ઓછી કરવા પ્રયત્ન કર્યો છે. પરંતુ એથી તમોને પૂરતો સંતોષ ન પણ થયો હોય, પરંતુ છેવટે તો ઈશ્વર જ આપણું દુઃખ દૂર કરી શકશે.

રચનાત્મક સમિતિ તરફથી અહીં વ્યવસ્થા ચાલે છે તેનાં સાધનો ઓછાં હશે. પણ કાર્યકરો તમને સંતોષ આપવા પ્રયત્ન કરતા હશે. ભારતને આઝાદી મળી તેમાં તમોને વધારે મુશીબતો સહન કરવાની આવી છે જે સંપત્તિ છોડીને આવવું પડ્યું છે. જે મુશીબતોનો સામનો કરવો પડ્યો છે તેથી ઘણાંને એમ લાગતું હશે કે, મારે ભોગે સ્વરાજ્ય

મળ્યું છે. તો અમોને કંઈક મળવું જોઈએ ને ? પણ આપણી સંસ્કૃતિ છે કે, બીજાને માટે આપણે બલિદાન આપીએ છીએ. મકાનમાં પાયામાં જે ઈંટ બને છે એને મુસ્કેલીઓ પડે છે પણ ત્યારે જ સુંદર ઈમારત બને છે. જેની અંદર લોકો પશુઓ, પંખી, કિલકિલાટ કરે છે.

ગઈકાલે હું ટી.બી.ઈસ્પિતાલમાં ગયો હતો. ત્યાં દુઃખ પડવાનું બાકી હોય તેમ ત્યાં ઘણાં બહેનો ક્ષયથી પીડાતાં જોયાં. તેમને રેશન મળે છે. પણ ઓછું છે. પણ તમોને થોડી રોજી મળે, એવો પ્રયત્ન ચાલે છે. તેથી દુઃખી નહીં થતાં ઈશ્વરને યાદ કરજો. ખાદી ઉપર વધારે શ્રદ્ધા ઉત્પન્ન કરો. ગ્રામઉદ્યોગની યોજનાથી જ ભારત પોતાની ગરીબી દૂર કરી શકશે. હિંદુ મુસલમાનના કોમી ઝઘડાથી દૂર રહેજો. ઈશ્વર સૌને સદબુદ્ધિ આપે. એની ભૂલ એ આપણી ભૂલ છે. વેરથી વેર શમતું નતી. પણ પ્રેમથી વેર જીતાય છે. આમ થવાથી બધે શાંતિ ફેલાઈ જશે.

તમે ભૂદાનમાં ૪૦૦ આંટી (સૂત) આપી. તેથી મને આનંદ થાય છે. જેની પાસે ઘાસ નથી, ધન નથી, સરકારની ડોલથી જીવે છે તે લોકો પોતાની મહેનતથી તૈયાર કરેલી વસ્તુ આપે છે એ ધનની મારે મન ઘણી કિંમત છે. આ ધની બીજાને લૂંટીને દાન કરે, કમાઈને દાન કરે, તેના કરતાં ઓછું લે અને પોતાની મહેનતથી કંઈ ને કંઈ દે. આથી હું તમારા દાનથી સંતોષ વ્યક્ત કરું છું.

છોકરાઓને ભણાવો છો, તેવી રીતે છોકરીઓને પણ ભણાવજો. કારણ કે ભારતની ઉન્નતિમાં એને ઘણો ફાળો આપવો પડશે.

ઘણી બહેનો મહારાજશ્રીના પગનો સ્પર્શ કરવાની ભાવના કરતી હતી. પણ તેમને સમજાવ્યાં.

મહારાજશ્રી વિદાય થયા ત્યારે કેટલીક બહેનો એની ચરણરજ લેવા નીચી નમીને કંઈક વીણતી હોય તેમ લાગ્યું આવી તેમની ભક્તિ હતી.

રચનાત્મક સમિતિ તરફથી નિર્વાસિત હોમ ચાલે છે. દરેકને કેશ ડોલ કુલ ૯૫૭ને અપાય છે. જણ દીઠ ક્રમ હોય છે. માસિક, ૧૪,૦૦૦ ખર્ચાય છે. સંચાલક જયંતિલાલ ટોલિયા અને ત્રીસ કાર્યકર છે.

બાંટવામાં પહેલાં મેમણોની ખૂબ વસ્તી હતી. આજે મોટી આલિશાન બિલ્ડીંગો મૂકીને તે લોકો પાકિસ્તાન ભાગી ગયા છે. મોટાં મહેલ જેવી

બિલ્ડીંગો છે તેમાં નિરાશ્રિતો રહે છે. કેટલાંય ખાલી પડ્યાં છે. કેટલાં મકાનોનો કાટમાલ ચોરાઈ ગયો છે. અહીં ૩૦ વીઘા ભૂદાન મળ્યું હતું. તથા ૪૧૬ આંટી મળી હતી.

**તા. ૨૫-૫-૧૯૫૩ : લિંબુડા**

બાંટવાથી નીકળી લિંબુડા આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો હતો. બપોરના વિકાસ અધિકારી અને કેન્દ્ર સરકારના તપાસ માટે આવેલા અધિકારી સાથે સુંદર ચર્ચા થઈ.

અહીં ભૂદાન લગભગ ૨૭ વીઘા થયું હતું. પરંતુ ગામની ૧૦ હજાર વીઘા જમીન ને ગામ સુખી હતું. એટલે એ ઓછું હતું. આપવા ખાતર આપ્યું. એમ લાગવાથી મહારાજશ્રીએ તેનો અસ્વીકાર કર્યો. અને ફરી વિચાર કરવા જણાવ્યું.

**તા. ૨૬-૫-૧૯૫૩ : વેલવા**

લિંબુડાથી વેલવા આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો પંચાયત ઓફિસમાં રાખ્યો. ગામે સ્વાગત કર્યું. સુંદર મંડપ બાંધ્યો હતો. પ્રોજેક્ટ અધિકારી અને મામલતદાર પણ આવ્યા હતા. સભામાં મહારાજશ્રીએ જણાવ્યું કે જીવનની સાધના માટે ચાર વિભાગ પાડ્યા છે. તેનું નામ આશ્રમ પાડ્યું. અને ધંધો કરવા માટે ચાર વર્ગ પાડ્યા. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર. માથું શરીરની ઈંદ્રિઓ એ મનને સંયમમાં રાખે, દોરવણી આપ્યાં કરે, એટલે બ્રાહ્મણ ઊંચું અંગ કહેવાય. હાથ રક્ષણ કરે તે ક્ષત્રિય કહેવાય, પગ ચાલે, પ્રગતિ કરે તે શૂદ્ર કહેવાય, પેટ બધાને ખોરાક ઓરવાનું કામ કરે તે વૈશ્ય. આમ ચારમાંથી જુદાં જુદાં ઉપાંગ કે બધાં એક છે, પણ આપણે તો તેના અલગ ભાગ પાડી નાખ્યા. જો પગ કહે મારે ચાલવાની જરૂર નથી, માથું કહે મારે હાથ પગની જરૂર નથી, તો બધાં નકામાં થઈ જશે. એટલે શરીરના દરેક અંગની એકબીજાને જરૂર પડે છે. તેમ વહેવારમાં પણ દરેક અંગની જરૂર પડે છે. આપણે વર્ણાશ્રમનું નામ તો લઈએ છીએ, પણ વર્ણાશ્રમની પ્રથા તોડી છે. શૂદ્ર જુદા પાડ્યા. કોઈપણ માણસ શૂદ્ર થયા વગર જીવી શકતો જ નથી. કોઈને કહીએ વાનપ્રસ્થી થશો ? તો કહેશે, હજુ છોકરાં પરણાવાનાં છે.

પૈસા કમાવવાના છે. સેવકો મળતા નથી. પંચાયતના સભ્યો પણ મળતા નથી, મળે છે, તે જુદા ભેજાના ખરી રીતે જવાબદારી ઊઠાવે ભોગ આપે, એ જ સભ્ય બની શકે. આપણે જુદી જુદી રીતો અપનાવી છે.

**તા. ૨૭-૫-૧૯૫૩ : ઝાપોદર**

વેલવાથી ઝાપોદર આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો. ગામે સુંદર સ્વાગત કર્યું. પ્રોજેક્ટવાળા ભાઈઓ સાથે હતા. બપોરના નાથાભાઈ ફુલછાબવાળા અને અમૃતલાલ શેઠ જન્મભૂમિવાળા મળવા આવ્યા. તેમને ભાવનગર, તારાપુર નવી રેલ્વે થાય છે ત્યાં ભાવનગર આગળ દોઢ કરોડનો પુલ બંધાવાનો છે, ત્યાં આગળ એક પાળો નંખાય અને સાબરમતી અને ભોગાવાનું પાણી જે દરિયામાં ફેંકાય છે તે રોકાઈને નહેર વાટે ભાલમાં ફેંકાય તો હજારો વીઘા જમીન રેલાય, દસેક લાખનો ખર્ચ થાય, વગેરે વાતોની ચર્ચા કરી. અહીં ૩૧ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૨૮-૫૧૯૫૩ : વંથલી**

ઝાપોદરથી નીકળી વંથલી આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો. સરઘસ આકારે સૌ નિવાસે આવ્યા. સભામાં ૧૦૦ વીઘા ભૂદાન મળ્યુ. કેટલુંક સંપત્તિદાન મળ્યું.

**તા. ૨૯,૩૦-૫-૧૯૫૩**

વંથલીથી નીકળી શાહપુર આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. નિવાસ સર્વોદય આશ્રમમાં રાખ્યો. આ આશ્રમ પહેલાં જે સરદારબાગ નામે નવાબની માલિકીનો બાગ હતો ત્યાં ચાલે છે. અહીં લોકશાળા અને બુનિયાદીશાળા ચાલે છે. અહીં ભાલમાંથી દેવીબહેન, સુરાભાઈ, જયંતીભાઈ, નવલભાઈ વગેરે મળવા આવ્યા હતા.

અહીં પંચાયત તાલીમ વર્ગના તાલીમાર્થીઓ સમક્ષ પ્રવચન કરતાં મહારાજશ્રીએ જણાવ્યું કે તમો બધાં ગામડાંઓમાંથી આવો છો, સામાન્ય રીતે આપણે ત્યાં બધાંનો ખ્યાલ નોકરી ઉપર છે, વેતન ઉપર છે. પણ તમારું કામ જો ખરેખર પાયાથી લેવા ઇચ્છો તો તે કપરું છે. કપરું એટલા માટે કે આપણું ધ્યાન શહેરો તરફ હતું અને પૈસા મેળવવા એ રહ્યું છે.

હવે સ્વરાજ્ય આવ્યા પછી સત્તાનું અને પૈસાનું વિકેન્દ્રીકરણ કેમ થાય એ લક્ષ હોવું જોઈએ. જનશક્તિ અને ગામડાંમાંથી આપણે કામ ઉપાડ્યું છે. ત્યારે બે પ્રશ્નો આપણને નડવાના છે. એક તો ન્યાયનું કામ, આજે દરેક રાષ્ટ્ર દંડશક્તિ ઉપર મદાર રાખે છે. બીજી બાજુ આર્થિક સદ્ધરતા બજાર હાથમાં આવી જાય તેની ચિંતા કરે છે. આપણે જુદી રીતે વિચારીએ છીએ. ભાષાવાર પ્રાંત એ પણ કોમવાદનું જ એક પ્રતીક છે. તમે આ બધું શીખીને ગામડાંમાં જશો ત્યારે ત્યાં જે ભયસ્થાનો છે તેનો હું નિર્દેશ કરીશ. એક બાજુ યંત્રોનું આકર્ષણ મજૂરોને ખેંચી રહ્યું છે. બીજી બાજુ ગૃહઉદ્યોગ ભાંગી પડ્યા છે. ગયા વખતના રાજાશાહીના ટેકેદારો આજે પંચાયતમાં આવે છે અને વિકેન્દ્રિત સત્તા અને વિકેન્દ્રિત અર્થરચનામાં અવરોધ કરે છે. તેઓ નીચલા વર્ગોનું શોષણ કર્યા જ કરે છે. ઘણી વખત સાંભળવા મળે છે કે ભલા માણસ પંચાયત લઈ લોને. વિઘોટીના આટલા ટકા મળશે. અંદરથી થોડાક ખવાઈ જશે તો છેવટે થોડા તો કામ આવશે. આમ ઉપરથી આવેલી પંચાયત કયું કામ કરી શકશે ? જો તમે ચા, બીડીના ગુલામ હશો. જરૂરિયાતો વધારે હશે, સંયમ નહિ જાળવી શકો તો આ કામ નહીં કરી શકો. એટલે તમે આ બધી વસ્તુઓને જુઓ, વિચારો ગામડામાં છે એટલું જ નહિ. શહેરોમાં પણ છે. એ લોકો ખળભળી ઊઠશે. જેને ખુરશીનો મોહ છે, એ વિરોધ કરવાના, પણ તમારામાં પ્રાણ હશે, તો પછાત વર્ગો અને બીજામાંથી તમે સારા માણસો જરૂર મેળવી શકશો. તમો બધા પંચવર્ષીય યોજનાના નિયોજનક બનો એમ ઇચ્છું છું. થીયરી બહુ નહિ આવડે તો વાંધો નથી, પણ પાયાની વાત નહિ સમજીએ તો કદાચ પંચાયતો થશે, સહકારી મંડળીઓ થશે, પણ શોષણ અટકશે નહિ. આજે આપણે એકબાજુ જીવન ક્લિન છે બીજીબાજુ દરિયો છે. ગ્રામપંચાયત કેડી ઉપર થઈને આપણે પસાર કરવાનું છે. તમારી પાસે ચોક્કસ ધ્યેય, અને આદર્શ હશે તો વિઘ્નો હટાવીને તમે આગળ વધી શકશો. વેતનની વાત તમે પછી વિચારજો ગામડાંની બે મુખ્ય પાયાની સંસ્થા ગ્રામપંચાયત અને સહકારી મંડળી છે.

અહીં ભૂદાન ૩૩ વીઘા થયું. કેટલાંક સંપત્તિદાન અને શ્રમદાન થયાં. અહીં મુખ્ય કાર્યકર અકબરભાઈ નાગોરી છે.

**તા. ૩૧-૫-૧૯૫૩ : ખીમપાદર**

શાહપુરથી નીકળી ખીમપાદર આવ્યા. અંતર બહુ થોડું હશે. ઉતારો નિશાળમાં રાખ્યો. આ વિભાગના ધારાસભ્યો હાજર થયા હતા. સભામાં ૧૬ વીઘા ભૂદાન મળ્યું હતું.

**તા. ૧-૬-૧૯૫૩ : બગડું**

ખીમપાદરથી નીકળી બગડું આવ્યા. અંતર સાડાચાર માઈલ હશે ઉતારો સરકારી ઉતારામાં રાખ્યો હતો.

મુંબઈવાળા બચુભાઈ ગોસલિયા, તારાબહેન વગેરે કુળદેવીના દર્શને આવેલાં. એટલે સહેજે મળી ગયાં.

સભામાં ૨૦ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૨,૩-૬-૧૯૫૩ : બરડિયા**

બગડુથી નીકળી બરડિયા આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો. ગામે સ્વાગત કર્યું. આ ગામ ખેડૂત સંઘની અસરવાળું હતું. એટલે એમણે બહુ રસ ન દર્શાવ્યો.

**તા. ૪,૫-૬-૧૯૫૩ : મોણપરી**

બરડિયાથી નીકળી મોણપરી આવ્યા. અંતર છ માઈલ હશે. વચ્ચે ઈશ્વરીયા ગામ આવ્યું. આ ગામમાં ભૂપતે ધાડ પાડેલી. ખૂન કરેલું. બાજુમાં ગીરપ્રદેશ છે. સભામાં પાંચ વીઘા ભૂદાન મળ્યું.

આ ગામમાં વીસામાંજરિયાએ આઠ કણબીઓનાં નાક કાપેલાં.

**તા. ૬-૬-૧૯૫૩ : સરશાહીન**

મોણપરીથી નીકળી સરશાહીન આવ્યા. અંતર ચાર માઈલ ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો જૈનોએ સ્વાગત કર્યું.

અહીં રોહિદાસ ચમારના ત્રણ કુંડ છે. તેની ઝરણી ચાલ્યાં જ કરે છે. તેમાંથી હવાડો ભરાય છે.

**તા. ૭-૬-૧૯૫૩ : વેરીયા**

સરસાહીનથી નીકળી વેરિયા આવ્યા. અંતર ચાર માઈલ હશે. વચ્ચે નાગબાઈનું ગુણિયાં ગામ આવ્યું. અહીં નાગબાઈનું મંદિર જોયું.

રાગંગાજળીયાની કુદૃષ્ટિ મોણબાઈ ઉપર થઈ અને એમણે ઉચ્ચાર્યું કે, આ રા નથી ફરતો પણ રાનો દિ ફરે છે.

અહીંથી વેરિયા આવ્યા. ગામે સ્વાગત કર્યું. આ ગામમાં ગુણવંતભાઈ ગોસલિયા ખાદી ગ્રામઉદ્યોગનું કામ ચલાવે છે. સભામાં ૩૧ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૮,૯-૬-૧૯૫૩ : વીસાવદર**

વેરીયાથી નીકળી વીસાવદર આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો ટાઉનહોલમાં રાખ્યો. જનતાએ સ્વાગત કર્યું. ટાઉનહોલ નવો જ બંધાયેલો હતો. તેમાં મહારાજશ્રીનાં પ્રથમ પગલાં થયાં. એટલે લોકો રાજી થયા.

સભામાં ૭૩ાા વીઘા ભૂદાન થયું. તેમજ કેટલુંક સંપત્તિ દાન મળ્યું.

**તા. ૧૦-૬-૧૯૫૩ : જેતલવડ**

વિસાવદરથી નીકળી જેતલવડ આવ્યા. અંતર સાડાપાંચ માઈલ હશે. ઉતારો ઉતારામાં રાખ્યો. અહીં લોકોનો બહુ ઉત્સાહ ન જણાયો. અહીં ૧૫ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૧૧-૬-૧૯૫૩ : ભોડાસર**

જેતલવડથી નીકળી ભોડાસર આવ્યા. અંતર બે માઈલ ૯૪ ખેડૂતો એકત્રિત થયા. ભૂદાન વિષે સમજ આપી ૩૨ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૧૧-૬-૧૯૫૩ : સુધાવડ**

ભોડાસરથી નીકળી થોડો વખત વાવડી રોકાયા. અંતર ત્રણ માઈલ હશે. ગામને પાદરે સૌ એકઠાં થયાં. લોકોએ ફુલહાર વગેરે તૈયાર રાખેલું. એક બ્રાહ્મણે વેદ મંત્રો ભણ્યા. સભામાં ૬૦ વીઘા ભૂદાન થયું. ત્યાંથી નીકળી સુધાવડ આવ્યા. અંતર બે માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો. અહીં ખેડૂતોનું એક સંમેલન રાખ્યું હતું. અને નવી નિશાળનું ઉદ્‌ઘાટન રાખ્યું હતું. વિદ્યા-અધિકારી તેમજ બગસરાથી લાલચંદભાઈ વોરા અને તેમની સાથે બીજાં બહેનો આવેલાં. મીરાંબહેનના હાથે નિશાળનું ઉદ્‌ઘાટન કર્યું. મહારાજશ્રીએ નઈતાલીમ, ભૂદાન અને નિશાળમાં દાન આપનાર દાતા વગેરે વિષે પ્રવચન કર્યું હતું.

અહીં નીચે મુજબ ભૂદાન થયું.

૬૨ાા વીઘા કાથરોટા, ૨૦ કાગદરી, ૨૦ સાપર, ૪૫ વેખરિયા, ૭૫ મોણવેલી, ૭૪ લુંધિયા, ૯૪ સુડાવળ,

સોરઠનું કુલ ભૂદાન ૨૨૭૬૦ વીઘા થયું.

**તા. ૧૨,૧૩-૬-૧૯૫૩ : બગસરા**

સુધાવડથી શાહપુર થોડો વખત રોકાયા. ભૂદાન સંદેશ આપ્યો. ત્યાંથી બગસરા આવ્યા. અંતર સાત માઈલ વિદ્યાર્થીઓએ અને ગામે સ્વાગત કર્યું. લાલચંદભાઈ અમારી સાથે હતા. વેચાણવેરા આંદોલનમાં મહારાજશ્રીએ ભાગ લીધેલો એટલે વેપારીઓએ બહુ રસ ના લીધો. ભૂદાન અંગે સભા થઈ. તેમાં હામાંપરના ખેડૂતોએ ૧૪૬ વીઘા ભૂદાનની જાહેરાત કરી અહીં ૨૯૯ વીઘા ભૂદાન થયું.

**તા. ૧૪-૬-૧૯૫૩ : જાળિયા**

બગસરાથી નીકળી જાળિયા આવ્યા. અંતર નવ માઈલ હશે. ઉતારો બાલમંદિરમાં રાખ્યો.

**તા. ૧૫-૬-૧૯૫૩ : તરવડા**

જાળિયાથી નીકળી તરવડા આવ્યા. અંતર સાડાચાર માઈલ હશે. ઉતારો રતુભાઈના આશ્રમમાં રાખ્યો હતો.

અહીં ગામમાં રામનારાયણ પાઠક, ૧૪ વીઘા પોતાની રામવાડીમાં ખેતી કરે છે. પોતે તો પોરબંદર છાયા આશ્રમમાં રહે છે, પણ તેમનાં પત્ની નર્મદાબહેન ખેતી કરાવે છે. બીજા જીવરાજ મહેતાના ભત્રીજા વલ્લભભાઈ પણ ખેતી કરે છે. ઈસ્માઈલભાઈ નાગોરી પણ ખેતી કરે છે. અહીંનું ચર્માલય હાલ બંધ છે. સભામાં ૧૪ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૧૬ થી ૧૮-૬-૧૯૫૩ : બાબાપુર**

જાળિયાથી નીકળી બાબાપુર આવ્યા. અંતર ચાર માઈલ ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. ગામના રામનારાયણભાઈ, ઈસ્માઈલભાઈ, મોહનભાઈ વગેરે સાથે આવ્યા હતા.

ચાર વાગે ભૂદાન અંગેની મિટિંગ રાખી હતી. માટલિયાભાઈ આવ્યા

હતા. અહીં સર્વોદય યોજના ચાલે છે. બાબુભાઈ ભટ્ટ મુખ્ય સંચાલક છે.અહીંના કાર્યકર અરવિંદભાઈ મહેતાએ ભંગીવાસમાં પોતાનું મકાન બંધાવેલ છે. બાજુમાં હરિજનવાસ છે.

ગામમાં રચનાત્મક પ્રવૃત્તિઓ સારી ચાલે છે. બે નદી વચ્ચે એ ગામ આવેલું છે.

અહીં ૧૨ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૧૭-૬-૧૯૫૩ : વાંકિયા**

બાબાપુરથી નીકળી વાંકિયા આવ્યા. માટલિયા તથા બાલુભાઈ વગેરે સાથે હતા.

સભામાં માટલિયાએ ભા. ન. કાંઠાનો અને મહારાજશ્રીનો પરિચય કરાવ્યો. નરભેશંકર પાનેરી આ જ ગામના છે. અહીં ૪૬ વીઘા ૧૯ ગુંઠા ભૂદાન થયું.

**તા. ૧૯,૨૦-૬-૧૯૫૩ : ઢસા**

વાંકિયાથી નીકળી ઢસા આવ્યા. અંતર આઠ માઈલ વરસાદ આવેલો એટલે રસ્તો ખૂબ કાદવ કીચડ વાળો થઈ ગયેલો. કાંટા પણ ઘણા હતા. અમે અજાણ્યા એટલે મોડવળાનો રસ્તો હજુ સારો નહોતો તે લઈ લેતાં સીધો લીધો. લોકો સ્વાગત માટે આવેલા તે મૂઢવડા વાળે રસ્તે ગયાં. ભાગોળે આવ્યા ત્યારે ખબર પડી. આ ગામ દરબાર સાહેબ ગોપાલદાસનું છે. તેમનો દરબારગઢ સાદો છે. ખેડૂતોને અને દરબાર સાહેબને જોઈએ તેવો મેળ ન લાગ્યો. ૯૦ થી ૯૫ ખેડૂતો કહે છે કે અમોને ચૌહંત મળેલા છે. એટલે પટ ભરવાના રહેતા નથી અને ત્રીસેક ખેડૂતો છે જે દરબાર તરફી છે. તેઓ પટ ભરવા તૈયાર થયા. કોર્ટમાં કેસ ચાલે છે. નરસિંહભાઈ ગોંધિયા અને ભાનુભાઈ ત્રિવેદી બે કાર્યકરો અહીનીં પ્રવૃત્તિઓ ચલાવે છે.

રાત્રે પ્રાર્થના બાદ સભામાં ભૂદાન અંગે કહેવાયું. આ વિભાગમાં ભૂદાન કુલ ૧૨૪૫ વીઘા થયું.

**તા. ૨૧-૬-૧૯૫૩ : ચલાળા**

ઢસાથી નીકળી ચલાળા આવ્યા. અંતર સાડાપાંચ માઈલ હશે.

આગલી રાત્રે વરસાદ આવ્યો હતો. એટલે કાદવ કીચડ ખૂબ હતું. કાર્યકરો સાથે હતા. નાગરદાસભાઈ દોશી અને બીજા લોકો દૂર સુધી સામે આવ્યા હતા. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. જૈનો લગભગ તટસ્થ જેવા જણાયા આવીને મહારાજશ્રીએ ભૂદાન અંગે કહ્યું ચાર વાગે વાર્તાલાપ અને રાત્રે ચોરે જાહેરસભા રાખી હતી.

સાંજના ખાદીકાર્યાલયની મુલાકાત લીધી. નાગરદાસભાઈ સાથે હતા. અહીં રેંટિયા બને છે. ખાદીકામ સારું ચાલે છે. અહીં ભૂદાન ૫ વીઘા મળ્યું.

**તા. ૨૨-૬-૧૯૫૩ : નેસડી**

ચલાળાથી નીકળી નેસડી આવ્યા. અંતર પાંચ માઈલ હશે. કાર્યકરો સાથે જ હતા. કાદવ ખૂબ હતો. ગામે અને વિદ્યાર્થીઓએ સ્વાગત કર્યું.

બપોરે ૩ થી ૪ બહેનોની સભા રાખી હતી. સંખ્યા ઘણી મોટી હતી.

ચારવાગે વાર્તાલાપ રાખ્યો હતો. તેમાં એક વાળંદે કહ્યું કે, જો ગામ અને સરકાર વાંધો ન લે તો હું હરિજનોની હજામત કરું. મહારાજશ્રીએ કહ્યું, સુંદર વાત છે. તમારો અંતરાત્મા કહેતો હોય તો ગામનો વિરોધ થતાં પણ તમે કરો. અહીં ૬૭ વીઘા ભૂદાન મળ્યું અમૂલખભઆઈ ખીમાણી અહીં બેઠા છે. એજ સહકારી મૈત્રી, ખૂબ જ પ્રશંસનીય કામ કરે છે.

કૂવે કૂવે મોટર મૂકવામાં આવી છે. સૌરાષ્ટ્રમાં આ પહેલો જ પ્રયોગ છે. જમીન ફળદ્રુપ છે. અને ટૂંકી છે.

**તા. ૨૩, ૨૪-૬-૧૯૫૩ : નાના ભામોદરા**

નેસડીથી નીકળી નાના ભામોદરા આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો આશ્રમમાં રાખ્યો હતો. લોકો સ્વાગત માટે દૂર સુધી ગયેલા. પણ અમે બીજે રસ્તે આવ્યા. એટલે ભેટો ન થઈ શક્યો. ગામે ખૂબ પ્રેમ બતાવ્યો સાંજના બહેનોની સભા રાખી હતી. બહેનો ખૂબ ભાવુક લાગ્યાં. બીજે દિવસે રાત્રે બહેનોએ સમૂહ ગીત ગાયાં, બાળકોએ ગીત ગાયાં અને ખેડૂતોએ રાસ લીધો.

અહીં પુરુષો પોતાનાં કપડાં જાતે જ ધુએ છે. એક સ્વામીજીએ આ સંસ્કાર આપ્યા છે. આશ્રમને કૂવે ભાઈઓ નહાય-ધુએ છે. બહેનો ગામના કૂવે નહાતાં ધોતા હોય છે. શાળા બુનિયાદી છે. અહીં ઘણા સ્વાવલંબી રેંટિયા છે. અહીં ૯૦ વીઘા ભૂદાન થયું.

**તા. ૨૫-૬-૧૯૫૩ : અમ્રતવેલ**

નાનાભામોદરાથી નીકળી અમ્રતવેલ આવ્યા. અંતર ત્રણ માઈલ હશે. ઉતારો મંદિરમાં રાખ્યો. લોકોએ સ્વાગત કર્યું. સભામાં ૬૧વીઘા ભૂદાન થયું.

**તા. ૨૬,૨૭-૬-૧૯૫૩ : ગીઝુડી**

અમ્રતવેલથી ગીઝુડી આવ્યા. અંતર સાડાપાંચ ઉતારો કલકત્તા રહેતા એક વેપારીને મેડે રાખ્યો હતો. રસ્તે આવતાં વરસાદ શરૂ થયો. કપડાં પલળી ગયાં. છત્રી હોવાથી ચોપડીઓ ઓછી પલળેલી.

રાત્રે જાહેરસભા થઈ. લલ્લુભાઈ શેઠ સાથે આવેલા તે બપોરના ગયા. અને બીજે દિવસે અમૂલખભાઈ અને માટલિયા આવ્યા. બીજે દિવસે કોળીવાસમાં સભા રાખી. અહીં ચુંવાળિયા કોળીનાં સો ઘર છે.

અહીં ૧૨૭ વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૨૮-૬-૧૯૫૩ : પીઠવડી**

ગીઝુડીથી પીઠવડી આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો ઉતારામાં રાખ્યો. સાથે અમૂલખભાઈ હતા. અહીં ૧૧૪ાા વીઘા ભૂદાન થયું.

**તા. ૨૯-૬-૧૯૫૩ : વંડા**

પીઠવડીથી નીકળી વંડા આવ્યા. અંતર છ માઈલ હશે. વચ્ચે પીયાવા ગામે થોડું રોકાયા. આ બાજુના ગામોમાં ખેડૂત સંઘની અસર હોય છે. એ લોકો કોંગ્રેસના વિરોધી હોય એમ લાગ્યું છે. મહારાજશ્રીની સાથે સારી ચર્ચાઓ થઈ હતી. લોકો આડાઅવળા પ્રશ્નો પૂછતા હતા. ગામમાં તોલવાના નાના કાંટાનો ઉદ્યોગ ઘણો છે. ભૂદાનમાં ૧ વીઘો જમીન મળી.

**તા. ૩૦-૬-૧૯૫૩ : મેકડા**

વંડાથી નીકળી મેકડા આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો મંદિરમાં રાખ્યો હતો. ગામે સ્વાગત કર્યું. અહીં એક ચારણ બાઈએ

પોતાના પતિ પછવાડે એક સુંદર મંદિર બાંધી આપ્યું છે તેની ત્રણ સાંતી જમીન છે. અહીં ૭૨ વીઘા ભૂદાન થયું.

**તા. ૧-૭-૧૯૫૩ : હીપાવડલી**

મેકડાથી નીકળી હીપાવડલી આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો. બાળકોએ સ્વાગત કર્યું.

**તા. ૨,૩-૭-૧૯૫૩ : જેસર**

હીપાવડલીથી નીકળી જેસર આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો. આ ગામડાં ડુંગરાની તળેટીમાં આવેલાં છે. ચારેબાજુ ડુંગરાની હાર દેખાય છે. અહીં ૧૦૮ાા વીઘા ભૂદાન મળ્યું.

**તા. ૪,૫-૭-૧૯૫૩ : મોટાવામોદરા**

જેસરથી નીકળી મોટાવામોદરા આવ્યા. અંતર આઠ માઈલ હશે. ઉતારો ગાંધી સેવાલયમાં રાખ્યો. ગામે સુંદર સ્વાગત કર્યું. આ ગામ ડુંગરી ગામ છે. ડુંગરી એટલે તાલુકદારી અહીં તાલુકદારોનો પહેલાં બહુ ત્રાસ હતો. વેઠ ઘણી હતી. મકાન પણ ખેડૂતનાં નહીં. હવે નિકાલ આવી ગયો છે. આ ગામમાં દાણીભાઈ કરીને એક કાર્યકર્તા પાંચેક વરસ થાણું લગાવીને બેઠા છે. તેમનો લોકો સાથે ખૂબ સારો સંબંધ છે. કારણ કે કપરાં કાળમાં તેમણે લોકોને ખૂબ મદદ કરી હતી. કેટલીકવાર એક, બે વાર ગરાસદારોનો માર પણ ખાધો છે.

આ ગામમાં ૨૪૪ વીઘા ભૂદાન થયું. સંખ્યામાં ૫૯ જણે આપ્યું.

**તા. ૬-૭-૧૯૫૩ : રબારિકા**

મોટાવામોદરાથી નીકળી નાળ આવ્યા. અહીં થોડું રોકાયા ભૂદાન વિષે સંદેશો આપ્યો. ગામે ૭૧ વીઘા ભૂદાન આપ્યું. ગામની ચારેબાજુ ડુંગરા છે. સાંભળવા પ્રમાણે અહીં બહારવટિયા લોકો રહેતા હોય છે.

નાળથી નીકળી રબારિકા આવ્યા. ગામલોકોએ ભજન મંડળી સાથે સ્વાગત કર્યું. વિશેષતા એ હતી કે લોકો પાસે ઢોલ નહી હોવાથી નગારું ઉપાડી લાવ્યા હતા. બહેનો રામાયણનું સુંદર ગીત ગાતી હતી. મહારાજશ્રીએ ભૂદાનનું મહત્ત્વ સમજાવ્યું. ગામે ૧૨૫ વીઘા ભૂદાન આપ્યું.

### તા. ૬-૭-૧૯૫૩ : કરલા

મોટાપમોદરાથી નાળ અને રબારિકા ગામે થઈ કરલા આવ્યા. અંતર આઠ માઈલ હશે. આખો રસ્તો ડુંગરાળ હતો. વાદળાં પણ હતા એટલે ખુશનુમા અને પ્રફુલ્લિત વાતાવરણ હતું. નદીનાળાં, ઝાડી, સુંદર લાગતી હતી. ગામે સ્વાગત કર્યું. બપોરના ત્રણ વાગ્યા પછી ભૂદાન અંગે એક સભા રાખી હતી. બહારગામના ખેડૂતો પણ આવ્યા હતા. ગામમાં બાઈએ એક મંડળ ઊભું કર્યું છે. ઔલાદ સુધારવાનું કામ કરે છે. ૬૦ ગાયો છે.

### તા. ૭-૭-૧૯૫૩ : મઢડા

કરલાથી નીકળી મઢડા આવ્યા. અહીં ૧૦૮ વીઘા ભૂદાન થયું.

### તા. ૮-૭-૧૯૫૩ : ખડસલી

કરલાથી મઢડા થઈ થોડો સમય છાપરી ગામે રોકાયા અને ખડસલી આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો ગ્રામ સેવા મંડળ કેન્દ્રમાં રાખ્યો. સંસ્થાના બધા કાર્યકરો આવ્યા હતા. તેમજ માટલિયા, અરવિંદભાઈ અને બાબુભાઈ રાવળ વગેરે આવ્યા હતા.

આશ્રમ ગામથી દૂર પાદરે છે. વચ્ચે નદીના બે ફાંટા ઓળંગવા પડે છે. નદી નાની છે. પણ કાયમ પાણી રહે છે. આશ્રમના મુખ્ય સંચાલક કેશુભાઈ ભાવસાર છે. રાત્રે કાર્યકરોની સભા રાખી હતી.

બીજે દિવસે ગામમાં બહેનોની સભા રાખી હતી. ત્યારપછી જાહેરસભા થઈ. રાત્રે કાર્યકર ભાઈ બહેનો સાથે પ્રશ્નોત્તરી થઈ હતી. અહીં ખેતી ગોપાલન અને વસ્ત્રસ્વાવલંબનનું કામ ચાલે છે. કામ કરનારને કોઈ એક કામ કરવાનું નથી હોતું. દરેક કામ કરવાનું હોય છે.

અહીં કુલ ૧૪૫ વીઘા ભૂદાન થયું. મેરીયાણા ગામનું ૫૩ વીઘા ભૂદાન થયું.

### તા. ૯-૭-૧૯૫૩ : દોલતી

ખડસલીથી નીકળી દોલતી આવ્યા. અંતર છ માઈલ હશે. ઉતારો એક ખાલી મકાનમાં રાખ્યો. ગામે સ્વાગત કર્યું. ભૂદાન વિશે વાત કરતાં ૪૬ વીઘા ભૂદાન મળ્યું.

અહીં આવતાં વચ્ચે સૂરજવડી નદીમાં નહેર કાઢીને આજુબાજુના ગામમાં પાણી આપે છે.

જાંબુડા ગામની ૫૯ વીઘા ભૂદાન ગાધકડા ગામનું ભૂદાન ૨૮૦ વીઘાં થયું.

**તા. ૧૦-૭-૧૯૫૩ : થોરડી**

દોલતીથી નીકળી થોરડી આવ્યા. અંતર પાંચ માઈલ હશે. ઉતારો નિશાળમાં રાખ્યો. ગામે ને વિદ્યાર્થીઓએ સ્વાગત કર્યું. આ ગામ ખેડૂતસંઘના આગેવાનનું હતું. અહીના ભગવાનભાઈ કાનજી ખેડૂતસંઘના આગેવાન વ્યક્તિ છે. અહીં ખાદીકાર્યાલય ચાલે છે. અહીં ૧૭૦ વીઘા ભૂદાન થયું. ખોવીયાણાં ગામમાં ભૂદાન ૮૫ાા વીઘા થયું. ગીણીયાનું ભૂદાન ૩૫ વીઘા થયું. બગોઈયા ગામનું ભૂદાન ૯૫ાા વીઘા થયું.

**તા. ૧૧-૭-૧૯૫૩ : આંબરડી**

થોરડીથી નીકળી આંબરડી આવ્યા. અંતર ચાર માઈલ હશે. ઉતારો એક ભાઈના મકાનમાં રાખ્યો હતો. ગામે સ્વાગત કર્યું. રાત્રે સભા થઈ.

**તા. ૧૨-૭-૧૯૫૩ : બાધડા**

આંબરડીથી નીકળી બાધડા આવ્યા. અંતર સાત માઈલ હશે. ઉતારો ઉપાશ્રયમાં રાખ્યો હતો. આગેવાનોએ સ્વાગત કર્યું. અમૂલખભાઈ બપોર પછી બાજુના એક ગામે ભૂદાન માટે ગયા. અને લલ્લુભાઈ શેઠ આવ્યા. અહીં ૧૫૦ વીઘા ભૂદાન થયું.

**તા. ૧૩-૭-૧૯૫૩ : સાવરકુંડલા**

બાધડાથી નીકળી સાવરકુંડલા આવ્યા. અંતર છ માઈલ હશે. વચ્ચે એક ધર્મશાળા અને ગીરધરવાવ આવ્યાં. ત્યાં થોડો વખત રોકાયા. વાવ સુંદર છે. મહારાજશ્રી ચાતુર્માસ સાવરકુંડલા કરવાના હોવાથી લોકોનાં ટોળેટોળાં સ્વાગત માટે આવતાં હતાં. પ્રેસ આગળ હવાલદારો, શહેરીઓ વગેરેએ સૂતરહારથી સ્વાગત કર્યું. બેન્ડોએ સલામી આપી પછી વાજતે ગાજતે સરઘસ આકારે સૌ નિવાસે આવ્યા. બહુ મોટી સંખ્યામાં સ્ત્રી પુરુષો આવ્યાં હતાં. સભામાં મંગલ પ્રવચન કરતાં મહારાજશ્રીએ જણાવ્યું કે,

લગભગ ૯, ૧૦ વરસના ગાળે કુંડલામાં આવવાનું થાય છે. એ ગાળો એટલે આજની ઝડપભેર ચાલતી દુનિયાની દૃષ્ટિએ બહુ મોટો ગાળો કહેવાય. ઘણા ફેરફાર થઈ ગયા છે. તમને જોઈને હું મારા અંતરનો સંતોષ વ્યક્ત કરું છું. તમારો દસ વરસ પહેલાનો ભાવ અને એવો જ આજનો ભાવ જોઈને આનંદ થાય છે.

ધર્મ ને વિજ્ઞાન વચ્ચે જો અંતર પડી ગયું તો દુનિયામાં મોટી આફત ઊતરી આવે. પણ કુદરતી નિયમ છે કે એવા અંધકારના સમયે કોઈ ને કોઈ મહાપુરુષ પાકે છે. નિત્ય ધર્મ એ સનાતન ધર્મ છે. આપણી દૈનિક ક્રિયાઓ એવી હોય કે, જે વિકાસ માર્ગે આગળ લઈ જાય. શાંતિ સ્થાપવી, અભિમાન ન વધારવું, સત્ય બોલવું. એટલે નીતિ નિયમોમાં ફેરફાર નહીં થાય. પણ ક્રોધને કાબૂમાં લેવાની રીતમાં ફેરફાર થવાનો. એટલે કોઈપણ ધર્મના આપણે હોઈએ ઈસ્લામી દાઢી રાખે. ખ્રિસ્તી ક્રોસ રાખે જૈન મુહપત્તી રાખે, વૈષ્ણવ તિલક કરે આ બધું શા માટે ? તો કહેશે, શેતાનોને દૂર રાખવા. વૃત્તિઓને કાબૂમાં રાખવા આ તિલક છે. ભૌગોલિક સ્થિતિ અને માનવોની ભૂમિકાને અકલંકિત ક્રિયાકાંડમાં ફેરફાર ભલે હોય, પણ તેથી મતભેદ ના ઊભો થવો જોઈએ. એ ધર્મ આપણને શીખવે છે.

આજનો નૈતિક ધર્મ દાનનો છે. જે દાનથી દાતા ને લેનાર બંનેનું તેજ વધે તે સાચું દાન. આજે ભૂમિદાન યજ્ઞ ચાલે છે. એની પછવાડે યજ્ઞ શબ્દ વિચારપૂર્વક લગાડવામાં આવ્યો છે. ગઈકાલે અમૂલખભાઈ ગામમાં ગયા. ૨૫ વીઘા જમીન એ લોકોએ નોંધી રાખી હતી. તેમણે કહ્યું હું ભીખ માગવા નથી આવ્યો. તમો યજ્ઞને સમજો. વિનોબાજીએ આ યજ્ઞ બહુ વિચારપૂર્વક માંડ્યો છે. વહેલું મોડું સાધુ સંતો, ગૃહસ્થો વગેરેને એ માર્ગે જવું પડશે ભૂમિદાન યજ્ઞ જ્યારે ગયા ચાતુર્માસમાં ખસ મુકામે ભૂમિદાન સમિતિ બેઠી ત્યારે મેં મારા વિચારો દર્શાવ્યા. રવિશંકર મહારાજ, જુગતરામભાઈની એવી ઈચ્છા ખરી કે, ભલે નાનો આંકડો કરીએ પણ તેને પાર પાડીએ તો જ આપણે સફળ થયા કહેવાઈએ. નારાયણ જેવા જુવાનને એમ થયું કે આપણે મોટો આંકડો નક્કી કરીએ તો ઠીક કહેવાય. છેવટે ૭૫ હજાર ગુજરાતે નક્કી કર્યું. મેં સૌરાષ્ટ્ર વાસીઓને લખ્યું કે તમે ૫૦ હજાર નક્કી કરો તો સારું. અને તે ભાઈઓએ સ્વીકાર પણ કર્યો.

ચાતુર્માસ સાવરકુંડલામાં નક્કી થયું તેની પાછળ કલ્પનાઓ પડેલ છે. સૌરાષ્ટ્રમાં આવ્યો ત્યારે બે પ્રશ્નો હતા. ભૂમિદાન અને ગ્રામસંગઠન. તમને લાગશે કે અહીં કુંડલામાં ગ્રામસંગઠન શું ? મને લાગ્યું છે કે કસ્બાએ કડી બનવું જ પડશે, ગામડા એ આપણો પ્રાણ છે.મધ્યબિંદુ છે, ભૂમિદાન સુરાજ્ય લાવવા માટે ઉપયોગી પણ છે. ગુજરાતમાં સૌથી પહેલી પહેલ હરિવલ્લભ પરીખે કરી. ૧૫૦૦ એકર મેળવીને.

સાવરકુંડલામાં પહેલું ગામ દશા આવ્યું. કાર્યકરોએ ૧૨૫૦ વીઘા જમીનના સંકલ્પો મેળવી રાખ્યા હતા. ગીગાસન ગામે હરીફાઈ શરૂ કરી છે. કહે છે કુંડલામાં સૌથી પહેલા અમે આવીએ ૪૦૦૦ વીઘા કરી રાખી છે. જ્યારે આંબરડી અમૂલખભાઈનું ગામ એ કેમ પાછળ રહે ? મને આનંદ થાય છે કે, આમ કેમ બનતું હશે ? ઈશ્વરનો આ સાદ છે. વિનોબાજી કહે છે, ઈશ્વર મને આ સૂઝાડે છે.

આજે તો સૌરાષ્ટ્રમાં હરીફાઈમાં ચડ્યું હોય તો કુંડલા છે. ઝાલાવાડમાં એક ગામમાં ૧૧૦૦ વીઘા મળ્યું. પણ ગીગાસન નાનું ગામ તેણે ઘણું કર્યું કહેવાય.

## કુંડલા ચાતુર્માસ

અમારા પ્રવાસનું અહીં સુધીનું ભૂદાન ૭૫૩૯ વીઘાં થયું.

ચાતુર્માસમાં રોજ સવાર સાંજની પ્રાર્થના અને પ્રવચન રહેતાં. દિવસે જરૂરી સભા, ચર્ચા, વાર્તાલાપ અને પ્રવચન રહેતું. લોકો સારી સંખ્યામાં આવી લાભ લેતા હતા.

આજે શ્રાવણીપૂર્ણિમાં છે. પૂ. સંતબાલજીનો ૫૦મો જન્મ દિવસ છે. એ પ્રસંગ ઉપર બોલતાં તેઓશ્રીએ જણાવ્યું કે,

માણસની જયંતી શા માટે ઉજવવી જોઈએ ? આ જગત નટનાગરની બાજી છે. એક પછી એક આવે છે ને જાય છે. માટીમાંથી વાસણ બને છે અને પાછું માટીમાં લય પામે છે. માણસ જન્મે છે અને ચાલી જાય છે. છતાં મુસાફરી તો ચાલુ હોય છે. સવાલ બીજો હોય છે હર્ષ હોય છે. એટલે માણસનું જીવન માત્ર માણસરૂપે નથી અનેક કાર્યો કરતો કરતો તે ચાલ્યો જાય છે. એવો માણસ જન્મે અને તેની વર્ષગાંઠ ઉજવાય ત્યારે વામન જેવું લાગે છે. જગતમાં અનેક પ્રાણીઓ છે. માણસ જરા વધારે

બુદ્ધિશાળી છે.જગતમાં અનેક રંગના, વિચારના, પ્રાણીઓ વસે છે. એ બધા સૌ પોતપોતાના વર્તુળમાં વર્ષગાંઠ ઉજવે અને સ્નેહીઓ આશીર્વાદ કે શુભેચ્છા આપે, એ પોતે પણ બીજાને શુભેચ્છા આપે. આ બધું સારું તો છે જ. પણ વ્યક્તિમાં ગુણ રહેલા છે તેમ ખામીઓ પણ રહેલી છે. આપણે ત્યાં વ્યક્તિપૂજા બહુ ચાલે છે તે યોગ્ય પણ છે. કારણ કે વ્યક્તિની આસપાસ એકઠા થઈને સૌ વિકાસ કરે છે. નદીની અનેક નિર્ઝરણીઓ હોય છે તેમ છતાં પાણી એક ઠેકાણે જ પીવાય છે. એમ દુનિયાની અંદર અનેક માનવીઓ હોવા છતાં ક્યાંક ક્યાંક લાગણી, પ્રેરણા વગેરે તત્ત્વો એક જગ્યાએથી મળે છે. અને તેથી તે જીવતો હોય છે. પણ જ્યારે આ એકાગ્રતા રાગનું સ્વરૂપ ધારણ કરે છે. એટલે કે બીજી વ્યક્તિઓ તરફ ક્ષુદ્ર ભાવે જોવાય છે ત્યારે તે નુકસાન કરે છે.

આપણે ત્યાંના વાડાઓનું જે અનર્થ થયું છે તેનું કારણ આ જ છે. અમારામાં તો બધું જ પડ્યું છે બીજે શું લેવાનું છે ? આમાંથી કેટલાય અનર્થો આપણે થતા જોયા છે. એકબીજા એકબીજાના ધર્મની નિંદા કરે છે. એટલે વ્યક્તિ તરફ એકાગ્ર થવું એ જરૂરી છે. પણ જ્યારે એ વ્યક્તિમાં રાગનું તત્ત્વ આવી ‌ય છે તો મોટો વાડો એના નામની આસપાસ થઈ જાય છે અને એમાંથી જ ચમત્કાર વગેરે સર્જાય છે.

વીસ છે, એમાં બીજા ૨૦ વધે તે માટે જુદાં જુદાં પ્રલોભનો અપાય છે. એમ કરતાં સત્તા આવે છે. એટલે ધમકી, ડરાવવાપણું પણ શરૂ થાય છે. તું આમ નહીં કરે તો આમ થશે વગેરે. એટલે વ્યક્તિ તરફ એકાગ્રતાનો પ્રકાર ઈષ્ટ હોવા છતાં ચેતતા રહેવાની બહુ જરૂર છે. ગાંધીજી જેવાએ કહ્યું, લોકોની એકાગ્રતા છે, તેમાં આંચ ન આવવી જોઈએ. અને એમણે વ્યક્તિની એકાગ્રતા વ્યક્તિનિષ્ઠ નહિ પણ તત્ત્વનિષ્ઠ બને, તેવો પ્રયત્ન કર્યો. અને રેંટિયાબારસ જેવો ઉલ્લેખ કર્યો. એ રેંટિયા દ્વારા સત્ય અને અહિંસાની વાત સમજાશે. મહાત્માં પદની વાત પણ રેંટિયામાંથી જડશે. રામની વાત ગીતાનું તત્ત્વજ્ઞાન જેમને મળ્યું તેનું સત્ત્વ શોધવું હશે તે પણ આ રેંટિયામાંથી મળશે. આટલી સાવચેતી રાખી માણસ વ્યક્તિનિષ્ઠ ના બનતાં વ્યક્તિએ આપેલો સંદેશો અચરાય તો ઘણો ફાયદો થાય. છતાં લોકોનો સ્વભાવ છે એટલે કોઈ ને કોઈ રૂપે વ્યક્તિપૂજા કરતો હોય છે જેમકે સમાધિ ઉપર ફૂલ ચઢાવવાં, ફોટો મૂકવો, દીવો મૂકવો વગેરે.

હું કહેવા એ માગું છું કે શરીર પંચમહાભૂતનું પૂતળું છે. એમાં સારી અને બૂરી બંને વસ્તુ પડેલી છે. મારી જાતમાં જોઉં તો કેટલાક માટીના ગોળા છે જેમાંથી સુંદર વસ્તુ બનાવી શકાય, કેટલાક ગોળા એવા છે જે બેડોળતા લાવે છે. ગંદકી પણ છે સુગંધ પણ છે. પણ ક્રમે ક્રમે ઊંચે જવાનો પ્રયત્ન છે.

આજે ૫૦ મું વરસ મને બેઠું. ધર્મ અને વ્યવહારનો મેળ તૂટી ગયો છે. એ સાંધ્યા વગર છૂટકો નથી. ગામડામાં બધું જ સારું છે એમ નથી. પણ જીવનની મૂળભૂત વસ્તુઓ ત્યાં પડેલી છે. એટલું જ નહિ, પણ ઉત્પન્ન થતી ચીજોની સાથે ને સાથે ખેડૂત ઈશ્વરનું નામ જોડે છે. વરસાદ જ તેનું મુખ્ય સાધન છે. એટલે તેને સત્ય તરફની શ્રદ્ધા સહેજે છે. જો ગામડું કેન્દ્રમાં આવી જાય તો બધું સારું થઈ જાય. હું તો ઈચ્છું કે ગામડાનો પાઠ પાકો થાય. આજે તો એક એક ચીજ તેમની શુષ્કતા જેવી લાગશે. વહેમ, પાખંડ, ગંદકી, દંભ વગેરે છે. પણ સુધરવાની તક છે. એક બાજુ લોકો તિક્ષ્ણમાં તિક્ષ્ણ હથિયાર શોધ્યાં કરે છે કારણ કે બીજાને કાબૂમાં રાખવો છે. તેનું શોષણ કરવું છે પણ જેની પાસે ઈશ્વરીય શસ્ત્ર છે તે જીતે છે અને બીજાને સુખી કરી શકે છે.

ગામડામાં સ્ત્રીઓ અને પછાત વર્ગોની હાલાકી છે. એક નાના સરખા રોગનો ઉપાય ના થાય તો આખા શરીરમાં વ્યાપી જાય છે. એટલે તેને શરૂથી જ સુધારવો જોઈએ. તેથી આ વર્ગોની ઉન્નતિ આપણા માટે પણ કરવી જરૂરી છે. સ્ત્રીજાતિની અવહેલના ભારે દુઃખરૂપ છે. એક બાળક અને બાળકીના ઉછેરમાં નાનપણથી જ ભેદભાવ શરૂ થાય છે. અને સ્ત્રીઓમાં પણ લાઘવગ્રંથી એવી પેસી ગઈ છે કે તેને કોઈ સ્થાન આપવામાં આવે તો ના પાડે છે. એમાં પુરુષનો દોષ ઓછો નથી. તક મળે તો તેઓ ઘણાં મોટાં કામો કરી શકે છે. આ બધો વિચાર કરીને આપણે આગળ વધીએ.

**તા. ૮-૯-૧૯૫૩ : જરૂરી નોંધ : કુંડલાની ચૂંટણી અંગે**

તા. ૮-૯૧૯૫૩ના રોજ સ્થાનિક મ્યુનિસિપલની ચૂંટણી થઈ એકબાજુ કોંગ્રેસના ટેકાવાળું નાગરિક મંડળ હતું. બીજી બાજુ સમાજવાદી પક્ષ હતો. આ પક્ષ કોઈ સિદ્ધાંતથી ઊભો થયો નહોતો. પણ એક વર્ષ

પહેલાં અસંતુષ્ટી બળોથી ઊભો થયો. કોઈ પણ રીતે કોંગ્રેસનો વિરોધ કરવો. એજ એનો હેતુ હતો. ખાસ કરીને સૌરાષ્ટ્રમાં વેચાણવેરા આંદોલન પછી વિપક્ષને વેપારી વર્ગનો ટેકો મળ્યો. કોઈ પણ રીતે સત્તા હાથ કરવી એ જ એનો હેતુ હોય એમ લાગ્યું. લોકોના અસંતોષનો લાભ લઈને આંદોલનો જગાડ્યાં. આ ચૂંટણીમાં પણ અમે સ્પષ્ટ જોયું કે, એ પક્ષ તરફથી આક્ષેપો, જૂઠો પ્રચાર, ધાકધમકી, અને પૈસા તથા અનાજ વગેરેની મદદ જુદી જુદી રીતે આપવામાં આવી હતી. નાગરિક મંડળનાં બોર્ડ જ્યાં હોય ત્યાં ભૂંસી નાખવાં, ઉપર કાદવ છાંટવો, અને તેની નીચે સમાજવાદી જાહેરાત અને તેના નિશાન ચીતરી કાઢતા. આવાં આવાં અશુદ્ધ સાધનોનો ખૂબ ઉપયોગ થતો.

નાગરિક મંડળમાં મુખ્ય લલ્લુભાઈ શેઠ હતા. અને બીજા કાર્યકરો તેના જ ટેકેદાર હતા. પ્રમાણમાં તેમણે શિસ્ત અને સૌજન્યતા સારી રાખી હતી. છતાં સમાજવાદની જીત થઈ.

આ ચૂંટણીએ કસ્બાની સ્થિતિનો ખ્યાલ આપ્યો. રાહતથી કોઈ દિવસ સંતોષ આપી શકાતો નથી. ગામડાંનું ઘડતર જ ખરું કામ છે.

**તા. ૨૩-૮-૧૯૫૩**

ગામના કેટલાક નાગરિકો અને મહાદેવની જગ્યાના પૂજારી મહારાજશ્રીને વિનંતી કરવા આવ્યા કે મહેશ્વરાનંદ નામના સાધુ ચાતુર્માસ રહે છે. એ બહુ વિચારક છે એમની દૃષ્ટિ સારી છે. ત્યાં મુનિશ્રીનું એક પ્રવચન સાચા ધર્મ ઉપર આપવાની વિનંતી કરી. બહુ ભક્તિથી પગે લાગ્યા અને માગણી મૂકી. મહારાજશ્રીએ કહ્યું, આ તો બહુ ઉત્તમ કામ છે.જરૂર આવીશ, પણ પ્રવચનના આગલા દિવસે ખુલાસો પૂછ્યો, કે ત્યાં હરિજનો આવશે તો વાંધો નહીં આવે ને ? એટલે એ લોકો મૂંઝાયા. મહેશ્વરાનંદજી સ્પષ્ટ હા કે ના કહી ન શક્યા. છેવટે હિંમત ના કરી શક્યા. અને પ્રવચન બંધ રહ્યું.

જે લોકો લળી લળીને નમન કરતા હતા તે લોકો જ મહારાજશ્રીનું કહેવું માનવા તૈયાર નહોતા. આ છે આપણી સ્થિતિ તમે કહો તે સાંભળીએ ખરા પણ અમને ગમે તેવું તેથી જુદું નહિ. એ સાંભળીને પોતાના જીવનમાં શું લાવવાના હતા ?

એક દિવસ ઢેબરભાઈ ખાસ મળવા આવ્યા હતા. ચારેક કલાક એકાંતમાં વાતો થઈ. ખાસ કરીને ગ્રામસંગઠન, હરિજનપ્રશ્ન અને આપણી કોંગ્રેસની સ્થિતિ અંગે વાતો થઈ.

એક દિવસ ગૃહપ્રધાન રસિકભાઈ પરીખ બાગના ઉદ્ઘાટન પ્રસંગે આવેલા. ત્યારે મહારાજશ્રી સાથે એકાંતમાં ઘણી વાતો થઈ.

**તા. ૨ થી ૫-૯-૧૯૫૩**

ગાંધી ધર્મશાળામાં ખેડૂતોનો એક વર્ગ રાખવામાં આવ્યો હતો.તેમાં ૨૪ ગામના ૯૦ ખેડૂતો આવ્યા હતા. એનું સંચાલન દુલેરાય માટલિયાએ કર્યું. અમૂલખભાઈ હાજર હતા. મહારાજશ્રીએ ખેડૂત સંમેલનની ભૂમિકા સમજાવી કોંગ્રેસના પૂરકબળ તરીકે પણ સ્વતંત્ર સંગઠન કરવું એમ વિચાર્યું.

પર્યુષણમાં વ્યાખાનો ગાંધી ધર્મશાળામાં રાખવામાં આવ્યાં હતાં.

મીરાંબહેનનાં બહેન ગુજરી જવાથી તા. ૨-૯-૧૯૫૩ના રોજ તેઓ નાપા ગયાં.

લાઈબ્રેરીમાં બહેનોની સભા રાખી હતી. એમાં બહેનોનો ધર્મ શું ? એ સમજાવ્યું હતું. ૧૫મી ઓગષ્ટે વિદ્યાર્થીઓની સભા અને બપોરે દરબારગઢમાં નાગરિકોની સભામાં ધર્મદષ્ટિએ સમાજ રચના વિષે પ્રવચન કર્યું.

બપોરના ત્રણ વાગે બહેનોની સભા થઈ.

એક દિવસ બહારગામના કેટલાક શિક્ષિત હરિજનો મહારાજશ્રીને મળવા આવ્યા. સાંજનો સમય હતો બહાર વરસાદ પડતો હતો. મહારાજશ્રી પ્રતિક્રમણ કરતા હતા. ત્યાં નીચે મકાન સાચવનારના છોકરાએ હરિજનોને અટકાવ્યા, આ મકાનમાં હરિજનો નહીં આવી શકે. પેલા લોકો તો બહાર ઊભા રહ્યા. હું ગયો. (મણિભાઈ) મેં છોકરાને સમજાવ્યો કે ભાઈ મહારાજશ્રી જ્યાં ઊતરે છે ત્યાં દરેકને આવવાની છૂટ હોય છે. પણ તેણે ના માન્યું મેં કહ્યું તારા બાપાને બોલાવ, તો કહે, એ બહારગામ ગયા છે. દરમિયાનમાં પ્રતિક્રમણ પૂરું થયું. એટલે મહારાજશ્રી નીચે આવ્યા અને પોતે હરિજનોને મળ્યા. અને એમની સાથે બહાર ઊભા રહ્યાં. ઝીણો ઝીણો વરસાદ ચાલુ હતો તબિયત પણ બરાબર નહોતી,

પણ શું થાય ?હરિજનોએ કહ્યું, બાપુ, અમારે આપનાં દર્શન કરવાં હતાં, તે થઈ ગયાં, અમે જઈએ છીએ, આપ શું કામ પલળો છો ? મહારાજે કહ્યું : હવે જવાય જ નહિ, આ તો સિદ્ધાંતનો સવાલ છે. આ દરમ્યાન એક ભાઈ મકાનવાળાના સગા બચુભાઈને ખબર આપવા ગયા, પ્રાર્થનાનો વખત થતો હતો. લોકો આવવા લાગ્યા હતા. આ જોઈ બધાને દુઃખ થતું હતું એટલામાં બચુભાઈ આવી ગયા, અને બધા મેડા ઉપર આવ્યા. હરિજનો પણ આવ્યા. તેના છોકરાને ઠપકો આપ્યો, બચુભાઈએ મહારાજશ્રીની અને હરિજનની માફી માગી. તેમણે કહ્યું, હું જવાબદાર એટલે મારી ભૂલ કહેવાય, છોકરાનો બાપ તો ઘેંસ જેવો થઈ ગયો, એમણે નોકરી જવાની બીક લાગી, અમે કહ્યું, અમારા મનમાં એવું કંઈ નથી, પણ છોકરાને ઠપકો આપવો જોઈએ. ફરી આવું ન કરે.

ખેડૂત મંડળના કાર્યો અંગે અંબુભાઈ, ફુલજીભાઈ અને દાનુભાઈ અઠવાડિયું રહી ગયા. સારી વાતો થઈ.

મહારાજશ્રીના સાધુવેશ સંબંધી નાનચંદ્રજી મહારાજે એક નિવેદન બહાર પાડ્યું હતું. તેમાં કેટલીક ગેરસમજ હતી, તેની ચોખવટ કરવા મણિભાઈ, છોટુભાઈ અને બચુભાઈ ગોસલિયા વાંકાનેર મહારાજને મળી આવ્યા.નિવેદન બહાર પાડવામાં એક નજીકની વ્યક્તિએ વધારે ભાગ ભજવ્યો હોય એમ લાગ્યું અને મહારાજશ્રીના ગુરુદેવ સમાજની ટીકાથી ડરતા હોય એમ લાગ્યું.

તા. ૪-૯-૫૩ ના રોજ ગાંધીજયંતી અંગે ધર્મશાળામાં રહ્યા, સાંજે ધર્મશાળાના ચોગાનમાં જાહેરસભા થઈ, પ્રાર્થના પ્રવચન બાદ પ્રીતિ ભોજન રાખ્યું હતું. તેમાં લગભગ ૧૫૦૦ ભાઈ-બહેનો એ ભાગ લીધો હતો. હરિજનો સવર્ણો, મુસલમાનો વગેરે કોઈ જાતના ભેદભાવ સિવાય સાથે જમ્યાં.

તા. ૪-૯-૫૩ના રોજ ગોહિલવાડ જિલ્લાનાં શિક્ષિત હરિજનોનું એક સંમેલન મહારાજશ્રીની હાજરીમાં ભરાઈ ગઈ, ચર્ચા સાંભળ્યાં પછી યોગ્ય માર્ગદર્શન આપ્યું, અને ગોહિલવાડ હરિજન સેવામંડળની સ્થાપના કરી.

**તા. ૧૬-૯-૫૩**

આજે જીવરાજ મહેતા મહારાજશ્રીને મળવા આવ્યાં હતા, અઢી કલાક ચર્ચા થઈ. ખાસ તો વેચાણવેરા અંગે ચર્ચાઓ કરી.

એક વખત નવરાત્રીમાં પંડ્યા શેરી, લોહારની ગરબીની જગ્યાએ શક્તિપૂજા ઉપર જાહેર પ્રવચન રાખ્યું હતું.

તા. ૧લી એ રવિશંકર દાદા આવ્યા. તેમણે નાના ગ્રામોદરા ગામે. કુંડલા તાલુકા કમ્યૂનિટી પ્રોજેક્ટનું ઉદ્દ્ઘાટન કર્યું. આ પ્રોજેક્ટની વિશેષતાં એ હતી કે, કાર્યકરોના હાથે આની વ્યવસ્થા થવાની છે.

તા. ૩૦મીએ અહીંના કાર્યકરો એકઠા થયા હતા. ગ્રામ સંગઠન અંગે કેટલીક ચર્ચા થઈ હતી. છેવટે શેત્રુંજીકાંઠા, પ્રાયોગિક સંઘની સ્થાપના કરવાનું અને તેના હાથ નીચે ખેતીવિકાસ મંડળની સ્થાપના કરવાનું વિચાર્યું હતું,

તા. ૧૯-૧૦-૫૩ના રોજ કુંડલા વિભાગના માલધારીઓનું એક સંમેલન રાખ્યું હતું, તેમાં ઢેબરભાઈએ પણ હાજરી આપી હતી.

તા. ૨૭-૧૦-૫૩ના દિને હું વતનને ગામ ગયો. અને મારી બદલીમાં શ્રી મનુભાઈ પંડિત, સેવાકામ માટે રોકાયા હતા.

• • •

## માંગલ્ય તરફની શ્રદ્ધા માણસને આગળ વધારે છે

આ વિષય ઉપર મનનીય પ્રવચન કરતાં મહારાજશ્રીએ જણાવ્યું કે,

જગતમાં સારું અને માંઠું બંને વસ્તુ પડેલી છે. પણ માણસજાત ઉન્નતિને માર્ગે જવા ચાહે છે તો પોતાની દૃષ્ટિ ચોક્કસ રાખવી જ પડશે. જો અમાંગલ્ય કે નબળાં તત્ત્વોનો જ સહારો લેશે તો પોતાનું અને પરનું હિત થવાની વાત આપોઆપ છૂટી જશે. કારણ કે એ નજરનો માણસ ગંદવાડ જ જોયાં કરે છે. દોષો જ જોયા કરે છે. તેથી પોતાનું મન ગંદકીમય થઈ જાય છે ને પરિણામે તે આનંદ મેળવી શકતો નથી, અને માંગલ્ય ઉપરની તેની શ્રદ્ધા ડગી જાય છે. જો સારા તત્વો ઉપર શ્રદ્ધા ડગી તો પછી મન અને આચારથી તે ઢીલો પડી જાય છે. ત્યારે શું કરવું જોઈએ ? વિભીષણ લંકાનો ત્યાગ કરીને ચાલ્યો જાય છે. ત્યારે મનમાં વિચાર કરે છે. રાવણજને પણ જો અમાંગલ્યના સમયે છોડી દઉં છું તો પછી મારે સારો પક્ષ મેળવવો જોઇએ. એક છોડયું તો બીજું પકડવું જ જોઈએ. ગામ, કુટુંબી ભાઈ પણ છોડે છે અને કહે છે મારું સ્થાન રામની પાસે છે ત્યારે છાવણીના સેનાપતિઓ હનુમાન-જાંબુવન, લક્ષ્મણ વગેરેને

થાય છે કે જે દુશ્મનની છાવણીમાંથી આવે છે, અને જ્યાં કાંઈ સારું નથી ત્યાંથી દુશ્મનનો ભાઈ અહી આવે છે, તેને આપણી છાવણીમાં સ્થાન અપાય શી રીતે? પણ રામ તો વિશિષ્ટ વ્યક્તિ છે. તે તો માંગલ્ય જોવાવાળા તેમણે વિચાર્યું કે, આપણી નીતિ સ્પષ્ટ છે આપણને ડર શાનો અને સામી વ્યક્તિ ઉપર અવિશ્વાસ પણ શા માટે ? કદાચ દગો થશે તો એને કેવી રીતે મહાત કરવો તે શક્તિ મારામાં છે.પણ જગતમાં કોઈ ખૂણે પણ જો સારી ભાવના છે તો તે ઉપર વિશ્વાસ રાખું. માત્ર પૂર્વગ્રહોથી ન પ્રેરાઉં. માત્ર દુશ્મનનો ભાઈ છે માટે ખોટો જ હશે એમ એકાંતે કેમ માનું ? એટલે સાથીઓએ કહ્યું,

વિભીષણને આવવા દો. અને કોઈ જાતની કુશંકા ના કરો. આ જોખમ કંઈ નાનું સૂનું નહોતું. તે વખતે અણીની વેળા હતી. એકાદ વ્યૂહમાં ખોટા પડયા, તો આખી બાજી પલટી જાત. પણ તેમણે જોયું કે માણસજાત ઉપર અવિશ્વાસ રાખવો એ ખોટું છે તેના કરતા વિશ્વાસ રાખવાથી જે નુકસાન થાય તે, પહેલા કરતાં ઓછું થાય. પછી તો એને સ્થાન મળ્યું એટલું જ નહી પણ આ અદ્‌ભુત પ્રસંગ છે. પોતાના જ દુશ્મનનો ભાઈ તેને છાવણીમાં આશરો આપવો એટલું જ નહી, પણ પોતાની પાસે જ રાખવો હૃદયમાં સ્થાન આપવું એ નાની સૂની વાત નથી, વારંવાર સાથે રહેવું અને અશ્રદ્ધાથી જોવું એ ખરાબ વસ્તુ છે. આ જગતમાં બન્ને તત્વો પડયાં છે. તેમાં માંગલ્ય તરફની નિષ્ઠા રાખીને તેને ગ્રહણ કરવું જોઈએ, જાગૃત રહીને ચાલ્યા કરીએ તો ઉત્તમ પ્રકારનો લાભ આખા દેશને અને તે પ્રમાણે આચારણ કરતા એટલે વિરોધીઓને પણ ખાતરી રહેતી કે એમની સત્યનિષ્ઠાં માટે બે મત છે જ નહીં. ગાંધીજીએ મી.ઝીણામાં વિશ્વાસ રાખ્યો. પક્ષપાત લાગે ત્યાં સુધી મદદ કરી, સ્પષ્ટ કહ્યું કે પાકિસ્તાન અને ભારત વચ્ચે કરારો થયા છે. તે ભારતે પ્રથમ પાળવા જોઈએ. કારણ ભારત સમૃદ્ધિપ્રધાન દેશ છે. તેણે પોતાની ફરજ ના ચૂકવી જોઈએ.

આમ માંગલ્યની નિષ્ઠા સાચા પક્ષ ઉપર પ્રેમ મેળવી શકે છે. આ કાંઈ લાખોની વાત નહોતી, કરોડોની વાત હતી. અને તે રૂપિયા પાકિસ્તાનને મળી ગયા બીજી વાત છે, શેખ અબ્દુલ્લાહની. છેલ્લા કેટલાંયે

સમયથી ટીકાટીપણી ચાલ્યા જ કરતી હતી. પણ આજે તે જેલમાં સળિયા પાછળ છે. આ વખતે રામના શબ્દો યાદ આવે છે. વિશ્વાસ રાખવામાં વાંધો નથી. જ્યારે એવી વ્યક્તિ વિરોધી બનશે ત્યારે એને ખસેડવાની તાકાત છે, આ જ વસ્તુ ખરી છે, દગો કરનાર હંમેશાં હારે છે પાપ હંમેશાં બડબડિયાં કર્યા વગર રહેતું નથી. ભારતના વડાપ્રધાન જગતમાંથી માંગલ્ય જોનારા છે એમાં કદિ નુંકસાન  એમણે જોયું નથી.

આપણે ત્યાં માંગલ્યનિષ્ઠા નથી, એમ નહી પણ થોડા પૂર્વગ્રહો રાખીને પ્રેમ કરવા જઈએ છીએ તેમ બહુ વિશ્વાસ પણ નુકસાન કરે છે. ત્યારે શું કરવું જોઈએ ? જાગૃતિ રાખવી જોઈએ. જાગૃતિ રાખતાં રાખતાં માંગલ્ય તરફની નિષ્ઠા રાખવી જોઈએ. એથી સાધક કશું ગુમાવતો નથી, ક્યાંક બેવફાઈ થઈ જાય છે તો ન કલ્પી શકાય તે રીતે કુદરતી બળો તેને મદદ કરે છે. આ વાત વ્યક્તિ અને સમાજ દરેકને લાગુ પડે છે. સારા માણસને અપનાવવા છતાં અવિશ્વાસ રાખ્યા કરીએ, તેથી કોઈનું કલ્યાણ થતું નથી. અફસોસ કરીને એમ ના વિચારીએ કે જોયું ! બહુ વિશ્વાસ રાખવાનું પરિણામ ! દરેકમાં વધતી ઓછી ક્ષતિઓ તો છે જ. એટલે માંગલ્ય તરફ શ્રદ્ધા રાખીને ચાલવાથી દરેકને ફાયદો થાય છે. ❑

## અન્યાયનો પ્રતિકાર

અન્યાયનો પ્રતિકાર શા માટે કરવો જોઈ ? એ વિષે બોલતાં મહારાજશ્રીએ જણાવ્યું કે સામાન્ય રીતે કોઈપણ આક્રમણ આવે એટલે માણસનો સ્વભાવ છે કે અડચણની બાજુમાં રહીને ચાલ્યો જશે. રસ્તામાં પથ્થર આવશે તો એ પથ્થરની બાજુમાં થઈને ચાલ્યો જશે. પણ એને દૂર કરવાનો વિચાર નહીં કરે. તેમ એમ નહીં માને કે, આજે એક છે, કાલે બીજો મૂકશે. પછી રસ્તો બંધ થશે, બીજાને ઉપયોગી બનશે તેવું નહિ કરે. વિચાર કરો કે, રોડાં નાખનારાં તત્ત્વોની સંખ્યા વધતી જાય તો પરિણામ એ આવી ઊભું રહે કે રસ્તો સાફ થાય નહી ,  અને રસ્તો સાફ ના થાય તો નવા નવા ચીલા પાડવાને કારણે જમીન અને ખેતર બગડે. અને રોડાં નાખનારનું માનસ સુધરે નહિ. આમ થાય છે. રોડાં નાખનારનાં દિલમાં અપીલ થાય, તેવું વાતાવરણ સર્જવું જોઈએ. જો એના દિલનો પલટો થાય, અને પથ્થર મૂકનાર જાતે ઉપાડી લે, તો

સમાજ સ્વચ્છ થઈ જાય. આવા સમાજને ધર્મમય સમાજ કહી શકાય. કારણ કે આવા સમાજમાં આવરણ નાખનાર હોતા નથી. અને કદાચ એકલદોકલ હોય તો પણ એને સુધરવું પડે છે. કારણ કે વધારે સારા લોકો એ સમાજમાં હોય છે. યુરોપના દેશોમાં આવા પ્રકારનો સામાન્ય ધર્મ થઈ પડ્યો છે. ત્યાં પણ રોડાં નાખનાર હોય જ છે. પણ તેઓ કાયદાની સજા ભોગવી લે છે. લોકો પણ સમજી ગયા છે કે, ગુનાની સજા ભોગવવી જોઈએ. કદાચ સામો થાય તો લોકો ફરજ પાડે છે. આ માનસના પરિણામે એક હવા જામી ગઈ છે કે, સમાજની અંદર કોઈ વ્યક્તિ કે આખા દેશને નુકસાન થતું હોય તેવી પ્રવૃત્તિ કરવામાં આવે તો સરકારના પગલાંને એ સાથે ટેકો આપે છે.

આપણી પ્રજા ધાર્મિક લાગણીથી ટેવાયેલ છે. જો એકાદશી કરવાની આવશે તો પ્રથમ કરશે. પણ જો એમ કહેવામાં આવે કે, આપણા દેશમાં અનાજની તંગી છે તો અઠવાડિયે કે પંદર દિવસે એકાદ ટંક-અનાજ છોડી દો. જેથી ત્રણ ટંક અનાજ વધી જાય, આવી સીધી વાતને પણ ઈન્કારવાનો પ્રત્યન કરશે. આનું કારણ શું? એને ધર્મ નથી ગમતો એમ નહિ, પણ દરેક પ્રશ્ન ધર્મને નામે હલ કરશે. રાષ્ટ્ર કે સમાજને નામે કહેશો તો ના કહેશે. ટૂંકમાં ભારતવર્ષનું ખમીર એ રીતે ઘડાયેલું છે કે ધર્મના તખતા ઉપરથી, જો કોઈ પણ વાત કહે તો તે સ્વીકારે, પણ દેશની કોઈ વાત કરશો તો તેને તોડી પાડવા સુધીના પ્રયત્ન કરશે. ત્યારે આપણે ધર્મ અને વ્યવહારનો વિચાર કરવો જોઈએ. આપણે વ્યક્તિગત મોક્ષની વાત બહુ કરી છે, પણ સામાજિક મોક્ષની વાત ગળે ઊતરતી નથી. આજે દરેક બાબતમાં માણસ-એકલપેટો થઈ ગયો છે તેનું કારણ આ છે.

એક બાજુ કોઈ માણસ ગમે તેટલો ચુસ્ત હોય અને તેને તેના સમાજના જૂથ માટે ધર્માર્થે કહેવાનું કહેશો તો લાખો રૂપિયા ખર્ચશે. બાકી તો એક દમડી તોડવા તૈયાર ના થાય. મતલબ કે ધર્મને નામે, જૂથને નામે, પૈસા ખરચશે. શક્તિ ધર્મ છે, પણ આપણે હવે દેશ ધર્મને ઓળખતાં શીખવું પડશે. વ્યાપક ધર્મભાવનાનને પ્રસરાવવી પડશે. એટલા જ માટે બાપુજીએ કાર્યક્રમ આપ્યો, તેની સાથે ધર્મને વણી લીધો. તેમણે કહ્યું, 'હું મીઠાની વાત કરું કે સત્યાગ્રહની વાત કરું કે પિકેટિંગની વાત

કરું કે જેલમાં જવાની વાત કરું, કોઈપણ વાત કરું પણ તેમાં સત્ય અને અહિંસાની વાત ચૂકવાની નથી. પોતાના કલ્યાણની સાથે સમાજના કલ્યાણની વાત ચૂકવાની નથી. આમ ધર્મને વ્યવહારમાં અને રાજકારણમાં આણ્યો. આવું જ ભૂમિદાનનું છે. સામ્યવાદ કહેશે કે, જમીન ગરીબોની છે ત્યારે ધર્મ કહેશે કે જમીન ઈશ્વરની છે. ઈશ્વરની છે એટલે દરેકની છે. બધા વહેંચીને ખાય. એકલપેટાને કહેશે કે, ભલે તું જીવ, પણ એ જીવન સાચું નથી. એમ દવા આપશે પણ ધર્મને સાથે રાખીને દવા આપશે. પણ મુશ્કેલીઓ પડે ત્યારે ભાગવાની વાત ના કરો. ફલાણો માણસ અડચણ કરે છે તો મારે નથી જોઈતું, તને જોઈએ એ મને ના જોઈએ. એમ કહીને સાચો માણસ ખસી જાય છે. એટલે નાગા માણસને નાગાઈ કરવાનું પ્લૅટફૉર્મ મળી જાય છે.

ધર્મ એની સામે પ્રતિકાર કરવાનું બળ આપે છે. અહિંસા એટલે કાયરતા નહિ. પણ એ તેજીલી તલવાર છે. જ્યારે છાતી ખુલ્લી મૂકવાની તૈયારી આવે છે ત્યારે ગોળી મારનારની તાકાત ચાલી જાય છે. એટલે રોડાં મૂકનાર એક દિવસ તો થાકવાનો છે એનો ઉપાડનાર થાકવાનો નથી. કારણ કે મૂકનારના દિલમાં ઉધમાત છે પેલામાં ઠંડી તાકાત છે, એટલે તો એ રોડાં નહિ ઊંચકાય તો પેલાનો ઉધમાત વધવાનો છે. એ સમજી જશે કે, આ સમાજના લોકો બીકણ છે. તેમને જે રીતે પજવવા હશે, તે રીતે પજવી શકાશે. અને આપણે ફાવી જઈશું. પણ જો એમનો સામનો કરનાર વર્ગ નીકળશે, તો બધાંનું કલ્યાણ કરી શકશે. એટલે ધર્મમાત્ર વ્યક્તિનો કે મોક્ષનો પ્રશ્ન નથી. તેને વ્યવહારમાં લાવવો જોઈએ.

❑

**ખંડ બીજો**

# ભૂદાનયજ્ઞમાં સહયોગ

*(આ વિભાગમાં પૂ. મુનિશ્રીનાં ભૂમિદાન અંગેનાં પ્રવચનોમાંથી કેટલાકના મહત્ત્વના અંશો આપવામાં આવ્યા છે.)*

## ગામડામાં રહેલી આધ્યાત્મિક વૃત્તિ

ગામડામાં હજુ ભાલનળકાંઠા પ્રયોગ નિમિત્તે જોયા પછી મારી નિષ્ઠા આજે ગામડાં તરફ જોડાઈ ગઈ છે. કેટલાક આને ઘેલું માને, કેટલાક ભાઈઓ મને શહેરીઓના કટ્ટર વિરોધી ગણવાનો આક્ષેપ કરે, પણ મને તો દેશની જ નહીં, ગામડામાં દુનિયાનીયે આશા દેખાઈ છે. આનું મારું મુખ્ય આકર્ષણ આધ્યાત્મિક છે, એમ હું માનું છું. ભૂદાનયજ્ઞ નિમિત્તે હવે પાયાનું કામ ઈચ્છનારા ઘણા કાર્યકરોને ગામડામાં રહેલી આધ્યાત્મિકવૃત્તિ સમજાવા લાગી છે, એ શુભ નિશાની છે.

❑

## બૃહદ્ ગુજરાત અને ભૂદાન પ્રવૃત્તિ

બારડોલી મુકામે મળેલી કાર્યકર સભાના અન્વયે ભાઈશ્રી જુગતરામભાઈએ ગુજરાત સૌરાષ્ટ્રના જે થોડા આગેવાનોને બોલાવ્યા હતા તેમાંનાં ભાઈબહેનોએ હરિજનઆશ્રમ, સાબરમતીમાં મળીને ઘણા વિચાર વિનિમય પછી નીચેનાં ચાર નામોની સંચાલન સમિતિ બનાવી છે.

૧. રવિશંકર મહારાજ ૨. પરીક્ષિતલાલ મજમુદાર

૩. શ્રી નરહરિ પરીખ ૪. શ્રી જુગતરામભાઈ દવે

આ નામો વિનોબાજીની સંમતિ સારુ મોકલી અપાયા છે, આ ઘણું જ આવકારલાયક પગલું છે. સૌરાષ્ટ્રનું એકાદ નામ આમાં ઉમેરાયું હોત તો વધુ સગવડ રહેત. મને આશા છે કે આ મહાન કાર્યને બૃહદ ગુજરાતનો એક એક પ્રજાજન વિના આનાકાનીએ હૃદયપૂર્વક અપનાવી લઈ બૃહદ ગુજરાતને દીપાવશે.

આ પ્રવૃત્તિનાં ભયસ્થળો અને કામગીરી અંગે મેં એ સભામાં જે લખાણ પાઠવેલું તેનો ટૂંકો સાર અહીં પણ પાઠવી દઉં :

૧. વધુ જમીન ધરાવનારો વર્ગ મોટે ભાગે કૉંગ્રેસ વિરોધી છે. કૉંગ્રેસ વિરોધમાં એની પાસે મોટામાં મોટું કારણ જમીનદારી હિતોનું સંરક્ષણ છે. આ પ્રવૃત્તિમાં મુખ્ય ભાગ લેનારાં બળો પ્રાણ તત્ત્વરૂપ રચનાત્મક અને નૈતિકબળો હશે. થોડું ભૂદાન કરીને આડકતરી રીતે પ્રતિષ્ઠા મેળવી શોષણ દ્વારા ઉઘાડાં મૂકવામાં તેઓ ફાવી ન જાય, એ ખાસ તકેદારી રાખવી રહેશે.

૨. 'બળતું ઘર કૃષ્ણાર્પણ'ની જેમ બિનલાયક કે વાંધાપાત્ર જમીનો અર્પણ કરે, ત્યાં પણ સાવધાન રહેવું પડશે.

૩. તેઓ એક બાજુ ભૂદાન કરી પોતાના જ આશ્રિતો કે ખુશામતિયાં તત્ત્વોને અપાવવાની કોશિશ કરશે, ત્યાં પણ જાગ્રત રહેવું પડશે.

૪. આ પ્રવૃત્તિના પ્રચારકો તાલીમબદ્ધ અને સુયોગ્ય રીતે ઘડાયેલા જોઈશે નહીં તો ઓડચોડ વેતરાઈ જતાં સમાજક્રાંતિનો મૂળ મુદ્દો ગુમાવી બેસીશું.

૫. જમીનના માલિક અને ખેડહકના માલિક જુદા હશે ત્યાં ખેડહકના માલિકની સંમતિને મુખ્ય ગણવી પડશે અને ખેડહકનો માલિક સંમત હોય, પરંતુ જમીન માલિક સંમત ન હોય, ત્યાં આ પ્રવૃત્તિ અંગે ગણોતિયા બદલવાની કાયદામાં જોગવાઈ કરવી રહેશે. તાજેતરમાં કાશ્મીર ધારાસભાએ સર્વ સંમતિપૂર્વક વિના વળતરે જમીનદારી નાબૂદ કરવાનું બિલ પસાર કર્યું. તે પરથી લોકમત કઈ દિશામાં છે તેનો બૃહદ્ ગુજરાતના ભૂધારકો સાત્ત્વિક ઘડો લઈને આ પ્રવૃત્તિને વેગ આપી અહિંસક ક્રાંતિને બરાબર જેબ આપશે એવી અપેક્ષા છે.

(વિશ્વવાત્સલ્ય : ૧૬-૪-૧૯૫૨)

❀

**ભૂમિદાનનાં ભયસ્થળો**

મેં આ પહેલાં ભૂમિદાન પ્રવૃત્તિમાંનાં ભયસ્થાનો તરફ અંગુલીનિર્દેશ કર્યો છે. ભયસ્થળોની ગંભીરતા કેટલી વિપુલ છે તે તો જેઓએ સામાજિક અન્યાયોની સામે સક્રિય ઝુંબેશ ઉપાડી છે તેઓ જ સમજી શકે એવું છે.

જો 'યેનકેન પ્રકારેણ' ઊભડોને થોડી જમીન અપાવવા પૂરતું આ પ્રવૃત્તિનું ધ્યેય હોત તો મારે કશું કહેવાનું ન હોત; અને મારું સમર્થન પણ ન હોય, પરંતુ વિનોબાજી વારંવાર જે ઉચ્ચારે છે, તે જોતાં તે પ્રવૃત્તિની પાછળનો હેતુ મુખ્યત્વે જમીનધારકોના હૃદયે વસેલા અંતર્યામીને જગાડવાનો છે, અને सब भूमि गोपालकी બનાવીને જમીનની મમતા ઉતરાવી આર્થિક સમાનતાની દિશામાં સ્વેચ્છાએ તેમને દોરવાના છે.

શ્રી કુમારપ્પાએ તાજેતરમાં કહ્યું છે :

'વિનાવળતરે ભૂધારકો પાસેથી સરકારે જમીન લઈ લેવી જોઈએ, અને એમ કરવામાં સરકાર ઢીલ કરે તો પ્રજાએ અહિંસક દબાણથી સરકારને તેમ કરવાની ફરજ પાડવી જોઈએ.'

કૉંગ્રેસ સરકારો વળતરથી આ પ્રશ્ન ઉકેલવા માગે છે. સમાજવાદી અને સામ્યવાદી પક્ષોની માન્યતાઓ જગજાહેર છે. આવી સ્થિતિમાં જે જમીનદારો પોતાનું વર્તન દેશહિતમાં ન સુધારે ત્યાં લગીના અહિંસક ઉપાયોમાં મને પોતાને સૌથી શ્રેષ્ઠ ઈલાજ એમની સામાજિક પ્રતિષ્ઠા તોડવાનો લાગે છે. ભૂમિદાન પ્રવૃત્તિ જો કૉંગ્રેસમાંથી અને આસપાસના સમાજમાંથી જમીનદારોની તૂટેલી પ્રતિષ્ઠાને સજીવન કરવામાં કે તેમના શોષણને છૂટો દોર અપાવવામાં નિમિત્ત બનતી હોય, તો તેવી ભૂમિદાન પ્રવૃત્તિથી લાભ થાય, એમ હું માનતો નથી.

ભૂમિદાન સંચાલન સમિતિના સૂત્રધારોનું મેં જેમ અંગત ધ્યાન ખેંચ્યું છે, તેમ અહીં પણ ધ્યાન ખેંચું છું. મારી માન્યતા એ છે કે ભૂમિદાન સૌનું સ્વીકારાય પણ દાતા અને યાચક બંનેના નામોની છાપાંઓ મારફતની જાહેરાતમાં કડક સાવધાની રખાવી જોઈએ. ભલે દાન ઓછું સાંપડે નહીં તો આ પ્રવૃત્તિ પાછળનો ઉદાત્ત આશય માર્યો જવાની પૂરેપૂરી ભીતી છે.

(વિશ્વવાત્સલ્ય : ૧-૭-૧૯૫૨)

❀

## પડતર જમીનનાં પ્રથમ ભૂમિપાત્રો

પશુઓ અને તેમાંય ગાયો આ દેશનું ઉચ્ચ પ્રકારનું ધન છે, ગોપાલકો એ દૃષ્ટિએ દેશની ઊંડી સહાનુભૂતિ માગી લે છે. અલબત્ત, 'ગામની

જમીન ઉપર ગામની માલિકી'એ સૂત્ર પ્રચલિત થયું છે, તેમ ગામનાં પશુઓની માલિકી ગામની હોવી જોઈએ. આ સ્થિતિ લાવવા માટે પણ ગોપાલકોને નીતિના પાયા પર સંગઠિત કરવા જ પડશે. એટલે મારે મન ભૂમિની પુનર્વહેંચણીમાં સૌથી પ્રથમ પાત્રો બે છે : ૧. ભંગી અને ૨. ગોપાલકો.

તેમાં પણ ગામડાઓના ભંગીઓનો આર્થિક સવાલ મારા અનુભવ મુજબ સૌથી પ્રથમ ઉકેલ માગતો સવાલ છે. સદ્ભાગ્યે એ કોમની ગામડાંઓમાં સંખ્યા નાની હોઈ એનો ઉકેલ સમાજ મન પર લે તો સહેલો પણ છે.

ગોપાલકોનો ભૂમિસવાલ બે રીતે ઉકેલવા જેવો છે :

૧. એમનાં પશુઓને ગોચર ઉપરાંત લીલો ચારો મળે, તેવી જોગવાઈથી ગાયોનું દૂધ વધશે અને ગાયો, બળદોની મજબૂત ઓલાદ પણ આપતી થશે, એટલે ગાયોની સંખ્યા આપોઆપ ઓછી અને વધુ કાર્યક્ષમ બનશે.

૨. કેટલાંક ઘેટાં-બકરાં ધરાવનારાઓ અથવા નબળી ગાયો ધરાવતાં માલધારી કુટુંબોને ખેતીની જમીન આપી પગભર કરવા પડશે.

(વિશ્વવાત્સલ્ય : ૧-૧૦-૧૯૫૩)

❀

## ભૂદાનયજ્ઞ અને શિક્ષકો

સરકારી શાળાઓના શિક્ષકો ભૂદાનયજ્ઞમાં ભાગ ન લઈ શકે. એ માટે મુંબઈ સરકારે જે કારણો બતાવ્યાં છે, તે કારણો ગળે ઊતર્યા નથી. શિક્ષણમાં ધરમૂળથી ફેરફારો કરવા જોઈએ, એમ જ્યારે સરકાર સ્વીકારે જ છે તો પછી ભૂદાનયજ્ઞ જેવા અહિંસક ક્રાંતિકારી કાર્યક્રમોમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ સક્રિય રસ લે તે જરૂરી છે, એમ સ્વીકારવામાં હરકત ન હોઈ શકે. સામાન્ય ફાળા જેવો આ ફાળો નથી. આમાં તો પોતાનાં માનવભાંડુઓને માટે ઘસાવાની અદ્ભુત તાલીમ પડેલી છે.

જો રેંટિયો, બાગાયત, મનોરંજન, વ્યાયામ અને સર્વમાન્ય પ્રવાસના કાર્યક્રમો શિક્ષણનાં અંગો બની શકે, તો ભૂદાનયજ્ઞ-શિક્ષણનું અંગ

માનવામાં પણ શી હરકત ? મુંબઈ સરકાર આ મહાન પ્રશ્નને વધુ ઊંડાણથી વિચારી આ પવિત્ર કાર્યમાં શિક્ષકોને રૂકાવટ કરતા સરક્યૂલરોને ફેરવી નાખશે એવી અપેક્ષા જરૂર રાખી શકાય.

(વિશ્વવાત્સલ્ય : ૧૫-૧-૧૯૫૪)

❀

## બૃહદ ગૂજરાતનો ભૂદાન સંકલ્પ

અમે 'ખસ' ગામે સંવત ૨૦૦૮નું ચોમાસું ગાળ્યું. તે જ સમયે ગૂજરાત ભૂદાન સમિતિની મિટિંગ મળી. મારા મનમાં આ ભાવ ઊઠેલો કે બૃહદ્ ગૂજરાતે સવાલાખ એકર જમીન કરી આપવી જોઈએ. જો સર્વોદય સંમેલને સમગ્ર દેશ માટે પચીસ લાખ એકર જમીનનો સંકલ્પ કર્યો છે તો વસ્તી સંખ્યા મુજબ વીસમા ભાગનો સંકલ્પ ગાંધીજીના બૃહદ ગૂજરાતે અવશ્ય કરવો જોઈએ. અલબત્ત, બૃહદ ગૂજરાતની ભૂમિસ્થિતિ ગણોતધારા અને ભૂમિસુધારણા કાનૂનોને લીધે હળવી છે જ. પણ ગાંધીજીના ઋણની દૃષ્ટિએ તેણે આટલું કરવું જ ઘટે. સદ્ભાગ્યે ગૂજરાત ભૂદાન સમિતિએ પંચોતેર હજાર એકરનો સંકલ્પ કર્યો. સૌરાષ્ટ્ર કચ્છને મેં લખ્યું કે તુરત જ તેણે પચાસ હજાર એકરનો સંકલ્પ માન્ય કરી લીધો, આમ બૃહદ ગૂજરાતનો સંકલ્પ તો ધારણા મુજબ થયો, પણ સંકલ્પ કરવા કરતાંય તેને પાર પાડવો વધુ મુશ્કેલ છે.

શ્રી રવિશંકર મહારાજ અને બબલભાઈ એવા તો લાગ્યા છે કે ચાતુર્માસમાં પણ વણથંભ્યા પ્રવાસ કરી રહ્યા છે. ભાઈ નારાયણ દેસાઈ તો વિનોબાજી પાસેથી જ દીક્ષા લઈ આવ્યા છે અને રાતદિન એજ વિચારોમાં અને કાર્યોમાં પ્રથમથી મશગૂલ રહેતા હોય તેમ લાગે છે.

સંકલ્પ કરતી વખતે મારા મનમાં હું ન ભૂલતો હોઉં તો બે વર્ષ હતાં. ૩૦-૭-૫૨નો સંકલ્પ જો ત્રીસમી માર્ચે પૂરો થવાનો હોય તો બૃહદ ગૂજરાતે પણ તે દરમિયાન જ પોતાનો ભૂદાન કોટા પૂરો કરી આપવો જોઈએ. આ ચાતુર્માસ પૂરો થતાંની સાથે આ સંકલ્પ પૂરો થાય, એની ચિંતા રહ્યા કરે છે.

શ્રી મહારાજે તા. ૭-૧૨-૫૩ના પત્રમાં લખેલું 'હમણાં મારું કામ

ઠીક ચાલે છે, છતાં કોટા પૂરો થવો મુશ્કેલ લાગે છે.' પણ તેમના આ પત્ર પછી તો ઘણી જમીન મળી. છેલ્લા તા. ૩-૨-૫૪ના પત્રમાં લખે છે, 'ભૂમિદાન અંગે પ્રયત્ન તો થાય છે,પણ ખાસ માણસો નથી. નારાયણ, બબલભાઈ અને હું ત્રણ છીએ. બીજા મદદ તો ખૂબ આપે છે, પણ સ્વતંત્ર કરતા નથી. આપ આ સંબંધી લખશો તો વાંધો નથી. લોકોમાં પ્રચાર તો સારો થાય છે.'

ગુજરાતની પ્રજાને ભૂદાનને વિષે એટલો બધો હવે સ્પષ્ટ ખ્યાલ આવી ગયો છે કે તેણે હવે આ કામને પોતીકું ગણી લીધું છે, એમ હું માનું છું. આમાં માત્ર વિનોબાજીની ટેલનો સવાલ નથી; પણ બાપુની રામરાજ્યકલ્પના અહિંસક સાધનોથી જલદી સાધવાનો આ મહત્ત્વનો સવાલ છે.

બાપુએ ૪-૧૨-૪૨ના રોજ આગાખાન મહેલના કારાવાસમાં નીચેના ઉદ્‌ગારો કાઢ્યા છે :

*'એકલો રેંટિયો અને ગ્રામોદ્યોગ એ બેથી આપણે કદાચ એમ ન કરી શકીએ. (ગરીબીના સવાલનો નિકાલ ન કરી શકીએ.) સાથે જમીનના સવાલનો પણ ઉકેલ કાઢવો પડશે. જમીન વિષેનું મારું જ્ઞાન અધૂરું છે. કેવળ જાનવરો અને માણસોની મજૂરીથી આપણે જમીનમાંથી કેટલી સંપત્તિ પેદા કરી શકીએ એનો હિસાબ આપણે હજુ નથી કાઢી શક્યા; મગનલાલ હોત તો એમાં ઘણું થયું હોત. ખેતીની સાથે જ ગોસેવાનો સવાલ પણ છે.'*

સુશીલાબહેનની ડાયરીમાંના આ બાપુઉદ્‌ગારો આજે અગિયાર બાર વર્ષ પછી પણ તાજા જ લાગે છે. બાપુએ તો એમ પણ માન્યું છે કે ભારતવર્ષની પ્રજાના ખમીરમાં અહિંસા અને ત્યાગ સહજ વણાયેલાં છે. વિનોબાજીએ એ જ વિશ્વાસે આ હિલચાલ ઉપાડી છે ને તે આગળ ધપી રહી છે. હું તો આ ચળવળને ગામડાંઓને એક કરનારી અને પ્રતિષ્ઠા આપનારી ગણતો હોઈને ગ્રામસંગઠનનો ભૂદાનયજ્ઞ પાયો ગણીને આધ્યાત્મિક દૃષ્ટિએ પણ સતત સમર્થન કરી રહ્યો છું.

ગુજરાતમાંના ભૂદાન સમિતિના સંકલ્પની સાથે જ સૌથી પ્રથમ સંકલ્પ ભાલ નળકાંઠા પ્રા. સંઘે ચાર તાલુકા પૂરતો ખસ મુકામે જ પાંચ હજાર એકરનો સંકલ્પ જાહેર કર્યો. ખસ ગામે એ સંકલ્પ પૂર્તિનું ત્યાં જ મંગલાચરણ કર્યું.

મારો સૌથી પ્રથમ અધિકાર ભા. ન. પ્રા. સંઘ પ્રત્યે છે. સંઘના પ્રમુખશ્રી રવિશંકર મહારાજે તો આખા ગુજરાતનું માથે ઉપાડ્યું છે, અને હું સવા વર્ષથી અહીં છું.

હવે હું ગુજરાતને થોડું વિનવીશ. ગુજરાતને અપીલ કરવાની મારી યોગ્યતાનો વિચાર કરવા થંભવા મારું મન ના પાડે છે. મને એક વખત વિનોબાજી આવી મતલબનું બોલ્યાનું યાદ રહ્યું છે, 'ગુજરાતમાં અહિંસાની દિશામાં સારી એવી પ્રગતિ છે, પણ સત્ય બાબતમાં એ પ્રગતિ નથી જણાતી.' જો આ મારી યાદી સાચી હોય તો ? અને ખરે જ ગુજરાત ગાંધીજીની દૃષ્ટિએ જોતાં સત્યમાં આગળ નથી, એમ કબૂલતાં આપણે શા સારુ ખચકાવું જોઈએ ? મારી મુખ્ય ચિંતાનું મૂળ આ છે. ગુજરાત પોતાનો સંકલ્પ પૂરો નહીં કરી શકે ? પોતાનું વચન સત્ય નહીં કરી શકે ? આ વિચાર જ આપણને જંપવા દે તેવો નથી. અલબત્ત, માનવી પુરુષાર્થનો જ અધિકારી છે, પણ ખરું પૂછો તો ભાઈ નારાયણ, બબલભાઈ અને શ્રી મહારાજની જેમ શ્રી મહારાજને ચાહનારાં આપણાં સૌ ભાઈ બહેનોએ કામે લાગી જવું જોઈએ. ભૂદાનયજ્ઞમાં આટલા બહોળા અનુભવે આપણને સૌને એ સ્પષ્ટ બતાવી આપ્યું છે કે ગરીબમાં ગરીબ ખેડૂત પણ ટૂકડામાંથી ટૂકડો ભૂદાન આપ્યા વિના રહેતો નથી. જોઈએ છે માત્ર તેના હૈયાને દ્વારે પહોંચી અપીલ કરનારાં સેવક સેવિકાઓ.

જે ચિંતા ગુજરાતની છે, તેના કરતાંય વિશેષ સૌરાષ્ટ્ર કચ્છને લાગુ પડે છે. વિનોબાજી લખે છે : 'સૌરાષ્ટ્ર કા કામ આપને ઉઠા લિયા હૈ ઈસસે વહાં કે લિયે મૈં નિશ્ચિંત હું' કારણ કે હું આજે સૌરાષ્ટ્રમાં બેઠો છું. જો કે કામ ઉઠાવ્યું છે, સૌરાષ્ટ્ર ભૂદાન સમિતિએ ! હું તો આજે પથારીમાં બેઠો છું અલબત્ત મનમાં કાયમ આ ઝંખના રહે છે. હજુ હમણાં જ સૌરાષ્ટ્ર ભૂદાન સમિતિના સંયોજક વજુભાઈએ આવીને હસતાં હસતાં કહ્યું,

'સૌરાષ્ટ્રના પ્રધાન મંડળને મેં બરાબર એક માસ લગાતાર આપ્યો, હવે તેમની પાસેથી ભૂદાન કામમાં મારે સમય મેળવી લેવાનો છે.' વાત સાચી છે. જો ચૂંટણીમાં પ્રધાનમિત્રો એક કૉંગ્રેસી તરીકે આવા પાયાના પ્રશ્નોમાં સક્રિયરસ પોતાના બચત સમયમાં લે, એમાં હું કશું અજુગતું

જોતો નથી. આથી મેં શ્રી મોરારજીભાઈને વારંવાર લખ્યું છે. હું તેમનો ચાલુ કાર્યબોજ જાણું છું, તેમણે પોતાની મર્યાદા આંકી છે, તે મર્યાદામાં પૂરો રસ લીધો છે, તેય હું જાણું છું, અને છતાં આ કાર્યમાં તેમને વધુ ખેંચવાની લાલચ રોકી શકતો નથી. શ્રી કાનજીભાઈ અને તેઓ આજે લે છે, તે કરતાં જરાક વધુ પડતો રસ આ એક જ પ્રશ્ન પરત્વે લે, તો એક એક કૉંગ્રેસી ભાઈ બહેન આળસ મરડવાનીય વાટ જોયા વિના ચૂંટણી ઝૂંબેશ કરતાં અનેક ગણી હૃદય ધગશથી લાગી જાય એવી આશાથી આ લખું છું. છેલ્લે તો 'નિર્બલ કે બલ રામ' એ જ સાચું છે. એથી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થીને વિરમું છું કે તે બૃહદ્ ગુજરાતના એક એક ભૂમિધારકને હૈયે સ્પર્શીને માર્ચ માસના અંત પહેલાં સવાલાખ એકર કરતાંય વધુ ઢગલો કરી આપે ! બિહાર અને યુ. પી. વરસ્યાં છે, તે કરતાંય બૃહદ ગુજરાત સારી પેઠે વધુ વરસે !

(વિશ્વવાત્સલ્ય : ૧૬-૨-૧૯૫૪) **'સંતબાલ'**

❀

**મહાગુજરાતની અગ્નિપરીક્ષા**

મારી દૃષ્ટિએ આજે મહાગુજરાતની મહાન અગ્નિપરીક્ષા ચાલી રહી છે. એ અગ્નિપરીક્ષામાંથી પસાર થઈ શકશે કે કેમ, તે આજનો મહાપ્રશ્ન બની ગયો છે. રાષ્ટ્રના ભૂદાનયજ્ઞમાં એણે સવાલાખ એકર જમીન આપવાનો પહેલા તબક્કામાં સંકલ્પ કર્યો. એમાં પંચોતેર હજાર એકર જમીન ગુજરાતે કરી આપવાની અને પચાસ હજાર એકર જમીન સૌરાષ્ટ્ર કચ્છે કરી આપવાની છે. ખસ ગામે આ સંકલ્પનો વિચાર મને સ્ફુરેલો અને ત્યાં જ મારી સાક્ષીમાં ગુજરાત ભૂમિદાન સમિતિએ ગુજરાત પૂરતો પંચોતેર હજાર એકરનો દૃઢસંકલ્પ કર્યો. એ જ રીતે કચ્છ સૌરાષ્ટ્રની ભૂદાન સમિતિએ પચાસહજાર એકર ભૂદાન ભેળું કરવાનું નક્કી કરી નાખ્યું.

મારા મનમાં બે વર્ષે આ સંકલ્પ પૂરો કરવાની વાત હતી. એ મુદતને તો હજુ ખાસા ચાર માસ પડ્યા છે, પણ સમગ્ર દેશે માર્ચના અંતમાં સંકલ્પ પાર પાડવાનું ઠરાવ્યું, એ દૃષ્ટિએ આ લખાણ 'વિ.વા.'માં

બહાર પડે ત્યારે એ મુદત વીતી ચૂકી હશે. આવતી, સર્વોદય કાર્યકર સંમેલન મળવાની, તારીખ સુધી આ સંકલ્પમુદત લંબાવવાની નૈતિક છૂટ મળી છે; એમ સ્વીકારી લઈએ તોય હું આ લખું છું ત્યારથી માંડ માત્ર ત્રીસ દહાડા બાકી રહે છે. દરરોજના બે હજાર એકર જમીન ભૂદાનમાં મળે તો જ મહાગુજરાત સંકલ્પભંગની આપત્તિમાંથી બચી શકે. આજે હું સૌરાષ્ટ્ર કચ્છના સંકલ્પનો પ્રથમ વિચાર કરું છું, તો એણે પણ દરરોજની એક હજાર એકર મેળવ્યા વિના એનો સંકલ્પ પૂરો થાય તેમ નથી. જ્યારે આખાયે મહાગુજરાતની ગતિ હજુ કીડી જેવી છે. સૌરાષ્ટ્ર કચ્છનું પણ તેમ જ ગણાય. અલબત્ત આ ગતિ લગાતાર એટલે સંકલ્પ લીધો તે તિથિથી લગાતાર રહી હોત તો જરૂર ચાલી શકત, પરંતુ કેટલાક વિસ્તારોમાં ઊંઘ લાંબી લાંબી લેવાઈ ગઈ એટલે મહાગુજરાતે ગરુડ ગતિએ ચાલ્યા વિના હવે એનો છૂટકો નથી. બિહાર, યુ. પી. અને રાજસ્થાન સિવાય કોઈ પ્રાંતનો સંકલ્પ હજુ પૂરો થયો જાણ્યો નથી. સર્વસેવાસંઘના મંત્રીશ્રીએ સંકલ્પપૂર્તિનું આહવાન કરતાં નીચેના શબ્દો વાપર્યા છે :

**જો કે દેશભરમાં મેળવવા ધારેલો પચ્ચીસલાખ એકરનો ભૂદાનકોટા એક રીતે પૂરો થયો છે, પણ પ્રાંત પ્રાંતના સંકલ્પો હજુ ઘણા બાકી જ છે. આથી સર્વ સેવાસંઘ આગ્રહપૂર્વક વિનંતી કરે છે કે સંકલ્પપૂર્તિનું કર્તવ્ય અને તેનું મહત્ત્વ ધ્યાનમાં લઈને બધા લોકો પૂરી રીતે ભૂદાનકાર્યમાં લાગી જાય. કમમાં કમ અઢારમી એપ્રિલ લગીનો તો પૂરો સમય ભૂદાનકાર્યમાં જ લગાડે !**

**એ ન ભૂલવું જોઈએ કે આપણે કસોટીકાળમાં છીએ અને આપણે એમાંથી આબાદ રીતે ઊગરવું છે.'**

વિનોબાજીની ગયા જિલ્લામાં જે કસોટી થઈ રહી છે, એથી પણ વિશેષ કસોટી અહીં મહાગુજરાતની થઈ રહેલી હું જોઉં છું. જ્યારે મહાગુજરાત આવી તીવ્ર અગ્નિ કસોટીમાંથી પસાર થવાનું હોય ત્યારે સૌથી પહેલાં મારે મારું વિચારવું જોઈએ કે શું હું એમ કહી શકીશ ખરો કે મેં મારી મર્યાદામાં શક્ય તેટલા સઘળા સુપ્રયત્નો કર્યા છે ?

વાચકો જાહેર પત્રોથી જાણતા હશે કે તા. ૮-૩-૫૪ લગીમાં સૌરાષ્ટ્રભરમાં જો પચીસ ટુકડીઓ ન થાય તો પ્રતીકપ્રવાસ યોજવાનું મેં વિચારેલું.

કચ્છ સૌરાષ્ટ્ર ભૂમિદાનના સંયોજક શ્રી વજુભાઈ શાહ લખે છે : 'તા. ૮મી પહેલાં પચીસથી બેચાર વધારે એટલી સંખ્યાની ટુકડીઓ હતી તેની મને ખાતરી છે. આજે ટુકડીઓ એથી પણ થોડી વધારે હશે, એવી મારી માન્યતા છે. કાગળોને અભાવે તેની ચોક્કસ સંખ્યા હું આપી શકતો નથી, એટલું જ.'

સૌરાષ્ટ્રમાં આટલી બધી ટુકડીઓ ફરવા છતાં જવાબ કેમ બહાર દેખાઈ આવે તેવો મળતો નથી ? શું ભૂધારકો ના પાડે છે ? ના જમીન તો એટલી બધી મળે છે કે હમણાં વિધિસરના કાર્યકર નથી તેણે એક જ ગામમાંથી એકસો ચુમાલીસ એકર જમીન સહજમાં મેળવી, અને બીજા ગામો પણ સારો જવાબ વાળે છે; તેમ તેમના પત્રથી જણાય છે. આવું જ બીજા કેટલાકના પત્રોથી જણાય છે; તો પછી ખામી ક્યાં છે ?

મુંબઈના નાણાંપ્રધાન લખે છે : આ (ભૂદાન) અંગે આપ તેમજ શ્રી રવિશંકર મહારાજ જે સતત પ્રયાસ કરી રહ્યા છો, તે માટે... પરમાત્મા આપના કાર્યમાં સફળતા આપે એવી મારી પ્રાર્થના છે.

શ્રી ઢેબરભાઈ હાલમાં તાવમાં પટકાયા છતાં લખે છે : 'ગમે તે કારણ હોય, પણ વાતાવરણ મારો સંદેશો પકડી શકતું નથી... હું ભૂદાનનું કામ ભૂલી તો ગયો નથી... આપની વ્યથા સમજી શકું છું. વજુભાઈ ભૂદાન પાછળ લાગી ગયા છે.'

મુંબઈના પંતપ્રધાનશ્રી લખે છે : '... તમે એ કામ જે ઉત્કટતાથી કરો છો, એટલી ઉત્કટતાથી આપણા બીજા કાર્યકરો પણ કરે, એવું હું જરૂર ઈચ્છું... દાનનો આંકડો એકદમ મોટો નથી થતો (કારણ કે) લોકો પાસે જે જમીન છે, (એ બીજે કરતાં મહાગુજરાતમાં) થોડી થોડી છે. આમ છતાં કેટલીક જગ્યાએ જ્યાં સારી રીતે પ્રચાર થયો છે ત્યાં જવાબ સારો મળ્યો છે, એટલે રચનાત્મક કાર્યકરો તેમજ કૉંગ્રેસીઓ નિષ્ઠાપૂર્વક આંદોલન ઉપાડે અને ધીરજથી બધે ફરે તો લોકો એનો જવાબ આપ્યા વિના નહીં રહે એવું હું તો માનું છું.'

શ્રી મોરારજીભાઈની આંકડો નથી વધતો તેના કારણોવાળી દલીલ સાચી છે. જ્યાં બસો એકરથી વધુ મળી છે ત્યાં માલિકીહક જ મળ્યો છે, એ વાત સાચી છે. આ દષ્ટિએ ગુજરાત સૌરાષ્ટ્રના ભૂદાનનું મૂલ્ય

જમીનદારીવાળા પ્રાંતો કરતાં ઘણું વધારે છે. સાથો સાથ બધા કાર્યકરો બધે જ નિષ્ઠાપૂર્વક ફરે તો 'લોકો એનો જવાબ આપ્યા વિના નહીં રહે' તે દલીલ પણ સાચી છે. જેમ મેં સૌરાષ્ટ્રના ગામડે ફરનારા કાર્યકરોના થોડા પત્રો વિષે ઉપર કહ્યું તેમ ગુજરાતનાય પત્રો આશાજનક છે.

આવા પત્રોથી આભારવશ ગદ્ગદિત બની જવાય છે, પરંતુ મારા મનમાં એમ લાગ્યા કરે છે કે હજુ ભૂદાન ધગશમાં ક્યાંક ભારે કચાશ રહી જાય છે. હું તો મારું જ વિચારું તો મહાગુજરાતના ભૂદાન સંકલ્પના સાક્ષી તરીકે મેં જ કર્યું છે, તેથી મને પૂરતો સંતોષ નથી. મારે હજુ વધુ શુદ્ધ થઈ મહાગુજરાતના આત્માને ઢંઢોળવો રહ્યો. ગઈ તા. ૧૫મીની રાત્રે ફરી અગાઉના ઉગ્રપગલાંના વિચારે અંતર તણાઈ રહ્યું હતું. હજુ ગઈ કાલે રાત્રે પણ એના એ વિચારો આવતા હતા. મને એમ થયા જ કરે છે કે મહાગુજરાતનો આત્મા જાગે તો સવાલાખ એકરના સંકલ્પની અગ્નિપરીક્ષામાં એ જરૂર પસાર થઈ જશે.

મહાગુજરાત એ શ્રીકૃષ્ણવાસુદેવની રાજ્યભૂમિ છે. મહર્ષિ દયાનંદસ્વામીની જન્મભૂમિ છે. અખંડાનંદ જેવા સંન્યાસીની કર્મભૂમિ છે. બાપુજીની તો જન્મભૂમિ અને કર્તવ્યભૂમિ બંને છે. એક જ બારડોલીએ દેશને દિશા બતાવી. આજે આખું મહાગુજરાત શું સંકલ્પની પ્રતિજ્ઞા પણ પૂરી નહીં કરે ? એણે યાદ રાખવું જોઈએ કે સર્વમાન્ય એવા અહિંસકયજ્ઞમાં સૌએ હિસ્સો આપવાનો છે. કોઈએ 'ફલાણો કરશે' એમ માની દરકાર ટાળી નાખવાની નથી જ.

ભાવનગર, તા. ૧૯-૩-૫૪ **'સંતબાલ'**

❀

## સંકલ્પ પૂરો થયો (કુદરતની અપાર કરુણા)

સાધકની સમજણમાં ચાહે તેટલી ક્ષતિ હોય, કેટલીક બાબતો પોતાના અંતઃકરણમાં સ્પષ્ટ હોવા છતાં બીજાઓને તે તત્કાળ ન સમજાવી શકતો હોય તોયે જો એની કુદરતનિષ્ઠા વફાદારીવાળી હોય અને ઈરાદાપૂર્વક કોઈનેય ન દુભવવાની સાફ વૃત્તિ હોય તો ચોમેરના અંધારામાંય; તેને

પ્રકાશ મળે છે, અવશ્ય સાંપડે છે. આવા પ્રસંગો મારી અંગત અને સમષ્ટિગત સાધનામાં બન્યા છે. આ એકનો એમાં ઉમેરો થાય છે.

તારીખ ચોવીસની રાત્રે રાજકોટથી એક કોલ આવ્યો. મણિભાઈએ હાથમાં લીધો. તેમણે આ મતલબનું સાંભળ્યું : 'હું અને શ્રી ઢેબરભાઈ એકસો પચીસ ટકા ખાતરી આપીએ છીએ કે સૌરાષ્ટ્ર કચ્છનો ભૂદાન સંકલ્પ પૂરો થશે જ. કારણ કે મેં ગઈ કાલે મુનિશ્રીને જે ચિઠ્ઠીમાં મારી જાતે જે લખેલું, તે વિષેની બરાબર... ની સાથે વાત થઈ ગઈ છે.'

આ ચિઠ્ઠીની વિગત હું હાલ અહીં સ્પષ્ટ નહીં કરી શકું, પણ એટલું કહેવા તો અહીં ઇચ્છું જ છું કે મારી કલ્પનામાં જે અંદાજી આંકડા સૌરાષ્ટ્ર કચ્છના ભૂદાન સંકલ્પમાં ખૂટતા હતા, તે બધા ભૂદાનયજ્ઞની ઝોળીમાં લગભગ પૂરા પડી ગયા જેટલી પૂરી ધરપત આમાંથી મળી જાય તેવું હતું.

આથી કોલ કરનાર વજુભાઈ શાહ કે જેઓ સૌરાષ્ટ્ર કચ્છ ભૂદાન સમિતિના સંયોજક પણ છે, તેઓને મેં જવાબ વાળ્યો :

તમારા (આ) સમાચારથી હું સંતોષ પામું છું અને આપણા સૌ ઉપર પ્રભુની જે દયા ઊતરી છે, તે બદલ પ્રભુનો પાડ માનું છું. તમારી વાત સાચી છે કે મારા નિર્ણયની પાછળનો હેતુ (આ સમાચારથી) પૂરેપૂરો સરી રહે છે શ્રી ઢેબર જેવા સૌરાષ્ટ્રનું માથે લે એટલે જનતા જનાર્દનનો સાથ (બંને રીતે) મળશે એની મને પ્રતીતિ છે. અને છતાંય (આસમાની સુલતાનીએ આ પછી પણ) સંકલ્પ તૂટશે તો હું તારીખ અઢારમી એપ્રિલ પછી મારા આત્મસમાધાન માટે પ્રાયશ્ચિત વિચારી લઈશ. આટલું થયા પછી હવે આવતી કાલે (કારણ કે રાત્રિભોજન ત્યાગનું વ્રત હોઈ) પારણું કરવામાં કશો વાંધો હોઈ ન શકે.' સૌને આથી નિરાંત થઈ.

મારા મનમાં જે સંકલ્પપૂર્તિ એકત્રીસમી માર્ચ પહેલાં થવાને બદલે અઢારમી એપ્રિલ લગીમાંય શંકાસ્પદ લાગવાના આશયે મેં જે નિર્ણયની ધરપત આટલી વહેલી થવાની ત્યારે મને સ્વપ્નેય ખબર ન હતી કે સંકલ્પ પૂર્તિમાં ખૂટતી બધી જમીન જાણે ભૂદાન ઝોળીમાં પડી જશે ને બે ઉપવાસમાં ઉપવાસોનો અઢારમી એપ્રિલ પહેલાં અંત આવી જશે. આ છે કુદરતની અપૂર્વતા !

વાચકો જાણે જ છે કે ખસ (ધંધુકા) મુકામે મહાગુજરાતનો ભૂદાન સંકલ્પ રાષ્ટ્રભરના સંકલ્પોની અપેક્ષાઓ મને સવા લાખ એકરનો સ્ફૂરેલો. ગુજરાત ભૂદાન સમિતિએ અને ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘે (ગુજરાતમાંના પોતાના કાર્ય પ્રદેશ પૂરતો) પાંચ હજાર એકરનો સંકલ્પ કરેલો. સંઘનો સંકલ્પ ફેબ્રુઆરીમાં (એટલે મુદત પહેલાં ઘણો વહેલો જ) સંપૂર્ણ થયો, ગુજરાતનો થયો નથી. ગુજરાત ભૂદાન સમિતિના સંકલ્પનો હું પ્રત્યક્ષ સાક્ષી હતો, પણ ત્યાં મહારાજ,બબલભાઈ અને નારાયણ સતત લાગી રહ્યા છે, એટલે અને હું હાલ દોઢેક વર્ષથી અહીં હોવાથી સૌરાષ્ટ્ર કચ્છનો સંકલ્પ ભંગાય એ મને અસહ્ય થઈ પડતું હતું. ઘણાં પ્રયત્નો છતાં મને તેનું સમાધાન થતું નહોતું, પચીસ ટુકડીઓની વાતે થોડું થયું, પણ જવાબ જોઈએ તેવો ત્યારે ન મળ્યો એટલે ફરી અસમાધાને જોર કર્યું. છેવટે ઉપવાસના વિચારો આવવા જ લાગ્યા. આ વિચારમાં થોડા સંગીઓ આગળ મેં બે વાતો મૂકી.

કાં તો (૧) માર્ચના અંત લગીમાં નવ હજાર એકર જમીન મળે તો ઠીક સમાધાન થાય, નહીં તો પાંચ એકી સાથે અને બીજા થોડા તે નવ દિવસમાં થાય અથવા નવેય ઉપવાસ સાથે પણ આવે.

કાં તો (૨) તા. ૨૨-૩-૫૪થી તા. ૧૬-૪-૫૪ લગી જ્યારે એક હજાર એકર પુરાય ત્યારે ત્યારે પારણું થતું જાય,બાકીના ન પુરાનાર દિવસો ઉપવાસના આવે. આથી અંદાજે મારી કલ્પનામાં છવીસ હજાર એકર પુરાય તો ઉપવાસ ન થાય અને સંકલ્પપૂર્તિ પણ થાય. સંકલ્પ ન પુરાય તો ઉપવાસો થવાથી મારું મન સમાધાન પામે. આ બે વિચારો પૈકી ન છૂટકે થોડા સંગીઓ બીજો વિચાર શરીર દૃષ્ટિએ પણ વધુ સારો ગણી સંમત થયા. મારું શરીર પણ હવે મારી આગવી સંપત્તિ છે, એમ હું નથી જોતો. છતાં પણ શરીર અને નૈતિક મૂલ્યો વચ્ચે પસંદગી કરવાની આવે ત્યારે હું શરીર તરફ બેદરકાર તો ન જ રહું પણ એને ભોગે પણ નૈતિક મૂલ્યોની રક્ષા પસંદ કરું તે સ્વાભાવિક છે. મારે મન આ સમાજના નૈતિક મૂલ્યોનો પ્રશ્ન હતો. અંતઃકરણ અને સમાજમાં માન્ય માણસો એ બે વચ્ચે સુમેળ ન જ પડે, ત્યારે મારે અંતઃકરણને જ વફાદાર રહેવાનો મારો ધર્મ થઈ પડે. જો લાગતાં વળગતાંઓ પૈકી કેટલાંક મુખ્યને સંમત

કરીને મેં નિર્ણય લીધો હોત તો સારું હતું, એમ મેં માન્યું જ હતું. જે કેટલાંક મુખ્ય જણ આ નિર્ણય પછી સતેજ થયાં, તેટલાં ને તેવી રીતે સતેજ પ્રથમ થયાં હોત તો સંભવ છે કે ઉપવાસવાળા નિર્ણયની હદ લગી સંકલ્પભંગની શંકાને લીધે થયેલી મનોવ્યથાએ જવું મને અનિવાર્ય થયું તે પણ અનિવાર્ય ન થાત. અને તેમ બનત તો મારા ઉપવાસવાળા નિર્ણયથી અને આ તબિયતે થયેલા ઉપવાસથી જે થોડો ઘણો શરૂઆતમાંથી પ્રતિકૂળ આઘાત જન્મ્યો તેય ન જન્મ્યો હોત.

આ પ્રશ્ન માત્ર ભૂમિદાનને લગતો નથી, પણ ભૂમિદાનના સામુદાયિકસંકલ્પને લગતો છે. સંકલ્પ એ મારે મન ગાજરમૂળા જેવી ચીજ નથી, તે છોડતાં અને આદરતાં સો ગળણીએ ગળવું જોઈએ. સામુદાયિકસંકલ્પો પ્રતિજ્ઞામૂલ્યે પાર પડે, તેમાં સમાજનું નૈતિકધોરણ ઊંચું જાય છે. સૌરાષ્ટ્ર-ગુજરાત તો અનેક સંતો અને મહંતોની ભૂમિ ગણાય. મારા નિર્ણયનું મૂળ સંકલ્પભંગની આપત્તિથી મહાગુજરાત અને તેમાંય સૌરાષ્ટ્ર કચ્છ સાવ ઊગરે એ દૃષ્ટિમાં હતું. સંકલ્પ ભાંગ્યા પછી હું પ્રાયશ્ચિત કરવાનો પુરુષાર્થ કરું તે કરતાં વ્યક્તિ અને સમાજસાધનાની દૃષ્ટિએ મારા, કાર્યકરોના અને જનતાના ત્રણેયના આત્માને ઢંઢોળું, શુદ્ધ કરું એ વધુ વેળાસર હતું એ સુધર્મ્ય પણ મારે મન એ હતું. એટલે એ ભૂદાન સાથે સંકલ્પને સંબંધ હોઈને ભૂદાનના પ્રમાણ સાથે આ મારા નિર્ણયને જોડ્યો હતો. એથી જ જમીન રાજ્ય તરફથી મળે કે જમીનદારો તરફથી મળે અથવા જનતા તરફથી મળે તે આ નિર્ણયમાં ગૌણ વસ્તુ હતી. શ્રી ઢેબરની ખાતરીને મેં મહત્તા વધુ આપી કારણ કે તેઓ ભૂદાનસમિતિને મદદ કરવા જાતે ગયા છે. આથી ભૂદાનસમિતિની શોભા ઘટતી નથી, મને લાગ્યું છે કે વધે છે. તેમ શ્રી ઢેબરભાઈ રાજતંત્રના અગ્રણી આજે હોઈ આવાં કાર્યોથી રાજતંત્રની પણ શુદ્ધિ અને શોભા વધે છે.

ભૂદાનના કામને હું જનશક્તિની પ્રતિષ્ઠા સ્થાપનારું એક પગલું ગણું છું. જનશક્તિની પડખે બહુજન નિર્મિત રાજતંત્ર શક્તિ સ્વેચ્છાએ જાય એ ભારતીય લોકશાહીના ભાવિને ઊજળું નિમિત્ત આપે છે. અલબત્ત જનશક્તિએ જનસંસ્થાએ રાજતંત્રગત શક્તિમાં અંજાઈ ન જવું જોઈએ, ઊલટો પોતાનો પ્રભાવ તેના પર પડે તેમ જાગૃત રહેવું જોઈએ. આ

દષ્ટિએ હું એમ પણ કહું કે રાજ્યની જમીનની કે રાજ્યતંત્રનાં અંગોની સ્વેચ્છાએ આવેલી મદદની કદર ભલે કરે પણ સૌરાષ્ટ્ર કચ્છ ભૂદાન સમિતિના કાર્યકરો તો તેવી રાજ્યની સીધી મદદ વિના પોતાની સમય મર્યાદામાં જ જનતાની જ મદદ ઉપર પોતાનો ભૂદાન સંકલ્પ પૂરો કરે ! મને સંયોજકશ્રી અને પ્રમુખશ્રીના વાર્તાલાપથી જણાયું કે સંકલ્પને તેઓએ માત્ર કોટાની ધારણા આજ લગી કલ્પેલી, એટલે એમની દષ્ટિએ તો બરાબર જ છે; છતાં હવે તો મને જે હદે પ્રતિજ્ઞા ભંગની ચિંતા થતી હતી તે ચિંતાને લક્ષ્યમાં લઈ ભૂદાનસંકલ્પ પૂરો કરવામાં તેઓ અને આખું સૌરાષ્ટ્ર કચ્છ લાગી જાય. મેં તો અહીં પણ પારણાં પછી કાર્યકરોને આ જ ધગશ રાખવાની કહી છે. વધુ રાખે તેમાં કહેવાની સમિતિ અને સૌરાષ્ટ્ર કચ્છની વિશેષતા છે. હવે એક જ વાત કહેવાની અત્યારે રહે છે, તે એ કે મેં અમુક મર્યાદિત લાગતા વળગતાંઓને જ મારા આ નિર્ણયની જાહેરાત કરેલી હોઈ નિર્ણયની પૂરી વિગત, એની પાછળનો મુખ્ય હેતુ અને નિર્ણય પાર પાડવાની કુદરતી કરુણાની વિગત છાપાંઓમાં કે બીજેથી ગેરસમજૂતભરી કે અધકચરી મળી હોય તેનો મારા આ લખાણથી હવે ખુલાસો થઈ જશે.

❑

## ગુજરાતમાં ભાલ નળકાંઠા ક્ષેત્રે સૌથી પ્રથમ પોતાનો સંકલ્પ પૂરો કર્યો

મારી ધારણા પ્રમાણે ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘે કરેલો સંકલ્પ હવે પૂરો થઈ ચૂક્યો છે ! ફેબ્રુઆરી પૂરો થતાં પહેલાં જ તેની આવી ફતેહ જોઈને મારા હર્ષનો પાર રહ્યો નથી. મેં અંગત તો પ્રાયોગિક સંઘના નેજા નીચેની ભૂદાન ટૂકડીઓને ધન્યવાદ પાઠવ્યા જ છે, આજે ભૂદાન દાતાઓ અને તે સૌને અહીં જાહેરમાં ધન્યવાદ આપું છું. જો કે પ્રાયોગિક સંઘની પ્રત્યેક પ્રવૃત્તિ અને આ વિસ્તાર સાથે આજે તો મારી એટલી બધી આત્મીયતા છે કે તેમને સારુ મારે તો ધન્યવાદ આપવાની કોઈ જરૂર નથી, છતાં એક રીતે મારા તરફથી પણ કૃતજ્ઞતા વ્યક્ત કરવા તથા આ પરથી ગુજરાત સૌરાષ્ટ્ર કચ્છના ભૂદાન કાર્યકરોને પ્રેરણા આપવા તેમને માટેની આ નોંધ હું આંતરિક ધન્યવાદ અને મોટી ખુશી સાથે અહીં કર્યા

વિના રહી શકતો નથી. સૌથી મોટો પાડ તો નિસર્ગમૈયાનો જ માનું કે તેણે ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘનો સંકલ્પ વહેલામાં વહેલો પાર પાડ્યો. મારા ખ્યાલ મુજબ આ સંકલ્પ થયો પણ પહેલો અને પાર પડ્યો પણ પહેલો. આ ચાર તાલુકાની વસતિ લગભગ પાંચ લાખની છે. છત્રીસ કોટા મર્યાદા મુજબ તો આવતા માર્ચના અંત પહેલાં એને માટે માત્ર અઢી હજાર એકર પૂરતા હતા, પણ આને બધી દૃષ્ટિએ મેં પ્રયોગ ક્ષેત્ર ગણ્યું હોઈને પાંચ હજાર એકર સંકલ્પ કરાવવામાં મારી ઇચ્છા હતી, તે કબૂલવું જોઈએ હવે મને આશા છે કે આખું મહાગુજરાત પોતાના આ નાના વિસ્તારમાંથી બોધપાઠ લેશે. બૃહદ ગુજરાતમાં સૌને સાચા દિલનો અને દેહ દિમાગનો પરિશ્રમ હશે તો કુદરત સાથ આપ્યા વિના રહેવાની નથી, એવી મને શ્રદ્ધા છે. સંઘ માટે તો હવે તેણે ભૂદાન પછીના આગળના કામને સારુ ગ્રામ કેંદ્રિત આયોજનને માટે તૈયાર થઈ જવું જોઈએ. વર્ષોથી કામ ચાલે છે, એટલે અને છેલ્લી ઉમ્મરગઢ ખેડૂત પરિષદની કાર્યવાહી તથા ઠરાવો જોતાં આ કામ તેને માટે બહુ અઘરું નહીં બને, એમ પણ હું માનું છું.

❑

**સંઘનો સંકલ્પ પૂર્ણ થયો**

પોતાના કાર્યક્ષેત્રમાંનો ભાલનળકાંઠા પ્રાયોગિક સંઘનો સંકલ્પ પૂરો થયાની બીના જાણી લીધા બાદ તા. ૨૮-૨-૫૪ સુધીના તાલુકાવાર આંકડાની સ્થિતિ નીચે મુજબ છે :

ભૂમિદાન

| તાલુકો | ગામ | દાતા | જમીન એકર ગૂંઠા |
|---|---|---|---|
| ધોળકા તાલુકો | ૫૯ | ૯૯૨ | ૨૨૧૪-૨૫ |
| સાણંદ તાલુકો | ૨૪ | ૨૭૧ | ૩૫૭-૩૩ |
| ધંધુકા તાલુકો | ૬૨ | ૯૨૭ | ૨૭૧૧-૧૨ |
| વિરમગામ તાલુકો | ૨૮ | ૬૨ | ૫૦૪-૧૧ |
| ૪ | ૧૭૩ | ૨૨૫૨ | ૫૭૮૮-૧ |

## ભૂદાનનું કાર્ય એ ધર્મક્રાંતિનું કાર્ય ગણાય ?

પ્રશ્ન : ભૂમિદાન, શ્રમદાન અને સંપત્તિદાન આંકડાથી કે બાહ્ય દેખાવે દેખાડી શકાય, પણ એ આંકડા અને દેખાવ પાછળ જો સામાજિકન્યાય, ઊંડી વિવેકબુદ્ધિ અને રોજબરોજના વિશુદ્ધ જીવન વ્યવહારનો પાયો ન હોય તો તેવા દાનને ધર્મક્રાન્તિના કામમાં કેમ ગણાવી શકાય ? વળી આવા ન્યાય, આવી બુદ્ધિ અને આવું નિર્મળ જીવન છે કે કેમ અથવા થાય છે કે કેમ તેમને જોવાનું માપકયંત્ર શું ?

ઉત્તર : તમારા પ્રશ્નના બંને ભાગોને બે ઉપમા સાથે ઘટાવીને હું જવાબ આપું : દા. ત. क એક નદી એવી છે કે જે મુખમાં સાંકડી છે,પણ પછીથી પહોળી અને વ્યાપક થતી જાય છે. આવી નદીઓ લોકપ્રિય જરૂર થાય છે, પણ કેટલીકવાર સમુદ્ર લગી ન પૂગતાં તેમનું પાણી વચ્ચે જ ખતમ થાય છે. મારે મન આવી નદીઓનુંયે અમુક મૂલ્ય તો છે જ કારણ કે તે લોકોના કામમાં આવે છે, પરંતુ એવી નદીઓનું અમુક મૂલ્ય હું ધાર્મિક ક્રાન્તિના પાયારૂપ નહીં ગણું. નદી નાની હોય કે મોટી, સાંકડી હોય કે ઘણા વિસ્તાર વાળી, એની ખાસ કિંમત નથી. જે નદી સમુદ્રને મળે છે તેની જ મારે મન મુખ્ય કિંમત છે. સંભવ છે તે રસ્તામાં ભલે ઓછું દાન કરી શકે, પણ સમુદ્રમાં વિલીન થતાં અને વરસાદ રૂપે પુનર્જન્મ પામતાં તેને આવડે છે; એટલું બસ છે. જે ક્રમેક્રમે મોટી થતાં દરિયાને મળે તો તો તેની સર્વોચ્ચતા નક્કી છે જ. આંદોલનોનું પણ આવું જ છે.

ख જેમ મોઢાના ડાઘ કે સફાઈ જોવામાં આરસી પ્રમાણ છે, તેમ સમાજને અને વ્યક્તિને જોવાને માટે પણ એક આરસી છે. દેશની અખંડતા તૂટે નહીં, (૨) કોઈ વાસ્તવિક વસ્તુનું વાસ્તવિક મૂલ્યાંકન વધેઘટે નહીં અને જનતાની પોતામાંથી ઊઠતી તાકાત બંને બાજુથી હંમેશ વધતી જાય તેવું આંદોલન મારે મન સર્વાંગી આંદોલન છે; એ જ મારે મન વ્યક્તિ અને સમાજની સાચી આરસી અથવા સાચું માપકયંત્ર છે. સામાજિક ન્યાય, ઊંડી વિવેકબુદ્ધિ અને રોજબરોજના વિશુદ્ધ થતા જીવનવ્યવહારનો સાચો પાયો પણ તેમાં જ છે.

❑

### જીવનદાન-યજ્ઞ અને સાવધાની

ભૂદાનના વચગાળાના લક્ષ્યાંકને પૂગવા મથનારા સાચા સેવકોએ જોયું હશે કે ભૂદાનની ઝોળી લઈ ફરવા નીકળનારાના પોતાના આત્માનેય એ કાર્ય સ્વયં જગાડી મૂકે છે ! જે પોતાનો મૂઢ સ્વાર્થ લગારે છોડી શક્યો નથી, તે બીજાઓના મૂઢ સ્વાર્થને કેમ છોડાવી શકે ? જે પોતાના ગુસ્સાને રોકી શકતો નથી તે સર્વોદયમય કે ધર્મમય પ્રવૃત્તિમાં તન્મય શી રીતે થઈ શકે ? આચાર્ય કૃપાલાનીજી જેવા નિખાલસ પુરુષ એ વાતનો જાહેરમાં એકરાર કરવાની તાકાત બતાવી શકે. કોઈ જાહેરમાં બતાવે કોઈ મનમાં વિચારી જાતને બતાવે, પણ એ બાબતમાં ભારતના લોકો લગભગ એકમત થશે કે સ્વરાજ્ય પછી સત્તા લાલસા અને અંગત સ્વાર્થ એ બંને પ્રવાહો પૂર ઝડપે વધી રહ્યા હતા અને હજુ એ ચાલુ જ વધી રહ્યો છે.

આવા કટોકટીના સંયોગોમાં માત્ર થોડો ઉપદેશ અથવા માત્ર ફૂરસદ વખતની થોડીક સેવા અપૂરતાં જ બની રહેશે. જેમ એક બાજુ હિંસાનું પ્રાબલ્ય પલ્લું ઘણું વધી જાય, તેમ બીજી બાજુ અહિંસાનું પ્રાબલ્ય પલ્લું તેટલા જ વધુ પ્રમાણમાં વેગપૂર્વક વધી જવું જોઈએ. નહીં તો આમ સમાજમાં હિંસાની પ્રતિષ્ઠા સજ્જડ થઈ જાય ! એ જ રીતે આજે એક બાજુ 'હું જીવું, હું જ ભોગવું, હું જ બીજાઓનો ભોગ લઈને સુખે ફર્યા કરું' એવા સ્વાર્થે માઝા મૂકી છે, તો બીજી બાજુ 'હું સર્વે કલ્યાણને સારુ પહેલો મરવા તૈયાર થઉં, હું જ ત્યાગું અને હું જ ત્યાગના સુખની સૌ પહેલાં લહાણ લઈ લઉં.' આવી પરમાર્થ ભાવનાનું પલ્લું વધવું જ જોઈએ. માત્ર ભૂદાન, માત્ર સાધનદાન, માત્ર સંપત્તિદાન, માત્ર બુદ્ધિદાન કે માત્ર શ્રમદાન નહીં પણ સમગ્ર રીતે જીવનદાન આપનારા મરજીવાઓ સારા પ્રમાણમાં આગળ આવે, તો જ એ બની શકે. સદ્‌ભાગ્યે બુદ્ધગયા સંમેલનમાં શ્રી જયપ્રકાશજીના જીવનદાનથી એ માર્ગે પહેલ થઈ છે અને એનો પ્રભાવ ખુદ વિનોબાજી જેવા ભૂદાનયજ્ઞના પ્રણેતા ઉપર પણ પડ્યો અને એમણે શ્રી જયપ્રકાશજીના માર્ગનું જાતે અનુકરણ કર્યું. આ અદ્‌ભુત પ્રસંગે આશાદેવીની જેમ અનેક જિજ્ઞાસુઓનાં હૈયાંને અપીલ કરી હશે. એમાં શંકા નથી. શ્રી રવિશંકર મહારાજનો પોતાનો પત્ર મને મળ્યો નથી, પરંતુ એમણે પણ આ માર્ગ ત્યાં જ સ્વીકારી લીધાનું

છાપાંઓ અને બીજા દ્વારા મેં જાણ્યું છે. દેશના નાનાં મોટાં પાંચસો પચાસ ઉપરાંત ભાઈબહેનોએ આ સર્વોચ્ચ માર્ગનું અનુકરણ કર્યું છે, તેમ હેવાલો કહી જાય છે.

સમગ્ર જીવનદાન કરનારાંઓ જ અભિનવ સમાજરચના માટેની અહિંસક ક્રાન્તિના પ્રાણસૈનિકો છે, એ વિષે શંકા જ નથી. જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મના શ્રમણોનો ભૂતકાળ આ પ્રાણસૈનિકોને સારુ માર્ગદર્શક બને તેવો હોઈ આવા જીવનદાતા વીરોની આટલી પ્રશંસા કરી હું થોડાક સાવધાનીના શબ્દો પણ અહીં કહી દેવા માગું છું.

આત્મસાધનાના લક્ષ્યમાં ચાલતાં ચાલતાં મને સ્ફુરેલી શુદ્ધ સમાજસાધનાના જાત અનુભવોનું આ શબ્દો પાછળ નક્કર પીઠબળ પડેલું હોઈ હું આટલું નિઃસંકોચે પ્રેમભર્યા નમ્ર ભાવે કહી શકીશ.

(૧) જીવનદાનમાં આંધળિયું અનુકરણ કરવા કોઈ ન લલચાય ! ઘણા પુખ્ત વિચાર અને પોતાના ચાલુ કર્તવ્યોનો વિચાર કર્યા પછી જ એ માર્ગે સાચું અનુકરણ કરવું ઘટે. વળી જેઓ સાચી ક્રાન્તિકારી સંસ્થામાં કે કાર્યવાહીમાં આ પહેલાં હોમાઈ ચૂક્યા છે તેઓનાં નામો આ જીવનદાતાની નામાવલીમાં નોંધાય કે ન નોંધાય તે સરખું જ છે.

(૨) જેઓ સાધુવેશ સજતાંની સાથોસાથ પોતાને ત્યાગી માની પ્રજા દ્વારા પૂજાવા માંડે છે, તેમનું મિથ્યાભિમાન તેમને આગળ વધતાં અને તેમની દ્વારા પ્રજાને આગળ વધવા દેવામાં જેમ જબ્બર રૂકાવટ કરે છે; તેમ આવા જીવતદાતા કાર્યકરોએ નમ્રતા વધારવામાં અને ત્યાગ સંયમ તપ વધારવામાં સતત સાવધાન રહેવું જોઈએ. ઉપરાંત ત્યાગ સંયમ તપમાં ઓછાં રહેનારાં રાજ્યતંત્રનો કે પ્રજાના અંગોને વાત્સલ્ય રેડી ઉપર લાવવા જોઈએ.

(૩) સાધુ દીક્ષામાં કંચન અને કામિનીના સ્પર્શજન્ય ભયસ્થળોથી બચવા ખાસ કહ્યું છે, તે શીખ આ જીવનદાતાઓ પણ નહીં ઝીલે તેમ જ સાદાઈભર્યું સ્વાવલંબન આચારમાં નહીં મૂકે તો તેમની ભ્રામક બુદ્ધિ તેમને કોઈ ને કોઈવાર છેતરીને પાડવાની જ છે, એ યાદ રાખવું જોઈએ. મતલબ કે આ જીવનદાન માર્ગે જનારાઓએ આજથી જ, વિવાહિત સ્ત્રી પુરુષ બંનેએ સમજપૂર્વક માલિકીહકની અને સંતાનોની મર્યાદા પ્રથમ બાંધી લેવી પડશે. જેઓ અવિવાહિત હશે તેમણે સ્ત્રી મિલનના કે પોતે

સ્ત્રી જીવનદાતા હશે તો પુરુષ મિલનના વારંવાર પડતા પ્રસંગોમાં કાં તો ટકવા જેટલું બળ સાધી લેવું પડશે અથવા તે જાતની સાધનાની ઊણપ હોય, તો એવા અતિ સહવાસના પ્રસંગો ટાળવા તત્પર રહેવું જોઈશે. અવિવાહિતે વિવાહિત થઈને જીવનદાન આપવાનું હશે, તો તેણે બંનેએ સો ગળણે આ બધા સૂચન પ્રથમ ગાળવાં પડશે.

(૪) આપણા દેશમાં કૉંગ્રેસ સિવાયના બધા રાજકીય પક્ષો સત્તા મેળવવાના પાયા ઉપર ઊભા થયા છે. આનો ચેપ હવે કૉંગ્રેસને પણ લાગતો જાય છે ! તેથી આવે સમયે સૌની સત્તા લાલસા છોડાવવા માટે આવા જીવનદાતાઓ પોતે કૉંગ્રેસના હોય તોયે તેમણે સત્તાનાં અગ્રસ્થાનોથી અલગ થઈ મટી જવું પડશે. બીજા પક્ષોના તો સામાન્ય સભ્યપદને પણ તેમણે તજવું જોઈશે. તેઓ બીજા રાજકીય પક્ષો સાથે પોતાની ચાલુ ફરજોને લીધે પણ જ્યાં લગી જોડાયા હશે, ત્યાં લગી તેમના પ્રત્યે શંકા રહેવાનો ખરેખરો ભય છે જ.

(૫) ગામડાના પ્રશ્નોને મોખરે રાખવાનો અહિંસક યુદ્ધમાં શહેરો, સ્થાપિત હિતો, ન્યાયતંત્ર તથા વહીવટી તંત્રના અંગો કેન્દ્રિત સત્તાવાદ અને પૂંજીવાદ એ બધાં સામે આ જીવનદાતાઓએ સતત ઝૂઝવું પડશે. આવાં કાયમી ઘર્ષણો વચ્ચે રાગદ્વેષ વધવા ન દેવાં ને રાગદ્વેષ ઘટે તેવું જ જીવન જીવવું, એ કામ અત્યંત કઠિન છે. માટે તેણે આત્મશ્લાઘાથી તેમજ પરનિંદાથી બચવાના અને ક્ષમાશીલતા સાથે સત્ય, પ્રેમ અને ન્યાય સાચવવાનાં વ્રત લેવાં પડશે.

(૬) દેશને શુદ્ધ અને મજબૂત પક્ષીય સરકારો આજે જરૂરની છે, ભવિષ્યે પણ એક એવી મધ્યસ્થ સરકાર તો જરૂરી રહેશે જ, એટલે એવી સ્થિતિ દેશમાં અને દુનિયામાં સર્જવામાં કૉંગ્રેસ એક પરમશક્તિ છે એમ માની તેને મુખ્યત્વે ગ્રામપ્રજાની દોરવણી અને હૂંફ કેમ સતત મળતી રહે તે પણ આ જીવનદાતા સેવકોએ ખાસ જોવું પડશે.

(૭) બે અબજની માનવજાતની સાથે પણ સંસ્થાનવાદ તથા સરમુખત્યારી જેવાં અનિષ્ટો સામે શુદ્ધ સાધનથી ઝઝૂમવા છતાં પ્રેમળ એકતા ટકી રહે, તે સારુ જગતના સર્વધર્મોની ઉપાસના અથવા સમન્વય

જરૂરી છે. સદ્‌ભાગ્યે ગયામાં બાબુ રાજેન્દ્રપ્રસાદજીના શુભ હસ્તે વિનોબાજીની જાત દેખરેખ નીચે સંસ્કાર, ધર્મ અને તત્ત્વજ્ઞાનની વિવિધ પ્રણાલિકાઓનો સમન્વય કરનાર 'સમન્વય આશ્રમ' પણ ઊઘડ્યો છે; તે આશાપ્રેરક છે. 'વિશ્વવાત્સલ્ય ચિંતક વર્ગમાં વર્ષો પહેલાં શ્રી વિનોબાજીએ સર્વધર્મ સેવા વિષેના સંદેશામાં ભય સ્થળ કહેલું : 'એક સાધે સબ સધે, સબ સાધે સબ જાય.' આ ભય સ્થળ હું પણ અહીં જીવનદાતા વીરો આગળ ધરું છું. તેઓને નિષ્પક્ષ લોકશાહી રાજ્ય જો આ દેશમાં ખરેખર જોઈતું હશે, તો આજે સિદ્ધાંતનિષ્ઠામાં આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા ધરાવતી કૉંગ્રેસની સીડી દ્વારા અને ગ્રામપ્રજાની સંગઠિત તાકાત દ્વારા જ તેઓ સર્વોદય લક્ષ્ય સાધી શકશે.

(૮) સમૂહ પ્રાર્થના, ગ્રામોદ્યોગ ગૃહોદ્યોગનું પ્રતીક ખાદી, ગ્રામજનોનો સતત સંપર્ક, સામુદાયિક સફાઈની ખેવના વગેરે તો આ જીવનદાતાઓના જીવનમાં સહજ વણાયાં હશે જ. મતલબ કે એમનું જીવન કોઈ વ્યક્તિને, કોઈ સંસ્થાને કે સમાજને બોજારૂપ હશે કે નહીં, ઊલટું બીજા અનેકનો બોજો તે ઉપાડીને સુખશાંતિથી મોટે ભાગે પગપાળા ફરશે અને પોતાના કે પોતાના નાનકડા કુટુંબ માટે જે થોડું ઘણું વેતન સમાજ પાસેથી લેશે, તે વેતનથી અનેક ગણો બદલો પોતાના સુચારિત્ર્ય અને દૃષ્ટિપૂર્વકની પ્રેરક કાર્યદક્ષતાથી આપ્યા કરશે.

આ સૂચનો આમ તો મારા પોતીકા જ લાગશે; પણ મને ખાતરી છે કે સૌને આ સર્વાનુમતિએ મંજૂર થાય તેવાં છે. આજના સાધુ સંન્યાસીઓ માટે પણ જીવનદાતાઓનું આવું સાવધાનીભર્યું જીવન જરૂર સાચી પ્રેરણા જન્માવશે અને તેમ થશે, તો તો જગતની સમગ્ર માનવજાતનું કલ્યાણ ઘણી સરળતાથી વહેલામાં વહેલું થશે.

(વિશ્વવાત્સલ્ય : ૧૬-૫-૧૯૫૪) **'સંતબાલ'**

# સહસ્ર બાહુવાળા સહસ્ર વિનોબા વિધવિધ રૂપે પ્રગટ થાઓ

વિનોબાજી જેવા દરિદ્રના હૃદયમાં ઈશ્વરે પ્રેરણા આપી અને એમણે ભૂમિના ટુકડાના સ્વરૂપમાં સ્વમાનપૂર્વક રોજી અને રોટીનો પ્રશ્ન એક અનોખી ઢબે હલ કરવાનો માર્ગ મોકળો કર્યો.

એક સ્થળે તેઓ કહે છે : 'હવે હું સહસ્રબાહુ થયો છું, સહસ્ર બાહુવાળા સહસ્ર વિનોબાજીઓ વિધવિધ સ્વરૂપે આ દેશમાં પ્રગટ થવા જોઈએ. ખરેખર હાલ ને હાલ પ્રગટ થવા જોઈએ તો જ આ દેશ એક વર્ષના ૩૬૦ દિવસ પૂરા થતા પહેલાં વિરાટ સામાજિક અને આર્થિક બંનેમાં અહિંસક ક્રાંતિનો પ્રેમળ હસ્ત એક એક ભારતવાસીને માથે ફેરવીને સ્વર્ગસ્થ રાષ્ટ્રપિતાનું અધૂરું કામ જલદી પાર પાડશે. દુનિયાની માનવજાતિને દીર્ઘકાળ લગી શાંતિનો પેગામ આપશે, અરે દુનિયાભરને શાંતિમાં તરબોળ કરશે.

(૧-૧૦-૧૯૫૨) **'સંતબાલ'**

## પરિશિષ્ટ - ૧૯૫૧-૫૨ના ચાતુર્માસો

## ભડિયાદ : સં.૨૦૦૭ ઈ.સ. ૧૯૫૧

- ૨૯ થી ૩૧ જાન્યુ. કૉંગ્રેસની અખિલ ભારત મહાસમિતિમાં અતિથિ તરીકે હાજરી આપી. દેશના ટોચના કૉંગ્રેસીઓ સાથે પરિચય-મિલન.
- ખેડૂતો માટેની 'જગતાત' પત્રિકા ભા.ન.ખેડૂત મંડળ તરફથી પ્રગટ થઈ.
- ભૂદાનયજ્ઞનનો પ્રારંભ થતાં તેને સમર્થન કર્યું.
- ખંભાતની છોકરીઓ પાછી મેળવી આપવામાં પ્રેરણા.
- દુષ્કાળ નિમિત્તે પ્રાર્થના—હરિજનોને આમંત્રણ ન મળતાં પોતે હાજર નહી રહે એમ જણાવ્યું. ગામે ભૂલ સુધારી—હરિજનોને આગળની હરોળમાં બેસાડ્યા પછી પોતે હાજર રહ્યા.
- બનાસકાંઠાના ખેડૂતોને બી મળતાં ત્યાંના ખેડૂતોની લાગણી ભાલ સાથે બંધાણી—ત્યાં ખેડૂતમંડળ રચવાની જાહેરસભામાં રવિશંકર મહારાજે કહ્યું : 'તમે અહીંથી આવ્યા છો, પણ હું તો છેક રાધનપુરથી તેમને સાંભળવા આવ્યો છું. પરિવ્રાજક સાધુ એક ઠેકાણે ન બેસે. સાધુઓનો આચાર જ શાસ્ત્ર બની જાય છે. એવા પવિત્ર સાધુ પુરુષ આ છે. તેઓ કોઈને ઘરબાર છોડવા નથી કહેતા, તેઓ માત્ર વહેવારશુદ્ધ થાય એવું જીવન જ માગે છે.'

તા. ૫-૭-૫૧ : ભડિયાદમાં પ્રવેશ કર્યો. ૧૪-૧૧-૫૧ : વિહાર કર્યો. ૬૩ ગામનો સંપર્ક : ૩૦૦ માઇલનો વિહાર.

અગત્યની મુલાકાતો :

૭-૧૨-૫૧ : હરિજનોના પ્રખ્યાત સ્થાનક ઝાંઝરકા

૧૨-૧૨-૫૧ : ગૃહમંત્રી શ્રી મોરારજી દેસાઈ સાથે

૨૮-૧૨-૫૧ : સૌરાષ્ટ્રના મુખ્યમંત્રી ઉ. ન. ઢેબર સાથે (રોજિત ગામે)

## ખસ (જિ. અમદાવાદ) સં. ૨૦૦૮-ઈસ. ૧૯૫૨

૧૧-૧-૫૨ : વિધાનસભાની પ્રથમ ચૂંટણી—તાલુકાની પ્રજાની કેળવણી માટે-વિજયકૂચ-પત્રિકા—ધંધુકા મતવિભાગમાં શ્રી ગુલામ રસૂલ કુરેશીની ઉમેદવારીમાં આખા તાલુકાનો ચૂંટણી પ્રવાસ-કુરેશીની જીત.

૧૫-૨-૫૨ : ભલગામડામાં ગુજરાતના ધારાસભ્યોનું મિલન-ગુજરાતમાં આ જાતના મિલનનો પ્રથમ પ્રસંગ—પ્રજાકીય ધારાસભ્યોએ કેમ વર્તવું તે અંગે માર્ગદર્શન.

૧-૩-૫૧ : રોજકામાં દુષ્કાળ અંગે ૪૨ ગામ આગેવાનોની સભા-તાલુકામાં દુષ્કાળની ઘેરી અસર : પ્રજાને આશ્વાસન : 'તમારું કામ ગોઠવાય નહીં ત્યાં સુધી હું બહુ દૂર જવાનો નથી.'

૩-૩-૫૨ : શ્રી ઉમેદરામ ભજનિકે તેમના ક્ષેત્રમાં જ રહી વાનપ્રસ્થ પ્રથા પ્રમાણે લોકાશ્રિત રહેવાની જાહેરાત કરી.

૮-૩-૫૨ : ગામડામાં મજૂર સંગઠનોના સ્વરૂપ અંગે વિચારણા કરવા શ્રી ખંડુભાઈ દેસાઈ તથા વસાવડા-સાણંદ મુકામે મળવા આવ્યા.

૧૦-૪-૫૨ થી ૨૦-૪-૫૨ : ગૂંદી આશ્રમમાં સર્વોદય શિબિર-૬૦ ભાઈબહેનોએ ભાગ લીધો.

૨૫-૫-૫૨ : ખડોળમાં, શ્રી મોરારજી દેસાઈના પ્રમુખસ્થાને ખેડૂત પરિષદ :

૭ જૂન, ૧૯૫૨ના હરિજનબંધુમાં શ્રી કિ. ઘ. મશરૂવાળાએ તેના ઉપર નોંધ લખી પ્રથમ પાને પ્રવચન-પરિચય પ્રગટ કર્યો.

૧૫ જૂન : ધંધુકા : ખેડૂત મંડળની સ્થાપના-સહકારી જિન ઊભું કરવાની પ્રેરણા-વિદ્યાર્થી મંડળની સ્થાપના. વેપારીઓને ખેડૂતોને સહકાર આપવા સલાહ.

૨૫-૬-૫૨ : ખસમાં ચાતુર્માસ પ્રવેશ.

૪-૭-૫૨ : સોલાપુરથી રામકૃષ્ણ જાજૂજી મળવા આવ્યા.

૬-૭-૫૨ : સતત ત્રીજા વર્ષે પણ ભાલમાં દુષ્કાળ-વરસાદ માટે ત્રિદિવસીય ઉપવાસમય પ્રાર્થના.

૮-૭-૫૨ : ડૉ. જીવરાજ મહેતાની મુલાકાત

૨૫-૭-૫૨ : ગુજરાત ભૂદાન સમિતિની બેઠક. ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છ માટે સવા લાખ એકર ભૂદાનનો સંકલ્પ જાહેર થયો.

૫-૮-૫૨ : ૪૯મી જન્મજયંતી આપ્તજનો સાથે ઊજવી. ધોલેરામાં રહેતા શ્રી નાનચંદ્રભાઈ શાહે (આજના સ્વામી જ્ઞાનચંદ્રજી) એક વર્ષ ધર્મમય સમાજ રચનાના કાર્યને આપવાનો સંકલ્પ કર્યો.

૨૧-૧૦-૫૨ : ખસ નજીકના બગડ ગામે કુંભાર બહેનને ત્યાં ચોરી-ગામના લોકો જાણે છતાં કોઈ નામ ન દે-તપોમય ઉપવાસ અને પ્રાર્થનાનો શુદ્ધિપ્રયોગ સામાજિક ન્યાય મેળવવાનું નવું અહિંસક શસ્ત્ર જાણે મળ્યું !

૨-૧૧-૫૨ : ચાતુર્માસ પૂરા કરી સૌરાષ્ટ્ર તરફ વિહાર.

૧૮-૧૧-૫૨ : ગુરુદેવ નાનચંદ્રજીની ૭૫મી જન્મજયંતીમાં સાયલા હાજર રહેવું.

૨૩-૧૧-૫૨ : પાણસીણામાં પોતાના ગુરુદેવની હાજરીમાં ચુંવાળિયા કોળી ભાઈઓનું સંમેલન-રસિકલાલ પરીખ, જાદવજી મોદી વ. હાજર રહ્યા-પગીકોમની સુધારણાના ઠરાવ થયા.

૨૬-૧૨-૫૨ થી ૫-૧-૫૩ : ઝાલાવાડના કાર્યકર્તાઓનો નવ દિવસનો શિબિર-કાંતિલાલ શાહ અને દુલેરાય માટલિયાએ સંચાલન કર્યું. ૬૯ ગામનો સંપર્ક, ૩૯૭ માઈલનો પદવિહાર.

• • •

# સાધુ આખા વિશ્વને કુટુંબ માને છે

લગભગ સાડાચાર વરસ પછી આ ઉપાશ્રયમાં આવવાનું થાય છે, અને તે પણ અમારા પરમપૂજ્ય ગુરુદેવની સમીપમાં રહીએ, એટલે આ પ્રસંગને હું ધન્ય માનું છું. ગયે વખતે હું આવ્યો ત્યારે ગુલાબચંદ્રજી સ્વામી હયાત હતા, આજે નથી. તેમણે કહ્યું ઉપાશ્રયમાં રહો, હરિજનવાસમાં જઈને તેમને ભલે મળો.

પૂ. મહારાજશ્રીનો અધિકાર છે, તે કહી શકે. હું અધિકારી નથી. લીંબડી સંપ્રદાય અધિકારી છે.

આને હું મારું પિતૃસ્થાન જ માનું છું. પૂ. ગુરુદેવની સાથે છૂટા પડચા પછી પણ તેમની જે ઉદારતા રહી છે, તેને હું મારું ગૌરવ માનું છું. સાધુ સંન્યાસ લે છે, ત્યારે વિશ્વને પોતાનું કુટુંબ સમજે છે. ઉપકરણો વિકાસમાં ઉપયોગી થાય છે, તે બદલ તમારો આભાર માનીશ.

હું જે કંઈ માનું છું તે જૈનાચાર્યોનાં જીવનચરિત્રો અને આગમોના અભ્યાસને સામે રાખી વર્તું છું. કેટલાક દૂર રહ્યા એમ માનતા હશે કે મહારાજ કોદાળી, પાવડા લઈને ખોદવા જતા હશે. તળાવ અને કૂવા બંધાવતા હશે. એ તો તેઓ જુએ તો જ ખ્યાલ આવે !

હું ગામડામાં નાના નાના મંડળો રચવાની પ્રેરણા આપું છું. તેની વિગતમાં ઊતરું છું. માનું છું કે ધનની પ્રતિષ્ઠા એટલી વધી ગઈ છે કે, ધર્મદષ્ટિએ સમાજરચનાનો પ્રયોગ કરીને લોકોને ઊંચા લઈ જવા જોઈએ. એનો પ્રયત્ન કરું છું. મારી એક વિશિષ્ટ પ્રકારની દષ્ટિ છે, સમાજનાં બધાં બળો સાથે મેળ રાખું છું. પણ એક દર્શન રાખીને. નીચલા થરનો સંપર્ક વધારે રાખું છું. અને જેનો સંપર્ક હોય તેના તરફ લાગણી કુદરતી જ રહે !

મારા નિયમો હું બરાબર પાળું છું. પાદવિહાર, બિનમાંસાહારીને ત્યાંથી ભિક્ષા, પછી તે ભંગી કેમ ન હોય ! રાત્રિભોજન હોય જ નહીં. અસ્પૃશ્યતા નિવારણ જૈન ધર્મમાં તો છે નહીં. હરિજનો જ્યાં આવી શકતા હોય, તેવા મંદિરો અને ઉપાશ્રયોમાં રહું છું, ઊતરું છું. ચોમાસાનો ખ્યાલ રાખું છું. તમારાથી છૂટા પડચા પછી પણ તમો જે પ્રેમ બતાવો છો તેની હું કદર કરું છું. સ્ત્રીનો હું સ્પર્શ કરતો નથી, છતાં તેઓ મારી સાથે રહે તેમાં બાધ માનતો નથી. આ બધી વાતો ખુલ્લી છે.

-સંતબાલ

(તા. ૨૯-૧૨-૧૯૫૨ને દિવસે લીંબડી સ્થાનકવાસી જૈન ઉપાશ્રયમાં પોતાના ગુરુદેવ અને જાહેર સમાજ સમક્ષ કરેલ વકતવ્યમાંથી)

મુદ્રક : વિપુલ પ્રિન્ટર્સ, ૧૪, અડવાણી માર્કેટ, શાહીબાગ રોડ, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ. ટે.નં. : ૫૬૨૨૪૬૨